ॐ

# આરાધના શિબિર - ૧૩

(યોગદૃષ્ટિ સજ્ઝાય - ચોથી દૃષ્ટિ)

સંચાલન

બ્ર. નિ. શ્રી નલિનકાંત કોઠારી

સંકલન

શ્રી રસિકભાઈ શાહ


**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**

નેશનલ હાઈવે ૮એ ઉપર,
સાયલા - ૩૬૩૪૩૦, જિ. સુરેન્દ્રનગર
ફોન નં. (૦૨૭૫૫) ૩૬૦૪

॥ ॐ ॥

# આરાધના શિબિર-૧૩

(યોગદૃષ્ટિ સજ્ઝાય - ચોથી દૃષ્ટિ)

સંચાલન

બ.નિ. શ્રી નલિનકાંત કોઠારી

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
નેશનલ હાઈવે ૮-એ ઉપર,
સાયલા - ૩૬૩૪૩૦, જિ. સુરેન્દ્રનગર
ફોન નં. : (૦૨૭૫૫) - ૩૬૦૪

પ્રકાશક : પ્રકાશન સમિતિ
શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
સાયલા-૩૬૩ ૪૩૦

પ્રાઈવેટ સરક્યુલેશન
વિ.સં. - ૨૦૫૨ ઈ.સ. ૧૯૯૫ પ્રત - ૫૦૦

મુદ્રક : દુન્દુભિ પ્રિન્ટર્સ
૫૪, મેઘદૂત ફ્લેટ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૪૦ ૪૧ ૮૬

પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ રાજ સોભાગ આશ્રમ
નેશનલ હાઈવે ૮-એ ઉપર,
સાયલા-૩૬૩૪૩૦ જિ. સુરેન્દ્રનગર
ફોન નં. (૦૨૭૫૫) ૩૬૦૪

## પ્રસ્તાવના

અપ્પા નઈ વેયરણી, અપ્પા મે કુડ સામલી
અપ્પા કામદુધા ધેણુ, અપ્પામે નંદનંવનં — ઉ.સૂત્ર.

આપણો આત્મા વૈતરણી નદી સમાન છે. આત્મા કુડ શાલ્મલી વૃક્ષ છે. આત્મા કામધેનુ ગાય છે તેમજ આત્મા પોતે જ નંદનવન છે.

આપણે સૌ આત્માને ઓળખવા માટે ભેગા થયા છીએ તે માટે પુરુષાર્થ કરી રહ્યા છીએ. તે પુરુષાર્થ આપણો કેવો થાય છે. તેનુ માપ કાઢવા માટે જેમ ચૌદ ગુણ સ્થાનક બતાવવામાં આવ્યા છે. તેમ મહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજયજી મ.સા. આઠ દષ્ટિની સજ્ઝાય રચી છે. તેનો આધાર શ્રીમદ્ હરિભદ્રસુરિજી મ.સા.દ્વારા રચવામાં આવેલ યોગદષ્ટિ સમુચ્ચય – પુસ્તક છે. તેમાં ચોથી દષ્ટિ સાધકને આગળ વધવા માટે ની પારાશીશી સમાન છે. ચોથી દષ્ટિમાં હજી જીવ આત્મા વેદ્ય સંવેદ્ય પદમાં નથી. પણ અવેદ્ય–સંવેદ્ય પદમાં છે. 'અવેદ્ય–સંવેદ્ય' પદથી ઉપર ઉઠે ત્યારે આત્માની અનુભૂતિ થાય છે. તેથી આ શિબિરમાં ચોથી દષ્ટિ ઉપર આપણે વિસ્તારથી વિચારવાનું નક્કી કર્યું છે. તો ચાલો તેના પર વિચાર કરી આપણે આગળ વધવા પુરુષાર્થી બનીએ. કારણકે આપણે શુધ્ધ આત્મભાવ તરફ આગળ વધવું છે. શ્રી આનંદધનજી કહે છે કે,

બહિરાતમ તજી અંતર આતમ રૂપ થઈ થિરભાવ;
પરમાત્માનું હો આતમ ભાવવું; આતમ દરપણ દાવ.

— સુજ્ઞાની

સુમતિ ચરણકજ આતમા

**બ્રનિ. નલિનકાંત કોઠારી**

# -: યોગ દૃષ્ટિ :-

સર્વ જીવને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. દુઃખ ટાળવા અને સુખ મેળવવા માટે સર્વ જીવનો પ્રયત્ન હોય છે. છતાં તે તેનું દુઃખ ટાળી શકતો નથી અને સુખ મેળવી શકતો નથી. આ વાક્યો પર તત્ત્વજ્ઞાનીઓએ વિચાર કર્યો અને તેનું કારણ શોધવા પ્રયત્નો કર્યા. આ અનંત દુઃખમય જન્મ મરણ પરંપરારૂપ ભવભ્રાંતિનો અંત કેમ આવે ? એનો વિચાર કરીને સ્વઅનુભવથી મહાજ્ઞાનીઓએ સમ્યક્ તત્ત્વ નિર્ણય કર્યો કે :-

''આ દેહાદિથી ભિન્ન એવી અજર અમર અવિનાશી ચૈતન્યસ્વરૂપ આત્મા નામની વસ્તુ છે અને તેને અન્ય દ્રવ્ય-જડ વસ્તુના સંયોગથી જ આ ભવભ્રમણ રૂપ દુઃખ પ્રાપ્ત થયું છે. જો તે કર્મ નામક અન્ય વસ્તુના સંયોગનો વિયોગ કરે તો જ આ પરિભ્રમણ રૂપ દુઃખથી છુટી શકે.

પદ્મપ્રભુજિન સ્તવનમાં શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે

**"કનકોપલવત પયડિ પુરૂષતણી, જોડી અનાદિ સ્વભાવ,**
**અન્ય સંયોગી જહાં લગી આતમા સંસારી કહેવાય."**

કર્મ સંબંધને અનુકૂળ એવી આત્માની પરિણતિરૂપ યોગ્યતાથી જ કર્મ બંધ ઘટે છે. આત્માની કર્મ સંબંધ યોગ્યતાને ભાવ-મળ કહેવામાં આવે છે. આ મળ આત્મા સાથે અનાદિથી જોડાયેલા છે તેથી અનાદિ કહ્યો છે.

પરભાવમાં આસક્તિ–ભાવમળ કર્મબંધનું મૂળ કારણ છે અને કર્મ એ ભવભ્રમણનું કારણ છે, એટલે સંસારનું મૂળ કારણ-અવિદ્યારૂપ આત્મભ્રાંતિ જ છે. આત્મસ્વરૂપનું અજ્ઞાન એ જ છે.

દેહાદિ પર વસ્તુમાં આત્મભ્રાંતિથી જ ભવભ્રમણ ઉપજેલ છે કારણ કે પરભાવને વિષે આત્મભાવની કલ્પના થવાથી પરભાવ નિમિત્તે રાગદ્વેષ-મોહાદિ વિભાવ ઉપજયા, એટલે વિષયના સંરક્ષણાર્થે કષાય ઉપજયા અને આમ અઢાર પાપ સ્થાનકની ઉત્પતિ થાય છે. દેહમાં આત્મબુદ્ધિરૂપ-ભ્રાંતિને લીધે મન-વચન-કાયાના યોગની પ્રવૃત્તિ પણ પરભાવને અનુકૂળ થાય. આમ પરવસ્તુમાં મુંઝાવારૂપ મોહ-દર્શનમોહ ઉપજયો, દર્શન મિથ્યા થયું. એટલે સર્વજ્ઞાને- અજ્ઞાનરૂપ થયું, સર્વ ચારિત્ર પણ અસમ્યક્ ચારિત્ર થયું. દર્શનમોહ ઉપજયો એટલે ચારિત્રમોહ ઉત્પન્ન થયો અને આમ મોહરૂપ ઘાતિ પ્રકૃત્તિનો બંધ થયો છે. તેના કારણે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, અંતરાય કર્મરૂપ બીજા ઘાતિ કર્મો પણ બંધાયાં. તેમજ વેદનીય, આયુ, નામ, ગોત્ર એ અઘાતિ પ્રકૃતિઓ પણ બંધાઈ.

પ.કૃ. દેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે

**કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ;**
**કર્મ મોહનીય ભેદ બે, દર્શન-ચારિત્ર નામ,**
**હણે બોધ વિતરાગતા, અચૂક ઉપાય આમ.**

આત્મસિદ્ધિ શાસ્ત્ર

સ્વસ્વભાવરૂપ સ્વધર્મને છોડીને આત્મા પરભાવ પ્રત્યે વળ્યો. તેથી વિભાવરૂપ અધર્મ તેને લાગુ પડ્યો. અને તેથી કર્મરૂપી ગ્રહુએ આત્મારૂપી ચંદ્રનું ગ્રહણ કર્યું. તેનો વિપાક આત્માને પોતાને જ ભોગવવાનો આવ્યો. ''દેહમાં આત્મબુદ્ધિરૂપ'' ભૂલને કારણે બીજી આનુષંગિક ભૂલોની ભૂલભૂલામણીરૂપ જટિલ જાળ જામી ગઈ.

જગતની મોહ-માયા જાળમાં લપટાવનાર મોહનીય કર્મના બે

ભેદ છે. દર્શનમોહ અને ચારિત્રમોહ. તેમાં - દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિરૂપ દર્શનમોહને લીધે જીવને મિથ્યાદર્શન- મિથ્યાત્વ હોય છે અને તેથી ચારિત્રમોહ ઉપજે છે.

પરભાવમાં આત્મબુદ્ધિ હોવાથી જીવ પરભાવથી વિરામ પામતો નથી તેને અવિરતિ રહે છે. આમ પરભાવ પ્રત્યે ગમન પરિણમન કરતો હોવાથી તે સ્વરૂપ ભ્રષ્ટતારૂપ પ્રમાદને પામે છે. તેથી પરભાવની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે તે ક્રોધાદિ કષાય કરી રાગદ્વેષાદિ વિભાવ ભાવને ભજે છે. તેથી ક્ષોભ પામેલા તેના મન-વચન-કાયાના યોગની પ્રવૃતિ પણ તે પરભાવની પ્રાપ્તિ અર્થે તદાનુકૂળપણે મુખ્યપણે પ્રવર્ત્તે છે. આમ મૂળ અવિદ્યારૂપ આત્મભ્રાંતિને લીધે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ આશ્રવદ્વાર, કર્મ આગમનના ગરનાળા ખુલ્લા રહે છે. તેથી એ બંધ હેતુઓથી આત્મા કર્મ વડે અવરાય છે અને સંસારમાં પરિભ્રમણરૂપ દુઃખને પામે છે.

હવે જો આત્મા પરભાવમાં આત્મબુદ્ધિરૂપ જે આત્મભ્રાંતિ છે, તે છોડી દઈ જીવ જો આત્મામાં જ આત્મબુદ્ધિ કરે, તો મિથ્યાત્વ ટળે, દર્શનમોહ નષ્ટ થાય અને સમ્યગ્દર્શન પ્રગટે.

સમ્યગ્દર્શન પ્રગટે એટલે અવિરતિરૂપ દોષ ટળે ને સર્વ પરભાવમાંથી વિરાગ પામે- ભાવવિરતિ થાય.એટલે આત્મસ્વરૂપથી ભ્રષ્ટતારૂપ દોષ ટળે અને સ્વરૂપને વિષે અપ્રમત્ત સ્થિતિ હોય.

તેથી પરભાવના નિમિત્ત વડે કષાય કરે નહિ, રાગાદિ વિભાવથી રંગાય નહિ અને નિષ્કષાયી- વીતરાગ થાય.

કષાયજન્ય સંક્ષોભ નષ્ટ થવાથી મન,વચન કાયાના યોગ પણ આત્મ સ્થિરતાને અનુકૂળપણે વર્તે. છેવટે અયોગી દશા પ્રાપ્ત થાય.

આવી રીતે કર્મને આવવાના આશ્રવદ્વાર બંધ થવારૂપ સંવર થાય છે. દર્શનમોહ નષ્ટ થતાં અનુક્રમે ચારિત્રમોહ પણ નષ્ટ થાય છે.

દર્શનમોહને નાશ કરવાનો ઉપાય યર્થાથ બોધ છે. યથાર્થબોધ એટેલે શું ? એ આપણે બધા હવે જાણીએ છીએ. યથાર્થબોધ વડે દર્શનમોહને હણવાથી ચારિત્રમોહ હટવા માંડે છે. તેનું કારણ દર્શનમોહ હટવાથી રાગદ્વેષરૂપ પરિણતિ ઘટતી જાય છે અને વીતરાગતા આવતી જાય છે. વીતરાગતાં એ ચારિત્રમોહને હણવાનો ઉપાય છે.

ચૌદ ગુણસ્થાનકને સમજવા માટે પણ આ મોહનીય કર્મની સ્થિતિ જ ઉપયોગી થાય છે. જેમ જેમ મોહની માત્રા ઘટતી જાય છે તેમ આત્માની નિષ્કષાય-વીતરાગ પરિણતી વધતી જાય અને આત્માના ગુણ વિકાસરૂપ સાચી સાધુતા-સાધકતા પ્રગટતી જાય છે.

જીવ રાગદ્વેષરૂપ વિપરીત ભાવે પરિણમવારૂપ વિભાવ ન કરે તો ભાવકર્મ ન બંધાય અને કર્મબંધની સાંકળ તુટી જાય એને મોક્ષ હથેળીમાં આવી જાય. એટલે કે સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ જાય. કર્મથી અવરાયેલા આત્માના પુરુષાર્થનો માર્ગ ખુલ્લો જ છે, પણ જીવ ભવસ્થિતિ આદિના બ્હાના કાઢી પુરુષાર્થ મંદ કરી નાખે છે. જો સત્ય પુરુષાર્થ કરે તો છુટી જાય.

પ.કૃ. દેવ કહે છે કે

**જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ,**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ-**

**– આત્મસિદ્ધિ શાસ્ત્ર**

જડ કર્મ અને તત્ જન્ય સંસાર એ રોગ છે.

કર્મરોગના હેતુ આશ્રવ અને બંધ છે.

આ કર્મરોગ મટાડવાના ઉપાય સંવર અને નિર્જરા છે.

આ કર્મરોગનો નાશ થવાથી મોક્ષ થાય છે. એ જ આત્માનુ આરોગ્ય છે.

શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**કારણ જોગે હો બંધે બંધને, કારણ મુગતિ મૂકાય.**

**આશ્રવ સંવર નામ અનુક્રમે, હેયઉપાદેય સુણાય**

પદ્મપ્રભૂ. - જે પ્રક્રિયા વડે કરીને આત્મા શુદ્ધ મોક્ષપદને પામે તેનું નામ યોગ. આ શુદ્ધ પદને જગતમાં ઘણા ઘણા નામો વડે સંબોધવામાં આવ્યું છે. શબ્દભેદ હોવા છતાં પરમાર્થથી તેના સહજ-આત્મ-સ્વરૂપમાં-સહજ એવા શુદ્ધ આત્મસ્વરૂપ પદમાં ભેદ પડતો નથી. પ.કૃ.દેવ કહે છે કે

**"ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ,**
**મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ,**
**જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઈ,**
**લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાય**

- જે યોગ દ્વારા અથવા સાધના પથ દ્વારા શુદ્ધ પદ પામવું છે તે પદને સયોગી જિનસ્વરૂપે શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે તે પદને પામવા માટે જેનો સહારો લેવો પડે તે યોગ-

સહજ આત્મસ્વરૂપમાં સ્થિતિ કરવી, સ્વરૂપ સમજી સ્વરૂપમાં શમાવું એ જ શમ છે, પરભાવ-વિભાવથી વિરામ પામી આત્મભાવમાં વિશ્રાંત થવુ એ જ શાંતિ છે.

શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે

**આપણો આતમભાવ જે શુદ્ધ ચેતન આધાર રે,**
**અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે-**

**– શાંતિજિન**

જેને કષાયની ઉપશાંતતા થઈ હોય, મોક્ષ સિવાય બીજી અભિલાષા જેને ન હોય, સંસાર પ્રત્યે જેને ખેદ હોય, સર્વ પ્રાણી પ્રત્યે જેને અનુકંપા વર્તતી હોય, એવા આત્માર્થી જીવ-મુમુક્ષુ આ યોગમાર્ગ પામવાનો અધિકારી છે. પ.કૃ.દેવ કહે છે કે,

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ,**
**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ,**
**મોક્ષ માર્ગ પામે નહિ, મટે ન અંતર રોગ"**

**– શ્રી આત્મસિદ્ધિ**

"જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું, તેથી રૂડું થયું નથી, કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે."

**વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ,**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ**

યોગ એ મોક્ષનો હેતુ છે. યોગનું મોક્ષહેતુપણું સદા સ્વરૂપ અને ફળથી સંશુદ્ધ હોવું જોઈએ એટલે કે,

(૧) જેના માટે આ યોગની સાધના કરવાની છે એવા આત્માનું 'સત્' જેમ છે તેમ યથાવત્ શુદ્ધસ્વરૂપ શોધવું જોઈએ. એકાંતે અનિત્ય પરિણામી કે એકાંતે નિત્ય અપરિણામી આત્મા માનવામાં આવે તો તેમાં યોગ માર્ગનો સંભવ નથી. પરિણામી નિત્ય આત્મા માનવામાં આવે તો જ યોગમાર્ગનો સંભવ છે.

(૨) વળી આપણે જે યોગ સાધન કરવા માગીએ છીએ તે સ્વરૂપથી 'સત્' છે કે કેમ ? તે જોવું જોઈએ.

(૩) જે યોગથી સાધના કરવા માંગતા હોઈએ તેનું ફળ શુદ્ધ છે કે કેમ ? એટલે કે મોક્ષરૂપ શુદ્ધ ફળનું 'સત્' સ્વરૂપ શું છે ? અને આ યોગ સાધન શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ ફળ આપે તેમ છે કે કેમ ? તેની ચોક્કસાઈ કરવી જોઈએ.

આમ સાધ્ય, સાધન અને સિદ્ધિ એ ત્રણ પ્રકારની યોગશુદ્ધિ

હોવી જરૂરી છે. કારણ કે 'સત્' સાધ્ય લક્ષમાં રાખી 'સત્' સાધન સેવે, તો સત્ સિદ્ધિ થાય. આમ થાય તો યોગ-અવંચક, ક્રિયા અવંચક અને ફલ અવંચકની પ્રાપ્તિ થાય.

## ૧. સમિતિ-ગુપ્તિ યુક્ત ધર્મ વ્યાપાર તે યોગ :

મન, વચન કાયાને માટે જૈન શાસ્ત્રમાં 'યોગ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. ઉપયોગ એ જૈન પરિભાષાનો વિશિષ્ટ શબ્દ છે. દર્શન અને જ્ઞાન ઉપયોગ એમ બે પ્રકારે ઉપયોગ એ જીવનું લક્ષણ છે. "ઉપયોગો લક્ષણ જીવસ્ય" (તત્ત્વાર્થસૂત્ર) આ યોગ કહેતાં ઉપયોગનો પરસ્પર સંબંધ છે. આત્મા શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વરૂપ ઉપયોગમાં સ્થિર થાય તો તેના મનાદિ યોગ સ્થિર હોય.

ઉપયોગ સ્વરૂપ આત્મા આ દેહની સાથે ક્ષીરનીરવત્ એક ક્ષેત્ર અવગાહ સ્થિતિ કરી રહ્યો છે, છતાં તે દેહથી આ આત્મા મ્યાનથી તલવારની જેમ ભિન્ન છે, તેને કેમ પ્રાપ્ત કરવો ? તેનો રસ્તો છે કે ઉપયોગ ન મૂકાય એ રીતે મન-વચન-કાયાના સમ્યક્ યોગથી મન-વચન-કાયાના યોગની સંક્ષિપ્તતા કરવી કે જેથી કરીને દેહ પર્યંત આત્માની સ્વરૂપને વિષે મુખ્યપણે સ્થિરતા વર્તે. મન-વચન-કાયાના યોગને સંક્ષિપ્ત કરવા તેને મનગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ તરીકે ઓળખાવામાં આવે છે. મન-વચન-કાયાના યોગનું એવું ગુપ્તપણું કરવું. યતના જાળવવી કે જેથી ઉપયોગ સ્વરૂપ આત્મા સ્વરૂપને વિષે સ્થિર થાય. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી તો મન-વચન-કાયાના યોગની કંઈને કંઈ પ્રવૃતિ થવાની, માટે તે સમ્યક્ પ્રમાણે કરવી કે જેથી આત્મા સ્વરૂપમાં જ રહે. આ પ્રવૃત્તિ આપ્તપુરુષની (પ્રાપ્ત) આજ્ઞાને આધીન રહીને કરવી, સ્વચ્છંદે કરવી નહીં. આમ મન-વચન-કાયાની સમ્યક્ પ્રવૃત્તિ તેને સમિતિ એવું નામ આપવામાં આવ્યું છે. એટલે કે યતનાથી ચાલવું, યતનાથી

બોલવું, યતનાથી ઈચ્છવું, યતનાથી લેવું મૂકવું, યતનાથી ઉત્સર્ગ કરવો તે ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ છે. પ.કૃ. દેવ કહે છે કે,

**આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,**
**મુખ્યપણે તો વર્તે દેહ પર્યંતે જો;**
**ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,**
**આવી શકે નહિં, તે સ્થિરતાનો અંત જો.** અપૂર્વ અવસર
**સંયમના હેતુથી યોગ પ્રવર્તના,**
**સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,**
**તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,**
**અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો** અપૂર્વ અવસર

**પરમાર્થથી વિચારીએ તો :- આત્માનું સ્વરૂપને** વિષે સંવરથી **સંવૃત થવું-ગુપ્ત થવું** તે જ ગુપ્તિ.

૧. આત્માનું સ્વરૂપને વિષે વિચરવું તે ઈર્યાસમિતિ.

૨. દેહાદિથી ભિન્ન એવો હું આત્મા છું એ નિરંતર દૃષ્ટિ સન્મુખ રાખી સાપેક્ષ પરમાર્થ સત્ સત્ય વચન ઉચ્ચારવું તે ભાષા સમિતિ.

૩. આત્મસ્વભાવ સિવાય અન્ય વસ્તુ ન ઈચ્છવી તે એષણાસમિતિ.

૪. સ્વભાવનું આ ધન-ગ્રહણ કરવું અને વિભાવનો ત્યાગ કરવો તે આદાન-પ્રદાન નિક્ષેપણા સમિતિ.

૫. આત્માને સર્વથા શુદ્ધ સ્વભાવમાં પરિસ્થાપન કરી શુદ્ધ સ્વભાવ સ્થિત આત્મ વસ્તુનો ઉત્સર્ગ કરવો. આત્મસિદ્ધિ કરવી તે પરિષ્ઠાપનિકા સમિતિ અથવા ઉત્સર્ગ સમિતિ.

આમ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ મળીને 'અષ્ટ' પ્રવચન માતા કહેવાય છે અને તે સમસ્ત ધર્મ વ્યાપારમાં વ્યાપક-સાધારણ છે.

## ૨. સર્વ પરિશુદ્ધ ધર્મ વ્યાપાર તે યોગ :

મોક્ષ સાથે યોજનને લીધે 'પરિશુદ્ધ એવો ધર્મ વ્યાપાર તે યોગ' એમ શ્રી હરિભદ્રસૂરિજીએ યોગની વ્યાખ્યા કરી છે.

પરિશુદ્ધ-આત્મસ્વભાવરૂપ ધર્મનો વ્યાપાર-આચરણ તે યોગ આત્મા પોતાના શુદ્ધ દર્શન-જ્ઞાનમય સ્વભાવમાં વર્તે તે જ વાસ્તવિક ધર્મ છે, તે જ ચારિત્ર છે, અને તેજ યોગ છે. આ આત્મધર્મ આત્માનો સ્વભાવભૂત હોઈ સનાતન છે, શાશ્વત છે, ત્રિકાલાબાધિત છે. વાસ્તવિક 'સનાતન ધર્મ' એ જ છે, કારણ કે શુદ્ધ સહજ આત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલ શુદ્ધ આત્મા તેનું તત્ત્વવાચક નામ જ જિન અથવા વીતરાગ પ્રભુ છે. એવા તે વીતરાગનો-શુદ્ધ આત્માનો ધર્મ તેજ આત્મધર્મ છે. નિજ સ્વભાવમાં વર્તવારૂપ સ્વધર્મ એજ આત્માનો 'સ્વસમય' છે અને આત્માથી અન્ય એવા પરભાવ-વિભાવમાં વર્તવું એ જ 'પરધર્મ' પરસમય છે. શ્રીમદ આનંદઘનજી કહે છે કે :–

**ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિ૦**
**ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ; જિ. ધર્મ...**
**શુદ્ધાતમ અનુભવ સદા, તે સ્વસમય વિલાસ રે;**
**પરબડી છાંયડી જે પડે, તે પરસમય નિવાસ રે. ધરમ પરમ૦**

જેમ નિર્મળતા એ સ્ફટિક રત્નનો સ્વભાવ હોઈ તેનો ધર્મ છે. તેમ કષાય અભાવરૂપ નિર્મલતા એ જ આત્માનો શુદ્ધ સ્વભાવ હોઈ આત્માનો ધર્મ છે. સ્ફટિક રત્નનો સ્વભાવ નિર્મળ છતાં પાસે રાતું ફૂલ વગેરે બાહ્ય ઉપાધિને લીધે તેની નિર્મળતામાં ઉપરાગરૂપ આવરણ આવે છે, તેમ કર્મરૂપ બાહ્ય ઉપાધિને લીધે

રાગદ્વેષ મોહાદિ વિભાવ પરિણામોની ઉત્પત્તિથી આત્માની નિર્મળતા અવરાય છે. ઉપાધિ દૂર થયે સ્ફટિક જેમ સ્વયં શુદ્ધ સહજ સ્વરૂપે જણાય છે, તેમ રાગાદિ વિભાવ દૂર થયે આત્મા સ્વયં શુદ્ધ સ્વરૂપે પ્રકાશે છે. જેટલે અંશે આવરણ દૂર થાય, વિભાવ ટળે, નિરુપાધિપણું આવે તેટલે અંશે આત્મધર્મની સિદ્ધિ છે. તેવું નિરુપાધિપણું સમ્યગ્દષ્ટિ (ચોથા) ગુણસ્થાનકથી માંડીને મોક્ષપ્રાપ્તિ (૧૪મા) ગુણસ્થાનક પર્યંત ઉત્તરોતર પ્રગટતું જાય છે. આમ પરિશુદ્ધ આત્મસ્વભાવને પ્રગટ કરતો સર્વ પરિશુદ્ધ ધર્મ વ્યાપાર તે યોગ છે.

**જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિકતણી, તેમ જ જીવ સ્વભાવ રે;**
**તે જિન વીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.**

– સીમંધર...

**જે જે અંશેરે નિરુપાધિકપણું તે તે જાણો રે ધર્મ;**
**સમ્યગ્દષ્ટિ ગુણઠાણ થકી, જીવ લહે શિવ શર્મ -**

**– શ્રીમદ યશોવિજયજી**

પ.કૃ. દેવ કહે છે કે,

**"જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે તે પ્રકાર અન્યરૂપ છે. ધર્મરૂપ નથી."**

મોક્ષની સાથે યોજે તે યોગ. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃતિસંક્ષેપ- આ પાંચ તબક્કાવાળો યોગ કહ્યો છે. શ્રીમત આનંદઘનજી પણ કહે છે કે

**નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ કહિયે રે,**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ લહિયે રે.**
**નામ અધ્યાત્મ, ઠવણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,**
**ભાવ અધ્યાત્મ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે.**

**શ્રી શ્રેયાંસજિન**

## ૩. ચિત્તવૃતિ નિરોધ તે યોગ :

"યોગ : ચિત્તવૃતિ નિરોધ :" ચિત્તવૃતિનો નિરોધ તે યોગ કારણ કે ચિત્ત નિરોધ થાય ત્યારે ઈષ્ટનુ-પુરુષાત્માનું સ્વરૂપમાં અવસ્થાન થાય. સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ આ યોગની વ્યાખ્યામાં આવી જાય છે.

વૃતિસંક્ષપ ભેદમાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એ બન્ને સમાધિનો અત્યંત સુગમતાથી આવિષ્કાર થાય છે, આર્વિભાવ થાય છે. સ્થૂલ-સૂક્ષ્મ એવી આત્માની ચેષ્ટાઓ તે વૃત્તિઓ છે. તેઓનો મૂળ હેતુ કર્મસંયોગ યોગ્યતા છે. આ આત્માની કર્મસંયોગ યોગ્યતાનો અકરણ નિયમથી અપગમ થવો એટલે સમૂળગું નાશ પામવું તે વૃતિક્ષય. આવો વૃતિક્ષય થાય છે ત્યાં પ્રથમ સંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થાય છે અને ક્ષપકશ્રેણિ પૂરી થયે કેવળજ્ઞાન પ્રગટે છે તે અસંપ્રજ્ઞાત સમાધિ છે.

"સમત્વં યોગ ઉચ્યતે" - સમતા યોગ પ્રાપ્ત કરવો યોગ્ય છે. ચિત જ્યારે ક્ષીણ વૃત્તિવાળુ થઈ જાય ત્યારે તેમાં પરમાત્મ સ્વરૂપની સમાપત્તિ થાય. સમાપત્તિ એટલે ધ્યાન દ્વારા આત્માનું સ્પર્શન- જેનું ધ્યાન કરવામાં આવ્યું છે તે સ્વરૂપ ધ્યાનથી અનુભવવું તે. ચિત્ત જ્યારે નિર્મળ અથવા ક્ષીણ વૃત્તિવાળુ થઈ જાય ત્યારે તે અન્ય વૃત્તિ પ્રત્યે દોડતું અટકી જઈ સ્થિર થઈ એકાગ્રપણું પામે છે અને તન્મય ભાવને પામે છે ત્યારે જ સમાપત્તિ થાય. શ્રીમદ્ આનંદઘનજી કહે છે,

**બહિરાતમ તજી અંતરઆતમ રૂપ થઈ થિર ભાવ.**
**પરમાતમનું હો આત્મ ભાવવું આતમ અરપણ દાવ.**

**સુમતિ.**

બહિરાત્મભાવ તજી દઈ, અંતરાત્મભાવ પામી, સ્થિર ભાવથી "આત્મા તે પરમાત્મા" એવું ભાવન કરે તો અવિકાર

એવા નિર્મળ ચિત્તરૂપી દર્પણમાં પરમાત્માની પ્રાપ્તિ થાય- પ્રતિબિંબ પડે. સમાપત્તિ થાય. આમ ચિતવૃત્તિ નિરોધ- સમાપત્તિ- અધ્યાત્મપ્રસાદ- ઋતુંભરા પ્રજ્ઞાતત્ત્વ સંસ્કાર- અસંપ્રજ્ઞાત સમાધિ- કૈવલ્ય યોગ પ્રક્રિયાનો આ ક્રમ છે.

## ૪. મનઃ સ્થિરતા - ચિત્તસમાધિ તે યોગ :

ચિત્તવૃતિઓ જ્યાં સુધી જ્યાં ત્યાં દોડ્યા કરે ત્યાં સુધી ચિત્ત સ્થિર થાય નહિ અને સ્થિર થાય નહિં ત્યાં સુધી સમાધિ-આત્મલીનતા પામે નહિં. આ યોગમાં મનનો જય કરવો, મનને સાધવું એ જ મુખ્ય વસ્તુ છે. આ મન ખરેખર દુરારાધ્ય છે, વશ કરવું મુશ્કેલ છે. આ ચંચળ મન મંથન કરનારું અત્યંત બળવાન છે. વાયુની જેમ તેનો નિગ્રહ કરવો ઘણો કઠિન છે. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**મનડું કિમહી ન બાઝે હો કુંથુજિન ! મનડું કિમહી ન બાઝે;**
**જિમ જિમ જતન કરીને રાખું, તિમતિમ અલગું ભાંજે હો- કુંથુંજિન**

**મે જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે,**
**બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે હો. કુંથુજિન.**

સમાધિ શતકમાં કહ્યું છે કે આત્માને મનની સાથે યોજવો. વાક્-કાયાથી વિયોજવો, અને વાક કાયાએ યોજેલો વ્યવહાર મનથી છોડી દેવો વિ. આ પ્રકારે વૈરાગ્ય અને અભ્યાસના બળવડે આ મનને જે ઠેકાણે લાવે છે સ્થિર એવા આત્મસ્થાનમાં જોડે છે, તે આ મનને સાધે છે તે આત્મ સ્વભાવમાં લીન થઈ શકે છે.

**આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;**
**આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ.**

## ૧. સામાન્ય કથન :

આ ગ્રંથની શરૂઆતમાં ભૂમિકારૂપે યોગનું મોક્ષહેતુપણું

ચરિતાર્થ કરતા એવા ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. આ આઠ યોગદૃષ્ટિના નામ છે. મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા.

જેવી ક્ષયોપક્ષમની તરતમ્યતા હોય, જેટલું આવરણ ખસ્યું હોય, કર્મનો પડદો ખૂલ્યો હોય, તેટલું ઓછુ-વત્તુ દર્શન-યોગદૃષ્ટિવાળા પુરુષને થાય છે.

સાધક બનવા માંગતા આત્માએ સહનશક્તિ અને ત્યાગ પર ભાર મૂકવો જોઈએ. ઈચ્છા મુજબ ન થાય તો સહન કરતાં શીખવું જોઈએ. જો જરૂરીયાતથી વધારે સંપત્તિ મળી જાય તો તેનો સદ્ વ્યય કરવો એ સુખી અને શાંત જીવનનો માર્ગ છે.

ભોગથી આનંદ મેળવવાની વૃત્તિ એ શાંતિમય જીવન જીવવા દેતી નથી. આ જીવન વિષયાનંદ માટે નથી. આ જીવન ઉચ્ચ મનોબળપૂર્વક આત્મવિશુદ્ધિ કરવા માટે છે.

સમતામાં સુખ-આત્મિક સુખ રહેલ છે, જ્યારે વિષમભાવમાં સંસાર અને સંસારના દુ:ખો રહેલા છે.

હે જીવ ! તને બીજુ કોઈ દુ:ખી કરતું નથી. તારી પોતાની વાસના જ તને દુ:ખી કરે છે. જે દિવસથી તારી વાસના નષ્ટ થઈ જશે તે દિવસથી દુ:ખ નહીં રહે.

જ્યારે એમ લાગે કે 'હું દુ:ખી છું' ત્યારે તેની પાછળ કાર્ય કરતી વાસનાને શોધી કાઢજે અને નિર્મૂળ કરવાના ઉપાયો કરજે.

લોકપ્રવાહમાં તણાતા અને સંસારને અભિનંદનારા ભવાભિનંદી જીવોનું જે લૌકિક પદાર્થ સંબંધી લૌકિક દૃષ્ટિએ ઓઘદર્શન તે ઓઘદૃષ્ટિ છે. ભવવિરક્ત મુમુક્ષુ- સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષનું જ અલૌકિક પદાર્થ સંબંધી દિવ્ય દર્શન તે યોગદૃષ્ટિ છે.

ઓઘદૃષ્ટિની દર્શન પદ્ધતિ-જોવાની રીત લૌકિક રીતિની

પ્રવાહપતિત, ગતાનુગતિક ગાડરીયા પ્રવાહ જેવી ને ભવમાર્ગાનુસારિણી હોય છે.

યોગદૃષ્ટિ જીવની જોવાની રીત, અલૌકિક પારમાર્થિક મોક્ષમાર્ગ અનુસારિણી અને તત્ત્વગ્રાહી હોય છે. યોગ દૃષ્ટિ જીવ વિચારે છે કે (પ.કૃ. દેવ કહે છે કે)

**ભિન્ન ભિન્ન મત દેખિયે, ભેદ દૃષ્ટિનો એહ;**
**એક તત્ત્વના મૂળમાં વ્યાપ્યા માનો તેહ,**
**જે ગાયો તે સઘળે એક, સકલ દર્શને એ જ વિવેક;**
**સમજાવ્યાની શૈલી કરી, સ્યાદવાદ સમજણ ખરી.**
**ષડ દરિશણ જિન અંગ ભણી જે, ન્યાસ ષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડદરિશન આરાધે રે.**

– શ્રીમદ્ આનંદઘનજી

**દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;**
**હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે, યો. દ. સ.**

આ દૃષ્ટિ આઠ પ્રકારની છે. તેનું સ્વરૂપ બરાબર સમજાય તે માટે તેને ઉપમા આપી સરખાવવામાં આવી છે.

આઠ દૃષ્ટિઓને અનુક્રમે (૧) તૃણ અગ્નિ જેવી (૨) છાણાના અગ્નિ જેવી (૩) લાકડાની અગ્નિ જેવી (૪) દીવાની પ્રભા જેવી (૫) રત્નપ્રભા જેવી (૬) તારા પ્રભા જેવી (૭) સૂર્યપ્રભા જેવી (૮) ચંદ્રપ્રભા જેવી. તૃણથી માંડી ચંદ્રપ્રભા સુધી પ્રકાશની તરતમતા વધતી જાય છે તેમ તેમ આ દૃષ્ટિ મિત્રાથી પરા સુધી બોધરૂપી પ્રકાશની તરતમતા વધતી જાય છે. પ.કૃ. દેવે આ યોગદૃષ્ટિને થર્મોમીટરની ઉપમા આપી છે. આ યોગ દૃષ્ટિ ઉપરથી આત્માની આધ્યાત્મિક પ્રગતિનું, આત્મદશાનું, આત્માના ગુણસ્થાનનું માપ નીકળી શકે છે. ગુણસ્થાનકથી આત્માના ગુણ

વિકાસનું માપ નીકળી શકે છે. તે ગુણ વિકાસ મોહના મંદપણા-ક્ષય ઉપર આધાર રાખે છે. જેમ જેમ મોહાંધકાર ઓછો થતો જાય તેમ તેમ આત્માનું ગુણ સ્થાન વધતું જાય છે, તેમ આ યોગદષ્ટિના ઉઘાડ ઉપર નિર્ભર હોઈ જેમ જેમ બોધ પ્રકાશ વધતો જાય, આત્મિક પરિણતિ પરિણમતી જાય તેમ તેમ આત્માની ગુણદશા વધતી જાય છે. મોહનાશ એ ગુણસ્થાનકની ફૂટપટ્ટી છે અને બોધ પ્રકાશ એ યોગદષ્ટિની ફૂટપટ્ટી છે. પણ બન્ને એક જ છે, નામ જુદા છે.

જુદી જુદી યોગદષ્ટિના યથાઉક્ત લક્ષણ પરથી અંતર્મુખ નિરીક્ષણ કરતાં આત્માર્થી પોતાની આત્મદશાનું માપ કાઢી શકે છે.

આમાં પ્રથમ ચાર દષ્ટિપર્યંત મુખ્ય એવું પહેલું ગુણસ્થાનક હોય છે. તેની પરાકાષ્ટા ચોથી દીપ્રા દષ્ટિમાં પ્રાપ્ત થાય છે. મિત્રા વિગેરે પ્રથમ ચાર દષ્ટિમાં ઉત્તરોત્તર મિથ્યાત્ત્વનું પ્રમાણ ઘટતું જાય છે અને ઉપજતા ગુણનું પ્રમાણ વધતું જાય છે.

પાંચમી સ્થિરા દષ્ટિથી મિથ્યાત્ત્વનો સર્વથા અભાવ હોય છે. આમ સમ્યગ્દર્શનરૂપ રત્નદીપક મનમંદિરમાં પ્રગટે એટલે મોહરૂપી શત્રુનું બળ નાશ પામવાની શરૂઆત થઈ જાય છે અને એજ ક્રમે મોહ બળ ઘટતું ઘટતું ક્ષય થઈ પરાદષ્ટિમાં સંપૂર્ણપણે સમાધિભાવને જીવ પામી જાય છે.

પ્રથમ ચાર દષ્ટિમાં મિથ્યાત્ત્વનું અસ્તિત્વ છતાં તેને સમ્યગ્દષ્ટિમાં કેમ ગણી છે ? એમ સવાલ ઊભો થાય તે સ્વાભાવિક છે તેનું સમાધાન આ પ્રમાણે છે. મિત્રા આદિ ચાર દષ્ટિઓ છે તે સમ્યગ્દષ્ટિના અચૂક કારણરૂપ થાય છે એટલા માટે કારણમાં કાર્યના ઉપચારથી મિત્રાદિની પણ ગણના સમ્યગ્દષ્ટિમાં થાય છે.

શુદ્ધ આત્મસિદ્ધિને માટે મિત્રા આદિ આત્માના ક્રમિક

ગુણવિકાસની અવસ્થાઓ ઉપયોગી છે. કારણ કે તેમાં પરમ અમૃતસમા સર્વાંગરૂપ માધુર્યની નિષ્પતિ થાય છે. ભવ્ય જીવો પણ જ્યાં સુધી સાધક સંવેગ માધુર્ય પ્રગટતું નથી ત્યાં સુધી મિત્રા આદિ દષ્ટિને સ્પર્શતા પણ નથી. જ્યારે સંવેગ રંગથી રંગાય છે ત્યારે જ ચરમાવર્ત્તમાં જ આ મિત્રા દષ્ટિને સ્પર્શે છે.

. જે આઠ દષ્ટિ અહીં કહેવામાં આવી છે તેનો અહીં અનુક્રમે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ અષ્ટાંગ યોગ સાથે સમન્વય દર્શાવ્યો છે.

આ દિવ્યચક્ષુરૂપ યોગદષ્ટિમાં જેમ જેમ ઉઘાડ થતો જાય છે તેમ તેમ અંતર દષ્ટિ ખૂલતી જાય છે અને અંતે સંપૂર્ણ એવું અનંત દર્શન પ્રાપ્ત થાય છે. આવરણ હટવાની પ્રક્રિયા પ્રમાણે આ યોગદષ્ટિને આઠ વિભાગમાં વહેંચવામાં આવી છે. સત્ શ્રદ્ધા સંગત બોધનું પરિણમન તે દષ્ટિ છે. સત્ શાસ્ત્રના આધારવાળી, સત્ શાસ્ત્રને અનુકૂળ, આપ્ત પુરુષની આગમરૂપ આજ્ઞાને અનુસરનારી એવી સાચી તાત્ત્વિક શ્રદ્ધા હોય તો જ તે બોધને ''યોગદષ્ટિ'' નામ ઘટે છે. જ્યાં સુધી આ આંતરદષ્ટિ ઉઘડી નથી ત્યાં સુધી દષ્ટિ અંધપણુ જ છે એટેલે કે મિથ્યાદર્શન કે મિથ્યાદષ્ટિ રાગ છે.

આ સત્ બોધરૂપ- જ્ઞાન પ્રકાશવાળી યોગદષ્ટિના ફળરૂપે જીવની અસત્ પ્રવૃત્તિ અટકી જાય છે અને વેદ્ય સંવેદ્ય પદ પ્રાપ્ત થાય છે. એકવાર આ યોગદષ્ટિરૂપ ''દિવ્ય નયન''નો સ્પર્શ થાય તો જીવ સંસારથી બહાર નીકળી જઈ શકે.

આ દષ્ટિરૂપ પારસમણિના સ્પર્શથી જીવરૂપ લોહ શુદ્ધ સુવર્ણ (આત્મા) બની જાય છે. આ યોગદષ્ટિમાં પહેલી ચાર દષ્ટિ પ્રતિપાતી એટલે આવીને પાછી પડી જાય એવી હોય કે અપ્રતિપાતી ન પડે એવી પણ હોય એમ ભજના છે. પણ સ્થિરા

આદિ છેલ્લી ચાર દૃષ્ટિ અપ્રતિપાતી હોય છે એટલે સ્થિરા આદિ દૃષ્ટિ પ્રાપ્ત થયે મુક્તિ માર્ગ પ્રત્યેનું પ્રયાણ અખંડ-અભંગપણે ચાલ્યા જ કરે છે. જેમ કે

**"દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાંજે રે;**
**રયણી શયન જિમ શ્રમ હરે, સુર નર સુખ તિમ છાજે રે."**

**(યો.દ.સ)**

સાધક જેમ જેમ યોગદૃષ્ટિમાં આગળ વધતો જાય છે તેમ તેમ ચિત્તના દોષો ઘટતા જાય છે અને ગુણો વધતા જાય છે. વિકાસ પામતા જાય છે. મિત્રાદૃષ્ટિથી શરૂ થયેલ બોધ; પરાદૃષ્ટિમાં સંપૂર્ણતાને પામે છે. જેમ કે

**દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ 'પરા' તસ જાણુંજી;**
**આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણુંજી."**

**(યો.દ.સ.)**

## ૨. યોગબીજ-ભક્તિયોગ :

**"જિનેષુ કુશલં ચિતં તન્નમસ્કાર એવ ચ;**
**પ્રણામાદિ ચ સંશુદ્ધં યોગ બીજમનુત્ત મમ્"**

**– શ્રી હરિભદ્રાચાર્યજી**

**"જે જાણઈ અરિહંતે, દવ્વગુણ પજ્જવેહિં ય;**
**સો જાણઈ નિય અપ્પા, મોહો ખલુ જાઈવતસ્સ લયં."**

**– શ્રી કુંદકુંદાચાર્યજી.**

આ યોગમાર્ગ મુખ્યપણે ભક્તિપ્રધાન જ છે.

શ્રી જિન ભગવાન પ્રત્યે કુશલ-શુભ ભાવસંપન્ન ચિત્ત રાખવું, નમસ્કાર અને સંશુદ્ધ પ્રણામાદિ કરવા તે અનુત્તમ યોગબીજ છે. શુદ્ધ સ્વભાવમય- મોક્ષને પામેલા, સિદ્ધ આત્માને

લક્ષ્યસ્થાને સ્થાપી, તે સ્થિતિ મેળવવા આરાધના કરવી તે પ્રધાન યોગબીજ છે. ભક્તિ કરતાં કરતાં જિન ભગવાન જેવું પરમાનંદમય શુદ્ધ સ્વરૂપ મને પ્રગટે તો કેવું સારું ? એવી અંતરંગ રુચિરૂપ તીવ્ર ઈચ્છાથી તે પરપરિણતિમાં નિષ્કામ એવો અંતરાત્મા બની આત્મ પરિણતિ ભણી વળે છે અને આદર્શ પરમાત્મ સ્વરૂપની સાધના તરફ વળે છે. આ લોકોત્તર પ્રભુની સેવાનો અંતર્ગત ભેદ-રહસ્ય મર્મ જાણીને, સમજીને આધ્યાત્મિક ગુણ પ્રકાશરૂપ સેવાની વાત અહીં કહેવામાં આવી છે. શુદ્ધ સેવા તો (૧) પ્રભુ પ્રત્યે પરમ ઉપાદેય બુદ્ધિપૂર્વક (૨) આહારાદિ દશ સંજ્ઞાના નિરોધ સહિતપણે (૩) આ લોક-પરલોક સંબંધી કામના રહિતપણે કરવામાં આ તો જ થાય. તે જ યોગબીજ રૂપ છે.

દશસંજ્ઞા- (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા (૪) પરિગ્રહ સંજ્ઞા (૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ (૯) અંધશ્રદ્ધા (૧૦) લોકોની વાહવાહની પરવા.

આમાંનું કાંઈ ન હોય તો જ સંશુદ્ધ ભક્તિ થઈ શકે. તેમજ આલોક-પરલોક સંબંધી ફળકામના રહિતપણું થવું જોઈએ.

જો આ ભક્તિ લોકસંબંધી ધન-કીર્તિ-પૂજા સત્કાર આદિ ફળ કામનાથી કરવામાં આવે તો તે સત્ ચિત્તને હણી નાખતું હોવાથી અને સત્ અનુષ્ઠાનની અશાતારૂપ થતું હોવાથી આત્માને વિષરૂપે પરિણમી વિષ અનુષ્ઠાન થઈ પડે છે અને પરલોક સંબંધી ફળ કામનાથી કરવામાં આવતું અનુષ્ઠાન આત્માને ગરલરૂપે પરિણમે છે (Slow Poison). માટે જીવે આ બન્ને પ્રકારના અનુષ્ઠાનને તજીને તદહેતુ અને અમૃત અનુષ્ઠાન આદરવા જોઈએ.

શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**સંભવ દેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ,**
**સેવન કારણ પહેલી ભૂમિકારે, અભય અદ્વેષ અખેદ.**

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ,
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.

પ.કૃ. દેવ પણ આત્મસિદ્ધિમાં કહે છે કે,

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.
ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.

શ્રીમદ્ દેવચંદ્રજી મ.સા. કહે છે કે,

ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ : જિ૦પૂ૦
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. જિ૦પૂ૦
નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી,
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી.

શ્રીમદ્ આંદઘનજી કહે છે કે,

"કારણ જોગે હો કારજ નિપજે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીએ, એ નિજ મત ઉન્માદ.

આ પંક્તિઓમાં જે ભાવ વણી લેવામાં આવ્યા છે તેને સમજવામાં આવે તો ભક્તિ શા માટે કરવાની છે ? કેમ કરવાની છે ? તેનું યથાર્થ જ્ઞાન આપણને સમજાય તેમ છે.

વળી શ્રીમદ્ દેવચંદ્રજી કહે છે,

શુદ્ધ તત્ત્વ નિજસંપદા, જ્યાં લગી પૂર્ણ ન થાય રે;
ત્યાં લગી જગગુરુ દેવના સેવું ચરણ સદાય રે.

જેમ જિન ભક્તિ ઉત્તમ યોગબીજ છે તેમ સદ્ગુરુ ભક્તિ પણ ઉત્તમ યોગબીજ છે. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**"આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે"**

જિન ભક્તિ સદ્‌ગુરુભક્તિ પછી આવે છે. સત્ શ્રુત ભક્તિ એ પણ ઉત્તમ યોગબીજ છે.

આમ જોઈએ તો ભગવંતોએ, શાસ્ત્રકારોએ ભક્તિ ઉપર વિશેષ ભાર મૂકેલો છે.

ભક્તિયોગ-કર્મયોગ, જ્ઞાનયોગ એ ત્રણે વાસ્તવિક રીતે વિરૂદ્ધ કે વિભીન્ન નથી પણ એક જ યોગના ત્રણ પાસા છે અને પરસ્પર એકબીજાના પૂરક અને સમર્થક છે કારણ કે,

૧. તાત્ત્વિક સમજણપૂર્વક પરમ તત્ત્વની ભક્તિ તે ભક્તિયોગ

૨. પરમતત્ત્વને ભક્તિથી હૃદયમાં ધારણ કરી તથારૂપ અધ્યાત્મ ક્રિયાયુક્તપણે જ્ઞાનની- અનુભવયોગની અનન્ય ઉપાસના તે જ્ઞાનયોગ.

આમ ત્રણે યોગ એકબીજાના પૂરક યોગ છે.

## ૩. જ્ઞાનયોગ અને કર્મયોગ :

"જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ" "જ્ઞાન સાથે ક્રિયા હોય તો મોક્ષ."

અહીંયા જ્ઞાન એટલે તત્ત્વરૂપ આત્માનું જ્ઞાન અને ક્રિયા એટલે આત્મ પરિણતિમય ભાવ ક્રિયા. આ બન્નેનો સમન્વય થાય તો જ મોક્ષની પ્રાપ્તિ થાય. જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે. અહીં જ્ઞાન પછી ક્રિયા મૂકી છે તેનો અર્થ એમ થાય છે કે ક્રિયા જ્ઞાનને અનુસરતી સમજણવાળી હોવી જોઈએ. વળી "પઢમં નાણં તઓ દયા." એમાં પણ પહેલા જ્ઞાન અને પછી દયા મૂકી છે તે પણ એમ સૂચવે છે કે જ્ઞાન હોય તો જ સાચી દયા ભાવદયા થઈ શકે.

શુદ્ધભાવ ને શૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી ?
ઝળહતો સૂરજ ને ખજુઓ, તારા તેજમાં તેતોજી

શુદ્ધ ભાવ અને ભાવ શૂન્ય ક્રિયા એ બેની વચ્ચે સૂર્ય અને આગીઆ જેટલું અંતર છે.

આત્મામાં ભાવશ્રુતપણું પ્રગટે. આત્મજ્ઞાન ઉપજે તો જ વાસ્તવિક જ્ઞાન થાય. અધ્યાત્મ રસ પરિણતિ વગરનું શાસ્ત્રજ્ઞાન ભારરૂપ જ નિવડે છે. વિદ્વાનમાં અને આત્માનુભવી જ્ઞાનીમાં આકાશ પાતાળનું અંતર છે. વિદ્વાન શાસ્ત્રની બધી વાત જાણતો હોય પણ આત્માને જાણતો ન હોય, જ્યારે અનુભવી ભલે કાંઈપણ ન જાણતો હોય પણ આત્માને જાણતો હોવાથી જ્ઞાની છે. જ્યારે વિદ્વાન શાસ્ત્રજ્ઞાન ધરાવતો હોવા છતાં અજ્ઞાની કહેવાય છે.

"જે એગં જાણઈ સે સવ્વં જાણઈ." (આચારાંગ)

પ.કૃ. દેવ કહે છે કે,

જ્ઞાનદશા પામે નહિ, સાધન દશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ
નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય -

— શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

વળી શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

"વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફૂલ,
સાંભળી આદરી કાંઈ રાચો."

કર્મયોગં સમભ્યસ્ય, જ્ઞાનયોગં સમાશ્રિત;
ધ્યાન યોગં સમારુહય, મોક્ષયોગં પ્રપદ્યતે.

— (અધ્યાત્મસાર)

કર્મયોગનો સમ્યક્ અભ્યાસ કરી, જ્ઞાન યોગને સમાશ્રિત થયેલો પુરુષ ધ્યાન યોગ પર ચઢી મોક્ષ યોગને પામે.

આમ ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગના સમ્યક્ વ્યવસ્થારૂપ યોગમાર્ગનું દર્શન- ત્રણેના સમન્વયથી થાય છે.

વીતરાગનો રત્નત્રયીરૂપ મૂળમાર્ગ તો કેવળ શુદ્ધ આત્મ પરિણતિરૂપ હોઈ મુખ્યપણે આધ્યાત્મિક માર્ગ છે, પરમાર્થ માર્ગ છે, અંતરંગ ભાવ માર્ગ છે. કોઈ પણ મતના ભેદ વિના જે કોઈપણ આ યથોકત મોક્ષમાર્ગ સાધવા પ્રયત્ન કરે છે, આત્મામાં પરિણમાવે છે તે જ મોક્ષ પામે છે.

શુદ્ધ આત્માને જાણવો, શ્રદ્ધવો ને આચરવો એ જ એક સનાતન નિશ્ચય સાધ્ય લક્ષમાં રાખી સત્ સાધનરૂપ શુદ્ધ વ્યવહારને જે સેવે છે, નિશ્ચય વ્યવહારનો સમન્વય સાધે છે તે જ મોક્ષ પામે છે. **શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,**

**"જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર."**

- આ દિવ્યનયનની પ્રાપ્તિ, જેણે આ પ્રાપ્ત કર્યા છે તેની પાસેથી જ થઈ શકે. બીજા એક સ્તવનમાં શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે

**"પ્રવચન અંજન જો સદ્ગુરૂ કરે, દેખે પરમ નિધાન;**
**હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન."**

ધર્મ૦ જિ૦

સદ્ગુરુના માર્ગદર્શન તળે પ્રવર્તતો યોગી-સાધક પરભાવ-વિભાવથી પાછો ફરી, નિરંતર જાગૃત ઉપયોગ રાખી દ્રવ્યથી અને ભાવથી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહ એ પાંચ યમનું પરિપાલન કરે છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન એ પાંચ નિયમનું પાલન કરે છે,

પરભાવની બેઠકરૂપ દેહાધ્યાસ છોડી દઈ આત્મભાવમાં **આસન** જમાવે છે, બાહ્યભાવનું વિરેચન કરી અંતરાત્મભાવના પૂરણ-કુંભનરૂપ ભાવ **પ્રાણાયામ** સાધે છે, વિષય વિકારમાંથી ઇન્દ્રિયોને પ્રત્યાવૃત કરી પરભાવમાંથી આત્માને પાછો ખેંચી લેવા રૂપ પ્રત્યાહાર કરે છે; આત્મ સ્વભાવમાં આત્માને લઈ જવા માટે મનને એક જગ્યાએ સ્થિર કરવારૂપ ધારણા કરે છે. સ્થિર ચિત્ત થઈ આત્માનું **ધ્યાન** ધ્યાવે છે અને શુદ્ધ આત્મ સ્વરૂપમાં લીન થવારૂપ આત્મસમાધિને પ્રાપ્ત કરે છે. આમ સાધક પોતાના લક્ષની સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

'યોગ'ની વાત કરતાં હોઈએ ત્યારે મહર્ષિ હરિભદ્રસૂરિજી તથા મહર્ષિ પતંજલિ યાદ આવે છે. કારણ કે પતંજલિની દૃષ્ટિ વિશાળતા છે તેમણે યોગમાર્ગમાં ઈશ્વર ઉપાસનાને સ્થાન આપીને નિષ્પક્ષભાવે ઈશ્વરના સ્વરૂપનું એવું નિરુપણ કર્યું છે કે એ માન્ય કરવામાં કોઈને પણ વાંધો આવે નહિં. તેઓ કહે છે કે ''તમારું મન જેમાં લાગે તેનું જ ધ્યાન ધરો, પણ ધ્યેય તો મનને સ્થિર-એકાગ્ર કરવાનું રાખી, પરમાત્મ ચિંતનના સાચા પાત્ર બનો. જેને કલેશ, કર્મ, કર્મના પરિણામ તથા વાસના સ્પર્શ કરી શકતા નથી એવો કોઈપણ પુરુષ વિશેષ તે ઈશ્વર છે.

પતંજલિએ યોગસૂત્રમાં ''યોગઃ ચિત્ત વૃત્તિ નિરોધઃ'' એટલે કે ચિત્તવૃત્તિ નિરોધને જ યોગ કહેલ છે. જ્યારે હરિભદ્રસૂરિએ એ યોગને લગતાં પોતાના જુદા જુદા પુસ્તકોમાં ''મોક્ષ પ્રાપ્તિ કરાવનાર ધર્મ વ્યાપારને જ યોગ કહેલ છે.'' શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે ''યોગ એટલે સમ્યગ્ જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્રરૂપ રત્નત્રય'' એમ કહ્યું છે. ગીતા કહે છે કે ''ચિતની સમતા એ જ યોગ.''

ચિત્તની સમતા મન અને બુદ્ધિ (ક્રિયા અને જ્ઞાન)નું ઐકય થાય ત્યારે જ શક્ય બને છે અને યોગ તેની પ્રાપ્તિમાં કારણ છે. એટલે કે,

"અજ્ઞાનરૂપી અંધકારમાંથી માણસને જ્ઞાનરૂપી પ્રકાશ તરફ જે લઈ જાય તે જ યોગ." જ્યારે આત્માની ઉપરનો મોહ ઘટવાનો આરંભ થાય ત્યારથી જ આધ્યાત્મિક વિકાસની શરૂઆત થઈ જાય છે અને તેવા વિકાસગામી આત્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં સરળતા, ઉદારતા, નમ્રતા, પરોપકાર પરાયણતા આદિ સદાચાર નજરે પડે છે.

યોગના સાચા અધિકારી થવા માટે સાચી મુમુક્ષુતા એ આવશ્યક વસ્તુ છે. 'સદાચાર' એ યોગની પ્રાથમિક ભૂમિકા છે. વિચાર અને આચારની સંપૂર્ણ શુદ્ધિ એનું જ નામ સદાચાર, વિવેક એ સદાચારનો પાયો છે. સત્ અને અસત્ અથવા નિત્ય-અનિત્યને જુદુ પાડવાની શક્તિ એ જ વિવેક. વૈરાગ્ય એ વિવેકનો સહચર છે. વૈરાગ્ય એટલે રાગનો નાશ થવો તે. વૈરાગ્ય એટલે સંસાર અને જગતનાં પદાર્થો પ્રત્યેનાં સાચા સ્વરૂપના ભાનથી ઉપજેલી વિરક્તિ. વિવેકના પ્રમાણમાં વૈરાગ્યની વૃદ્ધિ થાય છે.

સાધકે પોતાની ઈચ્છાઓ, વાસનાઓ, કામનાઓ, કષાયો વિ. સાથે યુદ્ધ કરવાનું છે. આને જીતવા માટે પ્રથમ મનને જીતવું પડશે. મન જીતાયું તો સર્વ જીતાઈ જશે. અભ્યાસ અને વૈરાગ્ય વડે મનને જીતી શકાય છે, ખીલે બાંધી શકાય છે. જે સાધક બનવા માંગે છે તેણે હંમેશાં પોતાના દોષ તરફ દૃષ્ટિ કરવી જ યોગ્ય છે. ધન વૈભવ ખરાબ નથી. પણ આપણે તેનો જે રીતે ઉપભોગ કરીએ છે તે નુકસાનકર્તા છે. માટે કોઈપણ પદાર્થ પ્રત્યે તિરસ્કાર કરવો યોગ્ય નથી.

સાધકે માન-અભિમાનથી દૂર રહેવાનું છે. પોતાની ઈન્દ્રિયોનાં, પોતાનામાં રહેલા કષાયોના અને પોતાના મનના ચોકીદાર બની તેની ખબર રાખવાની છે. જો સાધકને એમ લાગે કે તે સંપૂર્ણ છે તે ઘડીએ જ તેના પતનની શરૂઆત થાય છે માટે સાધનામાં સાવધાની રાખી ચાલવાનું છે.

ભગવાન મહાવીર કહે છે કે ''આ જીવિત બહુ ચપલ છે તથા વિઘ્નોથી ભરપૂર છે, માટે ક્ષણભર પણ પ્રમાદ કર્યા વિના હે ગૌતમ ! તું પૂર્વે કરેલાં કર્મ ખંખેરી નાખ. (ઉ.સૂ. ૧૦.૩) શાસ્ત્રોમાં ઘણા દાખલા જોવામાં આવે છે કે મહાનયોગી, મહાન જ્ઞાનીઓના પતન થયા છે તેનું કારણ અભિમાન ઉત્પન્ન થવું તે છે.

સાધકનું ધ્યેય ધાતી કર્મોનો નાશ કરવાનું છે. તેનાથી જરાય ઉતરતું નહિ. એ ધ્યેયની પ્રાપ્તિ સાથે સાધકનાં રાગદ્વેષનો નાસ થઈ જાય છે. સાધના કરવા માટે મનુષ્ય જન્મ જ ઉપયોગી છે. અહીં જ સાધના શક્ય છે. બીજી કોઈ યોનિમાં નહીં.

**(ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ, સામર્થ્યયોગ)**

**નત્વેચ્છાયોગતોઅયોગં યોગિગમ્યં જિનોત્તમમ્;**

**વીરં વક્ષ્યે સમાસેન યોગં તદ્ દૃષ્ટિ ભેદતઃ ૧**

- અયોગી, યોગીગમ્ય જિનોત્તમ એવા વીરને ઈચ્છા યોગથી નમસ્કાર કરી હું યોગદૃષ્ટિના ભેદે કરીને સંક્ષેપમાં કહીશ.

**શિવસુખ કારણ ઉપદિશી યોગતણી અડદિટ્ઠી રે,**

**તે ગુણ થુણી જિન વીરનો, કરશું ધર્મની પુટ્ઠી રે - વીર જિનેસર દેશના**

- જીવ મોક્ષનું સુખ પામે તે માટે આ યોગની આઠ દૃષ્ટિ કહેવામાં આવે છે. માટે વીર જિનેશ્વરના ગુણોની સ્તુતિ કરી ધર્મની વૃદ્ધિ થાય તે રીતે આ કહેવામાં આવશે.

**ઈહૈવેચ્છાદિ યોગાનાં સ્વરૂપમભિધીયતે;**

**યોગીનામુપકારાય, વ્યક્તં યોગ પ્રસંગતઃ ૨**

- ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું સ્વરૂપ કહેવામાં આવે છે. આ માટે સાધકો- યોગીઓના ઉપકાર માટે વ્યક્તપણે કહેવામાં આવે છે. તેઓને યોગનું રહસ્ય-મર્મ

જાણવારૂપ થાય તે માટે કહેવામાં આવે છે. યોગ પ્રસંગતઃ મિત્રાદિ લક્ષણયોગના પ્રસંગને લઈ પ્રસંગ નામના શાસ્ત્રની યુક્તિથી આકર્ષાઈને જણાવીશ.

## ૧. ઈચ્છાયોગ :

**કર્તુમિચ્છોઃ શ્રુતાર્થસ્ય જ્ઞાનીનોડપિ પ્રમાદતઃ;**
**વિકલો ધર્મયોગો યઃ સ ઈચ્છાયોગ ઉચ્યતે. ૩**

- ધર્મ કરવાને ઈચ્છતા, અને શ્રુતનો અર્થ જેણે શ્રવણ કર્યો છે એવા જ્ઞાનીનો પણ પ્રમાદને લીધે જે અપૂર્ણ ધર્મયોગ તે ઈચ્છાયોગ કહેવાય છે.

જ્યાં ધર્મ કર્તવ્ય કરવાની સાચી અંતરંગ ઈચ્છાનું પ્રધાનપણું. મુખ્યપણું છે તેનું નામ ઈચ્છાયોગ છે. ધર્મકૃત્ય કરવાની સાચી અંતરંગ ઈચ્છા ઉપજવી તે ધર્મનું પહેલું પગથીયું છે. જે સાચો યોગી થવા માગે છે, તેનામાં તે પ્રત્યેની સાચી ઈચ્છા જાગૃત થયેલી હોવી જોઈએ. શુદ્ધ ધર્મરૂપ-મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજી ઈચ્છા તે મુમુક્ષુ આત્માર્થી જીવોને હોતી જ નથી. તેમને તો એક આત્માર્થની સિદ્ધિ થાય તે જ ઈચ્છા-ભાવ- હોય છે.

પ.કૃ. દેવ કહે છે કે,

**"ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;**
**મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ."**
**"કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ."**

આવી ધર્મ ઈચ્છામાં પણ બીલકુલ નિષ્કપટપણું હોવું જોઈએ, દંભ કે ધર્મ ઢોંગીપણું ન જ હોવું જોઈએ. તો જ ધર્મ ઈચ્છાવાળો કહી શકાય. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**'કપટ રહિત થઈ આતમ અરપણા રે**

શ્રી યશોવિજયજી પણ સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં કહે છે કે,

**દુર્બળ નગ્ન ને માસ ઉપવાસી જો છે માયા રંગ રે;**
**તો પણ ગર્ભ અનંતા લેશે, બોલે બીજુ અંગ રે**

અધ્યાત્મસારમાં પણ કહે છે કે,

**"આત્માર્થિના તતસ્ત્યાજ્યો દંભોડનર્થનિબન્ધનમ્**
**શુદ્ધિઃ સ્યાદજુ ભૂતસ્યેત્યાગમે પ્રતિપાદિતમ્"**

એટલે કે આત્માર્થીએ અનર્થના કારણરૂપ દંભ-ઢોંગીપણું છોડી દેવું જોઇએ. ઋજુની- સરળતાવંત પુરુષની જ સિદ્ધિ હોય છે- થાય છે.

સાધકે સદ્ગુરુ મુખેથી શ્રુતનું શ્રવણ કરેલું હોવું જોઇએ. શ્રવણ એટલે માત્ર સાંભળવું તેમ નહીં, પણ તેનું ભાવથી અર્થગ્રહણ પણ કર્યું હોવું જોઇએ. ઈચ્છાયોગી સમ્યકજ્ઞાનને સમજતો હોવો જોઇએ. આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલું હોવું જોઇએ. જેથી તેનો દર્શનમોહ નાશ પામ્યો હોય પણ હજી ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ ક્ષય થવાની બાકી હોવાથી પ્રમાદનો સંભવ રહેલો હોવાથી, અહીંયા પ્રમત્ત ભાવ ઉદયમાં આવી શકે છે એવો. હજી તેની પ્રવૃત્તિ સંપૂર્ણ અપ્રમત્તભાવવાળી હોતી નથી.

અહીંયા પ્રમાદ એટલે આળસપણું એમ અર્થ નથી. પ્રમાદ એટલે જે કંઈ કરવા વડે જીવ પોતાની આત્મસ્વરૂપ સ્થિતિથી ભ્રષ્ટ થાય તે. જીવને સ્વરૂપભ્રષ્ટ કરનારા પ્રમાદના પાંચ મુખ્ય પ્રકાર છે. (૧) મદ (૨) વિષય (૩) કષાય (૪) નિંદા (૫) વિકથા. બીજી રીતે તેના આઠ પ્રકાર પણ કહ્યા છે. (૧) અજ્ઞાન (૨) સંશય (૩) મિથ્યાજ્ઞાન (૪) રાગ (૫) દ્વેષ (૬) મતિભ્રંશ (૭) ધર્મનો અનાદર (૮) મન વચન કાયાના યોગનું દુષ્પ્રણિધાન. આ પ્રમાદને કારણે જ્ઞાનાચાર વગેરે પંચ આચારના સમ્યક્પાલનમાં ક્ષતિ-ભૂલ થવાનો સંભવ છે.

જેટલા અંશે આ પ્રમતભાવ ઘટતો જાય તેટલા અંશે તેની આત્મસ્થિતિ- આત્મદશા વધતી જાય છે. તેનો ઈચ્છાયોગ બળવત્તર બનતો જાય છે. ઈચ્છાયોગી સમ્યગ્દૃષ્ટિ, અવિરતિસમ્યગ્દષ્ટિ, દેશવિરતિસમ્યગ્દષ્ટિ કે સર્વવિરતિ સમ્યગ્દષ્ટિ હોઈ શકે.

**"પમાયં કમ્માહંસુ અપ્પમાયં તહાવરં;**

**તદ્ભાવાદેસઓ વાવિ બાલં પંડિયમેવવા - સૂત્રકૃતાંગ.**

- પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે. તેવા ભે[illegible] પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે.

આમ ઈચ્છાયોગીના લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યા છે. (૧) સાચો ધર્મ ઈચ્છક (૨) શ્રુતજ્ઞ (૩) સમ્યગ્દૃષ્ટિ (૪) પ્રમત્તવંત.

આ ઈચ્છાયોગી, કર્મયોગી, ભક્તિયોગી અને જ્ઞાનયોગી હોય તેમ આ ગાથા પરથી ફલિત થાય છે.

## ૨. શાસ્ત્રયોગ :

**શાસ્ત્રયોગ સ્ત્વિહજ્ઞેયો યથા શકત્યા પ્રમાદિનઃ;**

**શ્રાદ્ધસ્ય તીવ્રબોધેન વચસાડવિકલસ્તથા ૪**

- અપ્રમાદિ એવો સાધક શાસ્ત્રમાં જે પ્રમાણે કહેલ હોય તે પ્રમાણે ધર્મના અનુષ્ઠાનો જો સમયે જે કરવાના હોય તે પ્રમાણે કરે છે. તીવ્રબોધને લઈને યોગ્ય સમયે યથાશક્તિ ધર્માનુષ્ઠાન કરે છે. ઈચ્છાયોગમાં યથાયોગ્ય પ્રવૃતિની ખામી છે. આ યોગમાં યથાયોગ્ય પ્રવૃત્તિ થઈ શકે છે. તેમજ ત્યાગ વૈરાગ્ય પણ વધારે સારો હોય છે. શ્રદ્ધા પણ યથાયોગ્ય હોય છે. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે :-

**"સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,**

**તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો - ધાર તરવારની.**

શાસ્ત્રયોગમાં પ્રવર્તતો સાધક ૧. તીવ્ર શ્રુતબોધવાન ૨. શ્રદ્ધાવંત ૩. યથાશક્તિ પ્રવૃત્તિ કરતો અપ્રમાદી હોય છે.

## ૩. સામર્થ્યયોગ :

**શાસ્ત્ર સંદર્શિતોપાયસ્તદતક્રાન્ત ગોચરઃ;**

**શક્ત્યુ દ્રકાદ્વિશેષેણ સામર્થ્યાયાખ્યોડયમુત્તમઃ ૫**

- શાસ્ત્રમાં જેનો ઉપાય દર્શાવેલો છે, અને તે શાસ્ત્ર કરતાં પણ જેનો વિષય-શક્તિના પ્રબળપણાને લીધે પરં છે તે આ સામર્થ્ય નામનો ઉત્તમ યોગ છે.

આત્મસામર્થ્યનું -આત્માના સમર્થપણાનું જેમાં પ્રધાનપણું છે તેનું નામ સામર્થ્ય યોગ છે. આ યોગ સર્વયોગમાં ઉત્તમયોગ છે. તેના લક્ષણ (૧) શાસ્ત્રમાં આનો ઉપાય સામાન્યપણે દર્શાવ્યો છે. (૨) વિશેષપણે તો શાસ્ત્ર કરતાં પણ આ યોગનો વિષય- પરં છે. એટલે કે શાસ્ત્રમાં યોગની સિદ્ધિ માટે જે જે ઉપાયો દર્શાવેલા છે તે સર્વ ઉપાયોનો અનુભવપૂર્વક સાક્ષાત્કાર કરીને જેઓ ઘણા આગળ વધ્યા છે તેઓનું જે ધર્માનુષ્ઠાન તે સામર્થ્ય યોગ છે.

**સિદ્ધયાખ્યપદસંપ્રાપ્તિ હેતુભેદા ન તત્ત્વતઃ;**

**શાસ્ત્રાદેવાવગમ્યન્તે, સર્વથૈવેહ યોગિભિઃ ૬**

- સિદ્ધિ નામના પદની સંપ્રાપ્તિના હેતુભેદો અહીં તત્ત્વથી, યોગીઓને શાસ્ત્ર દ્વારા જ સર્વથા જાણવામાં આવતા નથી.

શાસ્ત્ર તો દિશા બતાવે છે, પણ પછી આગળનો માર્ગ તો પોતાની મેળે મેળવી લેવો જરૂરી બને છે. મોક્ષ પ્રાપ્તિના સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્રાદિ માર્ગો છે. એટલે કે મોક્ષ પ્રાપ્ત

કરવાના અસંખ્ય સાધનો છે પણ તે બધાને શાસ્ત્રથી યોગી પુરુષો સર્વ પ્રકારે જાણી શકતા નથી. સ્વાનુભવ દ્વારા જ જાણી શકાય છે. શાસ્ત્ર તો માત્ર દિશા સૂચન કરે છે. માર્ગ તો સ્વાનુભવે જ સમજાય છે.

**સર્વથા તત્પરિચ્છેદાત્સાક્ષાત્કારિત્વ યોગતઃ;**

**તત્સર્વજ્ઞત્વસંસિદ્ધેસ્તદા સિદ્ધિપદપ્તિતઃ ૭**

- સર્વથા શાસ્ત્ર દ્વારા જ તે સમયગ્દર્શનાદિનં જ્ઞાન થાય તો સાક્ષાત્કારિપણાનો - પ્રત્યક્ષપણાનો યોગ થશે અને તેમ થતાં તેને સર્વજ્ઞપણાની સિદ્ધિ સાથે મુક્તિપદની પ્રાપ્તિ પણ થાય. પણ તેમ તો થતું નથી.

શાસ્ત્રો દ્વારા સર્વભાવો પ્રત્યક્ષ એટલે આત્માનુભવગમ્યપણે દેખાતા નથી, પરોક્ષપણે જ દેખાય છે. શ્રુતજ્ઞાનનો વિષય પરોક્ષ છે. પ્રત્યક્ષ નથી. આમ શાસ્ત્રથી પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. એટલે તે થકી સર્વજ્ઞપણું પણ ઘટતું નથી. પ.કૃ. દેવ કહે છે કે ''શાસ્ત્રાદિક જ્ઞાનથી નિવેડો નથી, પણ અનુભવ જ્ઞાનથી નિવેડો છે.''

**ન ચૈતદેવં યત્તસ્માત્ પ્રાતિભજ્ઞાન સંગતઃ,**

**સામર્થ્યયોગઽવારયોઽસ્તિ, સર્વજ્ઞત્વાદિ સાધનમ્- ૮**

- અને કારણ કે એમ નથી, તેટેલા માટે પ્રાતિભ જ્ઞાનથી સંગત એવો સામર્થ્ય યોગ ન કહી શકાય એવો છે કે જે સર્વજ્ઞપણાના સાધનરૂપ છે.

શાસ્ત્રથી જ સિદ્ધિ પદની પ્રાપ્તિ થતી નથી. એમ તો બનતું નથી, કારણ કે પ્રત્યક્ષ પ્રમાણનો વિરોધ આવે છે. અયોગીપણાનું પરોક્ષ જ્ઞાન શાસ્ત્રથી થાય છે પણ તેથી કરીને સાક્ષાત્ અયોગીપણું- દેહરહિત મુક્ત અવસ્થા થતી નથી. માટે જ સામથ્રય યોગ છે તે અવાચ્ય કહ્યો છે, વાણીથી અગોચર કહ્યો છે,

સામર્થ્યયોગનો વિષય પ્રત્યક્ષ એટલે કે આત્માનુભવ ગોચર છે. યોગીનો આત્મસ્વભાવરૂપ, ધર્મમાં વર્તનારૂપ જે ધર્મ વ્યાપાર છે તે જ સામર્થ્યયોગ છે. એમાં આત્માનુભવનું- સ્વસંવેદન જ્ઞાનનું પ્રધાનપણું હોય છે.

પ્રાતિભ જ્ઞાન એટલે જેમાં અસાધારણ આત્માનુભવનો જ્ઞાન પ્રકાશ ઝળહળે છે તે. જેમાં ચૈતન્યશક્તિનો અસાધારણ- અપૂર્વ અનુભવ પ્રકાશ પ્રતિભાસે છે, તે પ્રાતિભ જ્ઞાન છે. સામર્થ્ય યોગમાં વર્તતા જ્ઞાનીની સ્થિતિ આ પ્રમાણે પ.કૃ. દેવ વર્ણવે છે.

**જડને ચેતન બન્ને, દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,**
**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે.**
**સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર,**
**અથવા તે જ્ઞેય પણ પર દ્રવ્યમાંય છે;**
**એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,**
**જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;**
**કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,**
**નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.**

આ સામર્થ્ય યોગ-સિદ્ધપદનું કારણ છે. એના વડે કરીને વગર વિલંબે સર્વજ્ઞપણા- કેવળજ્ઞાનની સિદ્ધિ થાય છે અને તેથી તે સર્વજ્ઞ-સર્વદર્શી બને છે. અને છેવટે અયોગીપણાને પ્રાપ્ત કરી સિદ્ધપદને પામે છે.

**દ્વિધાયં ધર્મસંન્યાસ યોગ સંન્યાસસંજ્ઞિતઃ,**
**ક્ષાયોપશમિકા ધર્મા, યોગાઃ કાયાદિકર્મતુ ૯**

- આ સામર્થ્યયોગ ધર્મસંન્યાસ અને યોગ સંન્યાસ એમ બે પ્રકારનો છે. ક્ષાયોપક્ષમિક ભાવથી ઉપજતા તે ધર્મો છે અને કાયા વગેરેનું કર્મ તે 'યોગા' છે.

કેવળજ્ઞાન થયા પહેલાના પ્રાતિભજ્ઞાનવંત તીવ્ર તત્ત્વબોધથી ઘણો આગળ વધેલ એવો અપ્રમત સંયતિ જ્યારે આઠમા ગુણસ્થાને ક્ષપકશ્રેણી પર ચઢે છે, ત્યારે ધર્મ સંન્યાસ નામના સામર્થ્યયોગનો પ્રથમભેદ પ્રાપ્ત થાય છે. આ યોગમાં ક્ષયોપક્ષમ ભાવથી ઉત્પન્ન થયેલા ક્ષમાદિ દશ પ્રકારનાં ધર્મો (ગુણો)નો નાશ થાય છે અને ક્ષાયિક ભાવના ક્ષમાદિ દશ પ્રકારના ધર્મો પ્રગટ થાય છે. આ ધર્મસંન્યાસ યોગ ૬ઠા ગુણસ્થાનકથી શરૂ થાય છે અને તેરમાં ગુણસ્થાનક સુધી હોય છે, પણ તત્ત્વદષ્ટિએ ધર્મસંન્યાસ યોગ આઠમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી પર ચઢે ત્યારે શરૂ થાય છે અને તેના ફળ સ્વરૂપે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

યોગ સંન્યાસ નામનો સામર્થ્યયોગ તેરમા ગુણસ્થાનકના અંતે મોક્ષ જવાના સમયે જ્યારે આત્મા શૈલેશીકરણ કરે છે ત્યાર પછી ચૌદમાં ગુણસ્થાનકે આ યોગ હોય છે. આ યોગમાં મન-વચન-કાયાના વ્યાપારનો પણ નિરોધ થાય છે.

**દ્વિતીયાપૂર્વકરણે પ્રથમસ્તાત્ત્વિકો ભવેત્;**

**આયોજયકરણાદ્ ઉર્ધ્વં દ્વિતીય ઈતિ તદ્વિદઃ ૧૦**

- બીજા અપૂર્વકરણમાં તાત્વિક એવો પ્રથમ યોગ ધર્મ સંન્યાસયોગ હોય; અને આયોજયકરણથી આગળ બીજો યોગ સંન્યાસ હોય એમ તેના જ્ઞાતાઓ- જાણકારો કહે છે.

અનાદિ અપાર સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને ધર્મના અનુષ્ઠાનો કરવા છતાં પણ પહેલા ક્યારે નહિ આવેલો એવો આત્માનો અપૂર્વ અધ્યવસાય- પરિણામભાવ ઉત્પન્ન થાય તેનું નામ અપૂર્વકરણ છે.

અપૂર્વકરણનું ફળ ગ્રંથિભેદ રૂપે પ્રાપ્ત થાય છે અને તેથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન એટલે પોતાના

આત્મસ્વરૂપનો અનુભવ થવો. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા એ સમ્યક્ત્વના લક્ષણો છે. પ.કૃ. દેવ કહે છે કે,

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.**
**દશા ન એવી જયાં સુધી, જીવ લહે નહીં જોગ,**
**મોક્ષમાર્ગ પામે નહી મટે ન અંતર રોગ** - આ.સિ.શાસ્ત્ર

જીવ પ્રથમ અપૂર્વકરણદ્વારા ગ્રંથિભેદ કરીને સમ્યગ્દર્શનને પામે છે. ત્યારબાદ બીજુ અપૂર્વકરણ જીવ ક્ષપકશ્રેણી માંડે ત્યારે કરે છે કે જેના દ્વારા જીવ સ્થિતિધાત્ રસઘાત,ગુણશ્રેણી, ગુણસંક્રમ અને સ્થિતિબંધ - આ પાંચ વસ્તુઓનું નિવર્તન કરે છે. આ બીજા અપૂર્વકરણવાળા સાધકને તાત્વિક ધર્મસંન્યાસ યોગ હોય છે.

જીવ આયોજણકરણ સંસાર પરિભ્રમણના છેલ્લા ભવમાં કરે છે એટલે કે છેલ્લા ભવમાં ભોગવવાનાં બાકી રહેલા વેદનીય વગેરે ચાર કર્મ છે, તેમાં વેદનીય વગેરેની સ્થિતિ આયુષ્ય કરતાં વધારે હોય તો તેને સરખી કરવા માટે કેવળી ભગવંત ઉદીરણા કરે છે. આયોજણકરણ કરે છે કે જેથી કરીને સમુદ્ઘાત વડે તે કર્મોને જલદી ખપાવી લઈ સરખી સ્થિતિમાં લાવી મૂકાય.

**અતત્વયોગો યોગાનાં યોગ : પર ઉદાહ્રતઃ,**
**મોક્ષ યોજને ભાવેન સર્વસંન્યાસ લક્ષણઃ ૧૧**

એટલા માટે તો જે 'અયોગ' છે તેને યોગોમાં પરમ કહ્યો છે. કારણ કે મોક્ષ સાથે તે યોજન કરે છે. જોડાણ કરે છે. અને તે સર્વ સંન્યાસ લક્ષણવાળો છે.

આમ ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગને ટૂંકાંમાં જોઈએ તો

**ઈચ્છાયોગી :** આ સંસાર અટવીમાં ભૂલો પડેલો જીવરૂપ

મુસાફર તેમાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા કરે, મોક્ષ મેળવવા ઈચ્છે તે માર્ગને શોધતો શોધતો તેના માર્ગના જાણકાર એવા સદ્ગુરૂને પૂછે છે. તે માર્ગની માહિતી મેળવી તેની સદ્દહણા કરે છે અને આગળ વધવાનો પુરૂષાર્થ કરે છે.

**શાસ્ત્રયોગી :** સાધના દરમ્યાન શાસ્ત્રરૂપી ભોમિયો - આત્મજ્ઞાની પુરૂષોના વચનોરૂપી શ્રુત - તેની સાથે રહે છે. એટલે તેને આજ્ઞા પ્રમાણે ચાલતાં - શાસ્ત્રની સહાયથી માર્ગને દેખતો શ્રધ્ધાપૂર્વક આગળ વધે છે, તેને સુંદર મોક્ષ સ્થાન ભણીનો રસ્તો ચોકખેચોકખો સુસ્પષ્ટ સુરેખ જણાય છે.

**સામર્થ્યયોગી :** -આત્મસામર્થ્ય વડે યોગમાર્ગમાં સંવેગથી તેમજ અનુભવજ્ઞાનથી આગળ ને વધતો જાય છે. અને છેવટે આત્મ સામર્થ્યથી ક્ષપકશ્રેણી પર ચઢી ધર્મ સંન્યાસ ને કરતા - કરતા ૮-૯૧૦-૧૨ ગુણઠાણા વટાવી ૧૩મા ગુણસ્થાને પહોંચી જાય છે. જ્યાં કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થાય છે. જેથી તે સર્વ દ્રવ્ય - પર્યાયને પ્રત્યક્ષ જુવે છે. ત્યાં આયુષ્ય પ્રમાણે સ્થિતિ કરે છે અને લોકોના ઉપર ઉપકારજ્ઞાન આપવારૂપ ક્રિયા કરે છે. આયુષ્યની મુદત પુરી થવાના સમયે મન-વચન-કાયાના. યોગોનો નિરોધ કરે છે અને આમ યોગસંન્યાસ કરી શૈલેશી અવસ્થાને પામે છે અને પછી સાદિ અનંતોકાળ અનંત શાશ્વત સુખમાં વિરાજમાન થાય છે.

**એ તત્ત્રયમનાશ્રિત્ય વિશેષૈણૈતયુત ભવઃ**
**યોગ દૃષ્ટય ઉરયન્ને અષ્ટો સામાન્યસ્તુ તાઃ ૧૨**

આગળ જે ત્રણ યોગ કહેવામાં આવ્યા તેનો આશ્રય કર્યા વિના વિશેષ કરીને એમાંથી જ ઉદ્ભવ પામેલી એવી યોગ દૃષ્ટિઓ કહેવામાં આવે છે. તે સામાન્યપણે આઠ છે.

આ યોગદૃષ્ટિરૂપ નદીઓ તે યોગરૂપી પર્વતમાંથી જ

નીકળેલી છે એટલે તેની સાથે એનો ગાઢ સબંધ છે. તેથી પહેલાં ત્રણ યોગોને લેવામાં આવ્યા હતા.

**મિત્રા, તારા બલા દીપ્રા સ્થિરા કાંતા પ્રભા પરા;**
**નામાનિ યોગ દૃષ્ટિનાં, લક્ષણં ચ નિબોધત ૧૩**

મિત્રા, તારા બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા એમ આ યોગદૃષ્ટિના નામ છે. એના લક્ષણો કહેવામાં આવે છે.

**સમેધામેધરાત્રયાદૌ સંગ્રહાદ્યર્ભક્ષદિવત્;**
**ઓઘદૃષ્ટિરિહ જ્ઞેયા, મિથ્યાદૃષ્ટીતરાશ્રયા ૧૪**

મેઘવાળા કે મેઘવિનાના રાત કે દિવસમાં ગ્રહસહિત કે ગ્રહરહિત એવા બાળક કે અબાળકના જેવી અહીં ઓઘદૃષ્ટિ જાણવી અને તે મિથ્યાદૃષ્ટિ આશ્રયી કે અમિથ્યાદૃષ્ટિ આશ્રયી પણ હોય.

**સઘન અઘન દિન રયણીમાં, બાલ વિકલ ને અનેરા રે;**
**અરથ જુએ જુજુઆ, તિમ ઓઘ નજરના ફેરા રે- વીર. (૧.૨)**

**ઓઘદૃષ્ટિ :** એટલે ગતાનુગતિક, પ્રવાહ પતિત દૃષ્ટિ એટલે કે અનાદિ સંસાર પ્રવાહમાં તણાઈ રહેલા અને તેમાં જ રાચનારા એવા ભવાભિનંદી સામાન્ય કોટિના જીવોની દૃષ્ટિ તે ઓઘ દૃષ્ટિ છે. લોકપ્રવાહને અનુસરતા પ્રાકૃત જનોનું જે લૌકિક પદાર્થ સંબંધી સામાન્ય દર્શન, તે ઓઘદૃષ્ટિ છે અને આ ઓઘદૃષ્ટિ પણ કર્મના ભિન્ન ભિન્ન ક્ષયોપક્ષમને લીધે જુદા જુદા પ્રકારની વિચિત્ર પ્રકારની હોય છે. એક જ દૃશ્યમાં - જોવાની વસ્તુમાં પણ વિચિત્ર ઉપાધિ ભેદ (જોવાની શક્તિ)ને કારણે જુદા જુદા દૃષ્ટિભેદ થાય છે. લૌકિક પદાર્થને લૌકિક દૃષ્ટિએ દેખવાના જે જે ભેદ છે, તે ઓઘદૃષ્ટિના પ્રકાર છે.

**યોગદૃષ્ટિ :** એક જ લૌકિક દૃશ્ય દેખવામાં પણ જુદી જુદી

જાતની બાહ્ય ઉપાધિને લીધે, જેમ ઓઘદૃષ્ટિના ભેદ પડે છે, તેમ પરલોક સબંધી જ્ઞેયમાં - આત્મતત્વ આદિના જ્ઞાનવિષયોમાં પણ ક્ષયોપક્ષમની ક્ષમતાને કારણે જુદા જુદા પ્રકારના દૃષ્ટિભેદ - માન્યતા ભેદ હોય છે. જેવી ક્ષયોપક્ષમની વધઘટ -તરતમતા હોય તેટલા પ્રમાણમાં દર્શન યોગદૃષ્ટિવાળાને થાય છે. યોગદૃષ્ટિ એટલે યોગમાર્ગને અનુસરતા એવા દૃષ્ટિ-યોગી - સમ્યગ્દૃષ્ટિ પુરુષની દૃષ્ટિ.

**દર્શન થયા તે જુ જુ આ, તે ઓઘ નજરને ફેરે રે,**
**ભેદ થિરાદિક ચારમાં, સમકિત દૃષ્ટિને હેરે રે - વીર. (૧-૩)**

આમ ક્ષયોપક્ષમની વિચિત્ર તરતમતાને લીધે દર્શન ભેદ થાય છે. તેથી જ જુદા જુદા દર્શનો જોવામાં આવે છે.

સ્થિરા આદિ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ યોગીઓને તો આવો ભેદ મનમાં આવતો જ નથી. તેઓ મત-દર્શનના ભેદને લક્ષમાં લેતા નથી તેઓ તો ષડદર્શનને જિનદર્શનના અથવા શુદ્ધ આત્મદર્શનના અંગરૂપ જાણે છે. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**'ષડ દરિશન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ દરિશન આરાધે રે -**

પ. કૃ. દેવ કહે છે કે –

**છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;**
**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. (આ. સિ. શાસ્ત્ર)**

એક જ વસ્તુને ઓળખવા માટે જેટલા વચનોની સંખ્યા થઈ શકે તેટલા નય કહેવાય માટે સાધકે નયના પક્ષપાતને તજી દઈ, રાગદ્વેષ રહિતપણે એક શુદ્ધ આત્મતત્વના સંશોધનમાં લાગી જવું તે યોગ્ય છે. આ પ્રમાણે કરીશું તો રસ્તો ચોખ્ખો થતો જશે (એક

નયને ગ્રહણ કરીને ચાલવું તે મિથ્યાત્વ છે) શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**વળતું જગગુરુ ઈણી પેરે બોલે, પક્ષપાત સબ છંડી;**

**રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી - મુનિસુવ્રત.**

**આતમધ્યાન ધરે જો કોઉ, સો ફિર ઈણમે નાવે,**

**વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્વ ચિત્ત લાવે - મુનિસુવ્રત**

આમ જેની તત્વ વિચાર ધારા અખંડપણે ચાલ્યા કરે છે એવા સાધકને, સમ્યગ્દષ્ટિ યોગીઓને જુદા જુદા મત-દર્શનનો આગ્રહ કેમ હોઈ શકે ? ન જ હોઈ શકે. યોગ માર્ગે ચાલનારા કેવા હોય તે કહે છે.

**દર્શન સકનના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;**

**હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે - વીર. (૧.૪)**

હવે આઠ પ્રકારની દષ્ટિમાં કેવો બોધ હોય છે તે જણાવતા કહે છે કે,

તૃણ ગોમય કાષ્ટાગ્નિકણ દીપપ્રભોયમા,

રત્નતારાકચન્દ્રા ભા : સદ્દષ્ટ દષ્ટિરષ્ટધા ૧૫

**તૃણની અગ્નિ, છાણાની અગ્નિ કાષ્ટની અગ્નિ, દીપકની પ્રભા, રત્નની પ્રભા, તારાની પ્રભા, સૂર્યની પ્રભા અને ચંદ્રની પ્રભાની ઉપમા અનુક્રમે આપવામાં આવી છે એવી સદ્દષ્ટિવંતની દષ્ટિ આઠ પ્રકારની છે.**

**પ્રથમ મિત્રાથી માંડી આઠમી પરાદષ્ટિ તરફ જેમ જેમ સાધક આગળ વધતો જાય છે તેમ તેમ તેના બોધની માત્રા કેવા પ્રકારે વધે છે, તે જુદા જુદા પ્રકારના પ્રકાશ સાથે આ કડીમાં દર્શાવવામાં આવ્યું છે. આ કડીનો ભાવાર્થ સમજવા પ્રયત્ન કરીએ.**

**૧. મિત્રાદૃષ્ટિ :**

**જિહાં મિત્રા તિહાં બોધ જે, તૃણ અગનિસો લહીયેરે –(યો. દ.સ.)**

મિત્રા દૃષ્ટિમાં બોધ તૃણના અગ્નિ સમાન હોય છે. જેમ તૃણ અગ્નિ પ્રકાશ ઈષ્ટ પદાર્થનું દર્શન કરાવવા સમર્થ નથી, તેમ આ દૃષ્ટિનો બોધ પરમાર્થદૃષ્ટિએ ઈષ્ટ પદાર્થનું દર્શન કરાવી શકતો નથી કારણ કે,

(૧) આ દૃષ્ટિમાં પ્રાપ્ત થયેલ બોધ સમ્યક્‌પણે તેનો ઉપયોગ કરી શકાય તેટલો ટકી શકતો નથી. (૨) અહીં હજી વીર્ય સામર્થ્ય ઓછું હોય છે. (૩) જેમ તૃણનો અગ્નિ જલ્દી બુઝાઈ જાય છે, તેમ બોધપણ અલ્પજીવી, ક્ષણમાત્ર ટકવાવાળો હોય છે. (૪) વીર્યની મંદતાને કારણે બોધનું વિકાસપણું અપૂર્ણપણું, પાંગળાપણું હોય છે.

**૨. તારાદૃષ્ટિ :**

**દર્શન તારા દૃષ્ટિમાં ગોમય અગ્નિ સમાન-મન મોહન મેરે**

**– (યો.દ.સ.)**

આ તારા નામની દૃષ્ટિમાં જે બોધ હોય છે તેને છાણાના અગ્નિ કણ સાથે સરખાવી શકાય છે, કારણ અહીંયા બોધ કંઈક વધારે સમય ટકે છે. જેમ મિત્રા દૃષ્ટિમાં તેમ જ આ દૃષ્ટિમાં પણ બોધની સ્થિતિ છે. પહેલા કરતાં વધારે સમય ટકે છે પણ હજી યથાર્થ દર્શન કરાવી શકે તેટલી શક્તિવાળો હોતો નથી. એટલે કે હજી વીર્ય-પુરુષાર્થ મંદ હોય છે.

**૩. બલાદૃષ્ટિ :**

**ત્રીજી બલાદૃષ્ટિ કહીજી, કાષ્ટ અગ્નિ સમ બોધ**

**– (યો.દ.સ.)**

આ દૃષ્ટિમાં બોધની ઉપમા- કાષ્ટના અગ્નિ સાથે આપવામાં આવી છે. પ્રથમની બે દૃષ્ટિ કરતાં અત્રે બોધ વિશિષ્ટ તેમજ વધારે બળવાળો હોય છે. તેથી (૧) બોધ વધારે વાર ટકે છે. (૨) નિપૂણ સ્મુતિવાળો હોય છે, દૃઢ હોય છે. (૩) પ્રયોજનભૂત સત્‌ક્રિયાનો પ્રયત્ન વિશેષ આ દૃષ્ટિમાં હોય છે.

૪. દીપ્રાદૃષ્ટિ :

**યોગદૃષ્ટિ ચોથી કહીજી, દીપ પ્રભા સમ જ્ઞાન**

– (યો.દ.સ.)

આ દૃષ્ટિમાં બોધને દીપકની પ્રભા સાથે સરખાવેલ છે જેમ દીપકનો પ્રકાશ પ્રથમની ત્રણ દૃષ્ટિના પ્રકાશ કરતાં વધારે હોય છે. તેમ ત્રણ પ્રથમની દૃષ્ટિ કરતાં બોધ પણ વધારે સ્થિરતા વાળો અને વિશેષતાવાળો બહુલતાવાળો હોય છે. એટલે કે (૧) બોધ વધારે લાંબો સમય રહે છે, ટકે છે. (૨) તથા પ્રકારના આચરણરૂપ પ્રયોગ બરાબર થઈ શકે છે. (૩) હજી પણ સ્થિર બોધથી સ્થિતિ અહીં પણ નથી.

જેમ દીવાનો પ્રકાશ બાહ્ય કારણ (તેલ) પર અવલંબે છે, તેમ આ દૃષ્ટિનો બોધપણ બાહ્ય પ્રેરક કારણોને અવલંબે છે, તે દૂર થતાં તેનો નાશ થવાનો સંભવ રહે છે. જેમ દીપકના પ્રકાશમાં વધઘટ થયા કરે છે તેમ સાધકના ક્ષયોપક્ષમ પ્રમાણે બોધ પણ ન્યૂનાધિક થયા કરે છે. પવનનો સપાટો આવે તો દીવાનો પ્રકાશ નાશ પામવાની શકયતા છે. તો અહી પણ બાહ્ય વિષય કારણોના યોગ વડે બોધ ચાલ્યો જવાનો સંભવ રહ્યો છે.

આ ચાર દૃષ્ટિમાં પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે. અને પ્રથમ ગુણસ્થાનકની પરાકાષ્ઠા આ ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. એટલે કે મિત્રાથી માંડી ઉત્તરોત્તર મિથ્યાત્વનું પ્રમાણ ઘટતું જાય છે

ને તેથી ઉપજતા ગુણનું પ્રમાણ વધતું જાય છે. સાધક જ્યારે ચોથી દૃષ્ટિમાં આવી પોતાના પુરુષાર્થ દ્વારા પાંચમી દૃષ્ટિમાં પ્રવેશ છે ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકનો અભાવ કરી નાખે છે.

**૫. સ્થિરાદૃષ્ટિ :**

**"દૃષ્ટિ સ્થિરામાંહિ દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે."**
– (યો.દ.સ.)

- પાંચમી સ્થિરાદૃષ્ટિ તો જેણે ગ્રંથિભેદ કર્યો છે એવા સમ્યગ્દૃષ્ટિવંત સાધકને હોય છે. દેહાદિ સર્વ પરવસ્તુથી સર્વથા ભિન્ન એવા શુદ્ધ આત્માના અનુભવરૂપ આત્મજ્ઞાન હોય છે.

**"અહમિક્કો ખલુશુદ્ધો દંસણનાણમઈઓ સદારુવી,**
**નવિ અત્થિ મજઝ કિંચિવિ અણ્ણં પરમાણુમિતંપિ**

- હું એક શુદ્ધ દર્શન, જ્ઞાનમય અને સદા અરુપી એવો આત્મા છું. અન્ય કંઈ પણ, પરમાણું માત્ર પણ મારું નથી એવો અખંડ નિશ્ચય આ આત્મદૃષ્ટા સાધકને હોય છે. તેમાં ઉત્પન્ન થતા બોધને રત્ની પ્રભા-ક્રાંતિ સમાન કહ્યો છે. જેમ રત્નનો પ્રકાશ સ્થિર હોય છે તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માનો બોધ પણ સ્થિર રહે છે. રત્નના પ્રકાશને વાયુ અસર કરતો નથી તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનીના સ્થિર બોધને ઉપસર્ગરૂપ વાયુ અસર કરી શકતો નથી. માટે જ આ દૃષ્ટિવાળાનો બોધ અપ્રતિપાતી, પ્રવર્ધમાન, નિરપાય, બીજાને પરિતાપ ન પમાડનાર પરિતોષ હેતુ, પરિજ્ઞાનાદિનું જન્મ સ્થાન જેવો હોય છે.

**૬. કાંતાદૃષ્ટિ :**

**"છટ્ઠી દીટ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ પ્રકાશ"**
(યો.દ.સ.)

- આ કાંતા દૃષ્ટિમાં બોધ. તારાની પ્રભા-તારાના પ્રકાશ

જેવો હોય છે. આ ''કાંતા'' દૃષ્ટિમાં કાંતા એટલે પ્રતિવ્રતા સ્ત્રી જેવો પરમાર્થ ભાવ હોય છે. આ દૃષ્ટિવાળો આત્મા ભલે બીજા કામ કરતો હોય તો પણ તેનું ચિત્ત સદા શ્રુતધર્મમાં જ લીન રહે છે. જ્ઞાની સંબંધી શ્રવણરૂપ જે ઉપદેશાદિ ધર્મ તેની પ્રત્યે જ હોય છે. જેમ કહેવામાં આવ્યું છે કે,

**"મન મહિલાનું વહાલા ઉપરે, બીજા કામ કરંત રે;**

**તેમ શ્રુતધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે.**

**ધન ધન શાસન શ્રી જિનવરતણું. –(યો.દ.સ.)**

રત્નની પ્રભા કરતાં તારાનો પ્રકાશ અધિક હોય છે તેમ સ્થિરા દૃષ્ટિ કરતાં આ દૃષ્ટિનો બોધ વધારે પ્રકાશમાન- વધારે ગાઢ હોય છે. આ દૃષ્ટિનો બોધ સદા ચિદાકાશમાં ચમકતો રહે છે અને સ્વભાવથી સ્થિર જ હોય છે, ધ્રુવ જ હોય છે, સદાય અખંડપણે હાજરાહજૂર હોય છે. તેથી જ આ દૃષ્ટિવાળાનું ભાવ-અનુષ્ઠાન-સત્- આચરણરૂપ હોય છે. આવા સાધકની દરેક ક્રિયા ભાવ સાથે હોય છે, આત્માનુલક્ષી હોય છે, પરભાવ પ્રત્યે નિષ્કામ હોય છે. આવા સાધકનું અનુષ્ઠાન નિરતિચાર, શુદ્ધોપયોગ અનુસારી, અપ્રમાદયુક્ત, વિનિયોગ પ્રધાન અને ઉદાર આશયવાળું હોય છે. આ દૃષ્ટિવાળા યોગી ''સાગર વર ગંભીરા'' હોય છે.

**૭. પ્રભાદૃષ્ટિ :**

''અર્કપ્રભા સમ બોધ પ્રભામાં, ધ્યાન પ્રિયા એ દીઠી''
(યો.દ.સ.)

- આ દૃષ્ટિમાં બોધ સૂર્યના પ્રકાશ જેવો હોય છે. જેમ તારા કરતાં અનેકગણો પ્રકાશ સૂર્યમાં છે તેમ કાંતા દૃષ્ટિ કરતાં આ ''પ્રભા''માં બોધ અનેક ગણો બળવાન અને અવગાઢ હોય છે.

ઉત્કૃષ્ટ પ્રકાશ છે જેનો તે પ્રભા. જેમ સૂર્ય પ્રકાશથી સર્વ પદાર્થનું દર્શન બરાબર થાય છે, તેમ આ દૃષ્ટિના બોધ-પ્રકાશથી સર્વ પદાર્થનું દર્શન-યથાર્થ હોય છે. આ દૃષ્ટિવાળામાં હંમેશા ધ્યાનમાં રહેવાની વૃત્તિ હોય છે. પ્રાયે નિર્વિકલ્પદશામાં હોય છે. પ્રશમ સુખ અનુભવતો હોય છે. સમાધિમય અનુષ્ઠાન હોય છે, તેની હાજરીમાં હિંસક ભાવો સમાઈ જાય છે, તેનામાં પરાનુગ્રહપણું હોય છે. તેની ક્રિયા અવંચક હોય છે.

**૮. પરાદૃષ્ટિ :**

**દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી;**
**આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી**

**(યો.દ.સ.)**

- પરાદૃષ્ટિમાં બોધ-ચંદ્રની પ્રભા-ચંદ્રના પ્રકાશ જેવો હોય છે. ચંદ્ર પ્રકાશ સૌમ્ય અને શીતલતા ઉપજાવતો હોવાથી પરમ આહ્લાદકતા ઉપજાવે છે. તેથી સૂર્ય કરતાં ચંદ્રના પ્રકાશને સર્વોત્કૃષ્ટ માનવામાં આવ્યો છે. તેથી સાતમી પ્રભાથી પરાદૃષ્ટિ પરમ છે. ઉત્કૃષ્ટ છે. જેમ ચંદ્રનો પ્રકાશ પૃથ્વી પર ફેલાવાથી પૃથ્વીને પ્રકાશમય બનાવી દે છે તેમ બોધરૂપી ચંદ્રની સોળેકળા ખીલી ઉઠતાં જ્ઞાનરૂપી ચંદ્ર સંપૂર્ણ પ્રકાશમય થઈ જાય છે. પ.કૃ. દેવ કહે છે કે

‘‘ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારેય પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્ય સ્વરૂપ જ રહે છે. જીવ વિશ્વમાં અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે. (પત્રાંક ૮૩૩)

આ દષ્ટિમાં આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત રહી વિશ્વ પ્રકાશક બને છે. વિશ્વ વ્યાપકતા હોતી નથી. પોતાના સ્વભાવમાં જ પરિપૂર્ણ પ્રવૃત્તિ હોય છે, પરભાવનો પ્રવેશ પણ હોતો નથી. આ દષ્ટિમાં વર્તતો આત્મા નિર્વિકલ્પ ધ્યાન સુખમાં મગ્ન, પરમ સુખનો ભોકતા, અનુષ્ઠાન રહિત હોય છે. જેમ આનંદઘનજી મહાવીર જિન સ્તવનમાં કહે છે તેમ,

**આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;**
**અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે આનંદઘન પ્રભુ જાગે રે,**
**વીરજીને...**

આમ આ આઠ દષ્ટિ સદ્ દષ્ટિવાળા યોગીને હોય છે. સદ્ દષ્ટિપણું-સમ્યગ્દષ્ટિપણું- સમ્યગ્દર્શન થયા પછી હોય છે. છતાં પ્રથમની મિત્રાદિ ચાર દષ્ટિમાં કારણમાં કાર્યના ઉપચારથી મિત્રાદિ દષ્ટિને સદ્ દષ્ટિ કહી છે. કારણ કે તેના દ્વારા જીવ યોગ્યતા પાત્રતા કેળવતો કેળવતો આગળ વધે છે. મિથ્યાત્વના અંશો ઘટાડતો જાય છે, મોહનીયને મોળું પાડતો જાય છે અને તેમ કરીને પાંચમી સ્થિરામાં સમ્યગ્દર્શનને પામે છે. તેથી તે પણ સદ્ દષ્ટિમાં ગણવામાં આવી છે.

**યમાદિયોગયુકતાનાં ખેદાદિપરિહારતઃ**
**અદ્વેષાદિગુણસ્થાનં, ક્રમેર્ણેષા સતાં મતા- ૧૬**

- ખેદ આદિના પરિહારથી, યમ આદિ યોગથી યુકત એવા જનોને સાધકોને અનુક્રમે અદ્વેષાદિ ગુણનું સ્થાન, એવી દષ્ટિ સંતોને, સંમત છે, માન્ય છે.

## ટેબલ- ૧

| યોગદૃષ્ટિ | યોગ અંગ | દોષ ત્યાગ | ગુણ | બોધ | વિશેષતા |
|---|---|---|---|---|---|
| મિત્રા | યમ | ખેદ | અદ્વેષ | તૃણ અગ્નિ સમાન | મિથ્યાત્ત્વ |
| તારા | નિયમ | ઉદ્વેગ | જિજ્ઞાસા | ગોમય અગ્નિ સમાન | મિથ્યાત્ત્વ |
| બલા | આસન | ક્ષેપ | શુશ્રૂષા | કાષ્ટ અગ્નિ સમાન | મિથ્યાત્ત્વ |
| દીપ્રા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ | દીપ પ્રભા સમાન | મિથ્યાત્ત્વ |
| સ્થિરા | પ્રત્યાહાર | ભ્રાંતિ | બોધ | રત્નપ્રભા સમાન | સમ્યક્ત્વ |
| કાંતા | ધારણા | અન્યમુદ્ | મીમાંસા | તારા પ્રભા સમાન | સમ્યક્ત્વ |
| પ્રભા | ધ્યાન | રોગ | પ્રતિપતિ | સૂર્ય પ્રભા સમાન | સમ્યક્ત્વ |
| પરા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ | ચંદ્રપ્રભા સમાન | સમ્યક્ત્વ |

**ખેદોદ્વેગક્ષેપોત્થાન ભ્રાન્ત્યન્યમુદ્રુ ગાસઙ્ગૈઃ;**
**યુત્કાનિ હિ ચિત્તાનિ પ્રપંચતો વર્જયેન્મતિમાન.**

- ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાંતિ, અન્યમુદ્, રુગ્ (રોગ), આસંગ (આસક્તિ) યુક્ત ચિત્તને મતિમાન નિશ્ચયથી છોડે છે.

**અદ્વેષો, જિજ્ઞાસા, શુશ્રુષા, શ્રવણ બોધમીમાંસાઃ;**
**પરિશુદ્ધા, પ્રતિપત્તિઃ પ્રવૃત્તિરષ્ટાત્મિકા તત્ત્વે.**

- અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રુષા, શ્રવણ, બોધ, મીમાંસા પરિશુદ્ધ પ્રતિપતિ અને તત્ત્વરૂપ પ્રવૃત્તિ આત્મા કરે છે.

**સતુશ્રદ્ધા સંગતો બોધો દષ્ટિરિત્યભિધીયતે;**

**અસત્પ્રવૃતિ વ્યાધાતાત્સત્પ્રવૃત્તિ પદાવહઃ ૧૭**

- સત શ્રદ્ધાથી સંગત એવો બોધ તે દષ્ટિ કહેવાય છે અને તે અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી- અટકવાથી સતપ્રવૃત્તિ પ્રવાહ પમાડનાર હોય છે.

સદ્ગુરુને શોધી કાઢી તેની આજ્ઞાપ્રમાણે- શ્રુત વચન પ્રમાણે યથાવિધિ સાધના કરવામાં આવે તો અસત્ પ્રવૃત્તિ અટકી જાય અને સત્ પ્રવૃત્તિનો પ્રવાહ વહેવાનું ચાલુ થાય છે. પ.કૃ. દેવ કહે છે કે,

**આત્મભ્રાંતિ સમ રોગ નહિં, સદ્ગુરુ વૈધ સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિં, ઔષધ વિચાર ધ્યાન.**
**(આ.સિ. શાસ્ત્ર)**

શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે :-

પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન -
ધર્મ જિનેસર

આમ સત્ શ્રદ્ધા ગુરુ પ્રત્યે થાય તો, તેમાં આપ્તપુરુષ-વીતરાગ દેવ તથા સત્ શાસ્ત્ર- સત્ શ્રુતની શ્રદ્ધા આવી જાય છે. માટે પ.કૃ. દેવ કહે છે કે,

**બિના નયન પાવે નહિં, બિના નયન કી બાત;**
**સેવે સદ્ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્**
**બૂઝી ચહત જો વ્યાસ કો, હૈ બુઝનકી રીત;**
**પાવે નહિં ગુરુ ગમ બિના, યેહિ અનાદિ સ્થિત**

શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે,

**"ચરમ નયન કરી મારગ જોવતા રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર."**

માટે જીવ સ્વચ્છંદરૂપ અસત્ શ્રદ્ધાનો ત્યાગ કરી સત્ શાસ્ત્ર સત્ પુરુષ અને સદ્‌ગુરુની આજ્ઞાને પ્રધાનપણે અનુસરતો, યોગ માર્ગની આરાધના કરી શકે. પ.કૃ. દેવ કહે છે કે,

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.**
**(આ.સિ. શાસ્ત્ર)**

**"ઈયં ચાવરણાપાય ભેદાદષ્ટિ વિઘા સ્મૃતા;**
**સામાન્યે ન વિશેષાસ્તુ ભૂયાંસઃ સૂક્ષ્મભેદતઃ ૧૮**

અને આ દષ્ટિ આવરણ અપાયના એટલે કે આવરણ ટળવાના ભેદને લીધે સામાન્યથી (આઠ પ્રકારની) કહી છે અને સૂક્ષ્મ ભેદથી ઘણા પ્રકારની છે.

**પ્રતિપાત યુતાશ્ચાદ્યા શ્ચતસ્ત્રો નોતરાસ્તથા;**
**આપાયા અપિ ચૈતાસ્તત્પ્રતિ પાતેન નેતરાઃ ૧૯**

પહેલી ચાર દૃષ્ટિઓ પ્રતિપાતયુક્ત-પડી જાય એવી છે, પાછળની ચાર દૃષ્ટિઓ તેમ નથી. અને તેના પ્રતિપાતે કરીને આ પહેલી ચાર દૃષ્ટિ અપાયવાળી પણ હોય છે, બીજી તેમ નથી આ આઠ દૃષ્ટિ કહેવામાં આવી છે તેમાંની પ્રથમની ચાર મિત્રાદિ ચાર પ્રતિપાતી એટલે આવીને પાછી ચાલી જાય એવી પણ હોય. જ્યારે સ્થિરાં વિગેરે પાછળની ચાર દૃષ્ટિ છે તે અપ્રતિપાતિ છે એટલે કે આવીને જાય નહીં તેવી હોય છે. તે સ્થિર જ રહે છે. તેમાંથી પડવાપણું રહેતું નથી. સ-અપાય એટલે નરકાદિ દુઃખ રૂપ બાધા પણ ઉપજે.

**પ્રયાણે ભંગભાવેન નિશિ, સ્વાપસમઃ પુનઃ;**
**વિઘાતો દિવ્યભાવત શ્ચરણસ્યોપ જાયતે ૨૦**

પ્રયાણભંગના અભાવને લીધે રાત્રે નિદ્રા જેવો ચરણનો વિઘાત, દિવ્ય ભાવથી - દેવ જન્મના કારણે ઉપજે છે.

અપ્રતિપાતી દૃષ્ટિ પ્રાપ્ત થવાથી મુક્તિ પ્રત્યેનું પ્રયાણ અખંડપણે, અભંગપણે ચાલ્યા કરે છે એટલે કે મુક્તિની પ્રાપ્તિ થાય છે. પણ જો કર્મનો ભોગવટો કંઈ બાકી રહ્યો હોય તો તે ભોગવી લેવા માટે વચમાં વિસામારૂપ દેવ-મનુષ્યના ભવ કદાચ ધારણ કરવા પડે. આમ ચારિત્રમાં વિઘ્નરૂપ પ્રતિબંધ આવી પડે, પરંતુ તે તે ભવનો, તેને કર્મનો ઉદય વ્યતીત થતાં પુનઃ મુક્તિમાર્ગે પ્રયાણ આગળ વધે છે.

સ્થિરાદિ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી જીવ ભવ કરે તો પણ તે ભવ તેને મુક્તિ પ્રતિ જતાં રોકતો નથી કારણ સાચી સમજણ પ્રાપ્ત થઈ છે. તેથી પૂર્વકર્મ ભોગવવા રૂપ ભવ કરે તો પણ તેનું પ્રયાણ મોક્ષ તરફનું અટકતું નથી.

ઉપા. યશોવિજયજી કહે છે કે,

**દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાંજે રે;**
**રયણી શયન જિમ શ્રમ હરે, સુરનર સુખ તિમ છાજે રે.**

**- વીર જિનેસર (યો.દ.સ. ૧-૫)**

હવે મિત્રાદિ દૃષ્ટિનો સામાન્યપણે વિચાર કરીએ.

# ૧. મિત્રાદૃષ્ટિ

૧. સમસ્ત જગત પ્રત્યે મિત્ર ભાવ, અદ્વેષભાવ, નિર્વૈર બુદ્ધિ મિત્રાદૃષ્ટિમાં પ્રગટે છે. તેમાં દર્શનબોધ તૃણ અગ્નિ સમાન હોય છે એટલે મંદ હોય છે. યોગનું પ્રથમ અંગ યમ- (અહિંસા, સત્વ, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) પ્રાપ્ત થાય છે. ખેદ નામના પ્રથમ આશય દોષનો ત્યાગ હોય છે. અદ્વેષ નામનો પ્રથમ ગુણ પ્રગટે છે.

આ દૃષ્ટિમાં સ્થિતિ કરતો સાધક ઉત્તમ યોગબીજોનું ગ્રહણ કરે છે જેમ કે- (૧) વીતરાગ દેવની મન-વચન-કાયાથી શુદ્ધ ભક્તિ (૨) ભાવાચાર્ય એવા સદ્ગુરુની ઉપાસના (૩) સંસાર પ્રત્યે સહજ એવો અંતરંગ વૈરાગ્ય (૪) દ્રવ્ય અભિગ્રહનું પાલન (૫) લેખનાદિવડે સત્ શાસ્ત્રની આરાધના (૬) યોગબીજ કથાના શ્રવણ પ્રત્યે સ્થિર આશયવાળી માન્યતા અને શુદ્ધ ઉપાદેયભાવ.

આ ઉત્તમ યોગબીજોનું ગ્રહણ, આત્માનો ઘણા પ્રકારનો ભાવમળ દૂર થવાથી થાય છે. છેલ્લા પુદ્ગલ પરાવર્ત્તમાં વર્તતા જીવના મુખ્ય લક્ષણ છે. ૧. દુઃખીયા પ્રત્યે અત્યંત દયા ૨. ગુણવાન પ્રત્યે અદ્વેષ ૩. સર્વ કોઈની અભેદભાવે યથોચિત્ત સેવા.

આવા લક્ષણવાળા ભદ્રમૂર્તિ જીવને અવંચકત્રયના ઉદયરૂપ શુભ નિમિત્ત મળે છે. સદ્ગુરુ-સત્પુરુષના યોગથી યોગાવંચક ક્રિયા અવંચક ને ફલાવંચક પ્રાપ્ત થાય છે.

આ બધું છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં અપૂર્વ એવા છેલ્લા યથાપ્રવૃતિકરણમાં ઉપજે છે કે જ્યારે ભાવમળની અલ્પતા હોય છે અને જીવ ગ્રંથિભેદની તરફ આગળ વધતો હોય છે છેલ્લું યથાપ્રવૃતિકરણ કરીને પ્રથમ અપૂર્વકરણ તરફ સાધક આગળ

વધતો હોય છે તેથી તેને મુખ્યપણે પ્રથમ ગુણસ્થાનક ગણવામાં આવ્યું છે.

**મિત્રાયાં દર્શનં મન્દં યમ ઈચ્છાદિસ્તથા;**
**અખેદો દેવકાર્યાદાવદ્વેષ શ્ચાપરત્ર તુ ૨૧**

- મિત્રા દષ્ટિમાં (૧) મંદ દર્શન (૨) ઈચ્છાઆદિક યમ (૩) દેવકાર્ય વગેરેમાં અખેદ અને (૪) અન્ય સ્થળે અદ્વેષ હોય છે.

**કરોતિ યોગ બીજાના મુપાદાનમિહ સ્થિતઃ;**
**અવંધ્ય મોક્ષ હેતૂનામિતિ યોગ વિદો વિધુઃ ૨૨**

- અહીં સ્થિતિ કરનારો સાધક યોગના બીજોનું ગ્રહણ કરે છે, કે જે મોક્ષના અવંધ્ય-અચૂક હેતુ છે એમ યોગવેત્તાઓ-જાણકાર જાણે છે.

**જિનેષુ કુશાલં ચિતં તન્નમસ્કાર એવ ચ;**
**પ્રણામાદિ ચ સંશુદ્ધં યોગબીજમનુત્તમમ્ ૨૩**

- જિનો પ્રત્યે કુશળ-શુભભાવવાળુ ચિત્ત, તેમના પ્રત્યે નમસ્કાર અને સંશુદ્ધ એવા પ્રણામઆદિ એ અનુત્તમ-પરમ યોગબીજ છે.

**ચરમે પુદ્ગલાવર્તે તથા ભવ્યત્વપાકતઃ;**
**સંશુદ્ધ મેતન્નિયમ માન્નાન્યયાપીતિ તદ્વિદઃ ૨૪**

- છેલ્લા પુદ્ગલાવર્તમાં તથા ભવ્યત્વના પાક થકી આ (કુશલ ચિત્તાદિ) નિયમથી સંશુદ્ધ હોય છે, નહિ કે અન્ય વખતે એમ તેના જાણકારો કહે છે.

**ઉપાદેયધિયાત્યન્તં સંજ્ઞાવિષ્કમ્ભણાન્વિતમ્;**
**ફલાભિસન્ધિ રહિતં સંશુદ્ધં હયેતદીદશમ્ ૨૫**

- અત્યંત ઉપાદેય બુદ્ધિવડે કરીને, સંજ્ઞાના (આહાર, ભય,

મૈથુન, પરિગ્રહ) નિરોધસહિત અને ફલની અભિસંધિથી- કામનાથી રહિત એવી આ સંશુદ્ધિ હોય છે.

**આચાર્યાદિષ્વપિ હ્ય તદ્વિશુદ્ધં ભાવયોગિષુ;**

**વૈયાવૃત્યં ચ વિધિવરછુદ્ધાશય વિશેષતઃ ૨૬**

- ભાવયોગી એવા આચાર્ય પ્રત્યે વિશુદ્ધ એવું આ કુશલ ચિત્ત આદિ તે યોગબીજ છે. તેમજ શુદ્ધ આશય વિશેષથી તેમના પ્રત્યે વિધિયુક્ત વૈયાવૃત્ય-વૈયાવચ્ચ- એવા તે પણ યોગબીજ છે.

**ભવોદ્વેગશ્ચ સહજો દ્રવ્યાભિગ્રહપાલનમ્**

**તથા સિદ્ધાંતમાશ્રિત્ય વિધિના લેખનાદિ ચ. ૨૭**

- અને સહજ એવો ભવઉદ્વેગ-સંસાર પ્રત્યે વૈરાગ્ય, દ્રવ્ય અભિગ્રહનું પાલન તથા સિદ્ધાંતને આશ્રીને વિધિથી લેખન આદિ પણ યોગબીજ છે.

**લેખના, પૂજના, દાનં, શ્રવણં, વાચનોદ્ગ્રહઃ,**

**પ્રકાશનાથ સ્વાધ્યાયશ્ચિંતના ભાવનેતિ ચ ૨૮**

- લેખના, પૂજના, દાન, શ્રવણ, વાંચન, ઉદ્ગ્રહણ બોધનું પ્રકાશવું, સ્વાધ્યાય ચિંતન અને ભાવના એમ લેખનાદિથી સમજવું.

**બીજશ્રુતૌ ચ સંવેગાત્પ્રતિપત્તિઃ સ્થિરાશયા;**

**તદુપાદેય ભાવશ્ચ પરિશુદ્ધો મહોદયઃ ૨૯**

- અને યોગબીજનું શ્રવણ થતાં સંવેગથકી સ્થિર આશયવાળી પ્રતિપતિ- માન્યતા, અને તેનો પરિશુદ્ધ એવો મહોદયવાળો ઉપાદેય ભાવ થાય છે.

**એતદ્ભાવમલે ક્ષીણે પ્રભુતે જાયતે નૃણામ્;**

**કરોત્યવ્યકત ચૈતન્યો મહત્કાર્યં ન યત્કવચિત્ત ૩૦**

- આ યોગબીજ ગ્રહણ ઘણા પ્રકારે ભાવમળ ક્ષીણ થઈ ગયે, સાધકને ઉપજે છે, કારણ કે અવ્યક્ત ચેતનવાળો હોય તે કદી પણ મહત્ કાર્ય કરે નહિં.

**ચરમે પુદ્ગલાવર્તે ક્ષયશ્ચાસ્યોપપદ્યતે;**
**જીવાનાં લક્ષણં તત્ર યત એતદુદાવૃતમ્ ૩૧**

- અને છેલ્લા પુદ્ગલાવર્તમાં આ ભાવ મળનો ક્ષય ઉપજે છે, કારણ કે તેમાં વર્ત્તતા જીવોનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે.

**દુઃખિતોષુ દયાત્યન્તમદ્વેષો ગુણવત્સુ ચ;**
**ઔચિત્યાત્સવેનં ચૈવ સર્વત્રૈવાવિશેષતઃ ૩૨**

- દુઃખી પ્રત્યે અત્યંત દયા, અને ગુણવંત પ્રત્યે અદ્વેષ અને સર્વત્ર જ અવિશેષથી ઔચિત્ય પ્રમાણે સેવન- આ છેલ્લા પુદ્ગલાવર્તનું લક્ષણ છે.

**એવંવિધસ્ય જીવસ્ય ભદ્રમૂર્તેર્મહાત્મનઃ;**
**શુભો નિમિત્ત સંયોગો જાયતેડવંચકોદયાત્ ૩૩**

- એવા પ્રકારના ભદ્રમૂર્તિ મહાત્મા જીવને અવંચકના ઉદય થકી શુભ નિમિત્ત સંયોગ ઉપજે છે - મળે છે.

**યોગક્રિયાફલાખ્યં યત્ શ્રુયતેડવંચકત્રયમ્;**
**સાધૂનાશ્રિત્ય પરમમિષુલક્ષ્ય ક્રિયોપમમ્ ૩૪**

- જ્ઞાનીગુરુને- સત્પુરુષોને આશ્રી યોગ, ક્રિયા અને ફળ નામનું પરમ અવંચક ત્રય સંભળાય છે. તે બાણના લક્ષ્યની જેમ આત્મસિદ્ધિરૂપ લક્ષ્યને મેળવવા માટેના સાધનો છે.

**એતશ્ચ સત્પ્રણામાદિ નિમિતં સમયે સ્થિતમ્;**
**અસ્ય હેતુશ્ચ પરમસ્તથા ભાવમલાલ્પતા. ૩૫**

- આ અવંચકત્રય સત્ પ્રણામઆદિના નિમિત્તે હોય છે, એમ સિદ્ધાંતમાં કહ્યું છે અને સત્પ્રણામાદિનો પરમહેતુ તથા પ્રકારે ભાવમળની અલ્પતા છે એ છે.

**નાસ્મિન્ ધને યતઃ સત્સુ તત્પ્રતીતિર્મહોદયા;**
**કિં સમ્યગ્ રુપમાદત્તે કદાચિન્મન્દ લોચનઃ ૩૬**

- જેમ ચક્ષુની દૃષ્ટિ મંદ હોય તો બરાબર રૂપને ગ્રહણ કરી શકતો નથી તેમ જેનો ભાવમળ ગાઢ હોય તેને સત્પુરુષો પ્રત્યે મહોદયવંત એવી પ્રતીતિ હોય નહિં.

**અલ્પવ્યાધિર્યથા લોકે તદ્વિ કારૈર્ન બાધ્યતે;**
**ચેષ્ટતે ચેષ્ટ સિધ્યર્થં વૃત્યૈવાયં તથાહિતે ૩૭**

- અલ્પ વ્યાધિવાળો પુરુષ જેમ લોકમાં તેના વિકારોથી બાધા પામતો નથી અને ઈષ્ટ સિદ્ધિને અર્થે પ્રવૃતિ કરે છે તેમ આ યોગી વૃત્તિથી જ હિતમાં પ્રવૃત્તિ કરે છે.

**યથાપ્રવૃત્તિકરણે ચરમેડલ્પમલત્વત;**
**આસન્નગ્રંથિભેદસ્ય સમસ્તં જાયતે ૩૮**

- છેલ્લા યથાપ્રવૃત્તિકરણમાં, અલ્પમળપણાને લીધે, જેનો ગ્રંથિભેદ નિકટમાં છે એવા પુરુષને-સાધકને આ સમસ્ત નિશ્ચયે ઉપજે છે.

**અપૂર્વાસન્નભાવેન વ્યભિચારવિયોગતઃ;**
**તત્ત્વતોડપૂર્વમેવેદમિતિ યોગવિદો વિદુઃ ૩૯**

- અપૂર્વકરણના નિકટ ભાવથી તથા વ્યાભિચારના અભાવના લીધે તત્ત્વથી આ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ અપૂર્વ જ છે એમ યોગ જાણનારાઓ કહે છે.

**પ્રથમં યદ્ગુણસ્થાનં સામાન્યેનોપવર્ણિતમ્;**
**અસ્યાં તુ તદવસ્થાયાં મુખ્યમન્વર્થયોગતઃ ૪૦**

- સામાન્યથી જે પ્રથમ ગુણસ્થાન વર્ણવવામાં આવ્યું છે તે આ અવસ્થામાં તો અન્વર્થ યોગથી- શબ્દના બરાબર અર્થ પ્રમાણે મુખ્ય એવું હોય છે.

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત પ્રથમદૃષ્ટિ

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિટ્ઠી રે;
તે ગુણ થુણી જિનવીરનો, કરશું ધર્મની પુટ્ઠી રે.
વીર જિનેસર દેશના. ૧
સઘન અઘન દિનરયણીમાં, બાલ વિકલને અનેરા રે;
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે. વીર. ૨
દર્શન જે થયાં જુજુઆ, તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે૦ વીર. ૩
દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વીર. ૪
દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુક્તિ પ્રયાણ ન ભાંજે રે;
રયણી શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજે રે. વીર. ૫
એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;
જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણ અગનિસો લહીરે. વીર. ૬
વ્રત પણ યમ ઈહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;
દ્વેષ નહી વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે. વીર. ૭
યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;
ભાવાચાર જ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે. વીર. ૮
દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વીર. ૯
લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર. ૧૦
બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે. વીર. ૧૧

સદ્‌ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે;
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વીર. ૧૨
ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;
તેમ ભવિ સહજગુણેહોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વીર. ૧૩
એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્ત રે;
સાધુને સિદ્ધ દશાસમું, બીજનું ચિત પ્રવર્તે રે. વીર. ૧૪
કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે. વીર. ૧૫

## ૨. તારાદૃષ્ટિ

તારાયાં તુ મનાક્ સ્પષ્ટં નિયમશ્ચ તથાવિધઃ;
અનુદ્વેગો હિતારમ્ભે જિજ્ઞાસા તત્વગોચરા ૪૧

- તારા દૃષ્ટિમાં દર્શન જરા વધારે સ્પષ્ટ હોય છે, અને તેવા પ્રકારનો નિયમ હિત પ્રવૃત્તિમાં અનુદ્વેગ તથા તત્ વિષય સંબંધી જિજ્ઞાસા હોય છે.

ભવત્સ્યાં તથા રિછન્ના પ્રીતિર્યોગ કથાસ્વલમ્;
શુદ્ધયોગેષુ નિયમાત્ બહુમાનશ્ચ યોગિષુ ૪૨

- આ દૃષ્ટિમાં યોગકથાઓ પ્રત્યે અવિચ્છિન્ન- અખંડ એવી અત્યંત પ્રીતિ હોય છે અને શુદ્ધ યોગવાળા યોગીઓ પ્રત્યે નિયમથી બહુમાન હોય છે.

યથાશક્તિ ઉપચારશ્ચ યોગવૃદ્ધિફલપ્રદઃ;
યોગિનાં નિયમાદેવ તદનુગ્રહ ધીયુતઃ ૪૩

- અને યથાશક્તિ ઉપચાર- કે જે યોગીઓને નિયમથી જ

યોગવૃદ્ધિરૂપ ફળ આપનારો અને તેની અનુગ્રહ બુદ્ધિથી યુક્ત એવો હોય છે.

**લાભાન્તરફલશ્ચાસ્ય શ્રદ્ધાયુક્તો હિતોદયઃ;**

**ક્ષુદ્રોપદ્રવહાનિશ્ચ શિષ્ટસમ્માનતા તથા ૪૪**

- અને એ ઉપચાર એને બીજા લાભરૂપ ફળ આપનારો અને શ્રદ્ધાથી યુક્ત એવો હિતોદયરૂપ હોય છે અને તેમાં ક્ષુદ્ર ઉપદ્રવોની હાનિ તથા શિષ્ટ જનોનું સંમતપણું - માન્યપણું હોય છે.

**ભયં નાતીવ ભવજં કૃત્યહાનિર્ન ચોચિતે;**

**તથાનાભોગતોઽપ્યુચ્ચૈર્ન ચાવ્યનુચિત ક્રિયા ૪૫**

- આ દૃષ્ટિવાળા પુરુષને ભવ જન્ય અત્યંત ભય હોય નહિ ઉચિતમાં કૃત્ય હાનિ હોય નહિ તથા અજાણતાં પણ અનુચિત ક્રિયા પણ સર્વથા હોય નહિ.

**કૃત્યેઽધિકેઽધિકગતે જિજ્ઞાસા લાલસાન્વિતા;**

**તુલ્યે નિજે તુ વિકલે સંત્રાસો દ્વેષ વર્જિતઃ ૪૬**

- ગુણથી અધિકતા - અધિક કૃત્ય પ્રત્યે લાલસાયુક્ત એવી જિજ્ઞાસા હોય અને તુલ્ય એવા પોતાના વિકલ-ખામીવાળા કૃત્ય પ્રત્યે દ્વેષ વિનાનો સંત્રાસ હોય- અત્યંત ખેદ, ત્રાસ હોય.

**દુઃખરૂપો ભવઃ સર્વ ઉચ્છેદોઽસ્ય કૃતઃ કથમ્;**

**ચિત્રા સતાં પ્રવૃતિશ્ચ સાશેષા જ્ઞાયતે કથમ્ ૪૭**

- સર્વ સંસાર દુઃખરૂપ છે. આનો ઉચ્છેદ- નાશ કયા કારણથી કેવી રીતે થાય અને સંતોની ચિત્ર-વિવિધ આશ્ચર્યકારી પ્રવૃત્તિ છે તે કેમ કેવી રીતે જણાય.

**તાસ્માકં મહતી પ્રજ્ઞા સુમહાન્ શાસ્ત્ર વિસ્તરઃ;**

**શિષ્ટાઃ પ્રમાણમિહ તદિત્વસ્યાં મન્યતે સદા ૪૮**

- અમારામાં મોટી બુદ્ધિ નથી અને શાસ્ત્ર વિસ્તાર તો ઘણો મોટો છે; તેથી અહીંયા તો શિષ્ટજનો-જ્ઞાનીજનો જ પ્રમાણ છે એમ આ દૃષ્ટિવાળો સદા માને છે.

**સારાંશ :** આ તારા દૃષ્ટિમાં (૧) છાણાના અગ્નિ જેવું મંદ વીર્ય-સ્થિતિવાળું હોય. (૨) યોગનું બીજ નિયમ- (પાંચ નિયમ- શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન) હોય છે. (૩) ઉદ્વેગ નામનો ચિત્તનો દોષ નાશ પામે છે. (૪) જિજ્ઞાસા નામનો ગુણ પ્રગટે છે તે ઉપરાંતે

(૧) યોગકથાઓ પ્રત્યે પરમ પ્રે (૨) શુદ્ધ-યોગીઓ-જ્ઞાનીઓ પ્રત્યે બહુમાન. (૩) ક્ષુદ્ર ઉપદ્રવહાનિ (૪) ભવભય નાશ પામે છે (૫) ઉચિત આચરણ કરે છે (૬) અધિક ગુણવંત પ્રત્યે જિજ્ઞાસા હોય છે (૭) નિજ ગુણહિતતાથી પોતાને ત્રાસ છુટે છે (૮) ભવવૈરાગ્ય-સંસારથી છૂટવાની કામના અને સત્પુરુષોની પ્રવૃતિ જોઈ આશ્ચર્ય થાય છે. (૯) જ્ઞાની પુરુષો કહે તે પ્રમાણ એવી ભાવના સાથે સ્વછંદનો ત્યાગ હોય છે.

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત બીજીદૃષ્ટિ

**દર્શન તારા દૃષ્ટિમાં, મન મોહન મેરે; ગોમય અગ્નિ સમાન; મ૦**
**શૌચ સંતોષને તપ ભલુ મ૦, સજઝાય ઈશ્વર ધ્યાન. મ૦ - ૧**
**નિયમ ઈહાં પંચ સંપજે મ૦, નહીં કિરિયા ઉદ્વેગ; મ૦**
**જિજ્ઞાસા ગુણતત્ત્વની મ૦, પણ નહીં નિજ હઠ ટેગ. મ૦ - ૨**
**એહ દૃષ્ટિ હોય વરતતાં મ૦, યોગકથા બહુ પ્રેમ; - મ૦**
**અનુચિત તેહ ન આચરે મ૦, વાળ્યો વળે જેમ હેમ - મ૦ - ૩**
**વિનય અધિક ગુણીનો કરે મ૦, દેખે નિજેગુણ હાણ; મ૦**
**ત્રાસધરે ભવભય થકી મ૦, ભવ માને દુ:ખખાણ મ૦ - ૪**
**શાસ્ત્ર ઘણાં મતિ થોડલી મ૦, શિષ્ટ કહે તે પ્રમાણે; મ૦**
**સુયશ લહે એ ભાવથી મ૦, ને કરે જૂઠ ડફાણ. મ૦ - ૫**

## ૩. બલાદૃષ્ટિ

**સુખાસન સમાયુકતં બલાયાં દર્શનં દૃઢમ્;**
**પરા ચ તત્વેશુશ્રૂષા ન ક્ષેપો યોગ ગોચરઃ ૪૯**

- બલાદૃષ્ટિમાં સુખાસન, સંયુક્ત દૃઢ દર્શન અને પરમ તત્ત્વ શુશ્રુષા તત્ત્વ સાંભળવાની ઈચ્છા હોય છે. તથા યોગ વિષયમાં ક્ષેપ હોતો નથી. ક્ષેપ એટલે કોઈપણ ક્રિયા કરતાં કરતાં વચ્ચે વચ્ચેથી ત્યાંથી ઉખડી ચિત્ત બીજે સ્થળે આડું અવળું ભમ્યા કરે તે. અહીં આ દોષ નાશ પામે છે.

**નાસ્યાં સત્યામસતૃષ્ણા પ્રકૃત્યૈવ પ્રવંર્તતે;**
**તદભાવાશ્ચ સર્વત્ર સ્થિતમેય સુખાશનમ્ ૫૦**

- આ દૃષ્ટિમાં આવતાં અસત્ તૃષ્ણા પ્રર્વતતી નથી અને તેના અભાવને લીધે સર્વત્ર-સર્વ સ્થળે સુખાસન જ રહે છે. પ.કૃ.દેવ કહે છે કે 'જેને બોધ બીજની ઉત્પતિ હોય છે તેને સ્વરૂપ સુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે અને વિષય પ્રત્યે અપ્રયત્નદશા વર્તે છે.'

**અત્વરાપૂર્વક સર્વં ગમનં કૃત્યમેવ વા;**
**પ્રણિધાન સમાયુક્તમપાય પરિહારતઃ ૫૧**

- સર્વ ગમન ત્વરા-ઉતાવળ વગરનું અને સર્વકૃત્ય પણ અપાયના પરિહાર્ય થકી પ્રણિધાન સંયુક્ત એવું હોય છે. એટલે કે આ દૃષ્ટિમાં વર્તતા સાધકની બધી દોડાદોડ મટી જાય છે. બધા જ કાર્યો શાંત ચિત્તે કરતો હોય, ઉતાવળ કે ત્વરા હોતી નથી.

**કાંતકાંતાસમેતસ્ય દિવ્યગેયશ્રુતૌ યથા;**
**યૂનો ભવતિ શુશ્રૂષા તથાસ્યાં તત્ત્વગોચરા ૫૨**

- રમણીય રમણીથી યુક્ત એવા તરુણને જેવી દિવ્યસંગીત સાંભળવાની ઈચ્છા-શુશ્રૂષા થાય તેવી આ દૃષ્ટિમાં તત્ત્વસંબંધી શુશ્રૂષા હોય છે. શુશ્રૂષા કેવા પ્રકારની તે હવે કહે છે.

**બોધામ્ભઃ સ્ત્રોતસશ્ચૈષા સિરાતુલ્યા સતાં મતા;**
**અભાવેડસ્યાઃ: શ્રુતં વ્યર્થમસિરાવનિકૂપવત્ ૫૩**

- અને આ શુશ્રૂષા બોધ; પાણીના પ્રવાહની સરવાણી સમાન સંતોએ માનેલી છે. એના અભાવે સાંભળેલું વ્યર્થ-ફોગટ છે, જેમ સરવાણી વિનાની ભૂમિમાં કૂવો ખોદવો વ્યર્થ છે તેમ.

**શ્રુતાભાવેડપિ ભાવેડસ્યાઃ શુભ ભાવ પ્રવૃત્તિતઃ;**
**ફલં કર્મક્ષયાખ્યં સ્યાત્પેરબોધ નિબન્ધનમ્ ૫૪**

- શ્રવણના અભાવે પણ આ શુશ્રૂષા- સાંભળવાથી ઈચ્છા થતાં, શુભ ભાવની પ્રવૃત્તિને લીધે કર્મક્ષય નામનું ફળ હોય છે, કે જે પરમ બોધનું નિબંધન-કારણ થાય છે. અક્ષેપ ગુણની વાત કહે છે.

**શુભયોગસમારમ્ભે ન ક્ષેપોડત્યાં કદાચન**
**ઉપાય કૌશલં ચાપિ ચારુ તદ્વિપચં ભવેત્ ૫૫**

- આ દૃષ્ટિમાં શુભ યોગના સમારંભમાં કદી પણ ક્ષેપ હોતો નથી અને તેના વિષયનો ઉપાય-કૌશલ પણ સુંદર હોય છે.

**પરિષ્કારગતઃ પ્રાયો વિઘાતોડપિ ન વિદ્યતે;**
**અવિઘાતશ્ચ સાવદ્ય પરિહારાન્મહોઈયઃ ૫૬**

- ઉપકરણ વિષયમાં વિઘાત પણ પ્રાયે અત્રે હોતો નથી; અને સાવદ્ય પરિહારથી એટલે કે પાપકર્મના પરિત્યાગ થકી મહોદયવાળો અપ્રતિબંધ હોય છે. આ દૃષ્ટિવાળો સાવદ્યનો પરિહાર કરે છે અને નિર્વિઘ્ન યોગ સાધનથી તેનો અભ્યુદય થાય છે.

- આ દૃષ્ટિમાં દર્શન-લાકડાની અગ્નિ સમાન હોય છે અને યોગનું ત્રીજું અંગ આસન પ્રાપ્ત થાય છે. અસત્ તૃષ્ણાનો અભાવ હોવાથી સર્વત્ર સુખાસન જ હોય છે. શાંત ચિત્તે, ઉતાવળ વગર ગમન કરે છે અને સર્વ કૃત્ય પ્રણિધાનયુક્ત હોય છે. શુશ્રૂષા નામનો ત્રીજો ગુણ અહીં પ્રાપ્ત થાય છે. શુશ્રૂષાના પ્રભાવે કર્મક્ષયરૂપ ફળ થાય છે. જે ઉત્તમ બોધનું કારણ છે. ક્ષેપ નામના ત્રીજા ચિત્ત દોષનો અહીં ત્યાગ હોય છે. એટલે યોગ-સંબંધી-સાધના સંબંધી અક્ષેપ હોય છે અને યોગનું કુશળપણું હોય છે. તેમજ ઉપકરણ વિષયમાં ઘણું કરી કોઈ વિઘ્ન આવતું નથી અને પાપકર્મના પરિત્યાગથી મહોદયવંત અવિઘ્ન હોય છે.

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત ત્રીજીદૃષ્ટિ

**ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ટ અગ્નિ સમ બોધ;**
**ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે.**
**જિનજી, ધન ધન તુજ ઉપદેશ - ૧**

**તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત;**
**સાંભળવા તેમ તત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે. જિન. ૨**
**સરી એ બોધે પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલકૂપ;**
**શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે. જિ. ૩**
**મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;**
**તે ઈચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિ. ૪**
**વિઘન ઈહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;**
**અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે. જિ. ૫**

આપણે ત્રણ દૃષ્ટિ વિષે વિચાર કર્યો. હવે ચોથી દૃષ્ટિ- દીપ્રા દૃષ્ટિ વિષે વિગતે વિચાર કરવો જરૂરી છે, કારણ કે આ દૃષ્ટિ ગ્રંથિભેદ કરવા માટે પુરુષાર્થ કરતા સાધકોને યોગ્યતા પાત્રતા

તથા સાધના વિષેનું માર્ગદર્શન આપે છે. આ ચોથી દષ્ટિમાં યોગનું ચોથું અંગ પ્રાણાયામ માટે વર્ણન કરવામાં આવ્યું છે. ગ્રંથિભેદ કરતાં પહેલા જીવને જરૂરી વાતોનો સંચય શ્રીમદ્ હરિભદ્રસુરીજી સાહેબે આમાં દર્શાવ્યો છે.

## ૪. દીપ્રા દષ્ટિ

**પ્રાણાયામવતી દીપ્રા ન યોગોત્થાનવત્યલમ્**
**તત્વશ્રવણસંયુત્તકા સૂક્ષ્મબોધવિવર્જિતા ૫૭**

- દીપ્રા દષ્ટિમાં પ્રાણાયામ હોય છે, યોગનું ઉત્થાન સર્વથા હોતું નથી; અને તે તત્ત્વશ્રવણથી સહિત પણ સૂક્ષ્મ બોધથી રહિત એવી હોય છે.

**"યોગદષ્ટિ ચોથી કહીજી, દીપ્રાં તિહાં ન ઉત્થાન;**
**પ્રાણાયામ તે ભાવથીજી, દીપ પ્રભા સમ જ્ઞાન...**
**મનમોહન જિનજી ! મીઠીં તાહરી વાણ"** (યો.દ.સ. ૪-૧)

આ દીપ્રા નામની ચોથી યોગદષ્ટિ છે. યોગનું ચોથું અંગ-પ્રાણાયામ અહીં હોય છે, ઉત્થાન નામના ચોથા આશયદોષનો પરિત્યાગ થાય છે અને શ્રવણ નામનો ચોથો ગુણ પ્રગટે છે; પરંતુ દર્શન તો હજુ પણ સૂક્ષ્મ બોધ વિનાનું હોય છે.

આ દષ્ટિમાં દર્શન-બોધ સ્થૂલ પ્રકારનો હોય છે, સૂક્ષ્મ હોતો નથી. જો કે આગલી ત્રણ દષ્ટિ કરતાં વધારે સ્થિતિવાળો ને વધારે સામથ્રયવાળો હોઈ, તેને દીપકના પ્રકાશની ઉપમા આપવામાં આવી છે, તો પણ સ્થિરા આદિ દષ્ટિની અપેક્ષાએ આ બોધનું હજુ સ્થૂલપણું છે. કારણ કે દીપકનો પ્રકાશ તૃણ-ગોમય-કાષ્ઠના અગ્નિ કરતાં અનેકગણો બળવાન્ ને વધારે સ્થિતિવાળો હોય છે,

પણ રત્ન-તારા વગેરેની અપેક્ષાએ ઘણો અલ્પવીર્યને મંદ છે; તેમ આ દીપ્રાદૃષ્ટિનો બોધ-પ્રકાશ મિત્રા આદિ કરતાં વધારે બળવાન ને વધારે સ્થિતિવાળો હોય છે, પણ સ્થિરા આદિ કરતાં મંદ અને અલ્પ સ્થિતિવાળો હોય છે. દીપકના સાન્નિધ્યમાં તેના પ્રકાશ-વર્તુલમાં આવતા પદાર્થોનું દિગ્દર્શન થાય છે પણ તેની બહારમાં દૂરવર્તી સૂક્ષ્મ વ્યવહિત પદાર્થોનું દર્શન થતું નથી. તેમ ક્ષયોપક્ષમરૂપ તેલના પ્રમાણમાં આ દૃષ્ટિમાં પદાર્થોનો સ્થૂલ બોધ થાય છે, પણ દૂરવર્તી સૂક્ષ્મ અંતરિત પદાર્થનું દર્શન થતું નથી. આ દૃષ્ટિનો બોધ તથારૂપ ક્ષયોપક્ષમ હોય ત્યાં સુધી પ્રકાશે છે. દીવો વાયરાના સપાટાથી ઓલવાય છે, અથવા અસ્થિર થાય છે, તેમ આ દૃષ્ટિનો બોધ પણ તથા પ્રકારના બાહ્ય નિમિત્તોરૂપ વાયુના સપાટાથી ઓલવાઈ જવાનો- પડી જવાનો ભય રહે છે, અથવા અસ્થિર-ચંચલ થવાનો સંભવ રહે છે. અત્રે સત્શ્રદ્ધાસંગત બોધ હોય છે, તેથી કરીને અસત્ પ્રવૃત્તિનો વ્યાઘાત થતો જાય છે, ને સત્પ્રવૃતિપદ નિકટ આવતું જાય છે.

**બાહ્ય ભાવ રેચક ઈહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મન.**
**(યો.દ.સ. ૪-૨)**

અત્રે મુખ્યપણે આધ્યાત્મિક ભાવપ્રાણાયામનો જ નિર્દેશ છે. પણ પ્રાણાયામ નામનો શ્વાસના રુંધનરૂપ જે બાહ્ય એવો હઠયોગનો પ્રકાર છે, તે અત્રે મુખ્યપણે પ્રસ્તુત નથી કારણ કે તે તો કાયકલેશરૂપ માત્ર હોઈ ચિત્તચંચલતાનું કારણ થવાનો સંભવ છે. આ બાહ્ય પ્રાણાયામના ત્રણ પ્રકાર છે. (૧) શ્વાસને બહાર કાઢવો, તે રેચક પ્રાણાયામ છે. (૨) શ્વાસને અંદરે પૂરવો, તે પૂરક પ્રાણાયામ છે. (૩) શ્વાસને કુંભમાં જલની જેમ નિશ્ચલપણે થંભી રાખવો, તે કુંભક પ્રાણાયામ છે.

પતંજલિ આદિનો અભિપ્રાય છે કે- 'પ્રાણાયામથી પ્રકાશના આવરણનો ક્ષય થાય છે અને ધારણામાં મનની યોગ્યતા થાય છે. એટલે કે ચિત્ત સત્વગત પ્રકાશનું જે કલેશરૂપ આવરણ છે તેનો ક્ષય થાય છે અને પ્રાણાયામથી સ્થિર કરાયેલું ચિત્ત સુખે કરીને નિયત દેશમાં ધારી રખાય છે.

બાકી ભાવથી જોઈએ તો બાહ્ય ભાવોના રેચનથી, અંતરભાવના પૂરણથી ને નિશ્ચિત અર્થના કુંભનથી પરમાર્થરૂપ ભાવ-પ્રાણાયામ થાય છે. તે આ પ્રકારે (૧) જેમ પ્રાણાયામની બાહ્ય સ્થૂલ ક્રિયામાં શ્વાસને બહાર કાઢવારૂપ રેચક ક્રિયા કરવામાં આવે છે, તેમ આ ભાવ પ્રાણાયામમાં બાહ્યભાવ-પરભાવને બહાર કાઢવારૂપ-રેચ દેવારૂપ રેચક ક્રિયા કરવામાં આવે છે. મમત્વરૂપ બાહ્ય ભાવોને કાઢી નાખવામાં આવે છે. (૨) જેમ બાહ્ય પ્રાણાયામમાં શ્વાસ અંદર ભરવારૂપ પૂરક ક્રિયા કરવામાં આવે છે, તેમ ભાવ પ્રાણાયામમાં અંતરાત્મભાવ અંતરમાં ભરવારૂપ પૂરક ક્રિયા કરાય છે. એટલે કે શ્રવણથી ઉપજેલા વિવેકરૂપ અંતરભાવ ભરાય છે. (૩) જેમ હઠયોગિક પ્રાણાયામમાં શ્વાસને અંદર ભર્યા પછી તેને કુંભમાં જલની જેમ સ્થિર કરવારૂપ-થંભાવી રાખવારૂપ કુંભક ક્રિયા કરાય છે, તેમ અત્રે ભાવ પ્રાણાયામમાં અંતરભાવની સ્થિરતારૂપ સ્થંભનરૂપ કુંભક ક્રિયા કરવામાં આવે છે. એટલે નિશ્ચિત અર્થનું કુંભન-સ્થિરીકરણ થાય છે. આમ ભાવ પ્રાણાયામ તે આત્મભાવરૂપ સ્વભાવ છે. બાહ્ય પ્રાણાયામ યોગનું અંગ થાય કે ન પણ થાય, પણ આ ભાવ પ્રાણાયામ તો ચૌક્કસ યોગનું અંગ છે જ માટે આ આધ્યાત્મિક પ્રાણાયામ એ જ ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ પ્રાણાયામ છે.

**"બહિરાતમ તજી અંતર, આતમરૂપ થઈ થિર ભાવ;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ."**

**– શ્રી આનંદઘનજી**

**"શુદ્ધ દેવ અવલંબન ભજતાં, પરહરીએ પરભાવ"**
**"અંતર અંતર આતમતા લહી હોજી, પરપરિણતિ નિરીહ"**

**– શ્રી દેવચંદ્રજી**

એવા પ્રકારનો પ્રશાંત રસનો પ્રવાહ પ્રવહે છે કે યોગમાંથી ચિત્ત ઉઠતું નથી. જેમ શાંત સરિતાનો પ્રવાહ અખંડ શાંતપણે વહ્યા કરે, તેમાં તરંગ ઊઠે નહિં, તેમ અત્રે યોગસરિતાના શાંત રસનો પ્રવાહ અખંડપણે વહ્યા કરે છે, તેમાં ઉત્થાનરૂપ તરંગ ઊઠતો નથી. કારણ કે આગલી દષ્ટિમાં ક્ષેપ નામનો દોષ ટળ્યો, એટલે કોઈ પણ પ્રકારે ચિત્તમાં વિક્ષેપ ઉપજતો નથી, તેથી ચિત્તમાં શાંતરસ પ્રવહે છે, અને યોગને પોતાના સ્થાનમાંથી ઊઠવાનું બનતું નથી, આરંભેલી યોગક્રિયામાં જ ચિત્ત ચોટયું રહે છે. ઉપા. શ્રી. યશોવિજયજી કહે છે કે.

**"શાંતવાહિતા વિણ હોવે રે, જે યોગે ઉત્થાન રે;**
**ત્યાગ યોગ છે તેહથી રે, અણછંડાતું ધ્યાન રે. પ્રભુ.**

**– સા.ત્ર.ગા.સ્ત. ઢા- ૧૦**

આગલી દષ્ટિમાં શુશ્રૂષા-સાંભળવાની ઈચ્છાનો ગુણ પ્રગટયો છે, એટલે તેના પછી સ્વાભાવિક ક્રમે અત્રે તત્ત્વનું શ્રવણ બને છે. આગળમાં કહ્યું હતું તેમ શુશ્રૂષા એટલે સાંભળવાની ઉત્કંઠા-અંતરંગ જિજ્ઞાસા વિનાનું શ્રવણ વૃથા છે. એ ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે. કદાપિ શ્રવણ વિનાની શુશ્રૂષા કલ્યાણકારી થાય પણ શુશ્રૂષા વિનાનું શ્રવણ કલ્યાણકારી થતું નથી. અંતરાત્માથી અંતઃકર્ણેન્દ્રિય દ્વારા શબ્દનું અર્થ-ગ્રહણ-ભાવ ગ્રહણ કરવું, તેનું નામ શ્રવણ છે.

**પ્રાણેભ્યોડપિ ગુરુ ર્ધર્મઃ સત્યામસ્યામસંશયમ્;**
**પ્રાણાંસ્ત્યજતિ ધર્માર્થ ન ધર્મ પ્રાણસંકટે. ૫૮**

- આ દૃષ્ટિ હોતાં, પ્રાણો કરતાં પણ ધર્મને નિઃસંશય ગુરુ-મોટો માને; ધર્મને અર્થે પ્રાણ છોડે, પણ પ્રાણસંકટ આવી પડયે ધર્મ ન છોડે.

**"ધર્મ અર્થ અહીં પ્રાણનેજી, છંડે પણ નહિં ધર્મ;**

**પ્રાણ અર્થ સંકટ પડેજી, જુઓ ! એ દૃષ્ટિનો મર્મ**

**– મન. (યો.દ.સ. ૪-૩)**

આ દૃષ્ટિમાં વર્તનાર યોગીને મન નિઃસશંયપણે પ્રાણ કરતાં પણ ધર્મ ઘણો વધારે મોટો લાગે છે, ધર્મનું માહાત્મ્ય પ્રાણ કરતાં પણ અધિક ભાસે છે. આખા જગતમાં વ્હાલામાં વ્હાલી વસ્તુ પ્રાણ ગણાય છે, તે પ્રાણની જાળવણી અર્થે સમસ્ત જગત્ પ્રવૃત્તિ કરી રહ્યું છે, ને તેની રક્ષા માટે ગમે તે કરવા તે તૈયાર રહે છે. પણ આ જોગીજનને તો આવા પ્રિયતમ પ્રાણ કરતાં પણ ધર્મ વધારે પ્રિય ભાસ્યમાન થાય છે. એટલે જ તે ધર્મની ખાતર પ્રાણ પણ છોડી દેવા પડે-ન્યોચ્છાવર કરવા પડે, તો તે આંચકો ખાતો નથી અને પ્રાણસંકટ આવી પડે, પ્રાણ જવાનો પ્રસંગ આવી પડે, તો પણ તે પ્રાણ બચાવવાની ખાતર ધર્મને છોડતો નથી. પ્રાણની કે ધર્મની રક્ષા કરવાની હોય, તો તેની પ્રથમ પસંદગી ધર્મરક્ષા પર ઉત્તરે છે. પ્રાણના ભોગે પણ તે ધર્મનું પરિપાલન કરે છે.

આવો તે દૃઢધર્મી હોય છે, આવો દૃઢ ધર્મરંગ- 'ચોળ મજીઠનો રંગ' - તેને લાગેલો હોય છે અને આ ધર્મનો રંગ જ સાચો રંગ છે, બાકી બીજો બધો રંગ પતંગ સમાન છે. ચાર દિવસની ચટકી છે. 'સાચો રંગ તે ધર્મનો.' દેહ ભલે જીર્ણ થાય, સડી જાય, પડી જાય, વિધ્વંસ પામી જાય, પણ ધર્મરંગ કદી જીર્ણ થતો નથી, સડતો નથી, પડતો નથી, વિધ્વંસ પામતો નથી.

"શ્રી અનંતજિન શું કરો... સાહે૦ ચોળ મજીઠનો રંગ રે... ગુણ૦
સાચો રંગ તે ધર્મનો... સાહે૦ બીજો રંગ પતંગ રે... ગુણ૦
ધર્મ રંગ જીરણ નહિં... સાહે૦ દેહ તે જીરણ થાય રે... ગુણ૦
સોનું તે વિણસે નહિં... સાહે૦ ઘાટ ઘડામણ જાય રે... ગુણ૦
ત્રાંબુ જે રસવેધિયું... સાહે૦ હોય તે જાચું હેમ રે... ગુણ૦
ફરી તે ત્રાંબુ નવિ હુ વે... સાહે૦ પ્રભુ શું મુજ પ્રેમ રે... ગુણ૦"

અને આવો સાચો ધર્મરંગ-ધર્મપ્રેમ લાગવાનું કારણ, તે ધર્મનું પરમ માહાત્મ્ય તેને મન વસ્યું છે તે છે.

તેમજ આ મુમુક્ષુ જોગીજન જાણે છે કે - 'આ સંસારને વિષે વિશુદ્ધ ધર્મ જ બુધજનોને મુક્તિ અર્થે સદા ઉપાદેય છે- આદરથી ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે બીજું બધું ય દુઃખનું કારણ છે.'

જેમ બને તેમ આત્મતત્ત્વનો ઉત્સર્ગ થાય, જેમ બને તેમ આત્મતત્ત્વના પ્રગટપણારૂપ કાર્યસિદ્ધિ- તત્ત્વનિષ્પતિ થાય એવી સત્પ્રવૃત્તિમાં જીવન અર્પણ કરે છે; અને તેમ કરતાં કવચિત્ પ્રાણસંકટ આવી પડે તો પણ તે તત્ત્વ ઉત્સર્ગ પ્રવૃત્તિ- કરતો જ રહી- આત્મસિદ્ધિ સાધતો જ રહી કદી ધર્મને છોડતો નથી- એવો તે દૃઢધર્મા હોય છે.

**એક એવ સુહૃદર્મો મૃતમવ્યનુયાતિ યઃ;**
**શરીરેણ સમં નાશં સર્વમન્યતુ ગચ્છતિ. ૫૯**

- ધર્મ એ એક જ સુહૃદ-મિત્ર છે, કે જે મરેલાની પાછળ પણ જાય છે. બાકી બીજુ બધું તો શરીરની સાથે જ નાશ પામી જાય છે.

ધર્મ જ એક સાચો-ખરેખરો 'મિત્ર' છે. કારણ કે જે મૈત્રી એટલે કે સહવાસ-સહયોગીપણું ન છોડે તે મિત્ર કહેવાય. સુખમાં કે દુઃખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, સારી સ્થિતિમાં કે માઠી

સ્થિતિમાં જે સાથ ન છોડે, સદા પોતાના હૃદયરૂપ રહી 'સુહૃદ' ભાવ ન ત્યજે, તે ખરેખરો મિત્ર અથવા સુહૃદ્ કહેવાય છે. એવા 'મિત્ર' શબ્દના યથાર્થ અર્થમાં જો કોઈને પણ 'મિત્ર' નામ છાજતું હોય તો તે ધર્મને જ છે. કારણ કે મૃત્યુ પામ્યા પછી પણ એક ધર્મ જ તે ધર્મ કરનારને અનુસરે છે, એની પાછળ પાછળ જાય છે, સદા એનો સંગાથી રહે છે. કહે છે કે,

**"પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય,**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય ઋષભ૦"**

**– શ્રી આનંદઘનજી**

આમ પોતપોતાના સ્વાર્થને આશ્રીને જગતમાં સર્વ કોઈ પ્રીત-સગાઈ કરે છે પણ તે બધી પ્રીત-સગાઈ સાચી નથી-ખોટી છે, માયાજાલરૂપ છે, એ સોપાધીક પ્રીતમાં કાંઈ માલ નથી. કાંઈ કિંમત નથી. ખરી પ્રીત-સગાઈ તો નિરુપાધિક છે, સ્વાર્થ આદિ ઉપાધિથી રહિત છે, કેવળ પરમાર્થ પ્રેમમય છે. નિરુપાધિક, નિઃસ્વાર્થ, કેવળ પરમાર્થ પ્રેમમય પ્રીત-સગાઈ તો ધર્મની જ છે. 'ધર્મપ્રેમ એ જ સાચો પ્રેમ છે.' માટે ધર્મનો સંચય કરવો.

કારણ કે મનુષ્ય ગમે તેટલા છળપ્રપંચો કરી, ગમે તેટલા કાળાધોળા કરી, ગમે તેટલું ધન સંચય કરે, ગમે તેટલી 'દો-લત' એકઠી કરે, ગમે તેટેલા વાડીવજીફા ને બાગ-બંગલા બંધાવે, ગમે તેટલી ઋદ્ધિ-સમૃદ્ધિ મેળવે, અરે ! સકલ શત્રુદલને પદદલિત કરી વિશ્વનું એકછત્રી સામ્રાજ્ય સાધી ચક્રવર્તી પદવી પણ પ્રાપ્ત કરે, તો પણ જ્યાર મૃત્યુવેળા આવી પહોંચે છે, ત્યારે તે બધુંયે એમને એમ ધર્યું રહે છે, જે જ્યાંનું છે તે ત્યાંનું ત્યાં જ પડ્યું રહે છે, ને યમરાજની આજ્ઞાથી આ કાયારૂપ કોટડી એક ક્ષણની પણ નોટીસ વિના તાબડતોબ ખાલી કરી, એ બધોય પરિગ્રહ પરાણે મૂકીને જેવા આવ્યા તેવા ખાલી હાથે પાછા ચાલ્યા જવું પડે છે.

ઈત્થં સદાશયોપેતસ્તત્ત્વશ્રવણતત્પરઃ;
પ્રાણેભ્યઃ પરમં ધર્મં બલાદેવ પ્રપદ્યતે ૬૦

- આમ સદ્‌આશયથી યુક્ત એવો તે, તત્ત્વ શ્રવણમાં તત્પર રહી, પ્રાણો કરતાં પરમ એવા ધર્મને બળથી જ અંગીકાર કરે છે, માન્ય કરે છે.

આ દૃષ્ટિવાળો યોગીપુરુષ ધર્મને પરમ મિત્ર-સુહૃદ્ જાણે છે એટલે તેને ધર્મની ગાઢ મૈત્રી જામે છે, દૃઢ ધર્મરંગ લાગે છે, અને 'જેને જેવો સંગ તેને તેવો રંગ' એ ઉક્તિ પ્રમાણે તે ધર્મની સંગતિના પ્રભાવથી તે પોતે સાચો ધર્માત્મા-ધર્મમૂર્તિ બની જાય છે, તે ધર્મના સંસ્કાર તેને અસ્થિમજ્જા પર્યંત હાડોહાડ વ્યાપી જાય છે કારણ કે ઉપા. શ્રી યશોવિજયજી કહે છે કે:-

"ઉત્તમ ગુણ અનુરાગથી... સાહે૦ લહીએ ઉત્તમ ઠામ રે... ગુણ૦
ઉત્તમ નિજ મહિમા વધે... સાહે૦ દીપે ઉત્તમ ધામ રે... ગુણ૦"
"ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી"
– શ્રી દેવચંદ્રજી

તેથી કરીને તેનો ચિત્ત આશય ઉજ્જવલ થાય છે. સદ્-શુભ પરિણામવાળો થાય છે, તેની ચિત્તભૂમિકા સ્ફટિકના જેવી સ્વચ્છ ને ચોકખી થાય છે, કે જેથી તે તત્ત્વરૂપ નિર્મલ જલને ઝીલવા માટે યોગ્ય પાત્ર બને છે.

"શ્રી શીતલ જિન ભેટિયે, કરી ભક્તે ચોકખું ચિત્ત હો."
– શ્રી યશોવિજયજી

"શુદ્ધાશય પ્રભુ થિર ઉપયોગે, જે સમરે તુજ નામજી;
અવ્યાબાધ અનંતુ પામે, પરમ અમૃત રસ ધામજી."
– શ્રી દેવચંદ્રજી

અને આમ ચિત્તની પાટી ચોકખી થાય છે, ત્યારે જે તેમાં તત્ત્વશ્રવણરૂપ અક્ષર લખાય છે, ત્યારે જ જીવ તત્ત્વશ્રવણનું યોગ્ય પાત્ર બને છે.

જે જે પ્રકારે આત્મા સ્વભાવમાં- આત્મભાવમાં આવે તે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ છે. ઉપશમ, ક્ષયોપક્ષમ કે ક્ષાયિક ભાવરૂપે જે નિજગુણનું પ્રગટપણું છેવટે પૂર્ણ અવસ્થા નિપજાવે છે, તે સ્વભાવરૂપ આત્મધર્મના સાધન છે, સમકિત ગુણથી માંડીને શૈલેશી અવસ્થા સુધી જે આત્માને અનુગત-અનુસરતા ભાવ છે, તે આત્મધર્મરૂપ સાધ્યને અવલંબતા હોઈ, સંવર-નિર્જરાના હેતુ થઈ પડી ઉપાદાન કારણને પ્રગટ કરે છે, માટે તે બધાય ધર્મના પ્રકાર છે અને પછી સર્વ પ્રદેશે કર્મનો અભાવ થઈ, પૂર્ણાનંદસ્વરૂપ જે આત્મગુણની સંપૂર્ણતા થવી, સહજાત્મ સ્વરૂપની પૂર્ણ પ્રગટતા થવી, તે અનુપમ એવો સિદ્ધ સ્વભાવરૂપ ધર્મ છે. આમ સાધ્ય એવા વસ્તુધર્મનું સાધન કે સિદ્ધિ તે જ ખરો ભાવધર્મ છે.

**"સ્વામી સ્વયંપ્રભને હો જાઉં ભામણે, હરખે વાર હજાર;**
**વસ્તુધર્મ પૂરણ જસુ નીપનો, ભાવકૃપા કિરતાર... સ્વામી**
**નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્રે તિમ કાલ;**
**ભાવ ધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુ આલ... સ્વામી**
**શ્રદ્ધા ભાસન હો તત્ત્વ રમણપણે, કરતાં તન્મય ભાવ,**
**દેવચંદ્ર હો જિનવર પદ સેવતાં, પ્રગટે વસ્તુ સ્વભાવ... સ્વામી**

**– શ્રી દેવચંદ્રજી**

''જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. જીવે ધર્મ પોતાની કલ્પનાવડે અથવા કલ્પના પ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી.

માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.''

**"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય ! આરાધ્ય ! પ્રભાવ આણી;**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.**

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

**ક્ષારામ્ભસ્ત્યાગતો યદ્વન્મધુરોદકયોગતઃ;**
**બીજં પ્રરોહમાધત્તે તદ્વત્તત્ત્વશ્રુતેર્નરઃ ૬૧**

- ખારા પાણીના ત્યાગથી અને મીઠા પાણીના યોગથી જેમ બીજ પ્રરોહ પામે છે. ઊગી નીકળે છે, તેમ તત્ત્વશ્રવણથકી નર પ્રરોહને પામે છે.

**"તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઈહાં હોય બીજ પ્રરોહ;**
**ખાર ઉદક સમભવ ત્યજેજી, ગુરુ ભક્તિ અદ્રોહ... મન૦"**

**– (યો.દ.સ. ૪-૪)**

તત્ત્વશ્રવણનો મહિમા અહીં બતાવ્યો છે. આ 'તત્ત્વશ્રવણ મધુરોદકેજી' - તત્ત્વશ્રવણરૂપ મીઠા પાણીના જોગથી, અહીં બીજનો પ્રરોહ થાય છે, અંકુર ફૂટે છે. ખારું પાણી હોય તો બીજ ઊગે નહિં; પણ જો ખારું પાણી છોડી, મીઠા પાણીનો જોગ બને તો બીજ ઊગી નીકળે,- ભલે તેની મીઠાશનું સ્પષ્ટ સંચેતન વડે ભાન-જાણપણું ન હોય, તો પણ અંકુરા ફૂટી નીકળે. તે જ પ્રકારે સંસાર સમુદ્રના ખારા પાણીનો જોગ જ્યાં સુધી હોય, ત્યાં સુધી બોધનું બીજ ઊગે નહિં; પણ તે ખારૂં પાણી છોડી, તત્ત્વશ્રવણરૂપ મધુર જલનો જોગ જો બની આવે તો બોધરૂપ બીજ ઊગી નીકળે-

અત્ર 'પ્રરોહ' શબ્દ બન્ને અર્થમાં ઘટે છે. પ્રરોહ એટલે ઊગી નીકળવું તે, અથવા ઉત્તરોત્તર ચઢતી પદવી પામવી તે. તત્ત્વશ્રવણના અચિંત્ય મહાપ્રભાવથી નર ઉત્તરોત્તર પ્રરોહ-ચઢતી

કળા પર આરૂઢ થતો જાય છે, તે વાર્તા સ્પષ્ટ છે. અહીં 'નર' શબ્દનું ગ્રહણ કર્યું છે, તે મુખ્યપણે મનુષ્ય જ તત્ત્વશ્રવણનું પાત્ર બને છે, એ સૂચવવા માટે છે, કારણ કે મનુષ્ય પર્યાયમાં જ પૂર્ણ સદ્દવિવેકનો ઉદય થઈ, યાવત્ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. આવું તત્ત્વશ્રવણનું અચિન્ત્ય સામથ્રય હોય છે, આવો મોટો પ્રભાવ હોય છે.

પ.કૃ.દેવ કહે છે કે,

**"વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ;**
**ઔષધ જે ભવરોગના, કાયર ને પ્રતિકુળ"**
**"તેહ તત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;,**
**સ્વભાવની સિદ્ધિ કરે, તેજ ધર્મ અનુકુળ"**

જે યોગ-બીજોનું પૂર્વેની દષ્ટિમાં ચિતભૂમિમાં રોપણ થયું હતું, તે પરિપોષણથી વૃધ્ધિ પામે છે. એટલે પરમાત્મા અહઁત ભગવંત પ્રત્યેની ભક્તિ ''ઉતરોત્તર'' અધિક માત્રા પામતી જાય છે.

સન્માર્ગે ચઢાવનાર શ્રીમદ્દ સદ્દગુરુ ભગવાન પ્રત્યે અત્રે અત્યંત ભક્તિ ઉલ્લસે છે; ભાવ યોગી એવા ભાવાચાર્યાદિ પ્રત્યે પરમાદર યુક્ત વિનય-બહુમાન હોય છે અને તે પરમ ઉપકરી પ્રત્યે નિષ્કામ એવા શુધ્ધ આશયથી ભકતજન વિધિ પ્રમાણે યથાશક્તિ વૈયાવચ્ચ-સેવા કરે છે, તન-મન-ધનથી તેની ઉપાસનામાં તત્પર રહે છે. સત્-શાસ્ત્ર ભક્તિ–પરમ ઉપકારી એવા સન્માર્ગદર્શક સદાગમ પ્રત્યે અધિકાધિક ભક્તિ સ્ફુરતી જાય છે. સત્ શ્રુતના લેખન - પૂજન - દાન - ચિંતન - ભાવના - સ્વાધ્યાય આદિ પરમ ગૌરવ - બહુમાન યુક્તપણે અત્ર કરાય છે. ભક્તિ આદિ પરમ યોગબીજ પ્રત્યે અત્રે પરમ ઉપદિય ભાવ પ્રગે છે. તેમજ ભવ - વૈરાગ્ય - સંસાર પ્રત્યે તેના સ્વરૂપ દર્શનથી ઉપજતો સહજ વૈરાગ્ય અત્ર બળવત્તર બને છે. જન્મ-મરણાદિ

દુ:ખથી દુ:ખમય એવા સંસાર પ્રત્યે અત્યંત ઉદ્દેગ ઉપજે છે. ઇત્યાદિ યોગબીજ અત્રે પરિપોષણ પામી યોગ - અંકુરપણાને પામે છે.

**ક્ષારામ્ભસ્તુલ્ય ઈહ ચ ભવયોગોઽખિલો મત:;**

**મધુરોક્યોગેન સમા તત્વશ્રુતિસ્તથા ૬૨**

અને અહીં ખારા પાણી સરખો સકલ સંસાર યોગ માન્યો છે. તથા તત્વશ્રુતિને મધુર જલના યોગ સમાન માની છે.

સમસ્ત સંસાર યોગ-સકલ સંસારપ્રસંગ છે, તે ખારા પાણી બરાબર છે. અતત્વશ્રવણરૂપ સંસારપ્રસંગ ખારા પાણી જેવો છે. ખારા પાણીના યોગે બીજ ઊગે નહિ; બળી જાય, તેમ સંસારપ્રસંગ અથવા અતત્વશ્રવણરૂપ ખારા પાણીના યોગથી પુણ્યબીજ વા બોધબીજ ઊગે નહિં, જ્યાં લગી આ સંસાર સમુદ્રનું ખારૂં પાણી પીવાની હોંસ મનુષ્ય ધરાવે, ત્યાં લગી બોધબીજ પામવાની આશા રાખવી તે આકાશકુસુમવત્ છે. ચિત્તમાં દૃઢ વૈરાગ્યરંગ ન લાગે, ભવોદ્વેગ ન ઉપજે, ત્યાં લગી જ્ઞાનનો ઉદ્ભવ થવો સંભવતો નથી.

વિવેકીને મન તો આ સંસારસાગર ખરેખર ખારોજ લાગે છે, પ્રતિક્ષણે તેને તેવો કડવો અનુભવ થાય છે, એટલે તે ક્ષણભર પણ તે સંસારમાં રહેવાને ઇચ્છતો નથી. કારણકે તે વૈરાગ્યભાવના ભાવે છે કે,

આ સંસાર સમુદ્રમાં ઉપજતા સર્વ સંબંધો મનુષ્યોને વિપદાના સ્થાન થઈ પડે છે. આ શરીર રોગથી આક્રાંત થયેલું છે. યૌવન જરાથી આક્રાંત છે, ઐશ્વર્યનો અંતે વિનાશ છે અને જીવનના અંતે મરણ છે. આયુષ્ય ગળે છે પણ પાપબુદ્ધિ ગળતી નથી ! મોહ સ્ફુરે છે, પણ આત્માર્થ સ્ફુ સ્ફુરતો નથી ! ખરેખર આયુ તો વાયુના તરંગ જેવું તરલ-ચંચલ છે, સંપદાઓ આપદાઓ સાથે જોડાયેલી છે, સર્વ

ઈંદ્રિય વિષયો સંધ્યાસમયના વાદળાના રંગ જેવા છે, મિત્ર-સ્વજનાદિના સંગમનું સુખ સ્વપ્ન-ઈંદ્રજાલ સમાન છે.

''આ સંસાર પ્રતિ જીવે લેશમાત્ર મોહ કરવા જેવું નથી. જ્ઞાનીઓએ આ સંસારને અનંત ખેદમય, અનંત દુઃખમય, અવ્યવસ્થિત, ચળ-વિચળ અને અનિત્ય કહ્યો છે.

'ચાર ગતિરૂપ જ્યાં મોટા આવર્તો છે અને દુઃખરૂપ દાવાનલ જ્યાં પ્રજવલી રહ્યો છે. એવા આ ભવસાગરમાં પ્રાણીઓ બિચારા નિરંતર ભમી રહ્યા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પરાવર્તનો વડે આ સંસાર દુઃખથી ઠાંસી ઠાંસી ને ભરેલો છે. અનાદિ કાળથી ભ્રમણ કરતા આ જીવે ત્રસ-સ્થાવર યોનિઓમાં સર્વની સાથે સર્વ સંબંધો પ્રાપ્ત કર્યા છે. દેવલોકમાં કે મનુષ્યેલોકમાં , તિર્યંચમાં કે નરકમાં એવી એક પણ યોનિ નથી. એવું એક પણ રૂપ નથી, એવો એક પણ દેશ નથી, એવું એક પણ કુલ નથી, એવું એક પણ દુઃખ નથી, એવું એક પણ સુખ નથી, એવો એક પણ પર્યાય નથી કે જ્યાં નિરંતર ગમનાગમન કરી આ જીવ ખંડિત ન થયો હોય.

ઈત્યાદિ પ્રકારે આ વિવેકી વૈરાગ્યવંત પુરૂષ ભાવે છે. એટલે તેને સમસ્ત સંસાર સંબંધ ખારો લાગે એમાં શું નવાઈ ? અને તેથી વિરક્ત થઈ, તે આ સંસાર સમુદ્રના ખારા પાણીનો ત્યાગ કરવા પ્રવર્તે એમાં શું આશ્ચર્ય ?

વળી જે અતત્વશ્રવણ છે તે પણ ખારા પાણી સમાન છે. અનાદિ કાળથી આ જીવ અતત્વશ્રવણરૂપ ખારૂં પાણી પીધા કર્યું છે. તેથી જ તેના અંતરમાં સદ્ યોગનું બીજ રોપાયું નથી, કારણ કે મિથ્યાત્વવાસનાથી વાસિત એવું અતત્વ જ્યાં સુધી જીવ સાંભળ્યા કરે, ત્યાં સુધી જીવને સત્ સંસ્કાર ઊગે જ કેમ ? અસત્ કથા જ શ્રવણ કરી છે, પણ તેણે કદી 'સત્' સુણ્યું નથી. તેથી જ તેનું

અત્યાચારસુધી અકલ્યાણ થયું છે પણ હવે અત્રે આ દૃષ્ટિને પામતાં જીવ આ અતત્વ શ્રવણરૂપ ખારા જલને તિલાંજલિ આપે છે.

જેવો આ ખારા પાણીનો ત્યાગ થાય છે, તેની સાથે સાથે તત્વશ્રુતિ-તત્વશ્રવણરૂપ મીઠા પાણીનો જોગ બને છે, એટલે અહીં બોધબીજ ઊગી નીકળે છે. તત્વશ્રુતિદ્વારા જે તત્વશ્રવણ કહ્યું, તેમાં સદ્ગુરુનું ગ્રહણ અંતર્ભાવી છે. કારણ કે સાંભળવાની ક્રિયા તો કોઈ બોલે ત્યારે થાય, એટલે તત્વશ્રુતિના - પરમાર્થશાસ્ત્રના આશયના યથાર્થ વક્તા તો શ્રીમદ્ સદ્ગુરુ જ હોઈ, તેના શ્રી મુખે જ મુખ્ય કરીને તત્વ શ્રવણનો જોગ બની શકે છે. અથવા સદ્ગુરુ વિરહે અર્થગ્રહણરૂપ શ્રવણ પરોક્ષ સદ્ગુરુ સત્પુરુષે પ્રણીત કરેલા - વચનામૃત - પરમશ્રુત દ્વારા પણ થાય છે.

**"તત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે"**

**– શ્રી આનંદઘનજી**

**"આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;**
**પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.**
**અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;**
**તે તે નિત્યા વિચારવાં, કરી મતાંતર ત્યાજ." (આ.સિ.શા.)**

**અતસ્તુ નિયમાદેવ કલ્યાણમખિલં નૃણામ્;**
**ગુરુભક્તિસુખોપેતં લોકદ્વય હિતાવહમ ૬૩**

અને એ તત્વશ્રુતિ થકી જ મનુષ્યોને નિયમથી જ સકલ કલ્યાણ હોય છે કે જે ગુરુભક્તિના સુખથી યુક્ત અને બન્ને લોકમાં હિતાવહ-હિત કરનાર એવું હોય છે. પ.કૃ.દેવ કહે છે કે,

**"તનસેં મનસે ધનસેં સબસે, ગુરુદેવકી આન સ્વ આત્મ બસે;**
**તબ કારજ સિધ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમઘનો."**

– શ્રીમદ્ રાજચંદ્રજી

**તત્વશ્રવણ થકી જ નિયમથી જ મનુષ્યોને પરોપકાર વગેરે સકલ**

કલ્યાણની પ્રાપ્તિ થાય છે. કારણકે સત્ શાસ્ત્રના સદ્ઉપદેશ શ્રવણથી જ પરોપકાર, દયા, દાન, શીલ આદિના કલ્યાણકારી સંસ્કાર બીજ આત્મામાં રોપાય છે; અને તેથી કરીને જ તેવા પ્રકારનો નિર્મલ - ચિત્ત - આશય પ્રગટે છે. મનઃશુદ્ધિ થાય છે અને તેના પરિણામે પરોપકાર આદિ કલ્યાણપ્રદ પ્રવૃતિ સંભવે છે. ધર્મ તો શ્રુતિ વિના થઈ શકતો નથી, એટલે આપ્ત સત્પુરૂષનાં વચનમાં આદર કરવો તે હિતકારક છે, પરમ કલ્યાણકારી છે.

પ.કૃ. દેવ કહે છે કે,

"અહો ! સત્પુરુષના વચનામૃત મુદ્રા અને સત્સમાગમ, સુપુત્ર ચેતનને જાગૃત કરનાર, પડતી વૃતિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી નિર્દોષ, અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત, છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી, અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર, ત્રિકાળ જયવંત વર્તો ! ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

તે કલ્યાણ પણ ગુરુભક્તિના સુખથી યુક્ત એવું હોય છે કારણ કે શ્રી સદ્ગુરુની આજ્ઞાથી કલ્યાણ હોય છે. પરોપકારાદિ કલ્યાણ કાર્ય પણ શ્રીમદ્ સદ્ગુરુની ભગવાનની આજ્ઞાપૂર્વક કરવામાં આવે તો જ તત્વથી પરમાર્થથી વાસ્તવિક કલ્યાણરૂપ થાય છે; સ્વછંદે કરવામાં આવે તે વાસ્તવિક કલ્યાણરૂપ થતું નથી. કારણકે - ગુરુઆજ્ઞાનો ત્યાગ કર્યો એટલે ભગવાનની આજ્ઞાનો ત્યાગ કર્યો અને ભગવાનની આજ્ઞાનો ત્યાગ કર્યો એટલે કલ્યાણનો ત્યાગ કર્યો.

આવું જે ગુરુઆજ્ઞાપૂર્વક કલ્યાણ કાર્ય હોય છે, તે અનુબંધવાળું હોય છે. એટલે કે તેથી ઉત્તરોત્તર વિશિષ્ટતર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થયા જ કરે છે. પુણ્યાનુબંધી પુણ્યની ઉત્તરોત્તર ચઢતી-કળા-અભ્યુદય થયા જ કરે છે.

"આણાએ ધમ્મો, આણાએ તવો" – આચારાંગ

ગુરૂભક્તિ પ્રભાવેન તીર્થકૃદર્શનં મનમ્,
સમાપત્યાદિ ભેદેન નિર્વાણૈક નિબન્ધનમ્ ૬૪

ગુરૂભક્તિના પ્રભાવથી સમાપતિ આદિ ભેદ કરીને તીર્થંકર દર્શન માન્યું છે. કે જે મોક્ષનું એક નિબંધન-કારણ છે.

પ.કૃ.દેવ કહે છે કે,

"પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન;
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તેહ ઉપજવા પૂર્વિત ભાગ્ય"

જે ગુરૂભક્તિ કહી તેનો મહાપ્રભાવ-માહાત્મ્ય-સામર્થ્ય અત્ર બતાવ્યું છે. ગુરૂભક્તિના પ્રભાવથી શ્રી તીર્થંકરનું દર્શન પ્રાપ્ત થાય છે, એમ સત્પુરુષોનું માનવું છે. તે કેવી રીતે ? સમાપત્તિ વગેરેનું ભેદથી તે દર્શન સાપડે છે. સમાપત્તિ એટલે ધ્યાનથી સ્પર્શના, પ્રભુના સ્વરૂપની અર્થાત્ શુધ્ધ આત્મસ્વરૂપની ફરસના થવી તે. તીર્થંકરનું દર્શન છે, તે મોક્ષનું એક અદ્વિતીય કારણ છે. અમોધ-અચૂક એવું અસાધારણ કારણ છે.

સદ્ગુરુની ભક્તિથી-સેવાથી-ઉપાસનાથી શ્રી જિનેશ્વર ભગવંતનું સ્વરૂપ સમજાય છે. તેમનું સ્વરૂપદર્શન થાય છે, જેથી અમોઘ મોક્ષફળ અવશ્ય મળે છે. સદ્ગુરુની દોરવણી વિના અથવા સદ્ગુરુએ અર્પેલા દિવ્ય આંતર ચક્ષુ વિના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. પણ જે સદ્ગુરુના ચરણ સેવે છે તે વિનયવંત -શિષ્ય સદ્ગુરુના નયનથી દિવ્ય નયન પામી જિનસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે. આમ અતીંદ્રિય એવા પ્રભુના શુદ્ધ સહજાનંદ સ્વરૂપનું દર્શન સદ્ગુરુએ અર્પેલા દિવ્ય નયનદ્વારા થાય છે.

સમાપત્તિ એટલે ધ્યાનદ્વારા સ્પર્શના. જેનું ધ્યાન કરવામાં આવે છે તેના સ્વરૂપનું ધ્યાનથી સ્પર્શન-અનુભવન થવું. તદ્રૂપતાની સમ્યક આપત્તિ-પ્રાપ્તિ થવી, તદ્રૂપપણું પામવું તે

સમાપત્તિ. અથવા જેનું ધ્યાન કરવામાં આવે છે. તેના સ્વરૂપની સમ-તુલ્ય આપત્તિ પ્રાપ્તિ થવી. તેની સમાન તદ્રૂપ આત્માનુભવ થવો તે સમાપત્તિ.

આ સમાપત્તિ થવામાં ત્રણ મુખ્ય આવશ્યક શરત છે. (૧) પ્રથમ તો સ્ફટિક રત્નની જેમ ચિત્ત ક્ષીણવૃત્તિવાળું નિર્મલ હોવું જોઈએ. એમ હોય તો જ સમાપત્તિ થવાની યોગ્યતા પ્રાપ્ત થાય. (૨)એક ફૂલની પાસે મૂકેલા સ્ફટિકની જેમ, ભાવવામાં આવતા વિષય પ્રત્યે ચિત્તનું સ્થિર–એકાગ્રપણું થવું જોઈએ. આ ન હોય તો સમાપત્તિ થાય જ કેમ ? અને (૩) પછી ફૂલની રંગ-છાયા સ્ફટિકમાં પડે, તેમ તન્મયપણું થવું જોઈએ. ધ્યાન વિષયનો દૃઢ ભાવરંગ લાગી જવો જોઈએ. આમ થાય ત્યારે જ સમાપત્તિ થાય.

જ્યારે ચિત્ત નિર્મલ-ક્ષીણવૃત્તિવાળું, સ્ફટિક જેવું પારદર્શક સ્વચ્છ થઈ જાય, ત્યારે તે અન્ય વૃત્તિ પ્રત્યે દોડતું નહિ હોવાથી સ્થિર થઈ એકાગ્રપણું પામે; અને આમ જ્યારે તે એકાગ્રપણું પામે ત્યારે જ તે તન્મય ભાવને પામે. તાત્પર્ય કે ચિત નિર્મલ થાય તો સ્થિર થાય ને સ્થિર થાય તો તન્મય થાય. આમ સમાપત્તિનો ઉપક્રમ છે.

**"જો જાણઈ અરહંતે દવ્વત્તગુણતપજ્જયત્તેહિં;**
**સો જાણઈ અપ્પાણં, મોહો ખલુ જાઈ તસ્સ લય.**

**– શ્રી પ્રવચનસાર**

જે અર્હંતને (શુધ્ધ આત્માને) સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણે છે, તે જ સ્વ આત્માને જાણે છે અને તેનો મોહ નિશ્ચય લય પામે છે.

પરમાત્માની સમાપત્તિ થાય છે તેનું કારણ એમ છે કે જીવમાં પોતાની અંતરંગ ઉપાદાનભૂત તેવી પરમાત્મ શક્તિ રહેલી છે. તેની વ્યક્તિ અર્થાત્ પ્રગટપણું પરમાત્માના તેવા પ્રકારે

ધ્યાનરૂપ સામગ્રી સંયોગથી હોય છે. પ્રગટ પરમાત્માનું ધ્યાનલંબનરૂપ નિનિત્ત પામી જીવની તે ઉપાદાન શક્તિ પ્રગટ પરમાત્મપણે પરિણમે છે.

(૧) કાયામાં જેને આત્મબુધ્ધિ છે અને તેથી 'હું સ્થૂલ હું કૃશ' ઈત્યાદિ પ્રકારે જે પ્રતીત થાય છે, તે બહિરાત્મા છે. (૨) કાયાદિકમાં જેને આત્મબુધ્ધિ નથી પણ આત્મામાં જ આત્મબુધ્ધિ છે, એટલે કાયાદિકમાં જે સાક્ષી રૂપ રહી તેનો અધિષ્ઠાતા થઈને રહે છે, તે અંતરાત્મા છે. (૩) જ્ઞાનાનંદે જે પૂર્ણ પાવન અને સર્વ ઉપાધિથી રહિત છે અને જે અતીંદ્રિય ગુણ રત્નના ભંડાર છે તે પરમાત્મા છે. આ ત્રણ પ્રકારના આત્મામાં બહિરાત્મા ધ્યાનનો અનધિકારી હોઈ ધ્યાતા થઈ શકતો નથી. અંતરાત્મા અધિકારી હોઈ ધ્યાતા હોય છે. અને પરમાત્મા તો ધ્યાનમાં ભાવવા યોગ્ય એવા ધ્યેય છે. બહિરાત્મભાવ ત્યજી, અંતરાત્મરૂપ થઈ, સ્થિર ભાવે પરમાત્માનું જે આત્મારૂપ ભાવવું, તે જ સમાપત્તિનો વિધિ છે, આત્મ અર્પણનો દાવ છે.

આ સર્વ પરથી ફલિત થાય છે કે બહિરાત્મા-અંતરાત્મામાં શક્તિથી પરમાત્માપણું છે, તેથી યથાયોગ્ય કારણયોગે તેની વ્યક્તિનો - આવિર્ભાવનો સંભવ છે. એટલે કે બહિરાત્મભાવ ત્યજી દઈ, નિર્મલ ને સ્થિર થયેલો અંતરાત્મા જો પરમેશ્વર-પરમાત્માનું એકાગ્ર ધ્યાન કરે, તો તેના અવલંબને ધ્યાતા ને ધ્યેયનો અભેદ થાય, અર્થાત્ ધ્યાન કરનાર પોતે જ ધ્યેય એવા પરમાત્મસ્વરૂપ થઈ જાય, ધ્યેયની સમાપત્તિ થાય અને સાધ્યની અખંડ સિધ્ધિ સાંપડે.

**"તારું ધ્યાન તે સમક્તિરૂપ, તેહી જ જ્ઞાન ને ચારિત્ર તે જ છેજી,**
**તેથી જાયે સઘળા હો પાપ, ધ્યાતા ધ્યેયે સ્વરૂપ હોયે પછેજી"**

**– શ્રી યશોવિજયજી**

આમ તત્વના સાધર્મ્યથી અંતરાત્માને પરમાત્માની સમાપત્તિ થાય છે. જે જેને ધ્યાવે તે તેવો થાય, એવો નિયમ છે. શ્રી આનંદઘનજી કહે છે કે,

**"જિન થઈ જિનને જે આરાધે, તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે...**
**ષટ્દરિશણ જિન અંગભણીજે."**

જિન થઈને એટલે સાંસારિક ભાવને વિષેથી આત્મભાવ ત્યાગીને, જે કોઈ જિનને એટલે કૈવલ્યજ્ઞાનીને, વીતરાગને આરાધે છે, તે નિશ્ચયે જિનવર એટલે કૈવલ્યપદે યુક્ત હોય છે.

પ.કૃ.દેવ કહે છે કે,

**"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વિણ ઉપકાર શ્યો ? સમજ્યે જિનસ્વરૂપ"** (આ.સિ.શા)

**સમ્યગ્ઘેત્વાદિભેદેન લોકે યસ્તત્વનિર્ણય:;**
**વેદ્યસંવેદ્યપદત : સૂક્ષ્મબોધ : સ ઉચ્યતે: ૬૫**

સમ્યક્ હેતુ વગેરે ભેદે કરીને, લોકમાં જે વેદ્યસંવેદ્ય પદ થકી તત્વ નિર્ણય થાય છે તે સૂક્ષ્મ બોધ કહેવાય છે.

**"સૂક્ષ્મબોધ તોપણ ઈહાંજી, સમક્તિ વિણ ન હોય;**
**વેદ્યસંવેદ્ય પદે કહ્યો જી, તે ન અવેદ્યે જોય...મનમોહન.**
**– (શ્રી યો.દ.સ.૪-૫)**

સૂક્ષ્મ બોધ હજુ આ દૃષ્ટિમાં ન હોય. વેદ્યસંવેદ્યપદ થકી જે સમ્યકપ્રકારે તત્વનિર્ણય કરવામાં આવે, એટલે કે પરમાર્થનો પરિચ્છેદ કરાય, પરમાર્થનું પરિજ્ઞાન થાય, તેને 'સૂક્ષ્મ બોધ' કહ્યો છે.

કોઈપણ તત્વનો નિર્ણય કરવો હોય, તો તે કામ સાચા પંડિત જનોનું છે, કારણકે તેઓ જ તત્વનો - પરમાર્થનો નિર્ણય

કરવાને સમર્થ હોય છે. તેઓ સર્વ આગ્રહથી પર હોઈ, તત્વની મધ્યસ્થપણે ન્યાય-પદ્ધતિથી ચકાસણી કરે છે.

આમ વિદ્વજ્જનો હેતુથી, સ્વરૂપથી અને ફલથી તત્વનો સમ્યક્ યથાસ્થિત, અવિસંવાદી એવો નિર્ણય કરે છે. પરમાર્થનો સુવિનિશ્ચય કરે છે; અને તે કરી શકે છે તેનું કારણ વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ છે. વેદ્ય એટલે જાણવા યોગ્ય જ્યાં સંવેદાય છે, સમ્યક્ પ્રકારે જણાય છે, અનુભવાય છે, તે વેદ્યસંવેદ્યપદ કહેવાય છે. આવો જે વિસંવાદી તત્વનિર્ણય વેદ્યસંવેદ્ય પદથી થાય છે, તેને જ 'સૂક્ષ્મ બોધ' એવું નામ આપવામાં આવ્યું છે.

**ભવામ્ભોધિસમુત્તારાત્કર્મવજ્ર વિભેદતઃ;**
**જ્ઞેયવ્યાપ્તેશ્ચ કાર્ત્સ્ન્યેન સૂક્ષ્મત્વં નાયમત્રતુ. ૬૬**

ભવસમુદ્રના તરવા થકી, કર્મરૂપ વજ્રના વિભેદ થકી, અને જ્ઞેય વ્યાપ્તિના સંપૂર્ણપણા થકી સૂક્ષ્મપણું હોય છે. પણ (આવો) આ સૂક્ષ્મ બોધ અત્રે આ દૃષ્ટિમાં હોતો નથી.

ઉપરમાં જે બોધેનું સૂક્ષ્મપણું કહ્યું,તે શા કારણથી હોય છે, તે અત્રે વિવર્યુ છે. (૧)સંસારસાગરના નિસ્તારને લીધે. (૨)તથા કર્મરૂપ વજ્રના વિભેદને લીધે. તથા (૩) અનંત ધર્માત્મક એવું જે જ્ઞેય વસ્તુતત્વ તેના સંપૂર્ણપણાને લીધે સમગ્રપણાને લીધે આ સૂક્ષ્મપણું કહ્યું છે.

જ્યારે આવો સૂક્ષ્મ બોધ ઉપજે છે. ત્યારે જીવ અનંત અપાર એવો ભવસાગર તરી જાય છે. તેનો ભવનિસ્તાર થાય છે. સંસારસમુદ્ર ગોષ્પદ જેવો સુખેથી ઓળંગી જવાય એવો બની જાય છે. આમ આ સૂક્ષ્મ બોધ ભવનિસ્તાર કરે છે. કારણ કે તે લોકોત્તર પ્રવૃત્તિનો હેતુ થઈ પડે છે. અથવા તો જ્યારે જીવનો ભવનિસ્તાર થવાનો હોય છે, જીવ જ્યારે ભવસમુદ્રના કાંઠા પાસે આવી પહોંચે છે, ત્યારે લોકોત્તર પ્રવૃત્તિનો હેતુભૂત એવો આ સૂક્ષ્મબોધ પ્રાપ્ત થાય છે.

આમ ભવસમુદ્રના નિસ્તારને લીધે. કર્મવજ્રના વિભેદને લીધે, તથા જ્ઞેય વસ્તુતત્વના સમગ્રપણે ગ્રહણને લીધે- આ બોધનું સૂક્ષ્મપણું કહ્યું છે. પરંતુ આવા સૂક્ષ્મપણાવાળો બોધ હજુ આ દૃષ્ટિમાં પ્રગટતો નથી.

**અવેદ્યસંવેદ્યપદં યસ્માદાસુ તથોલ્બણમ્**
**પક્ષિચ્છાયાજલચરપ્રવૃત્ત્યાભમતઃ પરમ્ - ૬૭**

કારણકે આ પહેલી ચાર દૃષ્ટિઓમાં અવેદ્યસંવેદ્ય પદ તથા પ્રકારે· ઉલ્બણ પ્રબળ હોય છે;અને આનાથી બીજું એવું જે વેદ્યસંવેદ્ય પદ છે, તે તો અહીં પંખીના પડછાયામાં જલચરની પ્રવૃત્તિ જેવું હોય છે.

જેમ આકાશમાં પંખી ઉડતું હોય, તેનો પડછાયો પાણીમાં પડે અને તે પડછાયાને પંખી જાણી કેઈ જલચર તેને પકડવાની ચેષ્ટા કરે-તેની પાછળ દોડે,પણ તેના હાથમાં કાંઈ આવતું નહિં હોવાથી તે ચેષ્ટા જેમ નિષ્ફળ - મિથ્યા જાય; તેમ આ ચાર દૃષ્ટિઓમાં પણ વેદ્ય સંવેદ્ય પદ તે જલચરની પડછાયા પાછળ દોડવારૂપ ખોટી નિષ્ફળ પ્રવૃત્તિ જેવુ હોઈ, યથાર્થ, તાત્ત્વિક હોતું નથી. મિથ્યા પડછાયારૂપ હોય છે. માત્ર તદાભાસરૂપ હોય છે. કારણકે હજુસુધી અત્ર ગ્રંથિભેદ થયો નથી. એટલે તાત્વિક વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ હોતી નથી, પણ અતાત્ત્વિક એવું વેદ્યસંવેદ્યપદ અત્રે આ મિત્રાદિ પહેલી ચાર દૃષ્ટિમાં હોય છે. અને તે પણ છેલ્લા યથાપ્રવૃતકરણવડે કરીને જ સાંપડે છે.

**"ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;**
**વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી.**
**સેવો ભવિયા વિમલ જિણેસર" – શ્રી યશોવિજયજી**

આ પહેલી ચાર દૃષ્ટિઓમાં જીવને જે કાંઈ તત્વજ્ઞાનનો બોધ થતો દેખાય છે, તે માત્ર ઉપરછલો, સ્થૂલ પ્રકારનો હોય છે, સૂક્ષ્મ હોતો નથી.

પ.કૃ.દેવ કહે છે કે,

**"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;**
**તે કહીયે જ્ઞાનીદશા બાકી બીજી ભ્રાંત"**
**સકળ જગતને એંઠવત્, અથવા સ્વપ્ન સમાન;**
**તે કહીયે જ્ઞાનીદશા બાકી વાચાજ્ઞાન. – (આ.સિ.શા.)**

**અપાયશક્તિમાલિન્યં સૂક્ષ્મબોધવિબંધકૃત્**
**નૈતદ્વતોડયં તતત્વે કદાચિદુપજાયતે ૬૮**

અપાય શક્તિનું મલિનપણું સૂક્ષ્મબોધને પ્રતિબંધ કરનારું છે. તેથી કરીને આ અપાયશક્તિના મલિનપણાવાળાને તત્વવિષયમાં આ સૂક્ષ્મ બોધ કદી ઉપજતો નથી.

આ મિત્રાઆદિ ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્ય પદ પ્રબળ હોય છે, વેદ્યસંવેદ્ય પદ હોતું નથી, તેથી કરીને સૂક્ષ્મ બોધ અત્ર હોતો નથી તેનો સ્પષ્ટ ખુલાસો કર્યો છે. નરક વગેરે અપાયનું જે શક્તિરૂપ મલિનપણું છે, તે સૂક્ષ્મ બોધનો - પ્રતિબંધ કરનારું, રોધનારુ - અટકાવનારુ છે કારણ કે નરક વગેરે આપે એવા અપાયહેતુઓનું - ક્લિષ્ટ કર્મના કારણોનું આ સેવનરૂપ ક્લિષ્ટ બીજ હજુ અહીં સત્તામાં છે, શક્તિરૂપે રહ્યું છે. 'નિરુપક્રમ નામથી ઓળખાતુ એવું પૂર્વ કર્મ જ અપાય છે એમ નિરપાય પુરુષો કહે છે; આ અપાયરૂપ વિચિત્ર કર્મ પાપ આશય ઉપજાવે છે.

પાપ આશય ઉપજાવનાંરૂ આ અપાયરૂપ ક્લિષ્ટ કર્મનું બીજ જ્યાં સુધી શક્તિરૂપે પણ હોય છે ત્યાં સુધી તે સૂક્ષ્મબોધ ઉપજવા દેતું નથી; કારણકે તે ચિત્તનું એવું મલિનપણું ઉપજાવે છે કે તેમાં સૂક્ષ્મ બોધનો અંતઃપ્રવેશ થઈ શકતો નથી.

જેમ ચીકાશવાળી સપાટી પર પાણી ઠરતું નથી, તેમ ક્લિષ્ટ કર્મમલથી ચીકણી ચિત્તભૂમિ પર સૂક્ષ્મ બોધરૂપ નિર્મલ જલ ઠરતું

નથી - પ્રવેશતું નથી કારણકે તે શક્તિરૂપ રહેલું અપાય - બીજ પણ જ્યાં સુધી હોય, ત્યાં સુધી તે ક્યારે વ્યક્ત સ્વરૂપે ફૂલીફાલી આત્માના સ્વાસ્થ્યને બગાડી નાંખશે, તે કળી શકાતું નથી. અપાયશક્તિનું મલિનપણું ખરેખર ! અપાયરૂપ જ થઈ પડે છે. કારણ કે તેના થકી અપાય (અપ + આય) થાય છે. આવેલો લાભ હાથમાંથી ચાલ્યો જાય છે. એટલે કે જે કાંઈ બોધનો લાભ થાય, તે સૂક્ષ્મબોધરૂપ ઈષ્ટ પરિણામ આપ્યા વિના ચાલ્યો જાય છે. સૂક્ષ્મબોધની પ્રાપ્તિ હોતી નથી. તો પણ આ મિત્રાદિ ચાર દૃષ્ટિમાં તત્વસંબંધી સ્થૂલ બોધ તો અવશ્ય હોય છે. આગળ ઉપર ભાવી શુભ ફળ પરિણામનું એટલે કે ભાવી સૂક્ષ્મ બોધનું કારણ થઈ પડે છે.

**'સૂક્ષ્મ બોધ તોપણ ઈહાંજી, સમકિત વિણ ન હોય." – યો. દ. સ.**

**અપાયદર્શનં તસ્માચ્છ્રુતદીપાન્ન તાત્ત્વિકમ્**

**તદાભાલંબનં ત્વસ્ય તથા પાપે પ્રવૃતિત્તઃ ૬૯**

તેથી કરીને શ્રુતરૂપ દિપકથી એનું અપાય દર્શન તાત્ત્વિક હોતુ નથી, પણ એને તેની આભાનું - તદાભાસનું અવલંબન હોય છે, કારણકે તેવા પ્રકારે પાપમાં એની પ્રવૃતિ હોય છે.

આમ અપાયશક્તિના મલિનપણાને લીધે સ્થૂલ બોધ અત્રે હોય છે, પણ સૂક્ષ્મબોધ નથી હોતો, તેથી કરીને આ દૃષ્ટિવાળાને અપાયદર્શન એટલે કે કિલષ્ટ કર્મદોષનું જે દર્શન થાય છે તે પરમાર્થિક હોતું નથી, પરંતુ તત્વના પરમાર્થના આભાસરૂપ હોય છે.

શ્રુતરૂપ દીવો મોહાંધકાર ભર્યા આ લોકમાં સર્વ પદાર્થનું યથાર્થ દર્શન કરાવે છે. અને આત્મસ્વરૂપને અપાય-હાનિ પહોંચાડનાર એવા કિલષ્ટ કર્મરૂપ અપાયનું સમગ્ર સ્વરૂપ દેખાડી તે કર્મદોષને કેમ દૂર કરવો તેનો સાચો રસ્તો બતાવે છે. જેમકે - આ આત્મા સ્વરૂપથી શુધ્ધ,બુધ્ધ, ચૈતન્યઘન સ્વયંજ્યોતિને

સુખધામ છે. પણ અજીવરૂપે જડ કર્મના દોષથી તેનું તે શુધ્ધ સ્વરૂપ ઢંકાઈ ગયું છે. અવ્રત - વિષય - કષાય આદિથી તે કર્મનો આશ્રવ થાય છે ને પછી બંધ થાય છે. દશવિધ ધર્મ આદિ સંવરથી નવાં કર્મો આવતા અટકી જાય છે, ને તપથી જૂના કર્મોની નિર્જરા થાય છે. આમ સર્વ કર્મોનો ક્ષય થયે, આત્માના શુધ્ધ સ્વભાવના પ્રગટપણારૂપ મોક્ષ થાય છે.

પ.કૃ.દેવ કહે છે કે,

**"કર્મ ભાવ અજ્ઞાન છે, મોક્ષ ભાવ નિજ વાસ;**
**અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ.**
**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;**
**જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.**
**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદકદશા, મોક્ષપંથ ભવ અંત.**
**મોક્ષ કહ્યો નિજ શુધ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.**
**શુધ્ધ બુધ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;**
**બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ." – (આ.સિ.શાસ્ત્ર)**

સદાગમરૂપ દીપક તત્વનું સમ્યક્ સ્વરૂપ પ્રકાશે છે. કર્મ - આત્માનો સંબંધ દર્શાવી તે કર્મ-અપાય દૂર કરવાનો શુધ્ધ માર્ગ સ્પષ્ટપણે દેખાડે છે. તથાપિ આ જીવની તેવા સૂક્ષ્મ બોધની ઊણપને લીધે તેને યથાર્થ તત્વદર્શન થતું નથી.

એટલે તેનો આ સ્થૂલ બોધ પરમાર્થાભાસરૂપ હોય છે, પડછાયા જેવો (Shadow - like) હોય છે. ખરેખરી અંતઃ પ્રતીતિરૂપ હોતો નથી. કારણકે આ દૃષ્ટિમાં વર્તતો જીવ હજુ

અજાણતાં નાનાવિધ પાપમાં પ્રવૃતિ કરે છે, તેથી કરીને એમ જણાય છે કે હજુ તેને નરકાદિ અપાયનું તત્વથી દર્શન થયું નથી.

**અતોઽન્યદત્તરાસ્વસ્માત્પાપે કર્માગસોઽપિ હિ;**
**તપ્તલોહપદન્યાસતુલ્યા વૃતિ : કવચિદ્યદિ ૭૦.**

આ અવેદ્યસંવેદ્ય પદથી અન્ય એવું જે વેદ્યસંવેદ્ય પદ છે. તે પાછલી ચાર દષ્ટિમાં હોય છે અને આ વેદ્યસંવેદ્ય પદને લીધે, કર્મના અપરાધથી પણ પાપમાં જો કવચિત્ પ્રવૃતિ હોય, તો તે પણ તપેલા લોઢા પર પગ મૂકવા જેવી હોય છે.

**"એ પદ ગ્રંથિ વિભેદથીજી, છેલ્લી પાપ પ્રવૃત્તિ;**
**તપ્તલોહપદધૃતિ સમીજી અંતસમય નિવૃતિ મનમોહન.**

– (યો.દ.સ.૪-૭)

જે અવેદ્યસંવેદ્ય પદ કહ્યું તેનાથી બીજુ એવું જે વેદ્યસંવેદ્ય પદ છે તે સ્થિરા વગેરે પાછલી ચાર દષ્ટિઓમાં હોય છે. અને આ વેદ્યસંવેદ્યપદના પરમ પ્રભાવથી આ દષ્ટિવાળો જોગીજન અપાયમાં અથવા પાપમાં પ્રાયે પ્રવૃતિ કરતો જ નથી; અને પૂર્વે કર્મના દોષે કરીને પણ જો કવચિત્ કરે, તો તેની તે પાપ પ્રવૃત્તિ, તપ્તલોહપદન્યાસ જેવી એટલે કે તપેલા લોઢા પર પગ મૂકવા જેવી હોય છે. જેમ તપેલા લોઢા પર પગ મૂકતાં તરત જ આંચકો અનુભવાય છે, પગ ત્યાં ઝાઝો વખત સ્થિતિ કરતો નથી, તરત જ આપોઆપ પાછો ખેંચી લેવાય છે; તેમ આ દષ્ટિવાળો મહાત્મા સમ્યગ્દષ્ટિ પુરૂષ એટલો બધો પાપભીરુ હોય છે, એટલો બધો પાપથી ડરતો રહે છે,કે કવચિત્ કર્મના અપરાધને લીધે પણ જો જાણતાં-અજાણતાં પણ તેની હિંસાદિ પાપમાં કંઈ પ્રવૃતિ થઈ જાય, તો તે તરત એકદમ આંચકો અનુભવે છે, પાપમાં તે ઝાઝો વખત ટકતો નથી, ત્યાંથી તે તત્ક્ષણ જ પાછો વળી જાય છે-પ્રતિક્રમી જાય છે.

તે પ્રવૃતિ અત્યંત નીરસપણે - અંતરંગ ખેદપણે કરે છે. આત્મભાવથી તો કરતો જ નથી; નિર્ધ્વંસ પરિણામથી કરતો નથી, પૂર્વ કર્મથી પ્રેરાઈને પરાણે - ન છૂટકે કરવી પડે તો કરે છે. આ સમ્યગ્દૃષ્ટિ જીવ કાયાપાતી જ હોય છે. એટલે કે કાયા માત્રાથી જ તે કવચિત્ પાપમાં પડે-પાપક્રિયા કરે; પણ તે ચિત્તપાતી તો હોતો જ નથી, ચિત્તથી તો તેનું કદી પાપમાં પતન થતું જ નથી કારણ કે સમ્યગ્દૃષ્ટિ પુરુષનું ચિત મોક્ષમાં હોય છે ને શરીર સંસારમાં હોય છે. 'મોક્ષે ચિતં ભવે તનું; એટલે તેનો સર્વ જ યોગ-ધર્મ અર્થાદિ સંબંધી વ્યાપાર યોગરૂપ જ હોય છે.

''શ્રી કૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય; અને જ્યાં સુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. સમ્યગ્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, તે પૂર્વે નિબંધન કરેલા એવા પ્રારબ્ધ કર્મથી દેખાય છે. વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહિં. પૂર્વ કર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે. જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યગ્દૃષ્ટિપણું તે જીવને હોય છે. પ.કૃ.દેવ કહે છે કે ''અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયા સંભવે નહિં, એમ જે કહેવાય છે તે યથાર્થ છે. પરમાર્થ માર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષનું હોય છે. (પત્રાંક - ૩૭૫)

આમ સમ્યગ્દષ્ટિ પુરુષની સમસ્ત સંસાર ચેષ્ટા, ભાવ પ્રતિબંધ વિનાની હોય છે, અનાસકત ભાવવાળી હોય છે. આનું ઉત્તમ દૃષ્ટાંત શ્રી જિનેશ્વર ભગવાન છે. તેઓ ગૃહસ્થાવાસમાં હતા ત્યારે પણ પરમ વૈરાગ્યથી વાસિત હતા. ભોગી છતાં યોગી હતા, સંસારમાં અનાસકતભાવે જલકમલવત્ નિર્લેપ રહ્યા હતા. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે કે,

**"રાગ ભરે જન મન રહો, પણ તિંહુ કાળ વૈરાગ;**

**ચિત્ત તમારા રે સમુદ્રનો, કોઈ ન પામે હો તાગ... શ્રી શ્રેયાંસ કૃપા કરો."**

**"સમ્મદિટ્ઠી જીવો જઈવિ હું પાવં સમાયરે કિંચિ;**

**અપ્પોસિ હોઈ બંધો જેણ ન નિદ્ધંધસં કુણઈ" –(વંદિતુ સૂત્ર)**

સમ્યગ્દષ્ટિ જીવ પ્રાયે પાપ આચરે જ નહિં, અને કદાચને પૂર્વ કર્મની પ્રેરણાથી- પ્રારબ્ધ ઉદયથી તે કિંચિત્ માત્ર પણ કવચિત્ આચરે, તો તે નિર્ધ્વંસ પરિણામથી તો તેમ કરે જ નહિં, તેથી કરીને તેને બંધ પણ અલ્પ હોય છે. તે પાપકર્મ આચરતાં પણ તેને તપાવેલા લોઢા પર પગ મૂકવાની જેમ એકદમ આચકો લાગે છે, અરેરાટી એઉપજે છે, ને હૃદયના ઊંડાણમાંથી ચિત્તના સાચા ભાવથી અત્યંત ખેદ થાય છે. કારણ કે જેણે સમક્તિ અમૃત રસનો લેશ પણ સ્વાદ ચાખ્યો, તેને બાકસબુક્સ જેવા બીજા રસ કેમ ગમે ?

**વેદ્યસંવેદ્યપદતઃ સંવેગાતિશયદિતિ;**

**ચરમૈવ ભવત્યેષા પુનર્દુર્ગત્યયોગતઃ ૭૧**

- વેદ્યસંવેદ્ય પદથકી સંવેગાતિશયને લીધે, આ પાપ પ્રવૃતિ છેલ્લી જ હોય છે, કારણ કે (તેને) ફરીને દુર્ગતિનો યોગ હોતો નથી.

વેદ્યસંવેદ્ય પદવાળાને કદાચ પાપપ્રવૃતિ જો થાય, તો તે

તપેલા લોઢા પર પગ મૂકવા જેવી હોય છે, એટલે કર્મદોષ વશે તે કરતાં તેને અંતરંગ ખેદ-પશ્ચાતાપરૂપ તીવ્ર બળતરા થાય છે. વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થઈ હોવાને લીધે જ આવી પ્રવૃત્તિ હોય છે. આ વેદ્યસંવેદ્યપદ (સમ્યગ્દર્શન) ગ્રંથિભેદથી પ્રાપ્ત થાય છે. તેનું સ્વરૂપ નીચે કહેવામાં આવશે. 'અત્યંત દારુણ એવી કર્મગ્રંથિને શુભ ભાવ વડે ભેદી નાંખીને કદાચિત્ કોઈક જ તે દર્શનને પામે છે.

આ સંવેગાતિશય પણ વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિનું ફળ પરિણામ છે. કારણ કે સમ્યગ્દર્શન થતાં, ભવસાગરનું સાચેસાચું સ્વરૂપ પ્રતીત થાય છે, સંસારનું દારુણ અનંત દુઃખમય સ્વરૂપ સાક્ષાત્ જણાય છે; અને આત્માનું અનંત સુખમય સ્વરૂપ પ્રત્યક્ષ પ્રગટ અનુભવગોચર થાય છે. એટલે કે જીવ આવા દુઃખમય ભયરૂપ સંસારમાં રમતો નથી. સમ્યગ્દૃષ્ટિ મુમુક્ષુ જીવ પણ સંવેગથી-અત્યંત વેગથી તે સંસારથી ભડકીને ભાગે છે. ક્ષણભર તેને સંસારની મોહિની રુચિકર લાગતી નથી. પ.કૃ. દેવનું પરમ સંવેગભાવમય વચનામૃત છે કે :

''હે નાથ ! સાતમી તમતમપ્રભા નર્કની વેદના મળી હોય તો વખતે સમ્મત કરત પણ જગતની મોહિની સમ્મત થતી નથી.''

સંવેગ એટલે અત્યંત મોક્ષાભિલાષ, તીવ્ર મુમુક્ષુપણુ, સમ્યગ્દૃષ્ટિ પુરુષે સહજ આત્મસ્વરૂપનો પરમાનંદમય રસાસ્વાદ કર્યો છે, અદ્‌ભૂત સમકિત અમૃતરસ ચાખ્યો છે. એટલે સ્વાભાવિક રીતે જ તેની સહજ આત્મ પરિણતિ અત્યંત સંવેગથી-અત્યંત અત્યંત વેગથી સહજાત્મ સ્વરૂપે સ્થિતિરૂપ મોક્ષ ભણી દોડે છે. એટલે કે જેમ બને તેમ ત્વરાથી સમસ્ત સંસારબંધનથી છૂટી, સકલ કર્મજાલમાંથી મુક્ત થઈ, આત્મસ્વભાવરૂપ મોક્ષ પામવાની તેને ઉત્કટ-અતિશય ઈચ્છા હોય છે.

મોક્ષાભિલાષરૂપ સંવેગ હોવાથી, ઉપલક્ષણથી તે મોક્ષના સાધનરૂપ- કારણરૂપ અર્હદ્‌ભક્તિ-વાત્સલ્ય વગેરે સત્‌ સાધન પ્રત્યે પણ સંવેગ-પરમ રુચિભાવ ધરાવે છે. કારણ કે કારણથી જ કાર્યનિષ્પતિ-કાર્ય સિદ્ધિ થાય છે, એવો અખંડ સનાતન સિદ્ધાંત, ત્રિકાલાબાધિત નિશ્ચલ નિશ્ચય તે હૃદયમાં અવધારે છે. સંવેગથી-અત્યંત વેગથી, પૂર્ણ ઉત્સાહથી, પરમ આત્મોલ્લાસથી અત્યંત ચિત્તપ્રસન્નતાથી પ્રવર્તે છે. અને જેમ પાણીનું પૂર રોક્યું રોકાતું નથી, તેમ સમ્યગ્દૃષ્ટિનો આ સત્‌ સાધન પ્રત્યેનો અત્યંત વેગ-સંવેગ-અદમ્ય ઉત્સાહ રોક્યો રોકાતો નથી.

આમ વેદ્યસંવેદ્ય પદના પ્રતાપે સંવેગની પ્રાપ્તિ હોય છે. વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થઈ હોવાથી, તથા સંવેગાતિશય ઉપજ્યો હોવાથી પાપપ્રવૃત્તિ કદાચ હોય તો હોય; અને તે પણ ચરમ એટલે છેલ્લી જ. છેવટની જ હોય છે, હવે પછી ભવિષ્યમાં કોઈ કાળે તેનાથી તેવી પાપપ્રવૃત્તિ ફરીથી થવી સંભવતી નથી.

આ પાપ પ્રવૃત્તિ છેલ્લી જ કહી, તેનું કારણ એ છે કે ત્યાર પછી પુનઃ કદી પણ દુર્ગતિનો-માઠી ગતિનો તે સમ્યગ્દૃષ્ટિ પુરુષને યોગ થવાનો નથી. અત્રે શ્રીમાન્‌ શ્રેણિક રાજાનું ઉદાહરણ સુપ્રસિદ્ધ છે. તે મહાનુભાવ મહાત્માને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું, છતાં પર્વ કર્મ પ્રયોગથી-પ્રારબ્ધવશે કરીને તેમની છેલ્લી પાપપ્રવૃત્તિ હતી, વ્રત-પચ્ચખાણ આદિ તે ગ્રહી શકતા ન્હોતા, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હતા. અને જો કે સમ્યગ્દર્શન પૂર્વે બાંધેલા આયુકર્મના પ્રભાવે તેમને નરકગતિની પ્રાપ્તિ થઈ છે, તો પણ તે છેવટની જ છે. તે પછી તો તે આગામી ચોવીશીમાં મહાપદ્મ નામના તીર્થંકર થવાના છે. આવો અપૂર્વ મહિમા વેદ્યસંવેદ્ય પદરૂપ-સ્વસંવેદનરૂપ સમ્યગ્દર્શનનો છે. પ.કૃ. દેવ કહે છે કે,

"વ્રત નહીં પચખાણ નહીં, નહીં ત્યાગ વસ્તુ કોઈનો;
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લ્યો.
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો."

આ વચન કાંઈ અવિરતિપણાની પ્રશંસારૂપ નથી, પરંતુ બાહ્ય-દ્રવ્ય અવિરતી છતાં પણ સમ્યગ્દર્શનનો, આત્મજ્ઞાનનો, આત્માનુભૂતિનો કેટલો બધો અચિન્ત્ય અપૂર્વ મહિમા છે તે સૂચવવા માટે જ છે. વળી ભાવથી જોઈએ તો તેવા સાચા સમ્યગ્દૃષ્ટિ પુરુષો અંતરાત્માથી પરભાવથી વિરામ-વિરતિ પામ્યા જ હોય છે. સમ્યગ્દર્શન વિનાનું જે ચારિત્ર-વિરતિ- વ્રત પચ્ચખાણ તે પણ મોક્ષ પ્રાપ્તિ અર્થે શૂન્યરૂપ- મોટા મીંડા જેવું છે- એમ શ્રી ભગવતી સૂત્રમાં ભાખ્યું છે.

આત્માનુભૂતિથી અવિનાભાવી એટલે કે નિશ્ચયથી જેમાં આત્માનુભવ હોય જ એવા સમ્યગ્દર્શનનો આવો પરમ પ્રભાવ છે તે પ્રાપ્ત થયા પછી ફરીને દુર્ગતિનો યોગ થતો નથી.

ભવભ્રમણનો અંત તો નિશ્ચય વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ પછી જ આવે છે. માટે આ નિશ્ચય વેદ્યસંવેદ્ય પદ જે છે, તે જ સુંદર છે, રૂડું છે, ભલું છે, નિર્વ્યાજ સાચેસાચું કલ્યાણકર છે, તે જ શીઘ્ર મોક્ષગતિ પ્રાપ્ત કરાવનાર છે અને એ પ્રાપ્ત થયે, પ્રાયે દુર્ગતિમાં જવું જ પડતું નથી, પણ કવચિત્ કર્મવશે કરીને છેવટને માટે એકાદવાર જ જો જવું પડયું (મહાનુભાવ મહાત્મા શ્રેણિક મહારાજની જેમ) તો પણ ત્યાં નરકમાં પણ તેવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પુરુષને માનસિક દુઃખનો અભાવ હોય છે. તે તો નિરાકુલપણે સ્વસ્વભાવમાં જ સમવસ્થિત રહી સમતા ભાવે સર્વ સુખ દુઃખ વેદે છે.

પ.કૃ. દેવ કહે છે કે,

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય".

કારણ કે તે આત્માનુભવી નિશ્ચય સમ્યગ્દષ્ટિ સંતજન જાણે છે, વેદે છે, અનુભવે છે ને આત્મ ભાવના ભાવે છે કે,

"અબધૂ! કયા કરે મેરા મેરા ?
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા – શ્રી આનંદઘનજી

''હું નિશ્ચય એક, શુધ્ધ, દર્શન જ્ઞાનમય, સદા અરૂપી એવો આત્મા છું. બીજું કંઈ પણ, પરમાણુ માત્ર પણ, મ્હારું નથી. હું અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, ને અસંયુક્ત એવો શુધ્ધ આત્મા છું.''

''સર્વ તરફથી સ્વરસથી નિર્ભર ભાવવાળા એક એવા સ્વને - આત્માને હું અહીં સ્વયં અનુભવી રહ્યો છું. મ્હારે કોઈ મોહ છે નહિ. હું શુધ્ધ ચિદ્‌ઘન છું.''

ઈત્યાદિ પ્રકારે આત્મભાવના ભાવતો આ ભાવિતાત્મા નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ ક્યારેય પણ કોઈ પણ પ્રકારની આકુલતા પામતો નથી, સદાય ઉદાસીન ભાવથી સ્વસ્થ રહે છે, નિરંતર આત્માના નિજાનંદમાં નિમગ્ન રહે છે.

જે વ્યવહારિક વૈદ્યેસંવેદ્યપદ છે, તેનાથી ભવ ભ્રમણની રખડપટ્ટી બંધ થતી નથી, સંસાર પરિભ્રમણ ચાલુ જ રહે છે, પણ તેના અવલંબને પરમ સુંદર નિશ્ચય વેદ્યસંવેદ્યપદ પામવાનો નિરંતર લક્ષ આત્માર્થીએ રાખવો જોઈએ. જે કહે છે,

અવેદ્યસંવેદ્યપદપદં પરમાર્થતઃ;
પદં તુ વેદ્યસંવેદ્યપદમેવ હિ યોગિનામ્ ૭૨

અવેદ્યસંવેદ્ય પદ જો પરમાર્થથી વિચારીએ તો 'અપદ' જ છે એને 'પદ' નામ જ ધટતું નથી. કારણકે તે મિથ્યાદૃષ્ટિનું આશ્રયસ્થાન છે. યોગીઓનું ખરૂં પદ તો વેદ્યસંવેદ્ય પદ જ છે.

અવેદ્યસંવેદ્ય પદ અથવા વ્યવહારિક વેદ્યસંવેદ્ય પદ જે છે તે સ્થિર નથી, અસ્થિર છે, તેને પતનનો ભય છે અને તે પોતે ભવભ્રમણનો અંત કરી શકતું નથી. પણ જો તે પરંપરાએ નિશ્ચયે વેદ્યસંવેદ્ય પદનું કારણ થાય, એટલે કે તેના દ્વારા પ્રાપ્ત થયેલી યોગ્યતાથી-પાત્રતાથી જીવને જો નિશ્ચય વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત થાય, તો જ અને ત્યારે જ જીવને ભવભ્રમણનો અંત આવે છે અને મોક્ષનો યોગ થાય છે. આ નિશ્ચય વેદ્યસંવેદ્ય પદ અસ્થિર નથી, સ્થિર જ હોય તેને પતનનો ભય હોતો નથી, અને તેથી શીઘ્ર ભવભ્રમણ અટકી પડી મુક્તિ સાંપડે છે. આમ નિશ્ચય વેદ્યસંવેદ્યપદ જ મોક્ષનો અવિલંબે યોગ કરાવે છે. એટલે મોક્ષના અર્થી યોગીજનો સદાય આ નિશ્ચય વેદ્યસંવેદ્ય પદને જ ઈચ્છે છે, પરમાર્થથી તેને જ પરમ ઈષ્ટ ગણે છે; અને બાકી બીજા બધા પદને અપદ જાણી, એક નિશ્ચય વેદ્યસંવેદ્ય પદને જ પોતાનું પદ માને છે, તેને જ પરમ પૂજ્ય- આરાધ્ય-ઉપાસ્ય સમજી આરાધે છે. ઉપાસે છે, અને તેવા પ્રકારે કહે છે.

**વેદ્ય સંવેદ્યતે યસ્મિન્નપાયાદિનિબન્ધનમ્;**
**તથા પ્રવૃત્તિબુદ્ધયાપિ સ્ત્ર્યાદ્યાગમવિશુદ્ધયા ૭૩**
**તત્પંદ સાધ્વવસ્થાનાદ્ભિન્નગ્રંન્થ્યાદિલક્ષણમ્**
**અન્વર્થયોગતસ્તન્ત્રે વેદ્યસંવેદ્યમુચ્યતે ૭૪**

જેમાં, અપાય આદિના કારણરૂપ સ્ત્રી આદિ વેદ્ય-વેદવા યોગ્ય વસ્તુ, આગમથી વિશુદ્ધ એવી તેવા પ્રકારે અપ્રવૃતિ બુદ્ધિથી પણ સંવેદાય છે.

નરક-સ્વર્ગ વગેરે અપાયના નિબંધનરૂપ - કારણરૂપ સ્ત્રી વગેરે વેદ્ય જ્યાં આગમથી વિશુદ્ધ એવી તેવા પ્રકારની અપ્રવૃત્તિ બુદ્ધિથી પણ સંવેદાય છે. સમ્યક્ પ્રકારે વેદાય છે. અનુભવાય છે. તેનું નામ વેદ્યસંવેદ્ય પદ છે. તે આ પ્રકારે.

વેદ્ય એટલે વેદનીય વેદવા યોગ્ય, અનુભવવા યોગ્ય એટલે કે વસ્તુસ્થિતિથી તથા-પ્રકારના ભાવયોગી સામાન્યથી અવિકલ્પક જ્ઞાનવડે ગ્રાહ્ય-ગ્રહણ થાય એવું વેદવા યોગ્ય વસ્તુસ્વરૂપ ભાવયોગીને સામાન્યપણે વસ્તુસ્વરૂપનું જે દર્શન - અનુભવન-વેદન થવા યોગ્ય છે, તેનું નામ વેદ્ય છે. અત્રે વેદ્ય એટલે સ્ત્રી વેગેર પદાર્થ - કે જે નરક - સ્વર્ગ વગેરેના કારણ થાય છે. આ સ્ત્રીઆદિ પદાર્થનું. તેના તેના તેવા તેવા યથાવસ્થિત સ્વરૂપે, વસ્તુસ્થિતિ પ્રમાણે જેમ છે તેમ, ભાવયોગીને સામાન્યપણે વેદન અનુભવન થવું તે વેદ્ય છે. આ સ્ત્રી આદિ વેદ્ય - અનુભવ યોગ્ય વસ્તુ જ્યાં પોતપોતાના ક્ષયોપક્ષમને અનુરૂપપણે, નિશ્ચયબુધ્ધિથી સંવેદાય છે, સમ્યક્ પ્રકારે જેમ છે તેમ વેદાય છે, અનુભવાય છે, જાણવામાં આવે છે, તે વેદ્યસંવેદ્ય પદ કહેવાય છે. એટલે કે નરકાદિ અપાયના કારણરૂપ સ્ત્રી આદિનું જેવું વાસ્તવિક સાચું સ્વરૂપ છે. તેનું તેવા યથાર્થ સ્વરૂપમાં ત્રિકાળમાં ન ફરે એવી નિશ્ચય બુદ્ધિથી સંવેદન થવું, દર્શન થવું, અનુભવન થવું તે વેદ્યસંવેદ્ય પદ છે.

નિશ્ચયબુધ્ધિ આગમથી-સત્‌શાસ્ત્રથી વિશુધ્ધ થયેલી એવી હોય છે, તેનો વિપર્યય મલ-વિપર્યાસ મલ આગમરૂપ નિર્મલ જલથી ધોવાઈ ગયો હોય છે. અને આ નિશ્ચયબુધ્ધિમાં સ્ત્રીઆદિ પદાર્થ પ્રત્યે તથા પ્રકારની અપ્રવૃતિબુધ્ધિ હોય છે. એટલે કે વેદ્યસંવેદ્યપદ - સમ્યગદર્શને પ્રાપ્ત થયા પછી, આ પદાર્થ હેય છે. ત્યાગવા યોગ્ય છે, છોડી દેવા યોગ્ય છે, અનાદેય છે- ગ્રહણ કરવા યોગ્ય નથી, એવો દૃઢ નિશ્ચિય - ત્રણે કાળમાં કદી ન ફરે એવો નિર્ધાર અંતરાત્મામાં સ્થિર થાય છે. અને એવા નિશ્ચયને લીધે સમ્યગ્ દષ્ટિ પુરુષને પૂર્વકર્મથી કદાચ ત્યાગ ન કરી શકાય તો પણ અપાયહેતુ પ્રત્યે અંતરાત્માથી સદાય અપ્રવૃત્તિબુધ્ધિ જ હોય તે તે પદાર્થ પ્રત્યે તે કદી પણ આત્મભાવે પ્રવર્તે નહિ જ

''સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય, તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યા નથી, અથવા જ્ઞાનીપુરુષના દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.

અન્ય સર્વ વસ્તુસ્વરૂપ પણ તેના યથાર્થ સ્વરૂપે અત્ર સમ્યગ્ દૃષ્ટિ પુરુષને સંવેદાય છે. તેથી તે સર્વ હેય - ઉપાદેય વિવેક બરાબર જાણે છે. આ વસ્તુ ત્યાગવા યોગ્ય છે. અને આ વસ્તુ આદરવા યોગ્ય - ગ્રહણ કરવા યોગ્ય છે, એવો સ્પષ્ટ વિવેક, નિર્ધાર, નિશ્ચય બુધ્ધિ, સંવેદન તેના આત્મામાં દૃઢ છાપપણે અંકિત થઈ ગયેલ હોય છે. એવી જે તેની અંતરંગ લાગણી સંવેદના પ્રતીતિ, અખંડ નિશ્ચયતા તેમાં કંઈ પણ ફેર પડતો નથી. કર્મદોષ વશે તેમ કરવાની કદાચ પોતાની અશક્તિ - નિર્બળતા હોય ,તો તેને માટે પણ તેને નિરંતર ખરેખરો આત્મસંવેદનમય ખેદ રહે છે. આમ તે જ્ઞાનીના અંતરૂમાં ભેદ પડી જાય છે. અજ્ઞાનીને તેવો સંવેદનરૂપ અંતરભંદ હોતો નથી. આમ જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં, વૃતિમાં અને પ્રવૃત્તિમાં આકાશ પાતાળનું અંતર હોય છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીએ સ્વ-પર વસ્તુનો ભેદ તેણે જાણ્યો છે,

સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવો હું શુધ્ધ આત્મા છું, એવા બીજભૂત-મૂળભૂત જ્ઞાનનું અંતઃપ્રતીતિમય અખંડ સંવેદન-અનુભવન તેને વર્તે છે. જે કોઈ ભાવયોગી છે, તેને આ સમ્યગ્ દર્શનરૂપ વેદ્યસંવેદ્ય પદ હોય છે અને જેને આ સમ્યગ્ દર્શનરૂપ વેદ્યસંવેદ્ય પદ છે, તે જ ભાવયોગી છે. સમ્યગ્ દૃષ્ટિ પુરુષ એ જ ભાવયોગી છે.

આ બોધીબીજભૂત-મૂળભૂત આત્મસંવેદનવાળું. આત્માનુભૂતિવાળું જઘન્ય જ્ઞાન પણ હોય, તો ત્યાં વેદ્ય-સંવેદ્ય પદ છે. એટલા માટે જ સ્વ-પર ભેદવિજ્ઞાનરૂપ મૂળ બીજભૂત

આવશ્યક તત્વમય જ્ઞાન જેને હતું, પણ બીજુ કાંઈ પણ જ્ઞાન જેને ન્હોતું, એવા 'તુષમાષ' જેવા અતિ મંદ ક્ષયોપશમી પણ તરી ગયા છે. મૂળ બીજભૂત જ્ઞાન જ્યાં અવશ્ય છે એવા વેદ્યસંવેદ્ય પદના સદ્ભાવે થોડું જઘન્ય જ્ઞાન પણ શીઘ્ર મહાકલ્યાણકારી થાય છે. આ વેદ્યસંવેદ્ય પદનો - સમ્યગ્ દર્શનનો અતિ અતિ અદ્ભૂત મહિમા બતાવે છે.

કોઈ રીતે પણ શાસ્ત્રાભ્યાસ હશે તો કંઈ પાત્ર થવાની જિજ્ઞાસા થશે, અને કાળે કરીને પાત્રતા પણ પામશે અને પાત્રતા બીજાને પણ આપશે એટલે શાસ્ત્રાભ્યાસનો નિષેધ અહીં કરવાનો હેતુ નથી.

તે ભિન્નગ્રંથિ વગેરે લક્ષણવાળુ પદ, સમ્યક્ અવસ્થાનને - સ્થિતિને લીધે શબ્દોના યથાર્થ અર્થ પ્રમાણે, શાસ્ત્રમાં 'વેદ્યસંવેદ્ય' કહેવાય છે.

જ્યાં વેદ્ય યથાવસ્થિતપણે, જેમ છે તેમ, સંવેદાય છે. આત્માનુભવગોચર થાય છે, તે પદ 'વેદ્યસંવેદ્ય પદ' નામથી શાસ્ત્રમાં ઓળખાય છે. સમ્યક્ પ્રકારે અવસ્થાનવાળું, સ્થિતિવાળું, સ્થિરતાવાળું હોવાથી તેને 'પદ' નામ બરાબર ઘટે છે. પરમાર્થથી તેમ જ છે. કારણ કે આ વેદ્યસંવેદ્ય પદ સ્વસંવેદનરૂપ - આત્માનુભવપ્રધાન છે.

સહજ સ્વભાવરૂપ જ્ઞાયક એવો એક આત્મભાવ-જ-આત્મપદ જ સ્થાયી છે. સ્થિર છે, એટલે ત્યાં જ સ્થિતિ - સ્થિરતા થઈ શકે. માટે તે જ પરમાર્થથી ખરેખરું પદ છે. પ.કૃ.દેવ કહે છે કે,

**"જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યુ તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.**

ઇચ્છે છે જે જોગીજન , અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ,સયોગી જિન સ્વરૂપ".
"ચરણ કમલ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરીરે, પંકજ પામરે પેખ વિમલ૦
મુજ મન તુજ પદ પંકજે રે. લીનો ગુણ મકરંદ
રંક ગણે મંદિર ધરા રે, ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર - વિમલ૦
અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમાં ન ઘટે કોય
શાંત સુધારસ ઝાલતી રે, નીરખત તૃપ્તિ ન હોય... વિમલ૦"
"શ્રી ચંદ્રપ્રભ જિન પદ સેવા, હેવાએ જે હળિયાજી;
આતમ અનુભવ ગુણથી મળિયા, તે ભવભવથી ટળિયાજી"
– શ્રી દેવચંદ્રજી

આમ આ સ્વસંવેદનરૂપ - આત્માનુભવરૂપ વેદ્યસંવેદ્ય પદ સમ્યક્ સ્થિતિવાળું હોય છે;

દેશવિરતિ-સમ્યગ્દર્શન જેનું મૂલ છે એવી ભાવ દેશવિરતિ, ભાવ સર્વવિરતિ આદિ પણ આ વેદ્યસંવેદ્ય પદનું લક્ષણ છે. કારણ કે વસ્તુ સ્વરૂપનું યથાર્થ ભાન થયા પછી જીવ સ્વયંમેવ સ્વાભાવિક રીતે જ પરપરિણતિથી-પરભાવથી ઓસરતો જાય છે અને સ્વભાવપરિણતિ ભણી ઢળતો જાય છે. સમાધિરસ ભર્યા શુધ્ધ નિજ સહજ આત્મસ્વરૂપનું અથવા જિનસ્વરૂપનું દર્શન થયા પછી, અનાદિકાળથી વિસરાઈ ગયેલા આત્મસ્વરૂપનું ભાન આવ્યા પછી, જીવ અવશ્યમેવ સકલ વિભાવ ઉપાધિથી, ભાવથી પાછો હઠે છે, ઓસરે છે પ્રતિક્રમે છે, અને શુધ્ધ આત્મસત્તાની સાધના પ્રત્યે પ્રવર્તે છે.

આમ અનાદિની મોહાદિની ઘૂમિ (-ભ્રમણા) ઉતરી જતા ને અમલ અખંડ અલિપ્ત એવા આત્મસ્વભાવ સાંભરી આવતાં,

તત્વરમણરૂપ શુચિ-પવિત્ર-શુકલ ધ્યાનને જીવ આદરે જ છે. અને સમતારસના ધામરૂપ જિનમુદ્રાને – શુધ્ધ આત્મસ્વરૂપને વરે છે, પ્રાપ્ત કરે છે. શુધ્ધે નિમિત્તની પ્રાપ્તિ થકી, વસ્તુના સાધર્મ્યથી આત્મસ્વરૂપની યથાર્થ ઓળખાણ થતાં, તે પ્રત્યે બહુમાનયુક્ત રુચિ ઉપજે છે. એટલે પછી તે રુચિને અનુયાયી-અનુસરતું વીર્ય-આત્મસામર્થ્ય પ્રવર્તે છે અને તે 'ચરણધારા' આત્મચારિત્રની અખંડ પરંપરા સાધે છે.

આમ આત્મસ્વરૂપનું ભાન થતાં પરભાવો ઘટે છે ને સ્વભાવ પ્રવૃતિ વધે છે. એટલે સમસ્ત પરભાવ હેય છે, ત્યાંગવા યોગ્ય છે અને એક શુધ્ધ આત્મભાવ જ આદેય છે. -ગ્રહણ કરવા યોગ્ય છે. એનો નિશ્ચલ નિશ્ચયરૂપ વિવેક આત્મામાં થાય છે. આ સમસ્તની પરમ રહસ્યભૂત મુખ્ય ચાવી આ છે કે - આત્માનો ગ્રાહક થાય એટલે પરનું ગ્રહણપણું એની મેળે છૂટી જાય છે. તત્વનો ભોગી થાય એટલે પરનું ભોગ્યપણું આપોઆપ ટળે છે.

**"આત્મગ્રાહક થયે ટળે પરગ્રહણતા,**
**તત્વભોગી થયે ટળે પરભોગ્યતા." ધર્મ૦ – શ્રી દેવચંદ્રજી**

ક્ષાયિક સમ્યગ્ દષ્ટિપણું એ જ નિશ્ચિય વેદ્યસંવેદ્ય પદ છે, એ જ સાચું સમક્તિ, પારમાર્થિક સમ્યગ્ દર્શન છે. એ 'પદ' ની પ્રાપ્તિ વિના વ્યવહાર સમ્યગ્ દર્શન માત્રથી પોતાનુ સમકિતીપણું માની બેસનારા ભ્રાંતિમાં રમે છે. જે વ્યવહાર સમ્યગ્દર્શન માત્રથી સંતોષ માનતાં, નિશ્ચય સમ્યગ્ દર્શનનો નિરંતર લક્ષ રાખી વેદ્યસંવેદ્ય પદને ઝંખતાં રહી તેની પ્રાપ્તિ વિના જંપતા નથી, તે અવશ્ય આધ્યાત્મિક પ્રગતિ કરતા રહે છે. એમ સહેજે સમજાય છે.

**અવેદ્યસંવેદ્યપદં વિપરીતમતો મતમ્;**
**ભવાભિનન્દિવિષયં સમારોપસમાકુલમ્. ૭૫**

એનાથી વિપરીત તે અવેદ્યસંવેદ્ય પદ કહ્યું છે તેનો વિષય ભવાભિનંદી છે (ભવાભિનંદી જીવને તે હોય છે.)અને તે સમારોપથી સમાકુલ એવું હોય છે.

**"એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્યસંવેદ્ય;**
**ભવાભિનંદી જીવનેજી, હોય તે વજ્ર અભેદ્ય.. મન૦**

– (શ્રી યો.દ.સ.૪-૮)

'અવેદ્ય' એટલે અવેદનીય-ન વેદાય, ન અનુભવાય એવું. ભાવયોગીઓને સામાન્યપણે વસ્તુસ્થિતિનું અમુક-પ્રકારનું સામાન્ય-સમાન ભાવવાળું સંવેદન, અનુભવન, સમ્યગ્ દર્શન હોય છે. જેથી તેઓને સમાન પરિણામરૂપ સ્વસંવેદન, સમ્યગ્ દર્શન, અનુભૂતિ હોય છે. એવો અનુભવ અવિકલ્પરૂપ - નિર્વિકલ્પ બોધરૂપ હોય છે. પણ 'અવેદ્ય'માં તો તેવા પ્રકારનું ભાવયોગી ગમ્ય એવું કોઈ પણ સામાન્ય સંવેદન - દર્શન હોતું નથી. તેથી જ તેને'અવેદ્ય' નામ આપ્યું છે.

સંવેદ્ય એટલે એવું અવેદ્ય જ્યાં સંવેદાય છે, જણાય છે, અનુભવાય છે તે. અત્રે મિથ્યાત્વનો સદ્ભાવ હોવાથી જ્ઞાન અજ્ઞાનરૂપ જ હોય છે. એટલે તે અજ્ઞાનનું આવરણ જેટલું ખસ્યુ હોય તેટલા ક્ષયોપક્ષમ પ્રમાણે ગડબડગોટાળારૂપ નિશ્ચયબુધ્ધિથી જે અજ્ઞાનરૂપ જ્ઞાન - જાણપણું અત્રે થાય છે, તે મૃગતૃષ્ણા જેવું ખોટું હોય છે. મૃગતૃષ્ણા જેમ જૂઠી હોય છે. મિથ્યા હોય છે. તેમ આ અવેદ્યસંવેદન પણ જૂઠું છે મિથ્યા છે; કારણ કે મિથ્યાભાસરૂપ ખોટા ઝાંઝવાના પાણીને સાચા માનવારૂપ મિથ્યા ભ્રાંતિ-ભ્રમણા અહીં હોય છે.

અજ્ઞાનથી ઝાંઝવાના જલ જેવું મિથ્યાભાસરૂપ સંવેદન જ્યાં થાય છે, તે અવેદ્યસંવેદ્ય પદ છે. આવું આ અવેદ્યસંવેદ્ય પદ ભવાભિનંદી જીવને હોય છે. ભવાભિનંદી એટલે ભવને -સંસારને

અભિનંદનારો, સંસારને પ્રશંસનારો વખાણનારો, સંસારમાં રાચનારો, સંસારમાં રચ્યો પચ્યો રહેનારો, સંસાર જેને મીઠો લાગે છે એવો વિષયકષાયનો કીડો, ક્ષુદ્ર જંતુ.

આ અવેદ્યસંવેદ્ય પદમાં એક વસ્તુનું બીજી પર આરોપણ થાય છે. ઉપચાર હોય છે. એકની ટોપલી બીજાને માથે ઓઢાડવામાં આવે છે. પરવસ્તુમાં સ્વનું - પોતાનું આરોપણ કરાય છે. એટલે અવેદ્યસંવેદ્ય પદમાં સ્થિતિ કરતો ભવાભિનંદી જીવ પરવસ્તુને પોતાની માની બેસે છે. દેહાદિમાં આત્માનો અધ્યાસ-આત્મબુધ્ધિ કરે છે, અને તે સમારોપણની આકુલતાનું ફલ પણ પોતે આકુલતામય દુઃખસ્વરૂપે ભોગવે છે ! !

અવેદ્યસંવેદ્ય પદવાળો જીવ વ્યવહાર પ્રધાન દૃષ્ટિવાળો હોય છે અને વ્યવહારમાં જ જેની દૃષ્ટિ રહ્યા કરે છે, તેમને નિશ્ચયરૂપ પરમાર્થનો લક્ષ થતો નથી. તે તો વ્યવહારના અનંત ભેદરૂપ કુંડાળામાં જ રમ્યા કરે છે. ચક્રાવામાં જ ભમ્યા કરે છે. પણ તેને એક નિશ્ચયરૂપ અખંડ વસ્તુની પ્રાપ્તિ થતી નથી એક પરમાર્થનો જ લક્ષ રાખી જે પ્રવર્તે તેને જ વસ્તુગતે વસ્તુ પ્રાપ્ત થાય છે. જેમ વેદ્યંસવેદ્ય પદવંતને થાય છે. તેમ,

**'પરમારથ પંથ જે વહે, તે રંજ એક તંત રે;**
**વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે- ધરમ૦**
**વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;**
**શુધ્ધ નય થાપના સેવતાં, રહે ન દુવિધા સાથ રે - ધરમ૦**

**– શ્રી આનંદઘનજી**

**અવેદ્યસંવેદ્ય પદ મિથ્યાત્વદોષથી ઉપજતું હોઈ મિથ્યા છે, મિથ્યાભાસરૂપ છે. તેનું પાત્ર ભવાભિનંદી જીવ છે. ભવાભિનંદીના લક્ષણ કહે છે,**

**ક્ષુદ્રો લાભરતિર્દીનો મત્સરી ભયવાન શઠ :;**
**અજ્ઞો ભવાભિનન્દી સ્યાન્નિષ્ફલારમ્ભસંગતઃ- ૭૬**

ક્ષુદ્ર, લોભી,દીન,મત્સરવંત,ભયવાળો, શઠ, અજ્ઞાની એવો ભવાભિનંદી નિષ્ફલ આરંભથી સંયુક્ત હોય છે.

આવા લક્ષણવાળો હોઈ, તે નિષ્ફળ આરંભી હોય છે, એટલે કે તેના સર્વ આરંભ-નિષ્ફળ-અફળ જાય છે, કારણકે તેની સમસ્ત પ્રવૃતિ અતત્વાભિનિવેશવાળી હોય છે. એટલે અતત્વમાં તત્વબુધ્ધિરૂપ મિથ્યા અભિનિવેશને લીધે તેની સમસ્ત ક્રિયા આદિ કાર્યકારી થતી નથી. કારગત થતી નથી, ફોગટ જાય છે. એળે જાય છે. એનું બધુય કર્યું - કારવ્યું ધૂળ થાય છે. તે તો કેવળ નિષ્ફળ ખેદ ને મિથ્યા શ્રમ જ વ્હોરે છે. શુધ્ધ શ્રધ્ધાન વિના તેની સકલ ક્રિયા 'છાર પર લિંપણા' જેવી થાય છે.

**"શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરિયા કરી,**
**છાર પર લિંપણો' તેહ જાણો" – શ્રી આનંદઘનજી**

તેની સમસ્ત પ્રવૃત્તિ આરંભ નિષ્ફળ થાય છે. એટલું જ નહિં પણ તેની યોગુપ્રવૃત્તિ પણ પરમાર્થથી તેવી જ નિષ્ફળ હોય છે. કારણ કે તે ધર્મવ્યાપારરૂપ યોગપ્રવૃતિ મોહગર્ભવૈરાગ્યથી ઉપજતી હોઈ મોહવાસના ઉત્પન્ન કરે છે અને તેનાથી જે પુર્ણ્યબંધ થાય છે, તે પુણ્ય પાપાનુંબંધી પુણ્ય હોય છે. એટલે પુણ્યની પરંપરા ચાલુ રહેતી નથી, પાપની પરંપરા ચાલુ રહે છે. કારણ કે રાગદ્રેષાદિનું આ ભવાભિનંદીને પ્રબલપણું હોય છે. આમ ભવાભિનંદી બિચારો જે કાંઈ ધર્મકરણી કરવા જાય છે. તે પણ તેને નિષ્ફળ થઈ પડે છે. આવો આ ભવાભિનંદી જીવ, સંસારને અભિનંદનારો બહુ માનનારો, રાચનારો, સંસારમાં રચ્યોપચ્યો, મશગૂલ, તન્મય રહેનારો સંસારનો કીડો હોય છે.

**"લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;**
**ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ... મન"**

**– (યો.દ.સ. ૪-૯)**

જો ખરેખર એમ છે, તેથી શું ? તે માટે કહે છે,

**ઈત્યસત્પરિણામાનુવિદ્ધો બોધો ન સુંદરઃ;**
**તત્સંગાદેવ નિયમાદ્વિષસંપૃકતકાન્નાવત્ ૭૭**

- એમ અસત્ પરિણામથી અનુવિદ્ધ- (સંકળાયેલો) બોધ, તેના સંગથકી જ, નિયમથી સુંદર નથી, - વિષમિશ્રિત-વિષથી ખરડાયેલા અન્નની જેમ.

ભવાભિનંદી જીવના જે જે પરિણામ હોય છે, તે અસત્ હોય છે. એટલે તેને જે કાંઈ સ્થૂલ બોધ હોય છે, તે પણ અસત્ પરિણામથી સંકળાયેલો-જોડાયેલો હોય છે. અસત્ પરિણામને લીધે તેના બોધનો બધો ઘાણ બગડી જાય છે. અત્રે વિષથી ખરડાયેલા, સ્પર્શાયેલા, ભેળવાયેલા વિષમિશ્રિત અન્નનું દૃષ્ટાંત ઘટે છે.

ભવાભિનંદી જીવને સ્વભાવથી સુંદર એવા શાસ્ત્ર આદિનો જે કંઈ બોધ હોય છે, તે પણ તેના અસત્-મિથ્યા આત્મપરિણામથી દૂષિત હોવાથી, વાસિત હોવાથી, અપ્રશસ્ત થઈ જાય છે. અસત્ પરિણામરૂપ વિષથી બધી બાજી બગડી જાય છે. તે પરમ અમૃતરૂપ આગમબોધ પણ તે અસત્ પરિણામવંત અનધિકારી જીવને અભિમાનાદિ વિકાર ઉપજાવી વિષરૂપ પરિણમે છે.

ભવાભિનંદી જીવ ભલે ગમે તેટલો પંડિત હોય, ગમે તેટલો દ્રવ્ય શ્રુતજ્ઞાની હોય, ગમેતેવો આગમવેતા - આગમધર - શાસ્ત્રવિશારદ કહેવાતો હોય, ગમે તેવો વાક્પટુ હોઈ વાચસ્પતિ કહેવાતો હોય, ગમેતેવો શાસ્ત્રબોધ ધરાવતો હોય, તો પણ તેના પરિણામ અસત્ હોવાથી, મિથ્યા વાસનાથી વાસિત હોવાથી, તે અજ્ઞાની જ છે, તેનો તે સર્વ બોધ અબોધરૂપ જ છે. ક્ષયોપક્ષમની તરતમત્તા પ્રમાણે ભલે તેનામાં તરતમ ક્ષયોપક્ષમ હોય, તો પણ તેનો આધાર વાસનામય બોધ હોવાથી 'વાસિત બોધ આધાર'

હોવાથી, તેનો તે બોધ વાસ્તવિક રીતે અબોધ જ છે. કારણ કે,

**"વસ્તુ વિચારે રે ! દિવ્ય નયન તણો રે, વિરહ પડયો નિરધાર;**
**તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર૦ પંથડો૦"**

**– શ્રી આનંદઘનજી**

જ્યાં લગી અસત્ પરિણામની વાસના હોય છે, ત્યાં લગી ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન પણ અજ્ઞાનરૂપ જ હોય છે, ગમે તેટલો દ્રવ્ય શ્રુતબોધ પણ અબોધરૂપ જ હોય છે. જ્યાં લગી અનાદિ કુવાસના-અસત્ વાસના છોડતો નથી, જ્યાં લગી સ્વ-પરનો ભેદ જાણવારૂપ ભેદજ્ઞાન પામી આત્મજ્ઞાનને પામતો નથી, ત્યાં લગી તે સંસારમાં રખડ્યા કરે છે. અર્થાત્ જ્યાં લગી જીવનું ભવાભિનંદીપણું ટળે નહિં ત્યાં લગી ભવભ્રમણ પણ ટળે નહિં; કારણ કે જ્યાં લગી પર વસ્તુમાં આત્મબુદ્ધિ ટળતી નથી, પરભાવ-વિભાવ પ્રત્યેની અંતરંગ રમણતારૂપ દુષ્ટ દુર્વાસના જ્યાં લગી દૂર થતી નથી, જીવની પરિણતિ અને વૃત્તિ જ્યાં લગી પરભાવ-વિભાવમાં રાચી રહી છે, ત્યાં લગી તેનું સમસ્ત જ્ઞાન પણ અજ્ઞાન છે અને તેની અનંત દ્રવ્ય ક્રિયા પણ નિષ્ફળ-નકામી છે.

**"દ્રવ્ય ક્રિયા સાધન વિધિ યાંચી, જે જિન આગમ વાંચી;**
**પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી રે. મનમોહન."**

**– શ્રી દેવચંદ્રજી**

**એતદ્વન્તોऽત એવેહ વિપર્યાસપરા નરાઃ;**
**હિતાહિતવિવેકાન્ધા ખિદ્યન્તે સાંપ્રતેક્ષિણઃ ૭૮**

- એટલા માટે જ અહીં આ અવેદ્યપદવાળા મનુષ્યો વિપર્યાસપરાયણ હોય છે, એટલે હિત-અહિતના વિવેકમાં અંધ એવા તેઓ વર્તમાનને જ દેખનારા હોઈ, ખેદ પામે છે.

અવેદ્યસંવેદ્ય પદમાં જે વર્ત્તે છે, એવા મનુષ્યો આ લોકમાં

વિપર્યાસપરાયણ હોય છે, એટલે કે વસ્તુસ્થિતિથી વિપરીત-ઊલટી બુદ્ધિ ધરાવે છે. તેઓ સત્‌ને અસત્ જાણે છે, અસતને સત્ જાણે છે. વસ્તુસ્થિતિથી વિપરીત-ઊલટી માન્યતા તેનું નામ વિપર્યાસ છે.

જેને વૈરાગ્ય ઉપશમ સંબંધી ઉપદેશ બોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે, અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે થયું જ સંભવે છે. ગૃહ-કુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે, અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ વિપર્યાસબુદ્ધિ છે.'' (પત્રાંક - ૫૦૬)

વિપર્યાસબુદ્ધિ-ઊલટી મતિ હોવાથી,તે જીવ હિત-અહિત વિવેકમાં અંધ- હોય છે, હિત-અહિતનું તેને ભાન હોતું નથી, એટલે તે હિત છોડી અહિતમાં પ્રવૃતિ કરી હાથે કરીને દુઃખી થાય છે. અહિતને છોડી હિતમાં સ્થિતિ કર, એટલે સુબુદ્ધિ એવો તું સુખી થશે.

આ ભવાભિનંદી જીવો દેહાશ્રિત સમસ્ત કર્તવ્યમાં જ ઈતિકર્ત્તવ્યતા માની, સર્વસ્વ માની, તેની પ્રવૃત્તિમાં જ આંખો મીંચીને રચ્યા-પચ્યા રહે છે. અને તેમ કરતાં તે હિતાહિત-કૃત્યાકૃત્યનું, ગમ્યાગમ્યનું, ખાદ્યાખાદ્યનું, પેયાપેયનું, ભાન ભૂલી જાય છે તથા જડ દેહથી સર્વથા જૂદા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માના અભાનપણાથી, દેહ-આત્માનો એકત્વ અધ્યાસ રાખી તે બેભાનપણે-મોહમૂર્ચ્છિતપણે દેહની વેઠ કર્યા જ કરે છે.

આ સંસાર દુઃખનું મૂલ દેહમાં આત્મબુદ્ધિ એ જ છે. ભવાભિનંદી જીવને તો દેહમાં આત્મબુદ્ધિ હોય છે અને આવી વિપર્યાસરૂપ ઊલટી બુદ્ધિથી તે દેહ સાથે બંધાઈને સંસાર પરિભ્રમણ દુઃખ પામે છે. આમ વિપર્યાસથી અવિવેક, અવિવેકથી વર્ત્તમાનને જ દેખનારી મિથ્યા પ્રવૃતિ, અને મિથ્યા પ્રવૃતિથી સંસારખેદ ઉપજે છે.

**જન્મમૃત્યુજરાત્યાધિરોગશોકાદ્યુ પદ્રુ તમ્**
**વીક્ષમાણા અપિ ભવં નોદ્વિજન્તેઽતિમોહતઃ ૭૯**

જન્મ, મરણ, જરા, વ્યાધિ, રોગ, શોક વગેરેથી ઉપદ્રવ પામતા સંસારને દેખતાં છતાં, તેઓ અતિ મોહને લીધે ઉદ્વેગ પામતા નથી. પ.કૃ.દેવ કહે છે કે,

**"જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;**
**કારણ તેના બે કહ્યા, રાગ દ્વેષ અણહેતુ."**

સંસારનું પ્રગટ દુઃખદ સ્વરૂપ પ્રત્યક્ષ દેખતાં છતાં, તેઓ તેથી ઉદ્વેગ પામતા નથી, કંટાળતા નથી, ઊલટા તેમાં જ ગાઢમોહ પામે છે ! જેના બન્ને છેડે અગ્નિ સળગાવેલો છે એવા લાકડાની અંદરમાં રહેલા કીડાની જેમ, હે જીવ ! તું જન્મ-મૃત્યુથી ભેટાયેલા શરીરમાં અરેરે ! સીદાય છે ! પ.કૃ. દેવ કહે છે કે,

**"અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, અને એ વડે સમાધિ ન ભૂલ્યો હોય."** (પત્રાંક- ૧૧૫)

વળી જ્યારે મૃત્યુ આવે છે ત્યારે પણ આ જીવ અત્યંત આંતરિક-માનસિક વ્યથા અનુભવે છે. પ્રત્યેક દેહ છોડતી વેળાએ તે તે દેહના મમત્વથી આવી અસહ્ય આંતર વેદના ભોગવવી પડે છે.

જ્યારે જરા- ઘડપણ આવે છે ત્યારે પણ આ જીવના હાલહવાલ થવામાં કાંઈ બાકી રહેતી નથી. જ્યારે પાંચે ઈંદ્રિયોની શક્તિ શિથિલ-ઢીલી થઈ જાયછે, વિકલ-પાંગળી બની જાયછે, ઊઠવાની શક્તિ અંગમાં રહેતી નથી, જ્યારે પરાધીન-પરવશ થઈને રહેવું પડે છે, એવી વૃદ્ધાવસ્થા પણ કાંઈ ઓછી દુઃખદાયક નથી.

તથા ઈષ્ટ વસ્તુનો વિયોગ થતાં કે અનિષ્ટનો સંયોગ થતાં, તેનો શોક કરવારૂપ આંતર્ દુઃખ અત્રે હૃદયને અત્યંત સંતાપ આપે છે.

"એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સુયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઉપજે છે, તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે. લગભગ નવ મહિના મળ, મૂત્ર, લોહી, પરુ આદિમાં અહોરાત્ર મૂર્ચ્છાગત સ્થિતિમાં વેદના ભોગવી ભોગવીને જન્મ પામે છે. ગર્ભસ્થાનની વેદનાથી અનંતગુણી વેદના જન્મ સમયે ઉત્પન્ન થાય છે. ત્યાર પછી બાળાવસ્થા પમાય છે. મળ, મૂત્ર, ધૂળ અને નગ્નાવસ્થામાં અણસમજથી રઝળી, રડીને તે બાળાવસ્થા પૂર્ણ થાય છે; અને યુવાવસ્થા આવે છે. ધન ઉપાર્જન કરવા માટે નાના પ્રકારના પાપમાં પડવું પડે છે. ઉન્માદ, આળસ, અભિમાન, નિંદ્ય દૃષ્ટિ, સંયોગ, વિયોગ, એમ ઘટમાળમાં યુવા વય ચાલ્યું જાય છે. ત્યાં વૃદ્ધાવસ્થા આવે છે. રોગ આવીને વળગે છે, અને થોડા કાળમાં કાળ આવીને કોળીઓ કરી જાય છે. આ દેહમાંથી જીવ ચાલી નીકળે છે. કાંયા હતી ન હતી થઈ જાય છે. મરણ સમયે પણ કેટલી બધી વેદના છે ? તેમ છતાં ઉપર જણાવ્યા પ્રમાણે અનુક્રમે કાળ આવે છે, એમ પણ નથી. ગમે તે વખતે તે આવીને લઈ જાય છે, માટે જ વિચક્ષણ પુરુષો પ્રમાદ વિના આત્મકલ્યાણને આરાધે છે."

આમ પ્રગટપણે જન્મ-મરણાદિ દુઃખના ઉપદ્રવોથી હેરાન હેરાન એવું સંસાર સ્વરૂપ પ્રત્યક્ષ દેખતાં છતાં, આ જીવો તેનાથી કેમ ઉદ્વેગ નહિં પામતા હોય ? મોહના અતિશય પ્રબળપણારૂપ હેતુથી, આ મહા મોહમૂઢ જીવો તે સંસારથી ઉદ્વેગ-કંટાળો પામતા નથી, સૂગ પામતા નથી, તેથી ત્રાસી જઈ તેનો અંત લાવવાને ઈચ્છતા નથી ! ઊલટા મોહથી મુંઝાઈ જઈને તેને જ દૃઢ આસક્તિથી વળગી રહે છે ! તેમાં જ રાચે છે ! સંસાર સમુદ્રનું ખારું પાણી હોંસથી મીઠું માનીને પીએ છે ! ને પોતાના 'ભવાભિનંદી' નામને સાર્થક કરે છે !!

કૃકૃત્યં કૃત્યમાભાતિ કૃત્યં ચાકૃત્યવત્સદા;
દુ:ખે સુખધિયાકૃષ્ટા કચ્છૂકણ્ડૂયકાદિવત્ ૮૦

- એઓને કુકૃત્ય સદા કૃત્ય ભાસે છે, તેમજ કૃત્ય અકૃત્ય જેવું ભાસે છે; અને ખસને ખણનારા વગેરેની જેમ તેઓ દુ:ખમાં સુખબુદ્ધિથી આકર્ષાયેલા હોય છે.

મોહમૂઢ એવા ભવાભિનંદી જીવોની વિપર્યાસ મતિથી હિંસા, આરંભ વગેરે જે દુષ્ટ કૃત્યો છે, અકૃત્ય છે, તે સદા કૃત્યરૂપ કરવા યોગ લાગે છે ! અને અહિંસા, અનારંભ વગેરે જે શિષ્ટ કૃત્યો છે, સુકૃત્યો છે, તે તેઓને અકૃત્યરૂપ, નહિં કરવા યોગ્ય લાગે છે. ભવાભિનંદી દુ:ખમય સંસારમાં કૃત્યાકૃત્યનું ભાન ભૂલી જઈ દુ:ખદાયક એવા હિંસાદિ કુકૃત્યમાં પ્રવર્તે છે.

"અત્યંત સુપ્રસિદ્ધ છે કે પ્રાણી માત્રને દુ:ખ પ્રતિકૂળ, અપ્રિય અને સુખ અનુકૂળ તથા પ્રિય છે. તે દુ:ખથી રહિત થવા માટે અને સુખની પ્રાપ્તિ માટે પ્રાણી માત્રનું પ્રયત્ન છે. પ્રાણી માત્રનું એવું પ્રયત્ન છતાં તેઓ દુ:ખનો અનુભવ જ કરતાં દષ્ટિગોચર થાય છે. કવચિત્ત કંઈક સુખના અંશ કોઈક પ્રાણીને પ્રાપ્ત થયા દેખાય છે, તો પણ દુ:ખની બાહુલ્યતાથી કરીને જોવામાં આવે છે." – શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૬૯૪)

આમ વિપર્યાસથી સુખદુ:ખના સાચા સ્વરૂપનું ભાન નહિ હોવાથી ભવાભિનંદી જીવની ઊલટી પ્રવૃત્તિ હોય છે. અસત્ આચરણ હોય છે. આજ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે,

યથા કણ્ડૂયનેષ્વેષાં ધીર્ન કચ્છૂનિવર્તને;
ભોગાઙ્ગેષુ તથૈતેષાં ન તદિચ્છાપરિક્ષયે. ૮૧

આ ખસને ખણનારાઓની બુદ્ધિ જેમ ખજવાળમાં જ હોય છે, પણ ખસના મટાડવામાં હોતી નથી, તેમ આ ભવાભિનંદી

જીવોની મતિ પણ ભોગના અંગરૂપ વિષયોમાં જ હોય છે, પણ તે ભોગાંગની (વિષયની) ઈચ્છાના નાશમાં હોતી નથી.

**આત્માનં પાશયન્ત્યેતે સદાસચ્ચેષ્ટયા ભૃશમ્;**
**પાપધૂલ્યા જડાઃ કાર્યમવિચાર્યૈવ તત્વતઃ ૮૨**

આ જડ જીવો, તત્ત્વથી કાર્ય વિચાર્યા વિના જ, અત્યંતપણે અસત્ ચેષ્ટાથી આત્માને પાપધૂલિવડે સદા પાશ નાંખે છે.

આ ભવાભિનંદી જીવ ક્ષણિક વિષયરૂપ કુસુખમાં ખોટા માની લીધેલા કલ્પિત સુખમાં આસક્ત હોઈ, તે વિષયની પ્રાપ્તિ અર્થે હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, કુશીલ સેવે છે, પરિગ્રહ વધારે છે, આરંભ આદિ કરે છે, અને તે તે પાપસ્થાનકોના સેવનથી તે જ્ઞાનાવરણાદિ પાપકર્મરૂપ ધૂલિ - રજ આત્મામાં નાંખી પોતાના આત્માને મલિન કરે છે. પોતે પોતાનો વૈરી થઈ, આત્મઘાતી બને છે ! ખરેખર ! વિષયાસક્તિથી પાપધૂલિ આત્મામાં નાંખનારા મોહમૂઢ ભવાભિનંદી જીવો મૂર્ખ, દિવાના, પાગલ જ છે, કારણ કે તેઓ મોહમદિરાથી મસ્ત થઈ ઉન્મત બન્યા છે.

**ધર્મબીજં પરં પ્રાપ્ય માનુષ્યં કર્મભૂમિષુ;**
**ન સત્કર્મકૃષાવસ્ય પ્રયતન્તેલ્પમેધસઃ ૮૩**

કર્મ ભૂમિમાં પરમ ધર્મબીજરૂપ મનુષ્યપણું પામીને, એની સત્ કર્મરૂપ કૃષિમાં (ખેતીમાં) અલ્પ મતિવાળાઓ પ્રયત્ન કરતાં નથી.

**"બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે ! ભવચક્રનો આટો નહિ એકે ટળ્યો" – શ્રી મોક્ષમાળા**

ધર્મની પ્રાપ્તિમાં બીજરૂપ પ્રધાન કારણ- પરમ ધર્મબીજ મનુષ્યપણું છે. બીજ હોય તો જ અંકુર ફૂટવાનો સંભવ છે, કારણ કે મનુષ્યપણું હોય તો જ બીજા આનુષંગિક કારણોનો જોગ બની

શકે છે, અને મનુષ્યપણામાં જ પૂર્ણ સદ્‌વિવેકનો ઉદય થઈ મોક્ષના રાજમાર્ગમાં પ્રવેશ થઈ શકે છે. બીજા કોઈ દેહથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. એટલા માટે આ માનવ દેહ સર્વથી ઉત્તમ છે. જ્ઞાનીઓ કહે છે કે ઘણા ઘણા પુણ્યનો પુંજ ભેગો થાય-મોટો પુણ્યરાશિ એકઠો થાય, ત્યારે આ મનખો અવતાર મળે છે, આ માનવદેહ પરમ દુર્લભ છે. આવું મનુષ્યપણું પણ પુણ્યજોગે મળ્યું હોય, પણ જો અનાર્ય ક્ષેત્રભૂમિમાં જન્મવું થયું હોય, તો તે મનુષ્યપણું પણ અફળ જાય છે; કારણ કે એવી અનાર્ય ભૂમિમાં ધર્મસંસ્કારનું દુર્લભપણું છે. 'આર્ય' એટલે હેય-ત્યાગવા યોગ્ય ધર્મોથી જે જલ્દી ચાલ્યા ગયેલા છે, તે માનનીય જન, સંસ્કારી આર્ય સજ્જન જ્યાં વસે છે તે આર્યક્ષેત્ર છે.

પાંચ ભરત, પાંચ ઐરવત ને પાંચ વિદેહ એ પંદર કર્મભૂમિઓ કહેવાય છે, કારણ કે સંસાર દુર્ગનો અંત કરનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગના જ્ઞાતા, કર્તા ને ઉપદેષ્ટા એવા ભગવાન્ પરમર્ષિ તીર્થંકરો અત્રે ઉપજે છે. અત્રે જ જન્મેલા સિદ્ધ થાય છે, અન્યત્ર નહિ. એટલા માટે મોક્ષાર્થ કર્મની જે સિદ્ધિભૂમિઓ છે, કર્મભૂમિઓ છે. જ્યાં મોક્ષ માટેનો પુરુષાર્થ કર્મયોગ સફળ થાય છે. સિદ્ધ થાય છે, તેને 'કર્મભૂમિ' નામ બરાબર ઘટે છે.

ધર્મબીજરૂપ ઉત્તમ મનુષ્યપણું મળ્યું હોય, અને ભરતક્ષેત્રાદિ કર્મભૂમિરૂપ આર્યક્ષેત્ર પણ સાંપડ્યું હોય, છતાં એ ધર્મબીજને વાવી, ઊગાડી, તેમાંથી સત્કર્મરૂપ ખેતી ન કરે, તેને ખેડવાનો પ્રયત્ન ન કરે, તો શું કામનું ? તેવા મનુષ્યો તો ખચિત અલ્પમતિવાળા કહેવા યોગ્ય છે.

સત્કર્મયોગરૂપ સત્ય પુરુષાર્થથી - આત્મપરાક્રમથી જ્યારે અસદ્‌વૃત્તિઓને દબાવી દઈ સદ્‌વૃત્તિઓ વિજયી બને છે, ત્યારે

પરમાર્થથી ધર્મબીજની ખેતી શરૂ થાય છે એમ સમજવું, અને પછી ઉત્તરોત્તર કલ્યાણની શ્રેણી પ્રાપ્ત થયા કરે છે.

ઉત્તમ ધર્મબીજરૂપ મનુષ્યપણાને વાવી સત્ કર્મરૂપ ખેતી કરો, સદ્ધર્મ આરાધનારૂપ જલસિંચનવડે તેનું પરિપોષણ કરી વૃદ્ધિ પમાડો- જેથી કરીને તે ધર્મ બીજ ઊગી નીકળી. ફાલીફૂલી અનંતગણો ફળ પરિપાક આપશે.

**"જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;**
**ભવસ્થિતિ આદિનામ લઈ, છેદો નહિ આત્માર્થ."** –(આ.સિ. શા.)

**"પંચ મહાવ્રત ધાન્ય તણાં કર્ષણ વધ્યા રે,**
**સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યા રે;**
**ક્ષાયિક દરિસન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે,**
**આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યા રે.**
**પ્રભુદરિસણ મહામેહ તણે પરવેશમેં રે,**
**પરમાનંદ સુભિક્ષ થયા મુજ દેશમેં રે;**
**દેવચંદ્ર જિનચંદ્ર તણો અનુભવ કરો રે,**
**સાદિ અનંતોકાળ આતમ સુખ અનુસરો રે.**
**શ્રી નમિ જિનવર સેવ ઘનાઘન ઉન્નમ્યો રે**

**– શ્રી દેવચંદ્રજી**

ખરેખર ! મનુષ્યપણું એ ધર્મપ્રાપ્તિમાં- આત્મસિદ્ધિમાં અપેક્ષા કારણ છે. આત્મ પરિણામરૂપ ઉપાદાન કારણ જો પ્રગટે તો જ તે અપેક્ષા કારણનું સફળપણું છે. માટે સદ્ધર્મરૂપ નિમિત પામી આત્મારૂપ ઉપાદાનને પ્રગટાવવો, એ જ આ ધર્મબીજરૂપ મનુષ્યપણાની ખેતી છે.

**"નર ગતિ પઢમ સંઘયણ તે અપેક્ષા જાણો;**
**નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો... પ્રણમો શ્રી અરનાથ-**

નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી... પ્રણમો.
"જન્મ કૃતાર્થ તેહનો રે, દિવસ સફલ પણ તાસ;
જગત શરણ જિન ચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ."

– શ્રી દેવચંદ્રજી

પણ મંદબુદ્ધિ ભવાભિનંદી જીવો આમ ધર્મબીજરૂપ મનુષ્યપણાનું સાર્થકય કરવાને બદલે તે બીજને વેડફી નાંખે છે ! અનેક પ્રકારના દુરાચારમાં, મિથ્યાભિમાનમાં, પ્રમાદમાં, વિષયમાં ને કષાયમાં તેઓ અમૂલ્ય ચિન્તામણિ રત્નસમાન મનુષ્ય જીવન ગુમાવી દે છે ! ને કાગડાને ઉડાડવા માટે ચિંતામણિ રત્ન ફગાવી દેનાર મૂર્ખ જેવું કાર્ય કરે છે ! તેથી તેમનો 'એળે ગયો અવતાર' જેવું થાય છે.

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું ? તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું ? એ નય ગ્રહ્યો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચારનહિં અહોહો ! એક પળ તમને હવો !"

– શ્રી મોક્ષમાળા

ત્યારે શું ?

બડિશામિષવત્તુચ્છે કુસુખે દારુણોદયે;
સક્તાસ્ત્યજન્તિ સચ્ચેષ્ટાં ધિગહો દારુણં તમઃ ૮૪

બડિશામિષ એટલે માછલાના ગળાનાં માંસ જેવા તુચ્છ, તથા દારુણ-ઉદય- વિપાકવાળા કુસુખમાં આસક્ત થયેલા તેઓ સત્ચેષ્ટા ત્યજે છે ! અહો ! દારુણ તમસને અજ્ઞાન અંધકારને ધિક્કાર હો !

તેઓ માછલાના ગળાના માંસ જેવા તુચ્છ અને દારુણ-ભયંકર વિપાકવાળા દુષ્ટ ભોગજન્ય વિષયસુખમાં સક્ત થાય છે. માછલાને લલચાવવા માટે મચ્છીમારો માછલાના ગળાનું માસ-ગલ આરમાં ભરાવીને મૂકે છે. માછલું તે તુચ્છ માંસ ખાવાની લાલચે, તેની પાછલ દોડી, તે આરમાં સપડાઈ જાય છે, અને પછી તેના ભૂંડા હાલહવાલ થાય છે, પ્રાણાત દારુણ દુઃખ તે અનુભવ છે. તેમ મોહરૂપ મચ્છીમાર જીવરૂપ માછલાને લલચાવવા માટે દુષ્ટ વિષયસુખરૂપ ગલ મૂકે છે, તે તુચ્છ અસત્ સુખની આશાએ તે તેની પાછળ દોડી તેમાં સપડાઈ જાય છે, આસક્ત થાય છે અને પછી તેના બૂરા હાલહવાલ થાય છે, નરકાદિના દારુણ દુઃખ વિપાક તેને વેદવા પડે છે.

આમ રસનેંદ્રિયની લોલુપતાથી જેમ માછલું સપડાઈને દુઃખી થાય છે તેમ સ્પર્શેન્દ્રિયને વશ થવાથી મદોન્મત હાથી પણ બંધન પામે છે, ચક્ષુઇન્દ્રિયને વસ થવાથી પતંગીયા દીપકમાં ઝંપલાવી બળી મરે છે, ધ્રાણેંદ્રિયને વશ થવાથી ભમરો કમળમાં પૂરાઈ જઈ પ્રાણાંત દુઃખ પામે છે, શ્રોત્રેંદ્રિયને વશ થવાથી મૃગલાં પારધિની જાલમાં સપડાઈ જાય છે. આમ એકેક ઈંદ્રિય વિષયના પરવશપણાથી પ્રાણી દારુણ વિપાક પામે છે, તો પછી પાંચે ઈંદ્રિય જ્યાં મોકળી હોય, એવો ભવાભિનંદી જીવ તો કેટલું દુઃખ પામે એમાં પૂછવું જ શું ?

**"ઈંદ્રિયના વિષયરૂપી ક્ષેત્રની જમીન જીતવાને આત્મા અસમર્થપણું બતાવે છે, અને આખી પૃથ્વી જીતવામાં સમર્થપણું ધારે છે, એ કેવું આશ્ચર્યરૂપ છે ?" – શ્રીમદ્ રાજચંદ્રજી**

**અવેદ્યસંવેદ્યપદમાન્ધ્યં દુર્ગતિપાતકૃત;**
**સત્સંગાગમયોગેન જેયમેતન્મહાત્મભિઃ ૮૫**

- એ અવેદ્યસંવેદ્ય પદ અંધ્યરૂપ-અંધપણારૂપ હોઈ, દુર્ગતિમાં

પાડનારું છે; એ સત્સંગ-આગમના યોગથી મહાત્માઓથી જીતી શકાય એવું છે.

આમ અવેદ્યસંવેદ્ય પદ-અંધપણારૂપ છે અને તે દુર્ગતિમાં પાડનારું છે. આવું આ અવેદ્યસંવેદ્ય પદ આ જ ભૂમિકામાં મહાત્મા જોગીજનોથી જ સત્સંગ-આગમના યોગે કરીને જીતાય એવું છે. જેમ કોઈ આંધળો અંધપણાને લીધે માર્ગ ન દેખતો હોઈ ઊંડા ખાડામાં પડી જાય, તેમ અવેદ્યસંવેદ્યરૂપ અંધપણાને લીધે આ જીવને સન્માર્ગ ન સૂઝતો હોઈ તે નરકાદિ દુર્ગતિમાં પડી જાય છે. પણ તે આંધળાને જો સાચો માર્ગદર્શક દોરનારો મળી આવે, તો તે ખાડામાં ન પડતાં સીધે માર્ગે ચાલ્યો જાય છે; તેમ આ જીવને પણ સાચે રસ્તે દોરનાર સત્સંગ-સત્પુરુષનો અને આગમનો-સત્શાસ્ત્રનો યોગ બાઝે, તો તેવા માર્ગદર્શકના પ્રભાવે તેને સન્માર્ગનું ભાન થાય અને દુર્ગતિના ખાડામાં ન પડતાં તે સન્માર્ગે ચાલ્યો જાય.

**"પરિચય પાતકધાતક સાધુ શુ, અકુશલ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત...**
**સંભવ"**

**"દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે"**
**– શ્રી આનંદઘનજી**

જ્ઞાની સત્પુરુષોએ સત્સંગનો મહિમા ઠેર ઠેર ખૂબ ગાયો છે. સત્સંગ એ જીવને તરવાનું ઉત્તમ સાધન છે.

**"ક્ષણમપિ સજ્જન સંગતિરેકા, ભવતિ ભવાર્ણવતરણે નૌકા."**
**– શ્રી શંકરાચાર્ય**

ક્ષણ પણ સજ્જનની સંગતિ થઈ તો તે ભવસમુદ્ર તરવામાં નૌકા સમાન થઈ પડે છે. કારણ કે સત્સંગથી જીવના સ્વચ્છંદાદિ દોષ સહેજે દૂર થાય છે ને આત્મગુણની વૃદ્ધિ થાય છે. આમ

સત્સંગનો આશ્રય જીવને પરમ આધારરૂપ, ઓથરૂપ થઈ પડે છે, ને તેના અવલંબને સંસારસાગર પાર ઉતરાય છે. જીવના પરમ બાંધવરૂપ આ સત્સંગની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે, માટે તેમાં સર્વાત્માથી આત્માર્પણ કરવું યોગ્ય છે એમ સત્પુરુષો ઉપદેશે છે.

''માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કાંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

''સર્વ પરમાર્થના સાધનમાં પરમસાધન તે સત્સંગ છે. સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લ્લભપણું છે, અને આવા વિષમ કાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાની પુરુષોએ જાણ્યું છે. જે પુરુષ સદ્‌ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધન ગૌણ ગણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પિણપણે ઉપાસવો યોગ્ય છે, કે જેથી સર્વ સાધન સુલભ થાય છે. (પત્રાંક ૧૮૧-૪૨૮-૫૧૮).

**"એવા અવગુણવંતનુંજી પદ એ અવેદ્ય કઠોર;**

**સાધુ સંગ આગમતણોજી, તે જીત્યો ધુરંધોર... મનમોહન"**

**– (શ્રી યો.દ.સ. ૪-૧૦)**

## અવેદ્યસંવેદ્ય અને વેદ્યસંવેદ્ય પદની તુલના

| | | |
|---|---|---|
| નામ | અવેદ્યસંવેદ્ય પદ | વેદ્યસંવેદ્ય પદ |
| કઈ દૃષ્ટિમાં | પહેલી ચારમાં અવેદ્યસંવેદ્ય પદ પ્રબલ ; વેદ્યસંવેદ્ય અતાત્ત્વિક વેદ્યસંવેદ્ય પદ તાત્ત્વિક | છેલ્લી ચારમાં - અવેદ્યસંવેદ્ય ન હોય, |
| કારણ | ગ્રંથિઅભેદ | ગ્રંથિભેદ |
| વ્યાખ્યા | વેદ્ય ન સંવેદાય, પરમાર્થથી અપદ | વેદ્યસંવેદાય પરમાર્થથી પદ |
| પાત્ર | ભવાભિનંદી, સાંપ્રતદર્શી મિથ્યાદૃષ્ટિ | મુમુક્ષુ, નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ |
| બોધ | સ્થૂલ-અસત્ કારણ અપાય શક્તિ માલિન્ય, અપાય દર્શન અતાત્ત્વિક | સૂક્ષ્મ-સત્ કારણ અપાય શક્તિ માલિન્ય ન હોય, અપાયદર્શન તાત્ત્વિક |
| પ્રવૃત્તિ | પાપ પ્રવૃત્તિ હોય | હોય નહિ, કવચિત્ હોય તો છેલ્લી ને તપ્તલોહ પદન્યાસ જેવી |
| લક્ષણ | વિપર્યાસ, વિવેકાંધતા, અતિમોહ, વિષમ કુતર્ક ગ્રહ | અવિપર્યાસ, સદવિવેક, અમોહ, ગ્રહરહિતપણું |
| પરિણામ | સંસાર પ્રતિ અનુદ્વેગ, ભોગસક્તિ કૃત્યાકૃત્યભ્રાંતિ | સંવેગાતિશય-પરમ વૈરાગ્ય, અનાસક્તિ, અભ્રાંતિ |
| પ્રવૃત્તિ-નિવૃત્તિ | અસત્ ચેષ્ટાપ્રવૃત્તિ, સત્ ચેષ્ટા-નિવૃત્તિ | સત્ ચેષ્ટા પ્રવૃત્તિ, અસત્ ચેષ્ટા નિવૃત્તિ |
| સ્વરૂપ | મિથ્યાદર્શનરૂપ | સમ્યગ્દર્શનરૂપ |
| ફલ | આત્મબંધન, દુર્ગતિપાત | અબંધ સુગતિ પ્રાપ્તિ |
| ગુણસ્થાન | પ્રથમ | ચતુર્થ-દેશવિરતિ આદિ |

જીયમાને ચ નિયમાદેતસ્મિંસ્તત્ત્વતો નૃણામ્;
નિવર્તતે સ્વતોઽત્યન્તં કુતર્કવિષમગ્રહઃ ૮૬

- અને આ અવેદ્યસંવેદ્યપદનો જય કરાતાં નિયમથી મનુષ્યોનો કુતર્ક વિષમ ગ્રહ તત્ત્વથી અત્યંતપણે આપોઆપ નિવૃત્ત થાય છે - ટળે છે.

"તે જીતે સહેજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, કરે એ બઠર વિચાર... મનમોહન."
— શ્રી યો.દ.સ. ૪-૧૧

આ અવેદ્યસંવેદ્યપદ કે જે મહામિથ્યાત્વનું કારણ છે, અને પશુપણા આદિ શબ્દથી ઓળખવા યોગ્ય છે, તે જ્યારે જીતાતું જાય છે ત્યારે પરમાર્થથી પુરુષનો વિષમ કુતર્કરૂપ ગ્રહ પોતાની મેળે જ ચોક્કસ નિવર્તી જાય છે. વિસ્તારથી અવેદ્યસંવેદ્યપદનું વર્ણન કર્યું, તે ઉપરથી સ્પષ્ટ છે કે મહામિથ્યાત્વનું કારણ જો કોઈ હોય, તો તે અવેદ્યસંવેદ્ય જ છે. તેના પ્રભાવથી જ જીવ અનાત્મામાં આત્મબુદ્ધિ ધરે છે, સ્વ-પરનો એકત્ત્વ અધ્યાસ કરે છે, દેહને જ આત્મા માની આત્માનું ભાન ભૂલી જાય છે, સતને અસત્ અને અસતને સત્ ચિંતવે છે, અને આવા અબૂઝપણાને લીધે જ એને પશુપણું, ગમારપણું, અબૂઝપણું, મૂઢપણું ઈત્યાદિ નામ છાજે છે.

આવું મિથ્યાત્ત્વકારણ અવેદ્યસંવેદ્યપદ જેમ જેમ જીતાય છે, તેમ તેમ -તે મિથ્યાત્ત્વથી ઉદ્ભવતા એવા વિષમ કુતર્કરૂપ ગ્રહો પોતાની મેળે જ નિવર્તી જાય છે. કારણ કે નિમિત્તનો અભાવ થાય એટલે નૈમિત્તિકનો અભાવ થાય જ એવો નિયમ છે.

કુતર્ક એટલે કુત્સિત તર્ક, અસત્-ખોટા તર્ક જે સ્વરૂપથી પોતે જ દુષ્ટ છે, ખોટા છે, અસત્ છે. મિથ્યા છે તે કુતર્ક. આ કુતર્કનો

ગ્રહ 'વિષમ' છે. કારણ કે જીવને હેરાન પરેશાન કરી મૂકે છે;

આવો જીવને ગ્રહી રાખનારો, પકડી-જકડી રાખનારો કુતર્કરૂપ અવેદ્યસંવેદ્યપદનો જય થતાં, આપોઆપ પોતાની પકડ મૂકી દે છે. આ કુતર્ક કેવો વિશિષ્ટ છે ? તે માટે કહે છે,

**બોધરોગઃ શમાપાયઃ શ્રદ્ધાભઙ્ગોઽભિમાનકૃત્;**
**કુતર્કશ્ચેતસો વ્યક્તં ભાવશત્રુરનેકધા ૮૭**

- બોધને રોગરૂપ, શમને અપાયરૂપ, શ્રદ્ધાને ભંગરૂપ અને અભિમાન કરનારો એવો કુતર્ક વ્યક્તપણે ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ છે.

આ વિષમ કુતર્ક ગ્રહ જે કહ્યો, તે કેવો અનિષ્ટ ને દુષ્ટ છે, તેનું વિશેષ સ્વરૂપ અહીં કહ્યું છે. આ કુતર્ક (૧) બોધ પ્રત્યે રોગ જેવો છે (૨) શમને અપાયરૂપ- હાનિરૂપ છે. (૩) શ્રદ્ધાને ભંગ કરનારો છે અને (૪) અભિમાનને ઉપજાવનારો છે. આમ તે અનેક પ્રકારે ચિત્તનો ભાવશત્રુ- પરમાર્થરિપુ છે.

**કુતર્કેઽભિનિવેશસ્તન્ન યુક્તો મુક્તિવાદિનામ્;**
**યુક્તઃ પુનઃ શ્રુતે શીલે સમાધૌ ચ મહાત્મનામ્ ૮૮**

-તેથી કરીને મુક્તિવાદીઓને- મુમુક્ષુઓને કુતર્કમાં અભિનિવેશ કરવો યુક્ત નથી, પણ શ્રુતમાં, શીલમાં અને સમાધિમાં અભિનિવેશ કરવો એજ મહાત્માઓને યુક્ત છે.

કુતર્કમાં અભિનિવેશ કરવો તે મુક્તિવાદીઓને- મુમુક્ષુઓને કોઈ પણ રીતે યુક્ત નથી, કારણ કે યુક્તિમાં મતિને ન જોડવી અને મતિમાં યુક્તિને પરાણે જોડવી એ અસદ્ગ્રહરૂપ અભિનિવેશનું લક્ષણ છે, 'મધ્યસ્થ પુરુષનું મનરૂપી વાછડું યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે- યુક્તિને અનુસરે છે, પણ તુચ્છ આગ્રહીનું મનરૂપી વાંદરૂં તે યુક્તિરૂપી ગાયને પુંછડાથી ખેંચે છે !

યુક્તિની ખેંચતાણ કરે છે ! આવો તુચ્છ આગ્રહરૂપ અભિનિવેશ મુમુક્ષુ જીવે કરવા યોગ્ય નથી. કારણ કે મુમુક્ષુ તો માત્ર મોક્ષનો જ અભિલાષી હોય છે, આત્માર્થ સિવાય બીજી કોઈ ઈચ્છા કે મનરોગ તેને હોતો નથી.

**'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ'**

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

આ કુતર્કનો અભિનિવેશ તો આત્માર્થનો વિરોધી છે - બાધક છે, કારણ કે મુમુક્ષુ જીવ સદ્બોધને ઈચ્છે છે, ને કુતર્ક તો બોધને રોગરૂપ થઈ પડી તેનો ધ્વંસ કરે છે. મુમુક્ષુ શમને - આત્મશાંતિને ઝંખે છે, ને કુતર્ક તો શમને હાનિ પહોંચાડે છે. મુમુક્ષુ જીવ શ્રદ્ધાને સન્માર્ગનું પ્રથમ પગથીયું માની તેમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે, ને કુતર્ક તો શ્રદ્ધા ભંગ કરાવી તેને ડગમગાવી મૂકે છે. મુમુક્ષુ તો 'આણાએ ધમ્મો આણાએ તવો', 'આજ્ઞા એ ધર્મ ને આજ્ઞા એ તપ' એમ જાણી અત્યંત નમ્રપણે સદા આજ્ઞાપ્રધાન રહેવા મથે છે, ને કુતર્ક તો સ્વચ્છંદપ્રધાન હોઈ જીવને મિથ્યાભિમાન ઉપજાવે છે. આમ કુતર્ક અનેક પ્રકારે જીવનો ભાવશત્રુ છે. બન્નેમાં આકાશ-પાતાળનું અંતર છે, પ્રકાશ-અંધકાર જેવો પ્રગટ ભેદ છે, એ બન્નેનો કોઈ કાળે મેળ ખાય એમ નથી માટે સાચો મુમુક્ષુ હોય તે પોતાના ઈષ્ટ પ્રયોજનમાં વિઘ્નકર્તા એવા કુતર્કને ગ્રહણ ન કરે. ખરેખર ! સાચો મોક્ષાભિલાષી હોય, તે તો કુતર્કરૂપ અસદ્ગ્રહને આત્મચંદ્ર પ્રત્યે રાહુરૂપ જાણતો હોઈ, તે કુતર્ક-ને ગ્રહવા ઈચ્છે જ નહિં. પોતપોતાના પક્ષના અભિનિવેશથી અંધ થયેલા વાદીઓ વિચિત્ર પ્રકારે વાદ વદે છે, છતાં બોલાઈ રહેલા તત્ત્વને તો તેઓ પામતા નથી !

**"તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;**
**અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.**
**... પંથડો નિહાળું રે બીજા જિનતણો." – શ્રી આનંદઘનજી**

એટલા માટે મુમુક્ષુ જીવે કુતર્કમાં બીલકુલ અભિનિવેશ કરવો યોગ્ય નથી. પ્રશસ્ત અર્થમાં-શ્રુત, શીલ ને સમાધિની દૃઢ આરાધનાના સમર્થ શ્રુત-શીલ-સમાધિ પ્રત્યે ભાવ કરવો તે મુમુક્ષુને સર્વથા યોગ્ય છે; કારણ કે તે શ્રુત-શીલ- સમાધિ મુમુક્ષુ જોગીજનના મોક્ષરૂપ ઈષ્ટ પ્રયોજનની સિદ્ધિના ઉત્તમ સાધન છે, માટે તેની દૃઢ લગનીરૂપ આરાધના કરવી, રઢ લગાડીને તેની પાછળ મંડી પડવું. તે જ મુમુક્ષુને અત્યંત યોગ્ય છે.

**બીજં ચાસ્ય પરં સિદ્ધમવન્ધ્યં સર્વયોગિનામ્;**
**પરાર્થકરણં યેન પરિશુદ્ધમતોઽત્ર ચ. ૮૯**

- અને આ શ્રુત આદિનું પરમ બીજ, સર્વ યોગીઓને સિદ્ધ એવું અવંધ્ય-અચૂક ફલ દેનારું પરિશુદ્ધ પરાર્થકરણ (પરોપકાર) છે; એટલા માટે અત્રે પણ અભિનિવેશ કરવો યુક્ત છે.

**"પ્રભુ ભજો, નીતિ સમજો, પરઠો પરોપકાર."**

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

આ લગની લગાડવા યોગ્ય, એવા શ્રુત, શીલને સમાધિ કહ્યા, તેનું પણ સર્વ યોગીઓને સિદ્ધ થયેલું- પ્રતિષ્ઠિત થયેલું પરમ કારણ શું છે ? એ શ્રુતાદિનું પણ પરમ બીજરૂપ પ્રધાન કારણ પરાર્થકરણ છે, એટલે કે પર પ્રયોજનના નિષ્પાદનરૂપ પરોપકાર છે. એમ કુલયોગી વગેરે સર્વ યોગીઓએ સંમત કરેલું છે, પ્રતિષ્ઠિત કરેલું છે. આ પરોપકારરૂપ બીજ શ્રુતાદિની પ્રાપ્તિરૂપ અમોઘ-અચૂક ફલ આપનારું છે. તે સર્વથા પરિશુદ્ધ હોવું જોઈએ. આવા પરિશુદ્ધ પરોપકારમાં લગની લગાડવી, તે મુમુક્ષુ મહાત્માઓને યુક્ત છે, એમ સત્પુરુષોનો ઉપદેશ છે.

એટલે મોક્ષાભિલાષી મુમુક્ષુ જીવે પોતાના તન, મન, ધન ને વચનની સમસ્ત શક્તિ અન્ય જીવોના ઉપકારને અર્થે ખર્ચવી એજ

ઉચિત છે. કારણ કે સંતજનોની વિભૂતિઓ પરોપકારાર્થ હોય છે. પરોપકાર કૃત્ય સર્વથા નિષ્કામ જ હોવું જોઈએ, અને તો જ 'પરિશુદ્ધ' ગણાય. કુતર્કની અસારતા જ બતાવવા માટે કહે છે,

**અવિદ્યાસંગતાઃ પ્રાયો વિકલ્પાઃ સર્વ એવ યત્**

**તદ્યોજનાત્મકશ્ચૈષ કુતર્કઃ કિમનેન તત્ ૯૦**

- ઘણું કરીને સર્વેય વિકલ્પો અવિદ્યાસંયુક્ત હોય છે, અને તે વિકલ્પના યોજનરૂપ આ કૃતર્ક છે. તેથીકરીને આ કુતર્કથી શું ?

સર્વેય વિકલ્પો પ્રાયે કરીને અવિદ્યાસંગત હોય છે જ્યાં જ્યાં વિકલ્પ છે ત્યાં ત્યાં તેની સાથે અવિદ્યા અવશ્ય જાય જ છે, તે અવિદ્યાસંગત વિકલ્પોને યોજનારો- ગોઠવનારો આ કુતર્ક છે.

**"મૂરખ જીવ ધરે ચિતમેં કહા, જલ્પ વિકલ્પ સદા દુઃખદાયી;**

**ધ્યાવહુ બ્રહ્મ સદા અતિ ઉજ્જવલ, દૂર તજો સબ સોજ પરાઈ."**

**– શ્રી દેવચંદ્રજીકૃત દ્રવ્યપ્રકાશ**

તો પછી આવા અવિદ્યાપ્રેરિત વિકલ્પને ગોઠવનારા કુતર્કનું શું કામ છે ? શું પ્રયોજન છે ? કંઈ જ નહિં. વિકલપનું મૂળ અવિધા છે ને તેને પોષનારો કુતર્ક છે, તો પછી આવા દુષ્ટ અનિષ્ટ અનર્થકારક ને હળાહળ ખોટા કુતર્કને કયો વિબુધ ભજે વારુ ? અવિદ્યાજન્ય વિકલ્પથી જ આ સંસારની ઉત્પત્તિ થાય છે, તો પછી સંસારનો અંત ઈચ્છનારો મુમુક્ષુ વિકલ્પનો આશ્રય કેમ કરે ? ન જ કરે.

**"ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**

**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર." – (આ.સિ.શાસ્ત્ર)**

તેમજ -

**જાતિપ્રાયશ્ચ સર્વોઽયં પ્રતીતિફલબાધિતઃ;**
**હસ્તી વ્યાપાદયત્યુક્તૌ પ્રાપ્તાપ્રાપ્તવિકલ્પવત્ ૯૧**

- અને પ્રતીતિફલથી બાધિત એવો આ સર્વ કુતક દૂષણાભાસ-પ્રધાન છે. 'હાથી મારી નાંખશે' એવું સાંભળ્યે હાથી પામેલાને – પાસે રહેલાને હણશે ? કે નહિં પામેલાને - દૂર દૂર રહેલાને હણશે ? એવો કરવો વિકલ્પ તે કુતર્ક.

દૂષણ જેવો આભાસ આપતું, દૂષણ જેવું દેખાતું કંઈ પણ છિદ્ર શોધી કાઢવું એ કુતર્કનું કામ છે ! 'દૂધમાંથી પોરા કાઢવાં' જેવું છલ નિર્દોષ નિરવદ્ય વસ્તુમાં પણ શોધી કાઢવું એ કુતર્કનું કુશલપણું છે !

'સંશયાત્મા વિનશ્યતિ' સંશયી જીવ વિનાશ પામે છે. તેમજ તેથી કાંઈ ફલ પ્રયોજન સિદ્ધ થતું નથી. હાથી મારી નાંખશે એમ મહાવતે કહ્યે, હાથી પાસે રહેલાને હણે ? કે દૂર રહેલાને હણે ? એવો વિકલ્પ જેમ કોઈ બઠર-જડ કરે, છે.

વસ્તુ સ્વભાવના ઓઠા હેઠળ કુતર્ક કરનાર મારી મચડીને પોતાને મનફાવતો અર્થ બંધ બેસાડે છે ! આમ દૃષ્ટાંતનો તોટો નથી ને કુતર્કનો આરો નથી ! માટે આવો કુતર્ક સર્વથા અયોગ્ય, અનુચિત છે માટે જ આત્માર્થી મુમુક્ષુ જોગીજને તેનો સર્વથા દૂરથી પરિત્યાગ કરવો યોગ્ય છે.

**અતોઽગ્નિઃ ક્લેદયત્યમ્બુસન્નિધૌ દહતીતિ ચ;**
**અમ્બ્વગ્નિસન્નિધૌ તત્સ્વાભાવ્યાદિત્યુદિતે તયોઃ ૯૩**

- એટલા માટે પાણીની હાજરીમાં અગ્નિ ભીંજવે છે, ને અગ્નિની હાજરીમાં પાણી દઝાડે છે. - એમ તે બન્નેના તેવા સ્વભાવપણાને લીધે થાય છે, એવું કોઈથી જ્યારે કથવામાં આવે ત્યારે -

અગ્નિનો અસલ સ્વભાવ ઉષ્ણ છે, અને તેથી દઝાય છે એમ આબાલવૃદ્ધ સર્વ કોઈ જાણે છે, છતાં કુતર્ક કરનારો કહેશે કે અગ્નિનો સ્વભાવ ભીંજવવાનો છે, કારણ કે અગ્નિ પાણીની હાજરીમાં ભીંજવે છે, ઉષ્ણ જલ ભીંજવે છે, એ પ્રત્યક્ષ દેખાય છે. તેમજ જલ મૂળ શીતલ સ્વભાવી છે અને તેથી ભીંજાવાય છે. છતાં કુતર્ક કરનાર એમ સાબિત કરવા પ્રયત્ન કરશે કે પાણીનો સ્વભાવ દઝાડવાનો છે, કારણ કે પાણી અગ્નિની હાજરીમાં દઝાડે છે, ઉષ્ણ જલ દઝાડે છે, એ પ્રત્યક્ષ અનુભવ છે. આમ વસ્તુસ્વભાવના ઓઠા નીચે કુતર્ક કરનાર પોતાને મનફાવતો અર્થ એક જ વાતમાંથી ઉતારી શકે છે શું ? તે કહે છે,

**કોશપાનાદૃતે જ્ઞાનોપાયો નાસ્ત્યત્ર યુક્તિતઃ;**

**વિપ્રકૃષ્ટોઽપ્યસ્કાન્તઃ સ્વાર્થકૃદ્દશ્યતે યતઃ ૯૪**

અત્રે યુક્તિથી કોશપાન સિવાય જ્ઞાન ઉપાય છે નહિં, કારણ કે વિપ્રકૃષ્ટ (દૂર રહેલો) લોહચુંબક પણ સ્વાર્ત કરનારો (પોતાનું કાર્ય કરનારો) દેખાય છે.

કોશપાન (શબ્દકોષ પી જવો-ગોખી જવો તે) સિવાય જ્ઞાનનો બીજો ઉપાય નથી ! ગમે તેવો સ્વભાવ કુયુક્તિથી ને દૃષ્ટાંતબલથી સ્થાપિત કરી શકાય એમ છે. માટે એવા કુતર્કના ચુંથણા કરવામાં કાંઈ સાર નથી, કાંઈ માલ નથી. તત્ત્વગવેષક મુમુક્ષુએ તો આ દુષ્ટ કુતર્કને નવ ગજના નમસ્કાર જ કરવા યોગ્ય છે.

**દૃષ્ટાન્તમાત્રં સર્વત્ર યદેવં સુલભં ક્ષિતૌ;**

**એતત્પ્રધાનસ્તત્કેન સ્વનીત્યાપોદ્યતે હ્યયમ્ ૯૫**

- આમ પૃથ્વીમાં સર્વત્ર દૃષ્ટાંતમાત્ર સુલભ છે. તેટલા માટે એ દૃષ્ટાંતપ્રધાન એવો આ કુતર્ક કોનાથી પોતાની નીતિ વડે કરીને બાધિત થઈ શકે વારુ ?

કોઈ પણ સાધ્ય વસ્તુ વિષે, લોકપ્રતીતિથી બાધિત એવું, દૃષ્ટાંત મેળવવું સહેલું છે. પોતાના સાધ્યને અનુકૂળ-બંધબેસ્તું એવું દૃષ્ટાંત મળી આવવું મુશ્કેલ નથી. પછી ભલેને તે લોકને પ્રતીત ન થાય એવું, માન્યામાં ન આવી શકે એવું હોય ! ગમે તેમ મારી મચરડીને, તાણી ખેંચીને, પોતાની માન્યતાની ડાબલી બંધ બેસાડવા ખાતર ઊભું કરેલું હોય ! માટે આવું દૃષ્ટાંત જ્યાં પ્રધાન છે, આવા દૃષ્ટાંત પર જ જેનો બધો મદાર છે, આવા દૃષ્ટાંતના પોલા થાંભલા પર જ જેની હવાઈ ઈમારત અદ્ધર ઊભી છે, એવા આ કુતર્કને કોણ પોતાની નીતિથી વારી શકે ? કોણ બાધિત કરી શકે વારુ ? કોઈ નહિ.

**દ્વિચન્દ્રસ્વપ્નવિજ્ઞાન નિદર્શનબલોત્થિતઃ;**
**નિરાલમ્બનતાં સર્વજ્ઞાનાનાં સાધયન્યથા ૯૬**

- જેમ બે ચંદ્રના અને સ્વપ્નવિજ્ઞાનના ઉદાહરણ બલથી ઊઠતો એવો આ કુતર્ક, સર્વ જ્ઞાનોની નિરાલંબનતા સાધતો સતો, કોનાથી બાધિત થાય વારુ ?

ઉપરમાં કુતર્કની દૃષ્ટાંત પ્રધાનતા કહી, ને આવા દૃષ્ટાંતપ્રધાન કુતર્કને કોણ બાધિત કરી શકે એમ કહ્યું. તે સ્પષ્ટ બતાવવા માટે અહીં દૃષ્ટાંત રજૂ કર્યું છે ચંદ્ર એક છે, છતાં ત્રાંસી આંખે બે દેખાય છે. સ્વપ્ન મિથ્યા છે- ખોટું છે, છતાં તેનું વિજ્ઞાન-જાણપણું થાય છે. આ બે ચંદ્રનું જ્ઞાન, તેમ જ સ્વપ્નવિજ્ઞાન વાસ્તવિક રીતે મિથ્યા છે, ખોટા છે, આલંબન વિનાના, આધાર વિનાના, નિર્મૂળ છે. આ દૃષ્ટાંતના સામર્થ્યથી, આ દૃષ્ટાંત આગળ ધરીને કોઈ એમ કુતર્ક કરે કે જેમ આ જ્ઞાન નિરાલંબન હોઈ મિથ્યા-ખોટા છે, ઝાંઝવાના જલ નિરાલંબન છે, વાસ્તવિક છે નહિં, પણ મિથ્યા આભાસરૂપ દેખાય છે, તેમ સર્વ જ્ઞાનો નિરાલંબન હોઈ મિથ્યા છે. આમ કુતર્ક કરી દૃષ્ટાંતના બલે

કરીને સર્વ જ્ઞાનોનું નિરાલંબનપણું, નિર્મૂળપણું કોઈ સાબિત કરવા જાય, તો તેને કોણ બાધિત કરી શકે વારુ ? કોઈ નહિ. માટે આવા ઉંધા રવાડે ચડાવી દેનાર, ઉન્માર્ગે લઈ જનાર, ઉત્પથે દોરી જનાર, કુતર્કનો કયો વિવેકી પુરુષ આશ્રય કરે ?

**સર્વં સર્વત્ર ચાપ્નોતિ યદસ્માદસમંજસમ્;**

**પ્રતીતિબાધિતં લોકે તદનેન ન કિંચન ૯૭**

- કારણ કે આ કુતર્કથકી સર્વ સર્વત્ર પ્રાપ્ત થાય છે, કે જે અસમંજસ (અયથાર્થ) અને લોકમાં પ્રતીતિથી બાધિત એવું હોય છે, તેટલા માટે આ કુતર્કથી કાંઈ નથી, એનું કાંઈ પ્રયોજન નથી.

આમ કુતર્ક કરવા થકી કોઈ પ્રકારે તત્ત્વસિદ્ધિ થતી નથી. કુતર્કથી સિદ્ધ કરાતી વાતો લોકોને પણ માન્યામાં આવતી નથી, કારણ કે તેમાં માત્ર દૃષ્ટાંત સિવાય બીજો કાંઈ સાર હોતો નથી. આમ સર્વથા આવા નિઃસાર તુચ્છ કુતર્કથી કાંઈ નથી, એમાં કાંઈ માલ નથી. એટલે આવા અસમંજસકારી લોકપ્રતીતિથી બાધિત કુતર્કથી સર્યું.

માટે જે સત્યતત્ત્વનો જિજ્ઞાસુ છે એવા તત્ત્વગવેષક આત્માર્થીએ તો ક્યારેય પણ કોઇ પણ પ્રકારના કાંઈ પણ કુતર્કને બીલકુલ કોઠું આપવું યોગ્ય નથી જ. પ.કૃ. દેવના ટંકોત્કીર્ણ વચન છે કે,

**"છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;**

**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ." – (આ.શિ.શાસ્ત્ર)**

આ કુતર્ક વિષમ ગ્રહની ખૂબ નિંદા કરતાં, મહર્ષિ હરિભદ્રસૂરિજીએ સ્પષ્ટ દર્શાવ્યું કે આ કુતર્ક (૧) બોધ પ્રત્યે રોગરૂપ છે (૨) શમને-આત્મશાંતિને અપાયરૂપ છે (૩) શ્રદ્ધાનો ભંગ કરનાર છે (૪) મિથ્યા અભિમાન ઉપજાવનાર છે અને (૫)

આમ તે ચિંતનો અનેક પ્રકારે ભાવશત્રુ- પરમાર્થરિપુ છે, માટે તેમાં અભિનિવેશ કરવો મુમુક્ષુને યોગ્ય નથી. (૬) સર્વ વિકલ્પો અવિદ્યાસંગત છે, અને તેની યોજના-ગોઠવણી કરનાર આ કુતર્ક છે, માટે તેથી શું કામ છે ? (૭) આ સર્વ કુતર્ક જાતિપ્રાય એટલે દૂષણાભાસપ્રધાન છે, પ્રતીતિથી અને ફલથી બાધિત છે. દૂર રહેલાને હાથી હણે ? કે નિકટ રહેલાને ? તેના જેવા વેદિયાવેડાની જેમ (૮) વળી આ કુતર્કમાં છેવટનો જવાબ 'સ્વભાવ' છે અને આ સ્વભાવ તો તત્ત્વથી છદ્મસ્થોને ગોચર નથી, કારણ કે અન્યથી તે અન્ય પ્રકારે કલ્પવામાં આવે છે. જેમ કે અગ્નિ ભીંજવે છે, પાણી બાળે છે, ઈત્યાદિ (૯) આમ સર્વત્ર લોકપ્રતીતિથી બાધિત એવું દૃષ્ટાંત સુલભ છે, તો પછી આવા દૃષ્ટાંતપ્રધાન કુતર્કને કોણ વારી શકે ? જેમ કે બે ચંદ્ર ને સ્વપ્નવિજ્ઞાનના ઉદાહરણના બલ ઉપરતી ઊઠતો કુતર્ક સર્વ જ્ઞાનોનું નિરાલંબનપણું સાધે છે ! (૧૦) આમ લોકપ્રતીતિથી બાધિત એવું સર્વ કાંઈ પણ અસમંજસ કુતર્કથી સર્વત્ર પ્રાપ્ત થાય છે. કુતર્કથી ગમે તેવું અગડં-બગડં ગમે ત્યાં સાબીત થઈ શકે છે ! તો પછી આવા અનિષ્ટ દુષ્ટ કુતર્કનું શું પ્રયોજન છે ? કાંઈ જ પ્રયોજન નથી.

માટે આવા કુતર્કનો-કદાગ્રહનો તૃણની જેમ ત્યાગ કરવો એ જ ઉદારબુદ્ધિ મુમુક્ષુજનને ઉચિત છે અને એમ જે કરે છે 'તેને પતિવ્રતા કુલીન સ્ત્રીની જેમ ગુણાનુરક્ત યશલક્ષ્મી કદી છોડતી નથી.' કુતર્ક વિષમ ગ્રહ, અત્રે આ દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદનો જય થતાં આપોઆપ ટળે છે.

**અતીન્દ્રિયાર્થસિદ્ધયર્થં યથાલોચિતકારિણામ્;**
**પ્રયાસઃ શુષ્કતર્કસ્ય ન ચાસૌ ગોચરઃ ક્વચિત્ ૯૮**

- જોઈ વિચારીને વર્તનારા પ્રેક્ષાવંત જનોનો પ્રયાસ

અતીન્દ્રિય અર્થની સિદ્ધિને અર્થે હોય છે; અને તે અતીન્દ્રિય અર્થ તો ક્યારેય પણ શુષ્ક તર્કનો વિષય હોતો નથી.

જે પ્રેક્ષાવંત વિચારવાન જીવો છે, તે વિવેકીઓનો પ્રયાસ અતીન્દ્રિય અર્થની સિદ્ધિ અર્થે હોય છે. ધર્મ, આત્મા આદિ અતીન્દ્રિય અર્થ છે, એટલે કે ઇંદ્રિયજ્ઞાનથી પર એવા ધર્મ-આત્મા આદિ અર્થનું સ્વરૂપ વાસ્તવિક રીતે કેવું છે ? તે જાણવા માટે, સમજવા માટે ને સિદ્ધ કરવા માટે વિચારવંત વિવેકી પુરુષો સતત પ્રયત્નશીલ રહે છે, મથે છે અને એમ કરતાં તેઓને આત્મા-ધર્મ આદિ પદાર્થના અતીન્દ્રિયપણાની વિશેષ પ્રતીતિ થાય છે, તે આ પ્રકારે :-

'ઇંદ્રિય' એટલે ઈંદ્ર સંબંધિની. ઈંદ્ર એટલે આત્મા જેનો સ્વામી છે તે ઇંદ્રિય અથવા જે પોતપોતાના નિયત ક્ષેત્રમાં અહમિન્દ્રની જેમ સર્વસત્તાધિશ થઈને વર્તે છે તે ઇંદ્રિય. તેના ક્ષેત્રમાં બીજાનું કંઈ ચાલતું નથી ને બીજાના ક્ષેત્રમાં તેનું કાંઈ ચાલતું નથી. પોતપોતાની ક્ષેત્રમર્યાદાની બહાર કોઈ ઇંદ્રિયની સત્તા ચાલતી નથી. જેમ કે- આંખ દેખવાનું જ કામ કરી શકે છે, કાન સાંભળવાનું જ કામ કરી શકે છે. આંખથી સંભળાતું નથી, કે કાનથી દેખાતું નથી. આમ પ્રત્યેક ઈંદ્રિયની સત્તા નાના રજવાડાની પેઠે પોતાના નાનકડા સ્વક્ષેત્ર પૂરતી જ મર્યાદિત છે. આવી સર્વ ઈંદ્રિયોની સત્તાથી જે પર છે, તે ઈંદ્રિયોનો પણ જે ઈંદ્ર-અધિષ્ઠાતા સ્વામી છે, તે 'આત્મા' નામથી ઓળખાતી વસ્તુ છે.

સુક્કા, નીરસ, વિતંડાવાદ જેવા કોરાધાકોડ તર્કથીકદી પણ અતીન્દ્રિય અર્થની સિદ્ધિ થતી નથી. માટે એવા અપ્રયોજનભૂત, ઈષ્ટ સિદ્ધિને નહિં સાધનારા, અને ઊલટા આત્માર્થને હાનિરૂપ-બાધારૂપ થઈ વ્યામોહ ઉપજાવનારા શુષ્ક તર્કને કયો

વિચારવંત આત્માર્થી પુરુષ સેવે ? આદરે ? કોઈ વિચારવાન વિવેકી જીવ તો તેને દૂરથી પણ સ્પર્શે જ નહિં.

**ગોચરસ્ત્વાગમસ્યૈવ તતસ્તદુ પલબ્ધિતઃ;**
**ચન્દ્રસૂર્યોપરાગાદિસંવાદ્યાગમદર્શનાત્ ૯૯**

- પરંતુ તે અતીન્દ્રિય અર્થ આગમને (સત્ પુરૂષને) જ ગોચર હોય છે, તેના થકી તે અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ (જાણપણું) થાય છે તેટલા માટે. કારણ કે ચંદ્ર-સૂર્યના ગ્રહણ વગેરે સંવાદી-મળતા આવતા આગમનું દર્શન થાય છે.

ઈંદ્રિયોને અગમ્ય એવા વિષયનું જાણપણું આગમથી (શ્રુત થી) થાય છે. જેમ કે આગમ દ્વારા એમ જાણવામાં આવે છે કે અમુક દિવસે, અમુક વખતે ચંદ્રગ્રહણ થશે, સૂર્યગ્રહણ થશે, ઈત્યાદિ અને તે જ આગમવાણી પ્રમાણે તેને મળતા આવતા જ સમયે ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ (Eclipse) આદિ પ્રત્યક્ષ દેખાય છે. આ સ્થૂલ દૃષ્ટાંત ઉપરથી અતીન્દ્રિય અર્થની વાત એ આગમનો (શ્રુતનો) વિષય છે, એમ સિદ્ધ થાય છે.

જે જે વિષયમાં નિષ્ણાત હોય તે વિષયમાં તેનું વચન જ પ્રમાણભૂત ગણાય તે સામાન્ય નિયમ પ્રમાણે અતીન્દ્રિય વિષયમાં અતીન્દ્રિય જ્ઞાની એવા આપ્તપુરુષ પ્રમાણભૂત હોઈ, તેનું જ વચન પ્રમાણ છે અને આપ્તપુરુષનું વચન તેનું નામ જ 'આગમ' છે. તેની પ્રત્યક્ષ પ્રતીતિ આપે એવું ગ્રહણનું દૃષ્ટાંત અત્ર આપ્યું છે. અલૌકિક એવા અતીન્દ્રિય આત્મપદાર્થના સંબંધમાં પણ આ આપ્ત જ પ્રમાણભૂત છે. કારણ કે તે યોગીશ્વરે આત્મસ્વરૂપનું સાક્ષાત દર્શન કરી તેની પ્રાપ્તિ કરી છે, અને તથારૂપ અનુભવ કરી પોતે સહજ આત્મસ્વરૂપ એવા સાક્ષાત 'પ્રભુ' બન્યા છે અને જેવું આત્મસ્વરૂપ તેમણે દીઠું તેવું યથાર્થપણે તેમણે કહી દેખાડ્યું છે એટલે આવા આ આત્મદૃષ્ટા નિર્દોષ આત્માનુભવી પ્રાપ્ત પુરુષ

આ બાબતમાં પ્રમાણભૂત છે, આપ્ત છે, પરમ વિશ્વાસ કરવા યોગ્ય છે. પરમાર્થમાં સાચા પ્રામાણિક સત્પુરુષનો વગર વિચાર્યે પણ વિશ્વાસ રાખવા યોગ્ય છે, 'તહતિ' કરવા યોગ્ય છે. પ.કૃ. દેવ કહે છે કે,

**"તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?**

**નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું" - મોક્ષમાળા**

આપ્ત પણ તે જ કે જેના દોષ ને આવરણ ટળ્યા હોય. જેના રાગ-દ્વેષ-મોહાદિ દોષ અને જ્ઞાન-દર્શન આવરણ ટળ્યા છે, તે જ પુરુષ 'આપ્ત' હોવા યોગ્ય છે. નિરાવરણ જ્ઞાન હોય અને રાગદ્વેષરહિતપણું- નિર્દોષપણું હોય, તો જ તેનું વચન સંપૂર્ણ સત્ય હોઈ, વિશ્વાસપાત્ર હોય-પ્રમાણભુત હોય. એટલે જે કોઈ સર્વજ્ઞ વીતરાગ હોય તે જ આપ્ત છે, ને તેનું વચન જ પરમ પ્રમાણભૂત હોઈ પરમ વિશ્વાસપાત્ર છે અને આવું જે આપ્તવચન તે જ આગમ અથવા વિશ્વાસપાત્ર એવું શાસ્ત્ર છે.

**એતત્પ્રધાનઃ સચ્છ્રાદ્ધઃ શીલવાન્ યોગતત્પરઃ;**

**જાનાત્યતીન્દ્રિયાનર્થાસ્તથા ચાહ મહામતિઃ ૧૦૦**

- આ આગમપ્રધાન, સત્ શ્રાદ્ધ (સત્ શ્રદ્ધાવંત) શીલવાન્ એવો યોગ તત્પર પુરુષ, અતીન્દ્રિય અર્થોને જાણે છે અને તેવા પ્રકારે મહામતિએ (પતંજલિએ) કહ્યું છે શું ? તો કે,

**આગમેનાનુમાનેન યોગાભ્યાસરસેન ચ;**

**ત્રિધા પ્રકલ્પયન્પ્રજ્ઞાં લભતે તત્ત્વમુત્તમમ્ ૧૦૧**

- આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસના રસથી- એમ ત્રણ પ્રકારે પ્રજ્ઞાને પ્રકલ્પતાં-પ્રયોજતાં ઉત્તમ તત્ત્વને પામે છે.

મુનિ પતંજલિ કહે છે કે 'ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ ત્રણ પ્રકારે પ્રજ્ઞાને પ્રયોજતાં થાય છે. (૧) આગમથી (૨) અનુમાનથી અને

(૩) યોગાભ્યાસ પ્રજ્ઞાને આગમમાં યોજવાથી, આપ્ત પુરુષના વચનમાં જોડવાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. અનુમાન એટલે લિંગ ઉપરથી લિંગીનું જ્ઞાન, તેમાં પણ પ્રજ્ઞાને પ્રયોજતાં ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે અને યોગાભ્યાસ એટલે વિહિત અનુષ્ઠાનના અભ્યાસરસમાં પણ પ્રજ્ઞાને પ્રયોજિત કરતાં ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આમ ત્રણ પ્રકારે આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસથી- એ ઉક્ત અનુક્રમે જ પ્રજ્ઞાને પ્રયોજતાં ઉત્તમ તત્ત્વને પામે છે, એટલે કે પાપ-સંમોહની નિવૃત્તિ થકી શ્રુતાદિના ભેદે કરીને ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

તત્ત્વ પ્રાપ્તિનો સૌથી પ્રથમ ઉપાય આગમ છે, કારણ કે આગમ એ તત્ત્વનું સાક્ષાત્ દર્શન જેણે કર્યું છે એવા આત્માનુભવી સત્પુરુષનું વચન છે.

તત્ત્વપ્રાપ્તિનો બીજો ઉપાય અનુમાન અર્થાત્ સન્ન્યાસંપન્ન યુક્તિવાદ છે. આ યુક્તિવાદ સન્ન્યાયસંપન્ન હોવો જોઈએ. તેમજ આ યુક્તિવાદ આગમથી વિરૂદ્ધ ન હોવો જોઈએ, પણ અવિરૂદ્ધ હોવો જોઈએ. કારણ આગમ એ સાક્ષાત્ તત્ત્વદૃષ્ટા પુરુષનું વચન હોઈ, તેનું સ્થાન યુક્તિ કરતાં ઘણું ઉંચું છે. એટલે આગમોક્ત તત્ત્વનું સુયુક્તિથી પ્રતિષ્ઠાપન કરવામાં બાધ નથી.

**"પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ**
**યુક્તિમદ્વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ" – શ્રી હરિભદ્રાચાર્યજી**

તથા તત્ત્વ પ્રાપ્તિનો ત્રીજો ઉપાય યોગાભ્યાસ રસ છે. શાસ્ત્રમાં જે યોગસાધન બતાવ્યા છે, તેના પુનઃ પુનઃ આસેવનરૂપ અભ્યાસમાં રસ લઈ મતિ જોડવાથી આત્માની પરિણતિ વિશુદ્ધ થાય છે, અને પ્રજ્ઞા નિર્મલ બને છે, તેથી તત્ત્વનાં ચમત્કારો તેમાં ભાસ્યમાન થાય છે. આ યોગાભ્યાસનું સ્થાન અત્રે ત્રીજું મૂક્યું છે, તેનું કારણ આ યોગાભ્યાસ શાસ્ત્રઆજ્ઞા પ્રમાણે તેમાં બતાવેલ

વિધિ અનુસાર હોવો જોઇએ; તેમજ આગમને અનુકૂળ યુક્તિથી યુક્ત એવો હોવો જોઇએ, સ્વચ્છંદ પ્રમાણે ન હોવો જોઇએ.

માટે મુમુક્ષુ આગમ વચનને દૃઢ શ્રદ્ધાથી માન્ય કરી, યુક્તિથી તેની ચકાસણી કરી બુદ્ધિપૂર્વક બરાબર સમજીને, તદ્દનુસાર જો રસપૂર્વક યોગાભ્યાસ કરે તો તેને અવશ્ય ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય, એમ તાત્પર્ય છે. પહેલાં શ્રદ્ધા, પછી બુદ્ધિ, અને પછી રસપૂર્વક પ્રવૃત્તિ- આ અનુક્રમે [illegible] [illegible], તો તત્ત્વકાર્યની સિદ્ધિ સાંપડે.

**ન તત્ત્વતો ભિન્નમતાઃ સર્વજ્ઞા બહવો યતઃ;**

**મોહસ્તદધિમુક્તિનાં તત્ભેદાશ્રયણં તતઃ ૧૦૨**

કારણ કે ઘણા સર્વજ્ઞો તત્ત્વથી ભિન્ન મતવાળા નથી; તેથી કરીને તેના ભેદનો આશ્રય કરવો તે મુક્તિ માટે પ્રયત્ન કરનારાનો મોહ છે.

**"નહિ સર્વજ્ઞો જૂજૂઆજી, તેહના વળી દાસ."**

**ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મનમોહન**

**– યો.દ.સ. ૪-૧૪**

આગમની અથવા શાસ્ત્રની પ્રધાનતા અને તેની શ્રદ્ધા પર ખાસ ભાર મૂક્યો, તો પછી. કયા શાસ્ત્રની શ્રદ્ધા કરવી ? તત્ત્વથી ધર્મવાદની અપેક્ષાએ જોઈએ તો શાસ્ત્રનો ભેદ પણ નથી, કારણ કે તેના શાસ્તાઓમાં ભેદ નથી. તેટલા માટે તે તે સર્વજ્ઞોને ભજનારા જે -ભક્તો છે, શ્રદ્ધાળુ જનો છે, તે સર્વમાં કોઈ પણ પ્રકારનાં મતભેદનો અવકાશ રહેતો નથી. છતાં પણ તે તે સર્વજ્ઞના કોઈ અતિભક્તો-અતિશ્રદ્ધાળુઓ જો તે સર્વજ્ઞોમાં ભેદની કલ્પના કરે, ભિન્નતા-જૂદાઈ માને, તો તે કેવલ તે અતિભક્તોનો

મોહ જ છે એમ કહેવું પડશે. કારણ કે તેઓ ભક્તિના અતિરેકમાં ને શ્રદ્ધાની અંધાતમાં ધર્મઝનનૂના આવેશથી વિવેક ભૂલી જઈ તેવા પ્રકારે મિથ્યા કલ્પના કરે છે. પણ વાસ્તવિક રીતે જોઈએ તો અનંત સર્વજ્ઞો પણ એક અભિન્ન સ્વરૂપ છે. માટે તેમાં ભિન્નતા કલ્પવી તે માત્ર મોહનો વિલાસ છે, કેવલ ભ્રાંતિ જ છે માટે જો આરાધ્ય-ઉપાસ્ય એવા સર્વજ્ઞમાં ભેદ નથી, તો પછી આરાધક એવા સર્વજ્ઞ ભક્તોમાં પણ કોઈ ભેદ હોવો ઘટતો નથી.

પોતાના આરાધ્ય-પૂજ્ય પુરુષને, સર્વજ્ઞને સર્વોત્કૃષ્ટ માનવાનો માનવ સ્વભાવ છે, માનવસુલભ નબળાઈ છે. એટલે પોતે માનેલા સર્વજ્ઞનું સ્થાન બીજા બધાથી ચઢીયાતું છે એમ સાબિત કરવા ઈચ્છતો તે તેનું ભિન્નપણું કલ્પવાને સહેજે લલચાય છે અને પોતાના ઈષ્ટ દેવ પ્રત્યેના દષ્ટિરાગથી અંધ થઈ તથા પ્રકારે ભિન્ન કલ્પનાનો આગ્રહ કરે છે. આ દષ્ટિરાગમાંથી શ્રદ્ધાભક્તિના અતિરેકને લીધે વધારે પડતા ઉત્સાહી અતિભક્તોને આંધળું ધાર્મિક ઝનૂન પ્રગટે છે; અને તેથી ધર્મને નામે નાના પ્રકારના ઝઘડા ઉત્પન્ન થાય છે. આમ આ ભેદકલ્પના અનિષ્ટ પરંપરાનું મૂલ થઈ પડે છે.

**"અભિનંદન જિન દરિશણ તરસિયે, દરિશણ દુર્લભ દેવ;**
**મત મત ભેદે રે જો જઈ પૂછિયે, સૌ થાપે અહમેવ."**

**– શ્રી આનંદઘનજી**

કેવી રીતે ? તે માટે કહે છે,

**સર્વજ્ઞો નામ યઃ કશ્ચિત્પારમાર્થિક એવ હિ;**
**સ એક એવ સર્વત્ર વ્યક્તિભેદેડપિ તત્ત્વતઃ ૧૦૩**

- 'સર્વજ્ઞ' નામનો જે કોઈ પારમાર્થિક જ એવો છે, તે વ્યક્તિભેદ છતાં, તત્ત્વથી સર્વત્ર એક જ છે.

ઉપરમાં કહ્યું કે સર્વજ્ઞોમાં ભેદ નથી, તે કેવી રીતે ? તેનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે : 'સર્વજ્ઞ' નામથી ઓળખાતો જે કોઈ પણ પારમાર્થિક જ, સાચેસાચો નિરુપચરિત સર્વજ્ઞ હોય, તે વ્યક્તિભેદ છતાં તત્ત્વથી સર્વત્ર એક જ છે.

તે સાચા પારમાર્થિક સર્વજ્ઞને ભલે પછી અર્હત્, જિન, બુદ્ધ, શિવ, શંકર વગેરે ગમે તે નામ આપવામાં આવ્યું હોય, છતાં તત્ત્વથી સર્વજ્ઞપણાએ કરીને તે સર્વત્ર એક જ છે. તે ઋષભ જિન આદિ વ્યક્તિભેદની અપેક્ષાએ ભલે ભિન્ન ભિન્ન હોય, તો પણ પારમાર્થિક સર્વજ્ઞપણારૂપ એક સામાન્ય લક્ષણથી જોઈએ તો તે તત્ત્વથી જાતિની અપેક્ષાએ સર્વ સ્થળે એક જ છે, તેમાં ભેદનો અવકાશ છે જ નહિં.

નામ ગમે તે હોય કે વ્યક્તિ ગમે તે હોય, પણ સાચું પરમાર્થસત્ સર્વજ્ઞપણું હોયતો અનંત સર્વજ્ઞો પણ એક સ્વરૂપ છે.

**પ્રતિપત્તિસ્તતસ્તસ્ય સામાન્યેનૈવ યાવતાં;**
**તે સર્વેડપિ તમાપન્ના ઈતિ ન્યાયગતિઃ પરા. ૧૦૪**

- તેથી કરીને તે મુખ્ય સર્વજ્ઞની જેટલાઓને સામાન્યથી જ પ્રતિપતિ (માન્યતા) છે, તે સર્વેય તેને આશ્રિતછે, એમ પરા ન્યાયગતિ છે.

આમ વ્યક્તિભેદ છતાં સર્વજ્ઞ એક જ છે, તેથીકરીને આ સર્વજ્ઞનો સામાન્યથી જ જેટલાઓ સ્વીકાર કરતા હોય, તે સર્વ તે સર્વજ્ઞને જ આપન્ન છે, આશ્રિત છે, એવી ન્યાયની પરા ગતિ છે. સર્વજ્ઞનું લક્ષણ જેના જેનામાં હોય, તેનો તેના સામાન્યથી 'સર્વજ્ઞ' તરીકે સ્વીકાર કરવો એ ન્યાયની રીતિ છે. આમ સર્વજ્ઞને ભજનારા ભક્તોમાં પણ ભેદ હોવો સંભવતો જ નથી.

**વિશેષસ્તુ પુનસ્તસ્ય કાત્સ્ર્યેનાસર્વદર્શિભિઃ;**
**સર્વૈર્ન જ્ઞાયતે તેન તમાપન્નો ન કશ્ચન. ૧૦૫**

- અને તે સર્વજ્ઞનો વિશેષ ભેદ તો સંપૂર્ણપણે સર્વ અસર્વદર્શીઓને (છદ્મસ્થોને) જાણવામાં આવતો નથી; તેથી કરીને તે સર્વજ્ઞને પ્રાપ્ત થયેલો એવો કોઈ (અસર્વદર્શી) છે નહિ.

સામાન્યથી સર્વજ્ઞનું એકપણું કહ્યું. હવે કોઈ કહેશે કે વિશેષથી તેમાં ભેદ હશે. તેનો ઉત્તર અત્રે કહે છે : તે સર્વજ્ઞનો વિશેષ ભેદ તો છદ્મસ્થ એવા સર્વ પ્રમાતૃઓના જાણવામાં સંપૂર્ણપણે આવી શકતો નથી. કારણ કે તે પોતે અસર્વદર્શી અસર્વજ્ઞ હોવાથી, તેનું સર્વ દર્શન તેઓને થતું નથી. સર્વજ્ઞનું સ્વરૂપ ચિંતવનારા સર્વ છદ્મસ્થોને તેના સંપૂર્ણ વિશેષ સ્વરૂપનું ભાન થવું સંભવતું નથી. કારણ કે સંપૂર્ણને સંપૂર્ણનો ખ્યાલ આવી શકે, પણ અપૂર્ણને સંપૂર્ણનો ખ્યાલ કેમ આવી શકે ?

ભાવથી ફલનો અભેદ છે એટલે કે પરમાર્થથી ફળમાં ભેદ પડતો નથી. કારણ કે સર્વજ્ઞનું વિશેષ સ્વરૂપ ગમે તે હો, પણ તે ગુણ પ્રકર્ષરૂપ સર્વજ્ઞની આરાધનાનું સાધ્યફળ તો એક જ છે. અને તે ક્લેશ ક્ષયરૂપ મોક્ષફલ છે. એટલે તે સર્વજ્ઞ ભગવાન્ પ્રત્યેના બહુમાનનું જ ફલદાયકપણું હોવાથી જે કોઈ પણ તે સર્વજ્ઞની સાચા ભાવથી બક્તિ કરશે તેને જ તે ફલ મળશે, માટે તે સર્વજ્ઞના વિશેષ સ્વરૂપ સંબંધી મિથ્યા વાદવિવાદ શો ? નકામો ઝઘડો શો ?

તેની એકતા જે સિદ્ધ છે તે માન્ય કરી, વિશેષની વાત હાલ જતી કરવી, એ જ સર્વ -છદ્મસ્થોને સાંપ્રત ને શ્રેયસ્કર છે અને પરમાર્થથી આત્માર્થી મુમુક્ષુ જોગીજનને તેમજ કરવું ઉચિત છે.

**તસ્માત્સામાન્યતોઽપ્યેનમભ્યુપૈતિ ય એવ હિ;**

**નિર્વ્યાજં તુલ્ય એવાસૌ તેનાંશેનૈવ ધીમતામ્ ૧૦૬**

- તેટલા માટે સામાન્યથી પણ આ સર્વજ્ઞને જે નિર્વ્યાજપણે-સાચે સાચી રીતે માન્ય કરે છે, તે તેટલા અંશે કરીને જ મતિમંતોને મન સરખો જ છે.

તેટલા માટે સામાન્યથી પણ આ સર્વજ્ઞને જે કોઈપણ માને છે, સ્વીકારે છે, તે તે માન્યતા પૂરતા અંશથી ધીમંતોને મન સરખા જ છે. એટલે નિર્વ્યાજપણે, નિર્દંભપણે, નિષ્કપટપણે, સાચેસાચી રીતે તે સર્વજ્ઞની આજ્ઞાના પાલનમાં યથોચિતપણે તત્પર થઈ તેને જ કોઈ માન્ય કરે છે, તે સર્વજ્ઞ માન્યતારૂપ સામાન્ય અંશે કરીને બુદ્ધિમાન્ પ્રાજ્ઞજનોને મન સમાન જ છે- પછી તે ભલે ગમે તે મતનો, સંપ્રદાયનો, કે દર્શનનો અનુયાયી હોય. અત્રે સર્વજ્ઞને માનવું, એટલે નિષ્કપટ, નિર્દંભપણે, તેની ભાખેલી આજ્ઞાનું પાલન કરવામાં તત્પર રહેવું. કારણ કે મુખેથી માન્યપણું કહીએ, પણ આજ્ઞા આરાધન ન કરીએ, તો તે માન્યપણાની મશ્કરી કરવા બરાબર છે ! એ તો 'ચાકર તેરા, કહ્યા નહિં કરૂ !' એના જેવો ઘાટ થયો ! માટે એની આજ્ઞાના પાલનમાં સદા ઉદ્યુક્ત રહેવું, એ જ એ સર્વજ્ઞ ભગવાનની આરાધનાનો શ્રેષ્ઠ ઉપાય છે

જે કોઈપણ સર્વજ્ઞ તત્ત્વને સ્વીકારી, નિર્દંભપણે-નિષ્કપટપણે, સાચા ભાવથી તેની આજ્ઞાના આરાધનમાં તત્પર હોય છે, તે સર્વ તેટલી માન્યતા પૂરતા સમાન અંશથી તુલ્ય જ છે, સમાન જ છે. ચાહે તો જૈન હોય કે અજૈન હોય, બૌદ્ધ હોય કે બ્રાહ્મણ હોય, શૈવ હોય કે વૈષ્ણવ હોય, સાંખ્ય હોય કે નૈયાયિક હોય, વેદાંતિ હોય કે સિદ્ધાંતી હોય, ઈસ્લામી હોય કે ઈસાઈ હોય, ગમે તે મત સંપ્રદાયને અનુસર્તા હોય, પણ જો તે સર્વજ્ઞને માનતો હોય તો તે એકરૂપ-અભેદરૂપ જ છે. આમ સર્વને સામાન્ય એવી સર્વજ્ઞ માન્યતા જગતના સમસ્ત સંપ્રદાયોનું એક અનુપમ મિલનસ્થાન છે, માટે એક અભેદસ્વરૂપ સર્વજ્ઞને માનનારા સેવક ભક્તજનોમાં કોઈપણ ભેદ ઘટતો નથી. આ અર્થ નિદર્શનગર્ભપણે કહે છે -

**યથૈવૈકસ્ય નૃપતેર્બહવોઽપિ સમાશ્રિતાઃ;**
**દૂરાસન્નાદિભેદેઽપિ તદ્ભૃત્યાઃ સર્વ એવ તે - ૧૦૭**
**સર્વજ્ઞતત્ત્વાભેદેન તથા સર્વજ્ઞવાદિનઃ;**
**સર્વે તતત્ત્વગા જ્ઞેયા ભિન્નાચારસ્થિતા અપિ. ૧૦૮**

- જેમ કોઈ એક રાજાના ઘણાય આશ્રિતો હોય, પણ દૂર-નિકટ આદિનો ભેદ છતાં, તેઓ સર્વેય તેના ભૃત્યો-સેવકો છે.

- તેમ સર્વજ્ઞ તત્ત્વના અભેદથી, સર્વજ્ઞવાદીઓ સર્વે, ભિન્ન આચારમાં સ્થિત છતાં, તે સર્વજ્ઞ તત્ત્વગામી જાણવા.

જેમ કે એક રાજાના આશ્રિત એવા ઘણા પુરુષો હોય, તેઓ પોતપોતાની યોગ્યતા અનુસાર નાના મોટા ભિન્ન ભિન્ન અધિકાર ધરાવતા હોય, તો પણ તે એક જ રાજાના આશ્રિત રાજસેવક ગણાય છે, તેઓના દાસભાવમાં ભેદ પડતો નથી; તેમ ભગવાન્ સર્વજ્ઞદેવનો આશ્રય કરનારા, સર્વજ્ઞને માનનારા-ભજનારા જૈન કે જૈનેતર બધાય સર્વજ્ઞવાદીઓ તે એક સર્વજ્ઞતત્ત્વ પ્રત્યે ગમન કરનારા હોઈ, સર્વજ્ઞના આશ્રિત સેવક ભક્ત છે. પોતપોતાની યોગ્યતા પ્રમાણે ઊંચી દશાવાળો હોય, કે નીચી દશાવાળો હોય, ગમે તેમ હોય, પણ તે સર્વેય એક જ આરાધ્ય સર્વજ્ઞને ભજનારા આરાધકો-ભક્તો છે, સર્વજ્ઞસેવકો જ છે. એના દાસભાવમાં કોઈ જાતનો ભેદ નથી,

લોકોત્તર દેવ, સર્વજ્ઞ મહારાજની આજ્ઞાના પાલનમાં સાચા સેવકને કેટલા તત્પર રહેવું જોઈએ, તે સહેજે સમજી શકાય તેમ છે. અને તેની સેવાભક્તિ કરતાં સાચા સેવક ભકતજને સેવાફળની આશા પણ ન રાખવી જોઈએ, ને તો જ તે સાચી ભક્તિ કહી શકાય.

**ન ભેદ એવ તત્ત્વેન સર્વજ્ઞાનાં મહાત્મનામ્;**
**તથા નામાદિભેદેઽપિ ભાવ્યમેતન્મહાત્મભિઃ ૧૦૯**

- મહાત્મા સર્વજ્ઞોનો તત્ત્વથી ભેદ જ નથી, તેવા પ્રકારે નામ વગેરેનો ભેદ છતાં પણ- આ મહાત્માઓએ ભાવવા યોગ્ય છે.

**"રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો કોઉ કુષ્ણ કહોરી."**

**– શ્રી આનંદઘનજી**

તત્ત્વથી-પરમાર્થથી જોઇએ તો મહાત્મા સર્વજ્ઞોમાં એટલે કે ખરેખરા ભાવ સર્વજ્ઞોમાં ભેદ જ નથી. ભલે તેવા તેવા પ્રકારે ઈષ્ટ-અનિષ્ટ નામ વગેરેનો ભેદ હોય, તો પણ તત્ત્વથી તો તેમાં કંઈ પણ ભેદનો અભાવ છે. આમ મહાત્મા જનોએ શ્રુતથી, મેધાથી ને અસંમોહથી સાર-પ્રધાન એવી પ્રજ્ઞાવડે ભાવવા યોગ્ય છે.

**"શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન... લલના.**
**જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિસરૂપ અસમાન... લલના. શ્રી સુપાસ."**
**"એમ અનેક અભિધા ધરે રે, અનુભવગમ્ય વિચાર... લલના.**
**જે જાણે તેહને કરે રે... આનંદઘન અવતાર રે. લલના. શ્રી સુપાસ."**

**– શ્રી આનંદઘનજી**

**"શબ્દ ભેદ ઝઘડો કિશ્યોજી, જો પરમારથ એક;**
**કહ્યો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહિં છેક.**

**– મનમોહન."** (યો.દ.સ. ૪-૨૧)

આવા આ સર્વજ્ઞને ભજનારા ભક્ત-જોગીજનો તે પ્રભુથી દૂર હોય કે નિકટ હોય, તો પણ તે સર્વેય તે સર્વજ્ઞના સેવક-ઉપાસક જ છે. પછી ભલે તે ઉપાસકો પોતપોતાના અધિકારભેદથી ભિન્ન ભિન્ન આચાર પાળતા હોય, નાના પ્રકારના અનુષ્ઠાન આદરતા હોય, પોતાની ઊંચી નીચી આત્મદશા અનુસાર વિવિધ રીતે તે પ્રભુને ભજતા હોય, પણ તે ઉપાસ્ય-આરાધ્ય પ્રભુ જો એક જ છે તો તેના ઉપાસકો-આરાધકો પણ એક રૂપ જ છે.

**ચિત્રાચિત્રવિભાગેન યચ્ચ દેવેષુ વર્ણિતા;**
**ભક્તિઃ સદ્યોગશાસ્ત્રેષુ તતોઽપ્યેવમિદં સ્થિતમ્ ૧૧૦**

- અને દેવો પ્રત્યેની ભક્તિ, ચિત્ર અને અચિત્ર એ બે વિભાગથી સદ્યોગશાસ્ત્રોમાં વર્ણવવામાં આવી છે, - તે ઉપરથી પણ આ જે કહ્યું તે એમ જ સ્થિત છે.

ભક્તિના બે સ્પષ્ટ વિભાગ પડે છે : (૧) ચિત્ર એટલે ભિન્ન, જુદા જુદા પ્રકારના (૨) અચિત્ર એટલે અભિન્ન અથવા જુદા જુદા પ્રકારની નહિં તે. આ સત્શાસ્ત્રની પુષ્ટિ ઉપરથી પણ, પ્રસ્તુત સર્વજ્ઞ ને તેના ભક્તોની એકતા છે, તે એમ જ સ્થિત છે, એમ જ સંસિદ્ધ થાય છે.

**"નહિં સર્વજ્ઞો જૂજૂઆજી, તેહના વળી દાસ;**
**ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ... મન."**

**– (યો.દ.સ. ૪-૧૪)**

**સંસારિષુ હિ દેવેષુ ભક્તિસ્તત્કાયગામિનામ્;**
**તદતીતે પુનસ્તત્ત્વે તદતીતાર્થયાપિનામ્ ૧૧૧**

- કારણ કે સંસારી દેવો પ્રત્યે, તે કાયમાં જનારાઓની ભક્તિ હોય છે; અને તે સંસારથી અતીત-પર એવા તત્ત્વ પ્રત્યે, સંસારાતીત અર્થ પ્રત્યે જનરાઓની ભક્તિ હોય છે.

કોની કોની ભક્તિ કેવા કેવા દેવ પ્રત્યે હોય છે, તેનો સ્પષ્ટ વિભાગ અત્રે કર્યો છે. લોકપાલ વગેરે જે સંસારી દેવો છે, તેના પ્રત્યેની ભક્તિ તે સંસારી દેવની કાયમાં જનારાઓને હોય છે; તે તે સંસારી દેવની ગતિમાં જે ગમન કરનારા છે- જવાવાળા છે, તેવાઓ તે સંસારી દેવોના ભક્ત-સેવક હોય છે; તેઓ જ તેને ભજે છે. (૨) પરંતુ તે સંસારથી અતીત પર તત્ત્વ પ્રત્યેની ભક્તિ તો સંસારાતીત અર્થ પ્રત્યે જનારાઓની હોય છે. સંસારથી અતીત

પર એવા યોગમાર્ગે જે ગમન કરનારા છે, એવા યોગીજનોની ભક્તિ તો સંસારથી અતીત, સંસારનો પાર પામેલા, એવા પરમ તત્ત્વમાં જ હોય છે. આમ સંસારી દેવોના ભક્ત, સંસારગામી સંસારી જીવ હોય છે; અને મુક્ત સર્વજ્ઞ દેવના ભક્ત મુક્તિગામી મુમુક્ષુ જોગીજનો હોય છે. કારણ કે 'યાદશી ભાવના તાદશી સિદ્ધિ.' જેવી ભાવના તેવી સિદ્ધિ, અથવા યથા મતિઃ તથા ગતિઃ – જેવી મતિ તેવી ગતિ. જે જેને ભજે તે તેવો થાય. સંસારીને ભજે તે સંસારી થાય; મુક્તને ભજે તે મુક્ત થાય. આ પરિણામી આત્મા જેવા જેવા ભાવે પરિણમવા ઈચ્છે, તેવા તેવા ભાવે તે પરિણમી શકે છે. ઈયળ ભમરીનું ધ્યાન ધરતાં, પોતે ભમરી બને છે.

**"જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે... ષડ્દર્શન."**

**– શ્રી આનંદઘનજી**

**ચિત્રા ચાદ્યેષુ તદ્રાગતદન્યદ્વેષસઙ્ગતા;**
**અચિત્રા ચરમે ત્વેષા શમસારાખિલૈવ હિ. ૧૧૨**

- અને તેમાં પહેલા તે સંસારી દેવો પ્રત્યેની ભક્તિ, તેના પ્રત્યેના રાગથી ને તેનાથી અન્ય પ્રત્યેના દ્વેષથી સંગત હોઈ, ચિત્ર (ભિન્ન) હોય છે અને છેલ્લા તે સંસારાતીત તત્ત્વ પ્રત્યેની જે ભક્તિ તે બધીય શમસાર (શમપ્રધાન) હોઈ, અચિત્ર (અભિન્ન) હોય છે.

લોકપાલ વિગેરે સાંસારિક દેવો છે, તેઓ પ્રત્યેની ભક્તિ ચિત્ર એટલે નાના પ્રકારની હોય છે; અને મોહગર્ભપણાને લીધે તે પોતાના ઈષ્ટ દેવ પ્રત્યે રાગવાળી ને અનિષ્ટ દેવ પ્રત્યે દ્વેષવાળી હોય છે. આમ તે ભક્તિ જૂદા જૂદા દેવને અપેક્ષીને જૂદા જૂદા

પ્રકારની ને રાગ- દ્વેષવાળી હોય છે. એમાં સહિષ્ણુતાનો પ્રાયઃ અભાવ હોય છે અને હું માનું છું તે જ દેવ સાચા ને બાકી બીજા બધા ખોટા, એવી માન્યતા મુખ્યપણે હોય છે.

બીજું જે સંસારાતીત-સંસારથી પર એવું મુક્ત તત્ત્વ કહ્યું તેના પ્રત્યેની જે ભક્તિ તે તો અચિત્ર એટલે કે એકાકાર જ હોય છે, એક જ પ્રકારની હોય છે; એકસ્વરૂપ પરંતત્ત્વની ભક્તિ શમસાર-શમપ્રધાન હોય છે. તેમાં એક પ્રત્યે રાગ ને બીજા પ્રત્યે દ્વેષ, એમ હોતું નથી; પણ સર્વત્ર રાગદ્વેષરહિત એવો સમભાવ હોય છે, અને અખંડ શાંતરસનો પ્રવાહ વહે છે, આમ સંસારી દેવોની ભક્તિ વિચિત્ર અને એક એવા સંસારાતીત પરં તત્ત્વની ભક્તિ અચિત્ર હોય છે.

**"દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર;**
**એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર... મન."**

**– (યો.દ.સ. ૪-૧૫)**

આગળ કહે છે કે,

**સંસારિણાં હિ દેવાનાં યસ્માચ્ચિત્રાણ્યનેકધા;**
**સ્થિત્યૈશ્વર્યપ્રભાવાદ્યૈઃ સ્થાનાનિ પ્રતિશાસનમ્ ૧૧૩**

- કારણ કે સંસારી દેવોના સ્થાનો સ્થિતિ-ઐશ્વર્ય-પ્રભાવ વગેરે વડે કરીને, પ્રત્યેક શાસનમાં, અનેક પ્રકારે ચિત્ર (જૂદા જૂદા) હોય છે.

સંસારી દેવો ચિત્ર-જાતજાતના અને તેની ભક્તિ પણ ચિત્ર હોય છે એમ કહ્યું તેનું કારણ આ પ્રમાણે :- ઊર્ધ્વ, મધ્યને અધોલોકરૂપ આ ત્રિવિધ બ્રહ્માંડમાં જે સંસારી દેવો છે, તેઓના સ્થાનો પ્રત્યેક શાસનમાં જાત-જાતના કહ્યા છે. કારણ કે તેઓની સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ, સહજરૂપ વગેરેથી તેઓના વિમાન આદિ સ્થાનોમાં જાત જાતનો તફાવત-ભેદ હોય છે.

**તસ્માત્તત્સાધનોપાયો નિયમાચ્ચિત્ર એવ હિ;**

**ન ભિન્નનગરાણાં સ્યાદેકં વર્ત્મ કદાચન. ૧૧૪**

- તેથી કરીને તે દેવોના સ્થાનોની સાધનાનો ઉપાય, નિયમથીજ, ચિત્ર- જૂદા જૂદા પ્રકારનો હોય છે; કારણ કે ભિન્ન નગરોનો માર્ગ કદી પણ એક હોય નહિ તેના જેમ.

**ચિત્રાચિત્ર ભક્તિનું કોષ્ટક**

| | ચિત્ર ભક્તિ | અચિત્ર ભક્તિ |
|---|---|---|
| ૧. દેવ | લોકપાલ આદિ સંસારી દેવ | મુક્ત પરમાત્મા-વીતરાગ |
| ૨. ભક્ત | સંસારી દેવ કાયગામી, ભવાભિ-નંદી સંસારાસક્ત | સંસારાતીત અર્થગામી, ભવભોગ વિરક્ત મુમુક્ષુ |
| ૩. લક્ષણ | મોહગર્ભપણાને લીધે ઈષ્ટદેવમાં રાગ, અનિષ્ટમાં દ્વેષ | અસંમોહભાવને લીધે શમસારપણું-સમભાવ |
| ૪. કારણ | (૧) સંસારી દેવના ચિત્રસ્થાનના સાધન ઉપાય ચિત્ર (૨) ચિત્ર આશયથી ચિત્રફલભેદ. | સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા આદિ નામભેદ છતાં નિર્વાણતત્ત્વનું પરંપદનું અભેદપણું |
| ૫. ફલ | સંસાર | મોક્ષ |

**ઈષ્ટાપૂર્તાનિ કર્માણિ લોકે ચિત્રાભિસંધિતઃ;**

**નાનાફલાનિ સર્વાણિ દ્રષ્ટવ્યાનિ વિચક્ષણૈઃ ૧૧૫**

- જે ઈષ્ટાપૂર્ત કર્મો છે, તે સર્વેય લોકમાં ચિત્ર (જૂદા જૂદા) અભિસંધિને લીધે- અભિપ્રાયને લીધે, નાના પ્રકારના ફલવાળા છે, એમ વિચક્ષણોએ દેખવા યોગ્ય છે.

ઈષ્ટાપૂર્ત વગેરે કર્મો જે લોકમાં કરવામાં આવે છે, તેમાં પણ જૂદા જૂદા પ્રાણીઓનો જૂદો જૂદો અભિપ્રાય હોય છે, તેથી તે સર્વના ફલ પણ જૂદા જૂદા હોય છે, ઈષ્ટાપૂર્ત કર્મો કરવામાં જેવો

જેવો અભિપ્રાયભેદ હોય છે, તેવો તેવો તેનો ફલભેદ પણ પ્રાપ્ત થાય છે, 'જેવી ભાવના તેવી સિદ્ધિ.'

**ઋત્વિગ્ભિમંત્ર સંસ્કારૈર્બ્રાહ્મણાનાં સમક્ષતઃ;**
**અન્તર્વેદ્યાં હિ યદ્દતમિષ્ટં તદભિધીયતે ૧૧૬**

- ઋત્વિગો દ્વારા, મંત્ર સંસ્કારો વડે કરીને, બ્રાહ્મણોની સમક્ષમાં, વેદીની અંદર, જે આપી દેવામાં આવે તે 'ઈષ્ટ' કહેવાય છે.

યજ્ઞમાં જે અધિકૃત-અધિકારી બ્રાહ્મણો હોય, તે 'ઋત્વિગો' કહેવાયછે. એવા ઋત્વિગો દ્વારા, બીજા બ્રાહ્મણોની હાજરીમાં, વેદીની અંદર મંત્ર સંસ્કારો વડે વિધિપૂર્વક જે સુવર્ણ વગેરેનું દાન આપવામાં આવે, તે 'ઈષ્ટ' કહેવાય છે. કારણ કે 'હું અમુક દાન દેવા ઈચ્છું છું' એવા ઈષ્ટ સંકલ્પપૂર્વક યજ્ઞમાં દાન દેવાનો વિધિ હોવાથી, તેને 'ઈષ્ટ' નામ આપવામાં આવ્યું છે. એટલે ઈષ્ટ દેવનું પૂજન કરવું તે છે; અને તે પૂજનમાં અર્પણ કરવાની ભાવના હોય છે. અર્થાત્ સ્વાર્પણ બુદ્ધિથી દાનાદિ સદનુષ્ઠાન કરવું તે યજ્ઞ. પોતાપણાની-મમત્ત્વની બુદ્ધિ હોમી દઈ, આત્માર્પણ ભાવથી કેવળ નિઃસ્વાર્થપણે-નિષ્કામપણે જે કંઈ આત્મભોગ આપવામાં આવે, જે કાંઈ ઈષ્ટ સંકલ્પિત દાનાદિ દેવામાં આવે, તે યજ્ઞને, તે જ ઈષ્ટ; મમત્ત્વ વિસર્જનરૂપ- આત્માર્પણ ભાવરૂપ સાચો સ્વાર્થત્યાગ એ જ યજ્ઞની પાછળની પ્રશસ્ત ભાવના છે. આ તો બાહ્ય યજ્ઞની વાત થઈ. બાકી ખરો પારમાર્થિક યજ્ઞ તો આંતરિક છે. અધ્યાત્મ યજ્ઞ છે. બ્રહ્મ યજ્ઞ છે, અને તે જ પ્રશસ્ત હોઈ સર્વ સત્પુરુષોને સંમત છે.

કોઈ પોતાના સર્વ દોષોનું ક્ષાલન કરી નાંખે છે; કોઈ હૃદયરૂપી અરણીમાં વિચારરૂપ મંથન કરીને, અને તેને ધૈર્યરૂપ ભારથી દાબીને, તથા શાંતિરૂપી દોરીથી હચમચાવીને ગુરુવાક્યરૂપ

મંત્ર વડે મંથન કરે છે. એવી રીતે સર્વ વૃત્તિઓનું ઐકય કરીને મંથન કરવાથી ત્યાં તત્કાળ કાર્યસિદ્ધિ થાય છે. તે કાર્યસિદ્ધિ એ કે, ત્યાં તરત જ્ઞાનરૂપ અગ્નિ પ્રજવલિત થાય છે. ત્યાર પછી જીવ જ્ઞાનરૂપ અગ્નિમાં ઈંદ્રિય-કર્મોની આહુતિ આપી દે છે.

વૈરાગ્યરૂપ ઈંધનની પૂર્ણતાથી ઈંદ્રિયરૂપ અગ્નિને પ્રજવલિત કરીને તેમાં વિષયરૂપ દ્રવ્યની આહુતિ આપવામાં આવે છે. એ પછી મન અને પ્રાણના નિગ્રહરૂપ તૈયારીથી ધૂમાડા વિના જ નિર્દોષ જ્ઞાનાગ્નિને સંતુષ્ટ કરવામાં આવે છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૧૨મા અધ્યયનમાં પણ સંક્ષેપથી ભાવ બતાવ્યો છે :- બ્રાહ્મણો જન્મથી ચંડાલ એવા હરિકેશિબલ મુનિને પૂછે - હે મુનિ ! તમારી જ્યોતિ (અગ્નિ) શું છે ? તમારું જ્યોતિસ્થાન-અગ્નિસ્થાન શું છે ? તમારી સ્ત્રુવા (કડછી) કઈ છે ? તમારા ઈંધન (છાણાં-લાકડા) કયા છે ? તમારા સમિધો કયા છે ? કયા હોમથી તમે જ્યોતિને હોમો છો ?'' મુનિ જવાબ આપે છે. 'તપ મારી જ્યોતિ (અગ્નિ) છે, જીવ મ્હારું જ્યોતિસ્થાન છે, યોગો મ્હારી સ્ત્રુવા (કડછી) છે, શરીર મ્હારું ઈંધન (છાણાં-લાકડા) છે. કર્મ મ્હારા સમિધ છે, સંજમ જોગ શાંતિ છે, ઋષિ સંબંધી એવો પ્રશસ્ત હોમ હું હોમું છું. મહર્ષિ હરિભદ્રાચાર્યજી પણ 'અગ્નિકારિકા' અષ્ટકમાં વદે છે કે - 'કર્મઈન્ધનનો આશ્રય કરીને જેમાં સદ્ભાવનાની આહુતિ આપવામાં આવે છે, એવી દૃઢ અગ્નિકારિકા ધર્મધ્યાનરૂપ અગ્નિવડે દીક્ષિતે કરવી.

**"કર્મેન્ધનં સમાશ્રિત્ય દૃઢા સદ્ભાવનાહુતિઃ ।**
**ધર્મધ્યાગ્નિના કાર્યા દીક્ષિતેનાગ્નિકારિકા ॥"**

આમ સાચો પ્રશસ્ત યજ્ઞ તો ભાવયજ્ઞ જ છે, અધ્યાત્મ યજ્ઞ જ છે, બ્રહ્મયજ્ઞ જ છે. બાકી જે બાહ્ય યજ્ઞ-ઈષ્ટ છે, તે તો સકામને હોય છે, તે મોક્ષના અંગરૂપ નથી. તથા,

**વાપીકૂપતડાગાનિ દેવતાયતનાનિ ચ;**

**અન્ન પ્રદાનમેતતુ પૂર્તં તત્ત્વવિદો વિદુઃ ૧૧૭**

- વાવ, કૂવા, તળાવ અને દેવમંદિરો, તથા અન્નપ્રદાન - આને તત્ત્વવિદો 'પૂર્ત' કહે છે.

આન્તરહેતુને અધિકૃત કરી કહે છે,

**અભિસંધેઃ ફલં ભિન્નમનુષ્ઠાને સમેઽપિ હિ;**

**પરમોતઃ સ એવેહ વારીવ કૃષિકર્મણિ ૧૧૮**

- અનુષ્ઠાન સમાન છતાં, અભિસંધિને (આશયને) લીધે ફળ ભિન્ન હોય છે. તેથી કરીને તે અભિસંધિ જ અહીં ફલસિદ્ધિમાં પરમ (કારણ) છે. જેમ કૃષિકર્મમાં જલ છે તેમ.

જે ઈષ્ટાપૂર્તનું સ્વરૂપ કહ્યું, તે અનુષ્ઠાન સમાન હોવા છતાં, અભિસંધિ પ્રમાણે આશય અનુસાર તેનું ફલ ભિન્ન હોય છે, જૂદું જૂદું હોય છે. પ્રત્યેકનો જેવો જેવો આશય-વિશેષ હોય છે, જેવો જેવો અંતર્ પરિણામ હોય છે, તેવો તેવો ફલમાં પણ ભેદ પડે છે, આમ આશયવિશેષ પ્રમાણે ફલભેદ હોય છે, એટલા માટે આ અભિસંધિ જ અહીં ફલસિદ્ધિ બાબતમાં પરમ છે, પ્રધાન છે, મુખ્ય છે. જેમ ખેતીવાડીમાં પાણી જ મુખ્ય કારણ છે, તેમ પ્રસ્તુતમાં પણ સમજવું. તે જ પ્રકારે યજ્ઞ-દાનાદિ સમાન અનુષ્ઠાનમાં-ક્રિયામાં પણ સર્વત્ર અભિસંધિનું-આશયનું પ્રધાનપણું છે.

**રાગાદિભિરયં ચેહ ભિદ્યતેઽનેકધા નૃણામ્;**

**નાનાફલોપભોક્તૃણાં તથા બુદ્ધયાદિ ભેદતઃ ૧૧૯**

- અને રાગ આદિ વડે કરીને આ અભિસંધિ (આશય) નાના પ્રકારના ફલના ઉપભોક્તા નરોને તથા પ્રકારે બુદ્ધિ આદિના ભેદથી ભિન્ન હોય છે.

જેવા જેવા રાગ, દ્વેષ, મોહ આદિ પરિણામ હોય છે, તેવા

તેવા આશયવિશેષ-અભિસંધિ નીપજે છે. એટલે કોઈના રાગાદિ પરિણામ મંદ-મોળા હોય. કોઈના મધ્યમ પ્રકારના હોય, કોઈના વધારે પડતી માત્રાવાળા- તીવ્ર હોય. આમ એકસરખી ક્રિયા કરવામાં પણ રાગાદિની તરતમતા પ્રમાણે આશયના ભેદ પડે છે; અને આશય પ્રમાણે ફળમાં પણ ભેદ પડે છે, જેવો આશય તેવું ફળ મળે છે.

દાખલા તરીકે ત્રણ ગૃહસ્થો છે, ને તે દરેક એકસરખી રકમનું દાન કરે છે, પણ તેમાંનો એક કીર્તિનો લાલસુ છે, નામનો ભૂખ્યો છે, ને લોકો મારી વાહવાહ કરશે, મારા નામની તખ્તી ચોડશે. મારું પૂતળું બેસાડશે, એમ સમજીને દાનાદિ કરે છે. બીજો કંઇક કીર્તિલોભી છે, પણ સાથે સાથે સેવાભાવનાથી પ્રેરાઈને તેમ કરે છે. ત્રીજો એકાંત પરોપકાર અર્થે કેવલ પરમાર્થ પ્રેમથી પ્રેરિત થઈને તે જ કાર્ય કરે છે. આમ એક જ કાર્યમાં ત્રણેના રાગાદિ પરિણામ જૂદા છે, તેથી આશય જૂદા છે, અને તેથી ફળ પણ જૂદા છે. પહેલાને કીર્તિ તો મળે છે, પણ ફળ તેથી આગળ.વધતું નથી; બીજાને કીર્તિ સાથે કંઈ વિશેષ પુણ્ય ફળ પણ મળે છે; ત્રીજાને પરમ પુણ્યરાશિનો સંચય થાય છે.

બુદ્ધિ વગેરેના ભેદથી આશયમાં ભેદ પડે છે. જેવો જેવો જેનો બોધ હોય છે, તેવો તેવો તેનો આશય હોય છે.

**બુદ્ધિર્જ્ઞાનમસંમોહસ્ત્રિવિધો બોધ ઈષ્યતે;**
**તભ્દેદાત્સર્વકર્માણિ ભિધન્તે સર્વદેહિનામ ૧૨૦**

બુદ્ધિ, જ્ઞાન ને અસંમોહ, એમ ત્રણ પ્રકારનો બોધ કહ્યો છે; અને તેના ભેદથકી સર્વ પ્રાણીઓના સર્વ કર્મો ભેદ પામે છે.

શાસ્ત્રમાં બોધ ત્રણ પ્રકારનો કહ્યો છે : (૧) બુદ્ધિરૂપ બોધ (૨) જ્ઞાનરૂપ બોધ (૩) અસંમોહરૂપ બોધ. આ ત્રણેનું લક્ષણ હવે પછી કહેવામાં આવશે. આ બુદ્ધિ આદિરૂપ બોધના ભેદને લીધે

સર્વ દેહધારી પ્રાણીઓના ઈષ્ટ આદિ સર્વ કર્મોમાં પણ ભેદ પડે છે. જેવો જેવો જેનો બોધ, જેવી જેવી જેની સમજણ, તેવા તેવા તેના કર્મમાં ભેદ હોય છે; કારણ કે હેતુભેદ હોય તો ફલભેદ પણ હોય, એ ન્યાયની રીતિ છે. કારણ જૂદું, તો કાર્ય પણ જૂદુ હોય જ, એ ન્યાય પ્રસિદ્ધ છે. આમ એક જ કર્મમાં, બોધની તરતમતા પ્રમાણે, કર્મની તરતમતામાં ભેદ પડે છે.

તેમાં -

**ઈન્દ્રિયાર્થાશ્રયા બુદ્ધિર્જ્ઞાનં ત્વાગમપૂર્વકમ્;**
**સદનુષ્ઠાનવચ્ચૈતદસંમોહોઽભિધીયતે. ૧૨૧**

- ઈંદ્રિય અર્થનો આશ્રય કરે તે 'બુદ્ધિ' છે, આગમપૂર્વક (શ્રુતપૂર્વક) હોય તે 'જ્ઞાન' છે અને સદનુષ્ઠાનવાળું આ જ્ઞાન તે 'અસંમોહ' કહેવાય છે.

જે બુદ્ધિ છે તે ઈંદ્રિય અર્થનો આશ્રય કરનારી છે. જ્ઞાન જે છે તે આગમપૂર્વક છે. શાસ્ત્ર અથવા શ્રુતદ્વારા જે બોધ ઉપજે છે, જે જાણપણું થાય છે, જે સમજણ આવે છે તે જ્ઞાનરૂપ બોધ છે. અને સદનુષ્ઠાનવાળું આ જે જ્ઞાન તે અસંમોહ અથવા 'બોધરાજ' કહેવાય છે. આગમદ્વારા જે જાણ્યું-સમજાયું તે જ્ઞાન થયું. તદ્‌નુસાર તે જ્ઞાનસહિતપણે તથારૂપ સત્ પ્રવૃત્તિ-આચરણ કરવું તે, બોધમાં શિરોમણિ, બોધરાજ, એવો અસંમોહરૂપ બોધ છે. આમ બુદ્ધિમાં ઈંદ્રિય દ્વારા જાણપણું છે, જ્ઞાનમાં શાસ્ત્રથકી જાણપણું છે, અને અસંમોહમાં જ્ઞાન સહિત સદ્‌આચરણપણું છે. અને તેથી કરીને તેના ફલમાં પણ ભેદપણું છે.

**"ઈંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન તે આગમ હેત;**
**અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તિણે ફલભેદ સંકેત મન." શ્રી**

(યો.દ.સ. ૪-૧૬)

**રત્નોપલમ્ભતજ્જ્ઞાનતત્પ્રાપ્ત્યાદિ યથાક્રમમ્;**

**ઈહોદાહરણં સાધુ જ્ઞેયં બુદ્ધયાદિસિદ્ધયે. ૧૨૨**

- રત્નની જાણ (ખબર) થવી, તેનું જ્ઞાન થવું અને તેની પ્રાપ્તિ વગેરે થવી, એમ અનુક્રમે અહીં બુદ્ધિ વગેરેની સિદ્ધિ અર્થે સાધુ (સમ્યક્-સાધક) ઉદાહરણ જાણવું.

(૧) જેમ કોઈ એક રત્ન હોય, તેને દેખી સામાન્યથી ચક્ષુ ઈંદ્રિયના વિષયથી 'આ રત્ન છે' એવું જે જાણપણું તે બુદ્ધિરૂપ બોધ છે. (૨) અને રત્નના લક્ષણ દર્શાવનારા પ્રતિપાદક શાસ્ત્ર દ્વારા, તેના આધારે, તે રત્ન સંબંધી લક્ષણનું વિશેષ જાણપણું તે જ્ઞાનરૂપ બોધ છે. (૩) અને તે રત્નનું નિશ્ચિત સ્વરૂપ જાણી, તેને તથાસ્વરૂપે ઓળખી, તે રત્નની પ્રાપ્તિ વગેરે થવી, તે અસંમોહરૂપ બોધ છે. અસંમોહમાં તથારૂપ જ્ઞાન તો અંતર્ભૂત હોય જ છે, એટલે સમ્યકપણે ઓળખી, સાક્ષાત્ પ્રાપ્તિ આદિ જ્યાં હોય, ત્યાં સંમોહ ક્યાંથી હોય ? અસંમોહ જ હોય.

સદનુષ્ઠાનનું લક્ષણ કહે છે :-

**આદરઃ કરણે પ્રીતિરવિઘ્નઃ સંપદાગમઃ;**

**જિજ્ઞાસા તજ્જ્ઞસેવા ચ સદનુષ્ઠાનલક્ષણમ્ ૧૨૩.**

ક્રિયાને વિષે આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિનિ પ્રાપ્તિ, જિજ્ઞાસા અને તજ્જ્ઞની તેના જ્ઞાતા પુરુષની સેવના-આ સત્ અનુષ્ઠાનનું (ક્રિયાનું) લક્ષણ છે.

(૧) ક્રિયામાં આદર, (૨) પ્રીતિ (૩) અવિઘ્ન (૪) સંપત્તિ પ્રાપ્તિ (૫) જિજ્ઞાસા (૬)તજ્જ્ઞસેવા (૭)તેનો અનુગ્રહ.

૧ ક્રિયા આદર- જે ઇષ્ટ વગેરે ક્રિયા કરવામાં આવે તે બહુમાનપૂર્વક, અત્યંત આદરથી, અતિશય યત્નથી કરવામાં આવે,તે સદનુષ્ઠાનનું લક્ષણ છે. દાખલા તરિકે:-

**"સુવિધિ જિનેશ્વર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;**
**અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે... સુવિધિ.**
**દ્રવ્ય ભાવ શુચિ અંગ ધરીને, હરખે દેહ રે જઈએ રે;**
**દહ તિગ પણ અહિગમ સાચવતાં, ઈકમના ધુરિ થઈએ રે... સુવિધિ."**

**શ્રી આનંદઘનજી**

૨. પ્રીતિ-તે ક્રિયા -અનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ, અંતરંગ પ્રેમ,તે સદ્‌નુષ્ઠાનનું લક્ષણ છે. દાખલા તરિકે - પ્રભુભક્તિ કરવામાં આવે, તેમાં પ્રીતિની પ્રથમ આવશ્યક્તા છે. પ્રભુ પ્રત્યે અનન્ય પ્રીતિ જાગે, ત્યારે જ જીવ પ્રભુભક્તિમાં તન્મય થઈ એકરસપણું એકતાનપણું અનુભવે છે.

૩. અવિઘ્ન-ક્રિયામાં અવિઘ્ન-નિર્વિઘ્નપણું એ સદનુષ્ઠાનનું લક્ષણ છે. નિવિઘ્ને સદનુષ્ઠાન થાય તે પૂર્વ પુણ્યનો પસાય છે.

**"શ્રી નમિ જિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂર નાસે જી;**
**અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસે જી."**

**– શ્રી યશોવિજયજી**

૪. સંપદાગમ-સંપદનું આવવું, આત્મસંપત્તિની પ્રાપ્તિ થવી એ પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે. ભાવસંપત્તિ એટલે વિદ્યા-વિનય-વિવેક-વૈરાગ્ય-વિજ્ઞાન વગેરે સદ્‌ગુણોની આધ્યાત્મિક સંપત્તિ. આવી સંપત્તિની પ્રાપ્તિ દેખાય, તો આ સદ્‌નુષ્ઠાનનું ફળ છે એમ સમજવું.

૫. જિજ્ઞાસા-ક્રિયા સંબંધી જાણવાની તીવ્ર ઈચ્છા, ઉત્કંઠા, ઉત્સુક્તા, ભક્તિ આદિ સદ્‌નુષ્ઠાનનું યથાર્થ સ્વરૂપ સમજવાની તાલાવેલી લાગવી, તમન્ના ઉપજવી, તે સદ્‌નુષ્ઠાનનું લક્ષણ છે.

૬. તજ્જ્ઞ સેવા એટલે તેના જ્ઞાતા પુરુષની જાણકારની સેવા તે પણ સદ્‌નુષ્ઠાનનું લક્ષણ છે. જે સાચો જિજ્ઞાસુ-તત્ત્વપિપાસુ હોય

છે, જેને તત્ત્વ જાણવાની તરસ લાગી છે, ને તે તરસ બુઝાવવાને જે ઈચ્છે છે, તે તેના જાણકાર જ્ઞાતા પુરુષને શોધે છે, ને તે તજ્જ્ઞોની સેવા- ઉપાસના કરે છે, તેમના ચરણકમલ પ્રત્યે 'ઉપનિષદ્' (સમીપ પાસે બેસવું તે) કરે છે, જેથી તેને 'ઉપનિષદ્'-રહસ્યભૂત જ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે જ્ઞાની સત્પુરુષની સેવા- પર્યુપાસના કરવી તે સદ્નુષ્ઠાનનું સૂચક લક્ષણ છે.

**"સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ."**

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

૭. તજ્જ્ઞ અનુગ્રહ-જ્ઞાતા પુરુષનો અનુગ્રહ-કૃપાપ્રસાદ પણ સદ્નુષ્ઠાનનું લક્ષણ છે. જ્ઞાનીની સેવાથી જિજ્ઞાસા સંતોષાવારૂપ અનુગ્રહ હોય છે, અને આમ જ્ઞાનીની કૃપાદૃષ્ટિની વૃષ્ટિથી જીવના સર્વ અર્થની સિદ્ધિ થાય છે.

**"આદર કિરિયા રતિ ઘણી જી, વિઘન ટળે મિલે લચ્છી;**
**જિજ્ઞાસા બુધ સેવના જી, શુભ કૃતિ ચિહ્ન પ્રત્યચ્છી." મન.**

**– (યો.દ.સ. ૪-૧૭)**

આને 'સદ્નુષ્ઠાન' કહેવાનું કારણ એ કે તેથી ઉત્તરોત્તર શુભ અનુબંધપરંપરા થયા કરે છે, અને ઉત્તરોત્તર પુણ્યાનુબંધ પુણ્યની માત્રા વધતી જાય છે.

અનુષ્ઠાન સામાન્યથી પાંચ પ્રકારનું કહ્યું છે. (૧) વિષ (૨) ગરલ (૩) અનનુષ્ઠાન (૪) તદ્હેતુ (૫) અમૃત- ગુરુ આદિના પૂજાનુષ્ઠાનમાં અપેક્ષાદિ વિધાનથી આમ ભેદ પડે છે તેમાં (૧) આ લોકમાં લબ્ધિ-કીર્તિ આદિની અપેક્ષાથી જે કરવામાં આવે છે તે વિષ અનુષ્ઠાન છે. (૨) દિવ્ય ભોગના અભિલાષથી કરવામાં આવે છે તે 'ગરલ' અનુષ્ઠાન છે. (૩) બેખબરનું જે સંમૂર્ચ્છનજ

તુલ્ય પ્રવૃત્તિથી અનુષ્ઠાન છે, તે અનનુષ્ઠાન છે. કર્યું ન કર્યા બરાબર છે. કારણ કે આનું મન અત્યંત મુગ્ધ છે, એટલા માટે આ આવું કહ્યું છે (૪) સદ્દનુષ્ઠાન પ્રત્યેના રાગથી બહુમાનથી જે કરવામાં. આવે છે, તે સદ્નુષ્ઠાન ભાવનો શ્રેષ્ઠ હેતુ હોવાથી 'તદ્હેતુ' અનુષ્ઠાન છે, કારણ કે આમાં શુભ ભાવાંશનો યોગ છે. (૫) આ જિનોક્ત છે એમ જાણી કરવામાં આવતું એવું ભાવ સાર જે અત્યંત સંવેગ ગર્ભ અનુષ્ઠાન છે, તેને મુનિપુંગવો 'અમૃત' અનુષ્ઠાન કહે છે.

આ પાંચ પ્રકારના અનુષ્ઠાનમાંથી પ્રથમના ત્રણ તો અપ્રશસ્ત છે- અસત્ છે, હેય છે; ચોથુ કંઇક અંશે પ્રશસ્ત સત્ છે; અને છેલ્લું અમૃત અનુષ્ઠાન તો પરમ પ્રશસ્ત છે, પરમ સત્ છે, એટલે તે જ મુખ્યપણે સદ્નુષ્ઠાન છે, એ જ મુમુક્ષુને પરમ આદેય છે અને એ જ અત્ર વિવક્ષિત છે.

**બુદ્ધિપૂર્વાણિ કર્માણિ સર્વાણ્યેવેહ દેહિનામ્;**
**સંસારફલદાન્યેવ વિપાકવિરસત્વતઃ ૧૨૪**

અહીં પ્રાણીઓના જે બુદ્ધિપૂર્વક કર્મો છે તે સર્વેય, વિપાક વિરસપણાને લીધે, સંસારફલ જ દેનારા છે.

આ લોકમાં દેહધારી પ્રાણીઓના સામાન્યથી સર્વેય કર્મો બુદ્ધિપૂર્વક હોય છે, અને વિપાક વિરસપણાએ કરીને તે સંસારફલ જ આપનારા હોય છે.

આ વિપાકવિરસ બુદ્ધિપૂર્વક કર્મો સંસારફલ જ આપે છે, કારણ કે તે કર્મો શાસ્ત્રપૂર્વક નથી, શાસ્ત્રને-આપ્તવચનને આગળ કરી તે કરવામાં આવતા નથી. શાસ્ત્રાજ્ઞાને અનુસરી કરાતા નથી, એટલે તેનું ફલ-પરિણામ એકાંત ભવભ્રમણ રૂપ સંસાર જ છે.

**"સયલ સંસારી ઈંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે"**

**– શ્રી આનંદઘનજી**

**જ્ઞાનપૂર્વાણિ તાન્યેવ મુક્તયઙ્ગં કુ લયોગિનામ્;**

**શ્રુતશક્તિ સમાવેશાદનુબંધફલત્ત્વતઃ ૧૨૫**

- જ્ઞાનપૂર્વક એવા તે જ કર્મો કુલયોગીઓને મુક્તિના અંગરૂપ હોય છે; કારણ કે એમાં શ્રુતશક્તિનો સમાવેશને લીધે અનુબંધફલપણું હોય છે. જે જ્ઞાનપૂર્વક કર્મો છે તે મુક્તિ અંગરૂપ છે, અને તે કુલયોગીને જ હોય છે; કારણ કે શ્રુતશક્તિના સમાવેશથી તેઓને અનુબંધફલપણું હોય છે.

જ્ઞાનપૂર્વક કર્મો એટલે આગમપૂર્વક જે કર્મો કરવામાં આવે છે, શાસ્ત્ર આજ્ઞાને અનુસરી જે કર્મો કરવામાં આવે છે, તે મુક્તિના અંગરૂપ છે, મોક્ષના કારણરૂપ થઈ પડે છે. કારણ કે આપ્ત અર્થાત્ પ્રમાણભૂત પુરુષની આજ્ઞાને અનુસરવું તે મોક્ષનો પ્રધાન હેતુ છે, એટલે તથારૂપ આપ્ત પુરુષથી પ્રણીત શાસ્ત્ર-આજ્ઞાને પ્રમાણ માની, શિરસાવંદ્ય ગણી, માથે ચઢાવી, જે કોઈ સત્કર્મ કરે છે, તે મોક્ષમાર્ગ સાધે છે.

**"તુમ આણા હો આરાધન શુદ્ધ કે, સાધુ હું સાધકપણો."**

**"આણા રંગે ચિત ધરીજે, દેવચંદ્ર પદ શીઘ્ર વરીજે."**

**– શ્રી દેવચંદ્રજી**

અમૃત જેમ મરેલાને કે મૂર્ચ્છિતને જીવાડે છે, સજીવન કરે છે, અમર કરે છે, તેમ અમૃત સમી આ શ્રુતશક્તિ પણ મહામોહથી મૃતપ્રાય અથવા મૂર્ચ્છિત બનેલા જીવને જીવાડે છે, સજીવન કરે છે, પરમાર્થમય ભાવ-જીવન બક્ષે છે, અને ક્ષણ ક્ષણ ભયંકર ભાવ- મરણમાંથી ઉગારી અમૃતત્ત્વ અર્પે છે. આ સંજીવની જેવી પરમ અમૃતસ્વરૂપ શ્રુતશક્તિના સમાવેશથી અર્થાત્ સમ્યક્ અંતઃ પ્રવેશથી, દૃઢ ભાવરંગથી મુખ્ય એવું કુલયોગીપણું પ્રાપ્ત થાય છે.

"જિનવર વચન અમૃત અનુસરિયે, તત્ત્વરમણ આદરિયે રે;
દ્રવ્ય ભાવ આશ્રવ પરહરિયે, દેવચંદ્ર પદ વરિયે રે... પ્રભુ અંતરજામી"
– શ્રી દેવચંદ્રજી

"વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂલ."
– શ્રીમદ્ રાજચંદ્રજી

કુલયોગીઓનું અનુષ્ઠાન અનુબંધ ફલવાળું હોય છે, કારણ કે તે અનુબંધ શુદ્ધ હોય છે. અનુષ્ટાન ત્રણ પ્રકારનું કહ્યું છે. (૧) વિષયશુદ્ધ (૨) સ્વરૂપશુદ્ધ (૩) અનુબંધશુદ્ધ. આ ત્રણ અનુષ્ઠાનનું ઉત્તરોત્તર પ્રધાનપણું છે. મને મુક્તિ મળશે એમ મુગ્ધપણે-ભોળા ભાવે માનીને જે કરવામાં આવે છે, તે વિષયશુદ્ધ અનુષ્ઠાન છે અને તે મુક્તિના લેશ ઉપાદેયભાવથી શુભ કહ્યું છે, પણ અત્યંત સાવદ્યરૂપપણાને (પાપરૂપપણાને) લીધે તે સ્વરૂપ શુદ્ધ નથી. સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન તો લોકદૃષ્ટિથી વ્યવસ્થિત એવા યમાદિ જ છે, અર્થાત્ તાત્ત્વિક સ્વરૂપ સમજ્યા વિના જે અહિંસા-સત્ય વિગેરે યમ આદિ લૌકિક રીતે-સ્થૂલ લોકરૂઢિ પ્રમાણે કરવામાં આવે છે, તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે પણ તે શાસ્ત્ર અનુસાર નથી, કારણ કે સમ્યગ્ જ્ઞાન-શ્રદ્ધાન આદિનો અભાવ છે. આ અનુષ્ઠાન સ્વરૂપથી તો શુદ્ધ છે, પણ વિધિથી શુદ્ધ નથી. જે અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે તે આ યમાદિ જ છે, પણ તે તત્ત્વસંવેદનથી અનુગત હોય છે, સમ્યક્ તત્ત્વપરિજ્ઞાનથી યુક્ત હોય છે, તત્ત્વની બરાબર સમજણવાળું હોય છે; તથા પ્રશાંત-નિષ્કષાય વૃત્તિવડે કરીને તે સર્વત્ર અત્યંતપણે ઉત્સુકતા રહિત હોય છે. આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન સ્વરૂપથી અને વિધિથી પણ શુદ્ધ હોય છે.

આ ત્રણેનું ફળ અનુક્રમે આ પ્રમાણે છે. વિષયશુદ્ધ અનુષ્ઠાનથી મોક્ષલાભ ને બાધક એવો દોષ દૂર થતો નથી. કારણ

કે તમસનું અજ્ઞાન અંધકારનું બાહુલ્ય-પ્રબલપણું છે, સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી દોષ દૂર તો થાય છે, પણ એકાંત અનુબંધથી દૂર થતો નથી. ભસ્મ કરાયેલા દેડકાના ચૂર્ણનો જો નાશ કરવામાં આવ્યો હોય તો તેમાંથી દેડકાની ઉત્પત્તિ ન થાય, પણ અત્રે તો તેની જેમ દોષનો સાનુબંધ નાશ થતો નથી કે જેથી બીજા ભાવિ દોષ ન ઉપજે. દોષ દૂર તો થાય છે પણ તે દૂર થવાની પરંપરા ચાલુ રહેતી નથી. સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનમાં બાહ્ય દોષનો અભાવ છતાં, અંદરખાનેથી તત્ત્વજ્ઞાનરહિત પુરુષના અજ્ઞાન દોષને લીધે ગુણવૃદ્ધિ થતી નથી. ત્રીજાથી દોષ દૂર થાય છે અને નિયમથી તે સાનુબંધ હોય છે, અર્થાત્ દોષ દૂર થવાની પરંપરા ચાલ્યા કરે છે, એક પછી એક દોષ દૂર થવાનું અનુસંધાન ચાલુ રહે છે. આવું આ અનુષ્ઠાન ગુરુલાઘવ ચિંતાથી યુક્ત હોઈ, ગુણદોષના પ્રમાણના બરાબર ભાનવાળું હોઈ, તેવું અનુબંધવાળુ ઉદાર ફલ આપે છે. એથી કરીને અત્રે સર્વેય પ્રવૃત્તિ સદૈવ મહોદયવાળી હોય છે. આવું આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન કુલયોગીઓને હોવાથી તેઓને સાનુબંધ ફલ પ્રાપ્તિ હોય છે .

**અસંમોહસમુત્થાનિ ત્વેકાન્તપરિશુદ્ધિતઃ;**

**નિર્વાણ ફલદાન્યાશુ ભવાતીતાર્થયાયિનામ્ ૧૨૬**

- અને અસંમોહથી ઉપજતા એવા જ કર્મો, એકાંત પરિશુદ્ધિને લીધે, સંસારાતીત, પરં અર્થ પ્રત્યે ગમન કરનારાઓને (પરંતત્ત્વવેદીઓને) શીઘ્ર નિર્વાણ ફલ દેનારા હોય છે.

અસંમોહથી ઉપજેલા એવા કર્મો, એકાંત પરિશુદ્ધિને લીધે, ભવાતીત- સંસારાતીત અર્થગામીઓને શીઘ્ર નિર્વાણ ફલ આપનારા એવા હોય છે.

બુદ્ધિક્રિયાનું ફલ સંસાર છે; જ્ઞાનક્રિયાનું ફલ મુક્તિના

અંગરૂપ છે- પરંપરાએ મુક્તિ છે; અને અસંમોહ ક્રિયાનું ફલ શીઘ્ર અવિલંબપણે મોક્ષ છે, અનંતર મુક્તિ છે.

**"બુદ્ધિક્રિયા ભવફલ દીએજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;**

**અસંમોહ કિરિયા દીએજી, શીઘ્ર મુગતિફલ ચંગ. મન." –**

**– (શ્રી.યો.દ.સ. ૪-૧૮)**

આશયના ભેદે કરીને ફલમાં ભેદ પડેછે. આશયનો ભેદ રાગાદિની તરતમતાથી, તેમજ બુદ્ધિ-જ્ઞાન-અસંમોહરૂપ બોધના કારણભેદથી પડે છે. બોધ ત્રણ પ્રકારનો હોય છે- બુદ્ધિરૂપ, જ્ઞાનરૂપ અને અસંમોહરૂપ. આ બોધના ભેદથી સર્વ જીવોના સર્વ કર્મોના પ્રકારમાં ભેદ પડે છે. ઈંદ્રિયના આલંબને ઉપજતો બોધ તે 'બુદ્ધિ' કહેવાય છે. શ્રુતના-શાસ્ત્રના આધારે ઉપજતો બોધ તે 'જ્ઞાન' કહેવાય છે. અને સદ્નુષ્ટાનયુક્ત જ્ઞાન તે 'અસંમોહ' રૂપ બોધ કહેવાય છે; તે બોધ જ સર્વોત્કૃષ્ટ હોઈ 'બોધરાજ' કહેવાય છે.

તેમાં (૧) પ્રાણીઓના સર્વેય કર્મો સામાન્યપણે બુદ્ધિપૂર્વક હોય છે. ઈંદ્રિયજન્ય બોધવાળા હોય છે; અને તે વિપાકવિરસ હોઈ, તેનું ફલ પરિણામ સંસાર છે. (૨) કુલયોગીઓના સર્વ કર્મો જ્ઞાનપૂર્વક એટલે કે શ્રુત-શાસ્ત્રને અનુસરનારા હોય છે અને શાસ્ત્રનું સામર્થ્ય અમૃત જેવું છે, તેથી ઉત્તરોત્તર ઉત્તમ ફલ પરંપરા સાંપડે છે. માટે શાસ્ત્રાનુગામી એવા કુલયોગીઓના કર્મ મુક્તિના અંગરૂપ છે, પરંપરાએ મુક્તિના કારણરૂપ થઈ પડે (૩) અને સંસારાતીત-સંસારથી પર એવા પરં તત્ત્વ પ્રત્યે ગમન કરનારા પરમાર્થવેત્તાઓના જે કર્મો છે તે અસંમોહજન્ય હોય છે. એટલે એકાંતે-નિર્ભળપણે પરિશુદ્ધિવાળા હોઈ, તેઓનું ફલ શીઘ્ર-અવિલંબે મુક્તિ છે, અનંતર મુક્તિ છે.

**પ્રાકૃતેષ્વિહ ભાવેષુ યેષાં ચેતો નિરુત્સુકમ્;**
**ભવભોગવિરક્તાસ્તે ભવાતીતાર્થયાયિનઃ ૧૨૭**

- અહીં પ્રાકૃત ભાવો પ્રત્યે જેઓનું ચિત્ત નિરુત્સુક (ઉત્સુકતા રહિત) હોય છે, તે ભવભોગથી વિરકત થયેલાઓ, ભવાતીત અર્થગામી છે.

શબ્દાદિ વિષયોરૂપ પ્રાકૃત ભાવોમાં જેઓનું ચિત્ત ઉત્સુક્તા રહિત હોય છે, તે સાંસારિક ભોગથી વિરક્તજનો ભવાતીત અર્થગામી છે.

પ્રાકૃત ભાવો એટલે શબ્દાદિ ભાવો. પ્રાકૃત એટલે પ્રકૃતિનો વિકાર, પુદ્ગલનો વિકાર. શબ્દાદિ વિષયો પ્રાકૃત ભાવ છે. અર્થાત્ જડ પ્રકૃત્તિના વિકારરૂપ છે. આ શબ્દાદિ વિષયોરૂપ પ્રાકૃત ભાવોમાં જેઓનું ચિત્ત અનાસક્તપણાને લીધે ઉત્સુક્તા વિનાનું હોય છે, તે ભવભોગથી વિરક્ત થયેલા જનો 'ભવાતીત અર્થગામી' કહેવાય છે. ભવભોગથી વિરકત-સાચો અંતરંગ વૈરાગ્ય પામેલા આ જીવો ખરેખરા 'ભવાતીત અર્થગામી' છે. કારણ કે તે મહાનુભાવ મહાત્માઓનું ચિત્ત સંસારમાં સ્પર્શતું નથી, લેપાતું નથી, અસ્પૃષ્ટ રહે છે, જળ-કમળવત્ અલિપ્ત રહે છે.

પરમ ઉત્કૃષ્ટ વૈરાગ્યવંત સંવેગરંગી સાચા પરિણત-ભાવિતાત્માઓ બુદ્ધિફળરૂપ શબ્દાદિ વિષયોમાં-પ્રાકૃત ભાવોમાં કેમ રાચે ? પ્રાકૃત ભાવોમાં તો પુદ્ગલાનંદી, ભવાભિનંદી જીવો જ આસકત થાય; પણ સાચા અંતરંગ વૈરાગ્યવાન્ મુમુક્ષુ જીવો કદી પણ ઉત્કંઠા ધરાવે નહિં, આસક્ત થાય નહિ. આવા વૈરાગ્યવાસિત આત્મા, સાચા 'વૈરાગીઓ' જ સંસારથી પર એવા અર્થ-તત્ત્વ પ્રત્યે ગમન કરનારા છે, પરં તત્ત્વને જાણનારા ને પામનારા હોય છે કારણ કે સંસારમાં રહ્યા છતાં, તે મહાનુભાવ મહાત્માઓનું ચિત્ત સંસારી ભાવોને-વાસનાને

લેશમાત્ર સ્પર્શતું નથી. તેથી તેઓ મુક્ત જેવા છે, દેહ છતાં નિર્વાણ પામેલા છે, જીવનમુક્ત છે.

**"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;**
**તે કહિયે જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત**
**સકલ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;**
**તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન." – (આ.સિ.શા.)**

**એક એવ તુ માર્ગોડપિ તેષાં શમપરાયણઃ;**
**અવસ્થાભેદભેદેડપિ જલધૌ તીરમાર્ગવત્ ૧૨૮**

- અને તેઓના શમપરાયણ માર્ગ પણ અવસ્થાભેદનો ભેદ છતાં, એક જ છે, સમુદ્રમાં તીરમાર્ગની-કાંઠાના માર્ગની જેમ.

સાચા ભવવિરક્ત વૈરાગ્યવાસિત સંવેગી મુમુક્ષુ આત્માઓ ભવાતીત અર્થગામી અથવા પરંતત્ત્વવેદી કહેવાય છે અને તેઓનો ચિત્તવિશુદ્ધિરૂપ લક્ષણવાળો માર્ગ પણ એક જ છે. કોઈપણ પ્રકારે ચિત્તવિશુદ્ધિ કરી, આત્માને શુદ્ધ કરવો, એ જ માર્ગ છે અને તે એક જ છે, તેમાં કોઈ પણ ભેદ નથી. પ.કૃ.દેવ કહે છે કે,

**"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ." – આ.શિ.શાસ્ત્ર**

આ માર્ગ શમપરાયણ છે. શમ એટલે નિષ્કષાય આત્મપરિણતિ, રાગદ્વેષ રહિતપણું, સમભાવ. 'મોહ-ક્ષોભરહિત જે આત્માનો પરિણામ તે સમ કહેવાય છે. શમ એટલે સામ્ય; યથાવસ્થિત આત્મગુણને પામવું- જેમ છે તેમ આત્મગુણની સમાન થવું તે સામ્ય છે. સામ્યમાં અર્થાત્ સહજ આત્મસ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત કરવા તત્પર થવું એ જ શમનિષ્ઠ માર્ગ છે. શમ એટલે શાંતિ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ આદિની શાંતિ થવી તે શમ છે. પરભાવથી વિરામ પામી આત્મભાવમાં

આવવું તેનું નામ શાંતિ છે અને તે જ શમનિષ્ઠ માર્ગ અથવા શાંતિ માર્ગ છે. આ શાંતિમાર્ગનું સ્વરૂપ મહાજ્ઞાની યોગીશ્વર શ્રીમાન આનંદઘનજીએ શ્રી શાંતિનાથજીના સ્તવનમાં સંક્ષેપમાં પ્રદર્શિત કર્યું છે.

"શાંતિજિન ! એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય રે;
શાંતિ સ્વરૂપ કિમ જાણીએ ? કહો કિમ મન પરખાય રે ?... શાંતિ."
"ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળજે, કહું શાંતિ પ્રતિભાસ રે... શાંતિ"
"ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે... શાંતિ."
"આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે... શાંતિ."
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે... શાંતિ."
ફલ વિસંવાદ જેહમાં નહિં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે... શાંતિ.
વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈશ્યો આગમે બોધ રે... શાંતિ.
દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
યોગ સમાધિ ચિત્ત ભાવ જે, ભજે મુગતિનિદાન રે... શાંતિ.
માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઈશ્યો હોયે તું જાણ રે... શાંતિ.

**સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;**
**મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે... શાંતિ.**
**આપણો આતમ ભાવ જે, શુદ્ધ ચેતનાધાર રે;**
**અવર સવિ સાથ સંયોગથી, એ નિજ પરિકર સાર રે... શાંતિ.**

''ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઈ જવી તે શમ'' (પત્રાંક ૧૨૨)

''મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા એક જ માર્ગથી પામ્યા છે; વર્તમાન કાળે પણ તેથી જ પામે છે; ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી તે સરળ માર્ગ છે, તે સમાધિ માર્ગ છે, તથા તે સ્થિર માર્ગ છે. અને સ્વાભાવિક શાંતિ સ્વરૂપ છે. સર્વ કાળે તે માર્ગનું હોવાપણું છે. એ માર્ગના મર્મને પામ્યા વિના કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્તમાનકાળે પામતા નથી, અને ભવિષ્યકાળે પામશે નહીં.

શ્રી જિને સહસ્ત્રગમે ક્રિયાઓ અને સહસ્ત્રગમે ઉપદેશો એ એક જ માર્ગ આપવા માટે કહ્યાં છે અને તે માર્ગને અર્થે તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સફળ છે, અને એ માર્ગને ભૂલી જઈ તે ક્રિયાઓ અને તે ઉપદેશો ગ્રહણ થાય તો તે સૌ નિષ્ફળ છે. (                )

**સંસારાતીતતત્ત્વં તુ પરં નિર્વાણસંજ્ઞિતમ્;**
**તદ્ધ્યેકમેવ નિયમાચ્છબ્દભેદેડપિ તત્ત્વતઃ ૧૨૯**

- અને સંસારાતીત તત્ત્વ તો 'નિર્વાણ' સંજ્ઞાથી ઓળખાતું એવું પરં તત્ત્વ છે; અને તે તો શબ્દભેદ છતાં તત્ત્વથી નિયમે કરીને એક જ છે.

તે પરં તત્ત્વ 'નિર્વાણ' એવી સંજ્ઞાથી ઓળખાય છે. અને તે તો સામાન્યથી નિયમે કરીને એક જ છે. તત્ત્વથી-પરમાર્થથી તે નિર્વાણ તત્ત્વ એક જ છે. ગમે તે નામે ઓળખવામાં આવે, પણ પરમ એવા તે નિર્વાણ તત્ત્વમાં કોઈ ભેદ છે જ નહિં. તે તત્ત્વથી પર કોઈ છે નહિં ને સર્વથી પર તે છે, તેટલા માટે તે 'પરં તત્ત્વ' છે. કર્મરૂપ તેલ ખૂટી જવાથી સંસારરૂપ દીવો ત્યાં બૂઝાઈ જાય છે-નિર્વાણ પામે છે, તેટલા માટે તે તત્ત્વને 'નિર્વાણ' નામ ઘટે છે.

**સદાશિવઃ પરં બ્રહ્મ સિદ્ધાત્મા તથાતેતિ ચ;**

**શબ્દૈસ્તદુ ચ્યતેડન્વર્થાદિકમેવૈવમાદિભિઃ ૧૩૦.**

- સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા, ઈત્યાદિ શબ્દોથી તે ઓળખાય છે; તે અન્વર્થથી (શબ્દના બરાબર અર્થ પ્રમાણે) એક જ છે.

**"શબ્દ ભેદ ઝઘડો કિશ્યોજી, જો પરમારથ એક;**
**કહ્યો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફિરે નહિં છેક... મનમોહન. –**

**– યો.દ.સ. ૪-૨૧**

તે પરમ 'નિર્વાણ' નામના તત્ત્વને જે જૂદે જૂદે નામે ઓળખવામાં આવે છે, તેનો પરમાર્થ જોતાં કાંઈ અર્થભેદ નથી. તે ભિન્ન ભિન્ન નામોમાંથી કેટલાક અત્ર બતાવ્યા છે : (૧) સદાશિવ (૨) પરંબ્રહ્મ (૩) સિદ્ધાત્મા (૪) તથાતા. પરમાર્થથી તે નામોનું એકપણું છે.

જે પરમાત્મસ્વરૂપ છે, શુદ્ધ સહજાત્મસ્વરૂપ છે, ઉત્કૃષ્ટ કોટિનો આત્મા છે તે તથાતા છે.

**"જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ;**
**અતીંદ્રિય ગુણગણમણિ આગરુ, ઈમ પરમાતમ સાધ. સુગ્યાની !**
**સુમતિ ચરણકજ આતમ અરપણા."**

**– શ્રી આનંદઘનજી**

અને તે પરમાર્થ ફલ આપનાર છે; તથાતાની અર્થાત્ શુદ્ધ સહજાત્મસ્વરૂપ પરમ પ્રભુજીની-પરમાત્માની સેવા-ભક્તિ તથાતારૂપ નિર્વાણ ફલ અવશ્ય આપનારી છે.

શુદ્ધ સહજાત્મસ્વરૂપ એવું તે નિર્વાણ, સદા શિવસ્વરૂપ હોવાથી સદાશિવ છે, પરમ આત્મસ્વરૂપ હોવાથી પરંબ્રહ્મ છે, શુદ્ધ આત્મસિદ્ધિના નિષ્પન્નપણાથી સિદ્ધાત્મા છે, સહજાત્મસ્વરૂપપણે શાશ્વત સ્થિતિથી તથાતા છે. ઈત્યાદિ અર્થને અનુસરતા અન્ય અન્ય નામોથી પણ તેનું અભેદ સ્વરૂપ જ પ્રગટ થાય છે, વ્યક્ત થાય છે, તેનો પરમાર્થ જે સમજે, તે આનંદઘન અવતારને પામે છે.

તે કેવું છે ? તે કહે છે,

**તલ્લક્ષણા વિસંવાદાન્નિરાબાધમનામયમ્;**
**નિષ્ક્રિયં ચ પરં તત્ત્વં યતો જન્માદ્યયોગતઃ ૧૩૧**

- તે નિર્વાણના લક્ષણના અવિસંવાદને લીધે,તે પરમ તત્ત્વ નિરાબાધ, નિરામય અને નિષ્ક્રિય એવું છે; કારણ કે જન્મ આદિનો અયોગ છે.

નિર્વાણ એટલે શું ? (૧) નિર્વાણ એટલે બૂઝાઈ જવું, શાંત થઈ જવું, નિર્વૃત્તિ પામવી તે. જ્યાં સંસાર-દીપક બૂઝાઈ જાય છે-નિર્વાણ પામે છે, તે પદ નિર્વાણપદ છે. (૨) નિર્વાણ એટલે શાંતિ, શાંત થઈ જવું તે. જ્યાં સર્વ સંસારભાવ શાંત થઈ જાય છે, સર્વ પરભાવ- વિભાવ વિરામ પામે છે, તે નિર્વાણ છે. આત્મા જ્યાં સ્વ સ્વભાવમાં વિશ્રાંત થાય છે, સહજાત્મસ્વરૂપમાં શમાઈ જાય છે, તે પરમ શાંતિસ્વરૂપ એવું પદ તે નિર્વાણ છે. (૩) જ્યાં સર્વ વૃત્તિઓનો સંક્ષય થયો છે, સર્વ સંસાર વૃત્તિઓ જ્યાં નિવૃત્ત થઈ છે, નિર્વૃત્તિ પામી ગઈ છે, અને કેવલ શુદ્ધ આત્મસ્વભાવમાં જ વર્તનારૂપ વૃત્તિ જ્યાં વર્તે છે, અર્થાત્ શુદ્ધ

આત્મપદરૂપ સમુદ્રમાં નિરંતર રમણતા છે- તે નિર્વૃત્તિપદ અથવા નિર્વાણ છે.

**"દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;**
**સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ." – આ.સિ.શાસ્ત્ર**

આવું નિરાબાધ, નિરામય, ને નિષ્ક્રિય એવું તે પરમ તત્ત્વ છે, કારણ કે જન્મ-જરા- મરણનો ત્યાં અયોગ છે, સર્વથા અભાવ છે. એટલે સર્વ દુ:ખોનો ત્યાં આત્યંતિક અભાવ છે, કારણ કે 'જન્મ-જરા ને મૃત્યું એ જ 'મુખ્ય દુ:ખના હેતુ' છે. અને 'કારણ તેના બે કહ્યા', 'રાગ દ્વેષ અણહેતુ' પણ અત્રે તો મુખ્ય દુ:ખહેતુ આ જન્માદિ નથી, અને તેના કારણ રાગદ્વેષનો પણ સર્વથા અભાવ છે. એટલે જ આ નિર્વાણરૂપ પરમ પદમાં કોઈ પણ પ્રકારની બાધાનો, રોગનો અને સંસારનો સર્વથા અસંભવ જ છે.

**જ્ઞાતે નિર્વાણતત્ત્વેઽસ્મિન્નસંમોહેન તત્ત્વત:;**
**પ્રેક્ષાવતાં ન તદ્ભક્તૌ વિવાદ ઉપપદ્યતે. ૧૩૨**

-આ નિર્વાણ તત્ત્વ અ સંમોહે કરીને તત્ત્વથી જાણવામાં આવ્યે, પ્રેક્ષાવંતોને (વિચારવંતોને) તેની ભક્તિ બાબતમાં વિવાદ ઘટતો નથી.

નિર્વાણ તત્ત્વને સમ્યકપણે જાણનારા વિવેકી વિવાદ કરે નહિં, અને વિવાદ કરે તે વિવેકી નહિં. સુજ્ઞેષુ કિં બહુના ?

**સર્વજ્ઞપૂર્વક ચૈતન્નિયમાદેવ યત્સ્થિતમ્;**
**આસન્નોઽયમૃજુ ર્માર્ગસ્તુભેદદસ્તત્કથં ભવેત્ ૧૩૩**

- અને કારણ કે આ નિર્વાણ તત્ત્વ સર્વજ્ઞપૂર્વક નિયમથી જ સ્થિત છે અને નિર્વાણને સમીપ એવો આ સર્વજ્ઞરૂપ માર્ગ ઋજુ-સરલ છે, તો પછી તેનો ભેદ કેમ હોય ? પ.કૃ.દેવ કહે છે કે,

**"ભિન્ન ભિન્ન મત દેખીયે, ભેદ દષ્ટિનો એહ;**
**એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ."**

**"આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;**

**થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિં કોય." – (આ.શિ.શાસ્ત્ર)**

પારમાર્થિક સર્વજ્ઞ વ્યક્તિભેદ છતાં સામાન્યથી સર્વત્ર તત્ત્વથી એક છે; દેવોની ભક્તિ ચિત્ર-અચિત્ર બે પ્રકારની છે. તેમાં સંસારી દેવ પ્રત્યેની ભક્તિ ચિત્ર અને સંસારાતીત પરંતત્ત્વ-મુક્ત દેવની ભક્તિ અચિત્ર છે. એટલે કે એક મુક્ત તત્ત્વ પ્રત્યે ગમન ઈચ્છનારા મુમુક્ષુ જોગીજનોનો માર્ગ એક જ- શમપરાયણ એવો છે, અને તે સાગરમાં કાંઠાના માર્ગની પેઠે અવસ્થાભેદનો ભેદ છતાં એક જ છે. નિર્વાણ નામનું પરં તત્ત્વ નામભેદ છતાં એક જ છે. સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા આદિ યથાર્થ નામોથી ઓળખાતું તે નિર્વાણ તત્ત્વ સ્વરૂપથી એક જ છે. નિર્વાણ તત્ત્વ નિરાબાધ, નિરામય, નિષ્ક્રિય ને જન્મમરણાદિ રહિત એવું એક સ્વરૂપ છે. આ નિર્વાણતત્ત્વને જાણનારા ને માનનારા મુમુક્ષુ યોગીઓ વિવાદ કેમ કરે ? આ નિર્વાણ તત્ત્વ સર્વજ્ઞપૂર્વક છે. સર્વજ્ઞત્વ જ એને પામવાનો ઋજુ અને નિકટ એવો એક જ માર્ગ છે. તો પછી સર્વજ્ઞમાં ભેદ કેમ હોય ? અને તેમાં ભેદ ન હોય તો તે સર્વજ્ઞના સાચા ભક્ત એવા મુમુક્ષુ જોગીજનોમાં પણ ભેદ કેમ હોય ?

**ચિત્રા તુ દેશનૈતેષાં સ્યાદ્વિનેયાનુગુણ્યતઃ;**

**યસ્માદેતે મહાત્માનો ભવવ્યાધિભિષગ્વરાઃ ૧૩૪**

- પરંતુ એઓની ચિત્ર-જૂદા જૂદા પ્રકારની દેશના તો શિષ્યોના આનુગુણ્યથી અનુકૂળપણાથી હોય; કારણ કે આ મહાત્માઓ ભવવ્યાધિના ભિષગ્વરો છે. પ.કૃ.દેવ કહે છે કેઃ,

**"જે ગાયો તે સઘળે એક, સકલ દર્શને એજ વિવેક;**

**સમજાવ્યાની શૈલી કરી, સ્યાદવાદ સમજણ પણ ખરી."**

સર્વજ્ઞનો અભેદ છે, તો પછી એઓની દેશના ચિત્ર-વિચત્ર કેમ છે ? જૂદા જૂદા પ્રકારની કેમ છે ? તેનો અહીં જવાબ આપ્યો છે કે આ કપિલ, બુદ્ધ આદિ સર્વજ્ઞોની દેશના તથાપ્રકારના શિષ્યોના આનુગુણ્યથકી- અનુકૂળપણાથકી ચિત્ર એટલે કે જૂદા જૂદા પ્રકારની હોવી સંભવે છે; કારણ કે આ મહાત્માઓ ભવવ્યાધિના ભિષગ્વરો છે, સંસાર રોગના વૈદ્યરાજો છે.

જેવા શિષ્ય હોય, તેવો તેને અનુકૂલ પડે-માફક આવે, તેના આત્માને ગુણ કરે, એવો બોધ કરવો, ઉપદેશ કરવો યોગ્ય જાણી, તે તે સર્વજ્ઞોએ તેમ કર્યું છે. એટલે કે તથાવિધ શિષ્યવિશેષના આનુગણ્યથી, તેને જેમ ગુણ ઉપજે તેમ, તેના આત્માનું જે રીતે કલ્યાણ થાય તે રીતે, તેઓએ તેને વિવિધ પ્રકારે 'સમજાવ્યાની શૈલી કરી' છે. પાત્રવિશેષને લક્ષમાં લઈ કોઈ પણ પ્રકારે શિષ્યને ઠેકાણે આણવો-સ્વસ્થાને લાવવો- 'સમજાવવો' એ જ તેઓનો એકાંત હિત હેતુ હોઈ તેઓની દેશના શૈલી જૂદી પડે છે.

તેવા પરમ ઉપકારી મહાત્મા મહાપુરુષો આમ કરે એમાં આશ્ચર્ય નથી, કારણ કોઈ પણ પ્રકારે આ જીવનો સંસારરૂપ મહારોગ મટે એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. એટલે ભવવ્યાધિના ભિષગ્વરો-વૈદ્યરાજો જેવા આ સર્વજ્ઞોએ તે તે જીવની પ્રકૃતિ ઓળખી, તેને માફક આવે, અનુકૂલ પડે, ગુણ કરે, એવી દેશના ઔષધિ તેઓને આપી. ભવરોગના મહાત્મા સર્વજ્ઞોએ જીવની પ્રકૃત્તિ પ્રમાણે વિવેક કરીને તેવી ભિન્ન ભિન્ન દેશના ઔષધિનો પ્રયોગ કર્યો છે, એમ સમજાય છે.

**યસ્ય યેન પ્રકારેણ બીજાધાનાદિસંભવઃ**
**સાનુબન્ધો ભવત્યેતે તથા તસ્ય જગુસ્તતઃ ૧૩૫**

- જેને જે પ્રકારે સાનુબંધ બીજાધાન આદિનો સંભવ થાય, તેના પ્રત્યે તેવા પ્રકારે તેઓએ તેટલા માટે કહ્યું છે.

મહાત્મા સર્વજ્ઞો ભવવ્યાધિના ભિષગ્વરો છે. સંસારરોગના વૈદ્યરાજો છે, એટલા માટે જે જે પ્રાણીને જે પ્રકારે સાનુબંધ બીજાધાન આદિનો સંભવ થાય, તેવા પ્રકારે તેઓએ, કુશલ માલીની પેઠે, તેના પ્રત્યે ઉપદેશ કાર્ય કર્યું. વનસ્પતિશાસ્ત્રના નિયમ પ્રમાણે કોઈ છોડને ઊગવા માટે અમુક જાતનું ખાતર જોઇએ છે. કોઈ બીજા છોડને માટે બીજી જાતનું ખાતર ખપે છે. આમ જૂદા જૂદા છોડને માટે જૂદી જૂદી જાતનું ખાતર નાંખવું પડે છે. આ મુદ્દો લક્ષમાં રાખીને કુશલ માલી યોગ્ય ભૂમિમાં બીજાધાન થાય, બીજ રોપાય, ઊગી નીકળે એવું ખાતર નાંખે છે. તેમ આ કુશલ ભિષગ્વરો પણ યોગ્ય પાત્રવિશેષરૂપ શિષ્યની ચિત્તભૂમિમાં સમ્યગ્ બોધ-બીજનું રોપણ થાય, તેવું ભવોદ્વેગ ઉપજે એવું, ઉપદેશરૂપ ખાતર નાંખે છે.

તે શિષ્યને તે બોધબીજ ઊગી નીકળી તેમાંથી અંકુર ફૂટે એવું સદુપદેશજલ સિંચે છે. આ નિષ્ણાત વૈદ્યવરો શિષ્યના ઊગતા બોધરૂપ છોડને રક્ષવા માટે વ્રતવૃત્તિરૂપ વાડનો પ્રબંધ કરી આપી, તેના તેવા પ્રકારનું સદ્‌બોધ-જલ પાયા કરી પરિવૃદ્ધિ પમાડે છે.

આ મહાનિપુણ વૈદ્યરાજો શિષ્યને સાનુબંધ બીજાધાનાદિ થાય, અર્થાત્ સમ્યગ્ બોધબીજ ઊગી નીકળી, ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ પામી, યાવત્ મોક્ષફળ પ્રાપ્ત થાય, તેમ ઉપદેશામૃત જલધારા વહાવી નિષ્કારણ કરુણાથી કાળજીભરી સંભાળ લે છે.

*કારણ કે આવા પરમ વિવેકી, પરમ કૃપાળુ, પરમ* કૃપાનિધાન આ ભાવ-વૈદ્યરાજોનો એકાંત હેતુ ગમેતેમ કરીને શિષ્યનું કલ્યાણ કરવાનો છે. આ ભવરોગના ભિષગ્વરો પણ જે ઉપદેશ ઔષધિથી આ જીવનો ભવરોગ મટે, તેની આત્મભ્રાંતિ ટળે, તે ઔષધિ નિઃશંક પ્રયોગ કરતાં અચકાતાં નથી, કારણ કે તેઓનો એકાંત હેતુ જેમ બને તેમ જલ્દી જીવનો ભવરૂપ ભવરોગ

મટાડવાનો છે, જીવની આત્મભ્રાંતિ ને તેથી થતી ભવભ્રાંતિ દૂર કરવાનો છે; એટલે નિત્ય–પ્રધાન દેશનાથી શિષ્યને ગુણ થાય એમ છે એવું લાગ્યું, તો તેઓએ નિત્યદેશના ઉપર ભાર મૂક્યો; અને અનિત્ય-પ્રધાન દેશનાથી લાભ થાય એમ છે એવું દેખ્યું તો અનિત્યદેશના પર ભાર મૂક્યો. જ્યાં જેમ ઘટે તેમ વિવેક વાપરી તેઓએ યથાયોગ્ય ઉપદેશ દીધો. આમ પરમાર્થહેતુએ કરીને સર્વજ્ઞોની દેશનામાં ભેદ પડયો હશે એમ સમજાય છે.

પ.કૃ.દેવ. પણ કહે છે કે,

**"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન." –(આ.સિ.શાસ્ત્ર)**

**એકાપિ દેશનૈતેષાં યદ્વા શ્રોતૃવિભેદતઃ;**
**અચિન્ત્યપુણ્યસામર્થ્યાત્તથા ચિત્રાવભાસતે. ૧૩૬**

- અથવા તો એઓની (સર્વજ્ઞોની) દેશના એક છતાં, શ્રોતાઓના વિભેદે કરીને, અચિન્ત્ય પુણ્ય સામર્થ્યને લીધે, તથા પ્રકારે ચિત્ર-જૂદી જૂદી અવભાસે છે.

અથવા તો સર્વજ્ઞોની વાણીમાં ભેદ કેમ પડે છે ? એ વિરોધનો પરિહાર કરવા માટે બીજો યુક્તિસંગત ખુલાસો અહીં કર્યો છે :- એઓની દેશના એક છતાં, શ્રોતાઓના વિભેદે કરીને, અચિન્ત્ય પુણ્ય સામર્થ્યના પ્રભાવને લીધે, તેવા પ્રકારે ચિત્ર ભાસે છે ! અર્થાત્ એ સર્વજ્ઞોના મુખમાંથી નીકળી તે અપેક્ષાએ તો તેઓની દેશના એક છે, છતાં તથાભવ્યત્વના ભેદથી શ્રોતાઓના ભેદને લીધે તે ચિત્ર ભાસે છે ! આમ તે સર્વજ્ઞોનાં મુખમાંથી ઝરેલી વાણી તો એક જ પ્રકારની છે, પરંતુ શ્રોતાઓમાં જૂદીજૂદી ભવ્યતા-યોગ્યતા હોય છે, એટલે શ્રોતાઓનો ભેદ પડે છે, તેથી કરીને તે સર્વજ્ઞવાણી એઓના અચિન્ત્ય પુણ્ય પ્રભાવથી તે તે શ્રોતાને ચિત્ર- જૂદી જૂદી પ્રતિભાસે છે ! એટલે પોતપોતાની

ભવ્યતા પ્રમાણે પ્રત્યેક શ્રોતા સર્વજ્ઞવાણીને પોતપોતાને ઉપકારી એવી અનુકૂલ અપેક્ષામાં સમજી જાય છે, પોતપોતાને કલ્યાણકારી અનુકૂળ અર્થમાં ગ્રહણ કરી લ્યે છે.

વાણી અનેકરૂપ-ચિત્રરૂપે ભાસ્યમાન થાય છે, તે ભગવાન સર્વજ્ઞના અચિન્ત્ય પુણ્ય સામર્થ્યનો જ પ્રભાવ છે. કારણ કે 'સવિ જીવ કરૂં શાસનરસી' એવી પરમ ઉદાત્ત પરોપકાર ભાવનાના બળથી, પરોપદેશના કારણે કરી તેઓએ મહાપુણ્યસંભાર સંચિત કર્યો હતો. તે પુણ્યના પરિપાકવશે કરીને આવો ચમત્કારકારી અતિશયવંત મહાપ્રભાવ તેઓનો વર્તે છે ! જેમ મેઘવૃષ્ટિ તો એક જ હોય છે પણ ભૂમિ પર પડતાં તે તે ભૂમિના પ્રકાર પ્રમાણે જૂદા જૂદા વેહળા વહે છે, તેમ આ સર્વજ્ઞોએ વર્ષાવેલ બોધધારામય ઉપદેશવૃષ્ટિ એક જ પ્રકારની છે, છતાં ભિન્ન ભિન્ન શ્રોતા પાત્રની ચિત્તભૂમિમાં પડતાં તે ભિન્ન ભિન્ન અર્થપ્રવાહ ધારણ કરે છે ! આ તેમનો અપૂર્વ વચનાતિશય સૂચવે છે.

**"વાણી ગુણ પાંત્રીશ અનોપમ, અવિસંવાદ સરૂપે રે;**
**ભવ દુઃખવારણ શિવસુખ કારણ, સૂધો ધર્મ પ્રરૂપે રે."**

**– શ્રી દેવચંદ્રજી**

**યથાભવ્યં ચ સર્વેષામુપકારોऽપિ તત્કૃતઃ;**
**જાયતેऽવન્ધ્યતાપ્યેવમસ્યાઃઃ સર્વત્ર સુસ્થિતા. ૧૩૭**

- અને યથાભવ્ય (ભવ્ય પ્રમાણે) સર્વેનો તેનાથી કરાયેલો ઉપકાર ઉપજે છે; આમ આ દેશનાની આ અવન્ધ્યતા (સફળતા) પણ સર્વત્ર સુસ્થિત એવી છે.

**"વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ;**
**ઔષધ જે ભવરોગના, કાયર ને પ્રતિકૂળ."**

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

આમ સર્વજ્ઞદેશના એક છતાં ભિન્ન ભિન્ન શ્રોતાને ભિન્ન ભિન્ન ભાસે છે, તો પણ વિશેષ આશ્ચર્યકારી તો એ છે કે તેનાથી તે સર્વનો યથાભવ્યત્ત્વ પ્રમાણે ઉપકાર પણ થાય છે. આમ સર્વજ્ઞ વાણીની સર્વત્ર સુસ્થિત એવી અવંધ્યતા-સફળતા થાય છે.

તે પાવન અમૃતવાણી જે સાંભળે છે, તે સર્વ સાંભળનાર શ્રોતાનો તેના થકી ઉપકાર પણ થાય છે; તે ઉપકાર, સાંભળનારનું જેવું જેવું ભવ્યત્ત્વ-યોગ્યપણું હોય તે પ્રમાણે થાય છે. જેવી જેવી જેની જેની યોગ્યતા-પાત્રતા છે, તેવો તેવો તેને તેને ઉપકાર થાય છે, ગુણ ઉપજે છે, આત્મલાભ થાય છે. જેવી જેવી જેની જેની ઝીલવાની શક્તિ, જેવો જેવો જેનો ક્ષયોપક્ષમવિશેષ, તેવો તેવો બોધ તે ઝીલે છે.

**"ભવ ઉપાધિ ગદ ટાળવા, પ્રભુજી છો વૈદ્ય અમોઘ રે;**
**રત્નત્રયી ઔષધ કરી, તમો તાર્યા ભવિજન ઓઘ રે;**
**દેવ વિશાલ જિણંદની, તુમે ધ્યાવો તત્ત્વસમાધિ રે."**

**– શ્રી દેવચંદ્રજી**

કારણ કે રોગીને સાચો વૈદ્ય મળ્યો છે, આત્મભ્રાંતિથી ઉપજેલો આ ભવરૂપ મહારોગ જેને લાગુ પડ્યો છે, એવા આ ભવ્ય શ્રોતાજનોને શ્રી સર્વજ્ઞરૂપ પરમ સદ્‌વૈદ્યનો જોગ લાધ્યો છે, ને તેઓએ પ્રયોજેલી પરમ ઔષધિરૂપ અમૃતવાણી કાને પડી છે, તો પછી તેઓનો તે રોગ કેમ ન મટે ? કેમ ન હઠે ? આ ભવરોગી રાગ, દ્વેષ ને મોહરૂપ ત્રિદોષ સન્નિપાતથી પીડાઈ રહ્યો છે, તેનો આ રાગ-દ્વેષ મોહરૂપ ત્રિદોષ જો 'પરમ શાંત રસમૂલ સર્વજ્ઞ વચનામૃત'થી દૂર થયો, વા ઓછો થયો તો જાણવું કે આ ઔષધનો આ ગુણ છે. સર્વજ્ઞ વચનામૃત શ્રવણથી તે શ્રોતાના રાગ-દ્વેષ-મોહરૂપ ત્રિદોષ અવશ્ય દૂર થાય છે, દૂર હઠે છે, મોળા પડે છે, એ નિશ્ચિત છે. એમ કહેવાય છે કે, સર્વજ્ઞદેશના સાંભળી

મોહપટલ દૂર થતાં કંઈક જીવોને સર્વવિરતિ પરિણામ-ભાવ ઉપજે છે, કંઈક જીવો દેશવિરતિભાવને પામે છે, કંઈક જીવોને સમ્યગ્દર્શન સાંપડે છે, અને કંઈક જીવો શુભભાવમાં સ્થિતિ કરે છે.

પ.કૃ.દેવ કહે છે કે,

**"અનંત અનંત ભાવભેદથી ભરેલી ભલી,**
**અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;**
**સકળ જગતહિતકારિણી હારિણી મોહ,**
**તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે;**

આમ સર્વજ્ઞવાણી શ્રોતાઓને યથાયોગ્ય ઉપકારરૂપ ગુણ અવશ્ય કરે છે, એટલા માટે એનું સર્વત્ર અવંધ્યપણું છે, અનિષ્ફળપણું છે, અમોઘપણું છે, અર્થાત્ સર્વદા સર્વથા સર્વત્ર સફળપણું છે, એ નિશ્ચિત સ્થિતિ છે. સર્વજ્ઞવાણી રામબાણ જેવી અમોઘ છે.

**યદ્વા તત્તન્નયાપેક્ષા તત્કાલદિનિયોગતઃ;**
**ઋષિભ્યો દેશના ચિત્રા તન્મૂલૈષાપિ તત્ત્વતઃ ૧૩૮**

- અથવા તો તે તે નયની અપેક્ષાવાળી ચિત્ર દેશના તે કાલ આદિ નિયોગથી ઋષિઓ થકી પ્રવર્તી છે, આ પણ તત્ત્વથી તો સર્વજ્ઞ મૂલવાળી છે.

પ.કૃ. દેવ કહે છે કે,

**"રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;**
**ઈનમેં સબ મત રહત હૈ, કરતે નિજ સંભાલ."**

ઋષિઓએ ભિન્ન ભિન્ન દેશના પ્રવૃત્તિ કરી છે અને તેમ કરવામાં તેઓ દેશ-કાલ આદિ જોઈ વિચારીને પ્રવર્ત્યા છે. સર્વત્ર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિ જોઈને પ્રવર્ત્તવું એ વિચક્ષણનું

કર્તવ્ય છે એવો નિયમ છે. એટલે એ મહાનુભાવોએ દુઃષમ કાળ-કરાલ કલિકાલ વગેરે પરિસ્થિતિ લક્ષમાં લઈને અને જીવોના સત્વ-સંવેગ ને વિજ્ઞાન-વિશેષ ખ્યાલમાં રાખીને અનુશાસન કર્યું છે. દ્રવ્યાસ્તિક આદિ નયની અપેક્ષાએ જાતજાતની દેશના કરી છે. સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરે કહ્યું છે કે,

**દેશકાલાન્વયાચારવયઃ પ્રકૃતિમાત્મનામ્ ।**
**સત્ત્વસંવેગવિજ્ઞાનવિશેષાચ્ચાનુશાસનમ્ ॥**

દેશ કાલાદિ ને અનુસરનીને નિત્ય દેશના યોગ્ય લાગી તો તેઓએ દ્રવ્યાસ્તિક નયના પ્રધાનપણાનો ખ્યાલ રાખી ઉપદેશ કર્યો. અનિત્ય દેશના યોગ્ય લાગી તો પર્યાયાસ્તિકનયની મુખ્યતાથી ઉપદેશ કર્યો. આવી સાપેક્ષ ઋષિદેશનાનું મૂલ પણ તત્ત્વથી-પરમાર્થથી સર્વજ્ઞદેશના જ છે, કારણ કે પરમ પ્રમાણભૂત સર્વજ્ઞવાણી જ પ્રત્યેક વસ્તુને- કોઈ નય ન દુભાય એમ અનંતનય અપેક્ષાએ પરીક્ષે છે. વિવિધિ દેશનાનું મૂલ જન્મસ્થાન સર્વજ્ઞવચન છે.

પરમ કૃપાળુદેવ કહે છે કે,

**"અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ ! અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞ દેવ !**

**અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમ કૃપાળુ સદ્‌ગુરુ દેવ ! તમે આ વિશ્વમાં સર્વકાલ જયવંત વર્તો ! જયવંત વર્તો !"**

**શિષ્ય ભણી દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;**
**કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મન૦**

**– (શ્રી યો. સ. ૪/૨૦)**

**તદભિપ્રાયમજ્ઞાત્વા ન તતોડર્વાગ્દશાં સતામ્;**
**પુજ્યતે તત્પ્રતિક્ષેપો મહાનર્થકરઃ પરઃ ૧૩૯**

- તેથી કરીને તેનો-સર્વજ્ઞનો અભિપ્રાય જાણ્યા સિવાય,

અર્વાગ્ દૃષ્ટિ છદ્મસ્થ સંતોને તેનો પ્રતિક્ષેપ (વિરોધ) યુક્ત નથી. કે જે પરમ મહાઅનર્થ કરનાર છે.

સર્વજ્ઞોનો અભિપ્રાય જાણ્યા વિના અર્વાગ્દૃષ્ટિવાળા છદ્મસ્થ સંતજનોએ તેઓનો પ્રતિક્ષેપ કરવો- વિરોધ કરવો યુક્ત નથી. તે પ્રતિક્ષેપ કેવો છે ? તો કે મોટામાં મોટો અનર્થ કરનાર એવો છે. સર્વજ્ઞદેશનાના ભેદના સર્વ આશયોને લક્ષમાં લઈને વિચારીએ તો તે સર્વજ્ઞનો આશય શો છે ? તેની સમજણ વિના તત્ત્વગવેષક છદ્મસ્થ સજ્જનોએ તેનો પ્રતિક્ષેપ કરવો-વિરોધ કરવો ઘટતો નથી. કારણ કે છદ્મસ્થનું જ્ઞાન આવરણવાળુ હોઈ ઘણું જ મર્યાદિત છે, અત્યંત પરિમિત્ત છે. તેના વડે છદ્મસ્થો યથાવત્ કેમ દેખી-જાણી શકે ? માટે સર્વજ્ઞના વિષયમાં સંસ્થિત અર્થોને છદ્મસ્થો પ્રકાશી શકતા નથી. એમાં આશ્ચર્ય નથી, પણ તે કંઈ પણ જાણે છે તે જ અતિ અદ્‌ભૂત આશ્ચર્ય છે !

વળી ઉપલક્ષણથી તે તે દર્શનભેદવાળી દેશનાઓ પણ સર્વજ્ઞમૂલક એટલે તે પણ સર્વજ્ઞવાણીના અંગરૂપ છે. આમ મુખ્ય ષડ્દર્શન પણ સર્વજ્ઞપ્રવચનના અંગભૂત હોઈ, તેનો પ્રતિક્ષેપ કરવો તે પણ સર્વજ્ઞવાણીનો છેદ કરવા બરાબર છે.

શ્રી આનંદઘનજી કહે છે કે ,

**"ષટ્ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિસણ આરાધે રે.ષટ્૧**
**જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;**
**આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુ:ખ અંગ અખેદે રે. ષટ્.૨**
**ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર કર દોય ભારી રે;**
**લોકાલોક અવલંબન ભજીએ, ગુરુ ગમથી અવધારી રે... ષટ્.૩**
**લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે;**
**તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુ ગમ વિણ કિમ પીજે રે...ષટ્.૪**

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધુરિ આરાધક, આરાધે ધરી સંગે રે... ષટ્.–૫
જિનવરમાં સઘળા દરિસણ છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજના રે... ષટ્.”–૬

નિશાનાથપ્રતિક્ષેપો યથાન્ધાનામસંગતઃ;
તત્ભેદપરિકલ્પશ્ચ તથૈવાર્વાગ્ દેશામયમ્ ૧૪૦

- જેમ ચંદ્રનો પ્રતિક્ષેપ અને તેના ભેદનો પરિકલ્પ (કલ્પના) આંધળાઓને અસંગત- અયુક્ત છે, તેમજ છદ્મસ્થોને આ સર્વજ્ઞપ્રતિક્ષેપ અને તેના ભેદનો પરિકલ્પ અસંગત-અસંયુક્ત છે.

જેમ ચક્ષુવિકલ એવા આંધળાઓને ચંદ્રનો પ્રતિક્ષેપ કરવો, નિષેધ કરવો, તે નીતિથી અસંગત છે- અયુક્ત છે અને ચંદ્રના ભેદની પરિકલ્પના કરવી તે પણ અયુક્ત છે; તેમજ છદ્મસ્થોને સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો કે તેના ભેદની પરિકલ્પના કરવી અસંગત છે- અયુક્ત છે. અંધકારને દૂર કરનારો નિશાનાથ ચંદ્ર દૂર આકાશમાં રહ્યો છતો ચાંદની રેલાવી સમસ્ત જગતમાં પ્રકાશ રેલાવે છે; છતાં ચક્ષુવિકલ આંધળા તેને દેખી શકતા નથી. ચંદ્ર પ્રગટ છે, છતાં જો આ અંધજનો ‘ચંદ્ર છે જ નહિં’ એમ કહી વાંધો ઉઠાવે, તેનો પ્રતિક્ષેપ કરે, તો તે બીલકુલ બેહૂદું છે, અણઘટતું છે, નીતિથી અસંગત છે. કારણ કે તેઓ પોતે જ દેખતા નથી, તે આ નથી એમ કેમ કહી શકે ? તેમ મોહાંધકારને હરનારા સર્વજ્ઞ-ચંદ્ર જ્ઞાન- જ્યોત્સ્ના વિસ્તારી સમસ્ત વિશ્વ વસ્તુને પ્રકાશિત કરે છે છતાં દૃષ્ટિવિકલ છદ્મસ્થો તેને દેખી શકતા નથી, સર્વજ્ઞ પ્રગટ છે, છતાં જો આ છદ્મસ્થો, ‘સર્વજ્ઞ જ નથી’ એમ કહી પ્રતિવાદ કરે- પ્રતિક્ષેપ કરે, તો તે સર્વથા અયુક્ત છે, સત્ન્યાયથી અસંગત છે, કારણ કે પોતે જ જે દેખતા નથી, તે આ નથી એમ કહેવાની ધૃષ્ટતા કેમ કરી શકે વારુ ?

છદ્મસ્થ જનો, સર્વજ્ઞ આવા છે કે તેવા છે વગેરે તેના ભેદ સંબંધી પરિકલ્પના કરે, તો તે અયુક્ત છે, બેહૂદું છે; કારણ કે જે સર્વજ્ઞને પોતે દીઠા જ નથી, તેના સંબંધી ગમે તે કલ્પનાના ઘોડા દોડાવવા તે મિથ્યા કલ્પનારૂપ જ છે, સત્ય નથી. અને જે ચંદ્ર પોતાને દેખાતો નથી, તે ચંદ્રના વિવિધ ભેદ કલ્પી, આંધળાઓ તે સંબંધી ઝઘડો કરે, તો તે તો કેટલું બધું બેહૂદું કહેવાય ? તેમ જે સર્વજ્ઞને પોતે દીઠા નથી, તે સર્વજ્ઞના જૂદા જૂદા ભેદ કલ્પી છદ્મસ્થો તે ભેદ સંબંધી મિથ્યા વાદવિવાદ કરે, સામસામા પ્રતિક્ષેપ કરે, પરસ્પર ખંડન-મંડનમાં ઉતરી પડે, તો તે અત્યંત અયુક્ત છે જ, એ આ ઉપરથી ફલિત થાય છે. અત્રે જન્માંધ મનુષ્યો ને હાથીનું દૃષ્ટાંત ઘણું બંધબેસ્તુ છે.

**ન યુજ્યતે પ્રતિક્ષેપઃ સામાન્યસ્યાપિ તત્સતામ્;**
**આર્યાપવાદસ્તુ પુનર્જિહ્વા છેદાધિકો મતઃ ૧૪૧**

- સામાન્ય જનનો પણ પ્રતિક્ષેપ યુક્ત નથી. તેથી કરીને આર્ય સર્વજ્ઞનો અપવાદ તો સંતોને મન જિહ્વાછેદ કરતાં અધિક છે.

કોઈ સામાન્ય પુરુષનો પણ પ્રતિક્ષેપ-વિરોધ કરવો યુક્ત નથી; તેટલા માટે આર્ય એવા સર્વજ્ઞનો વિરોધ કરવો તે તો સંતજનોને મન જીભ કપાઈ જવા કરતાં પણ અધિક છે.

અસામાન્ય, અસાધારણ વિભૂતિરૂપ, મહાઅતિશયવંત એવા આર્ય સર્વજ્ઞનો અપવાદ કરવો- અવર્ણવાદ બોલવા તે તો અત્યંત અત્યંત અયુક્ત જ છે. સર્વજ્ઞનો અપવાદ કરવો, તેને સંત–મુનિજનો તો જિહ્વાછેદ કરતાં અધિક માને છે. એટલે કે પરમ અર્હત્ સર્વજ્ઞ માટે એક પણ અપવાદ વચન બોલતાં, તેમને જીભ કપાઈ જવા કરતાં વધારે દુઃખ થાય છે. તાત્પર્ય કે સંતજનો કદી પણ આર્ય સર્વજ્ઞનું અપવાદ વચન ઉચ્ચારવાનો પ્રારંભ પણ કરે નહિં, તેવું વચન ઉચ્ચારતા તેમની જીભ ઉપડે જ નહિં; કારણ

કે પરમ સત્ પુરુષ એવા આર્ય સર્વજ્ઞના અવર્ણવાદથી મહા અનર્થપરંપરા નિપજે છે, જીવ અનંત સંસારી થાય છે.

**કુ દૃષ્ટયાદિવન્નો સન્તો ભાષન્તે પ્રાયશઃ કચિત્;**
**નિશ્ચિત સારવચ્ચૈવ કિંતુ સત્ત્વાર્થકૃત્ સદા ૧૪૨**

- કૃદૃષ્ટિ આદિવાળુ કૃત્સ્ય વચન સંતો કવચિત્ બોલતાં નથી; પરંતુ સદાય નિશ્ચિત, સારવાળું અને સત્ત્વાર્થ કરનારું- પ્રાણીઓનું હિત કરનારું એવું વચન બોલે છે.

સંતજનો કુત્સિત-નિંદ્ય વચન બોલતાં નથી, અને બોલે છે તો નિશ્ચિત સારવાળું અને પરનું હિત કરનારું એવું જ વચન સદા બોલે છે. તેઓ બોલે છે તો વિવેકપૂર્વક ભાષાસમિતિ સાચવીને, ભાષાનો વિવેક આચાર બરાબર જાળવીને જ સદા બોલે છે. એટલે જ તેઓનું વચન સદા નિશ્ચિત-અસંદિગ્ધ-સુસંબદ્ધ હોય છે. અને સત્વાર્થ કરનારું હોય છે, અન્ય જીવોનું હિત કરવાના સ્વભાવવાળું જ હોય છે. બીજા જીવોને દુ:ખ થાય, અનર્થ થાય, અહિત થાય, એવું સાવદ્ય કદી પણ હોતું નથી. આમ સંતજનોને સદા નિશ્ચિત, સારભૂત ને પરોપકારી એવું નિરવદ્ય-નિર્દોષ વચન ઉચ્ચારવાની ટેવ પડી હોય છે.

**નિશ્ચયોડતીન્દ્રિયાર્થસ્ય યોગિજ્ઞાનાદતે ન ચ;**
**અતોડપ્યંત્રાન્ધકલ્પાનાં વિવાદેન ન કિંચન ૧૪૩**

- અને અતીન્દ્રિય અર્થનો નિશ્ચય યોગિજ્ઞાન સિવાય થતો નથી; એથી કરીને પણ અત્રે સર્વજ્ઞની બાબતમાં અંધ જેવાઓના વિવાદથી કાંઈ નથી. અને સર્વજ્ઞ આદિ અતીન્દ્રિય અર્થનો નિશ્ચય યોગિજ્ઞાન સિવાય થતો નથી, કારણ કે તેના થકી જ તેની સિદ્ધિ થાય છે. એટલા માટે અત્રે સર્વજ્ઞ અધિકારમાં અંધ જેવા છદ્મસ્થોના વિવાદથી શું ?

સર્વજ્ઞ આદિ વિષય અતીન્દ્રિય છે, ઈંદ્રિય અને મનને

અગોચર છે, અને માત્ર યોગીઓને જ જ્ઞાનગમ્ય થઈ શકે એવા છે. એ સંબંધી યથાર્થ નિશ્ચયની બાબતમાં છદ્મસ્થોનો અધિકાર નથી, કારણ કે વિશેષથી તત્ત્વને નહિં દેખનારા એવા તે છદ્મસ્થો અંધજનો જેવા છે. માટે એ એમના અધિકાર બહારના વિષયમાં-તત્ત્વનિશ્ચય બાબતમાં તેઓનો વિવાદ નકામો છે. તેના સ્વરૂપ બાબતમાં સ્વચ્છંદે કલ્પના કરી, મિથ્યા ઝઘડો કરવો, નિઃસાર વાગ્યુદ્ધ કરવું, વાદ- પ્રતિવાદ કરી થૂંક વલોવવું, ખંડનમંડનમાં પડી વૈમનસ્ય વધારવું, તે મૂર્ખતાની નિશાની છે; મિથ્યા વિવાદથી લાભ થવાને બદલે ઊલટી હાનિ થાય છે. કારણ કે તેથી પોતાના સત્ ચિત્તનો નાશ થવારૂપ અનિષ્ટ ફલ નીપજે છે. અર્થાત્ સદ્ભાવવાળો ચિત્ત આશય નષ્ટ થઈ દુષ્ટ આશય જન્મે છે, રાગદ્વેષાદિ દોષની વૃદ્ધિ થાય છે, ચિત્તને અશાંતિ ને સંક્ષોભ ઉપજે છે. આવા સત્ચિત્તનો નાશ કરનારા વિવાદનું સંતજનોને શું પ્રયોજન છે ? કંઈ જ નહિં.

**ન ચાનુમાનવિષય એષોઽર્થસ્તત્ત્વતો મતઃ;**

**ન ચાતો નિશ્ચયઃ સમ્યગન્યત્રાપ્યાહ ધીધનઃ ૧૪૪**

- અને આ સર્વજ્ઞરૂપ અર્થ તત્ત્વથી અનુમાનનો વિષય નથી માનવામાં આવ્યો અને આ અનુમાનથકી અન્યત્ર પણ સમ્યક્પણે નિશ્ચય થતો નથી.

ગમે તેટલા યુક્તિવાદથી સાક્ષાત્ સર્વજ્ઞ તત્ત્વ ગમ્ય થઈ શકતું નથી. કારણ કે તે તત્ત્વ અતીન્દ્રિય એટલે મન ને ઇંદ્રિયથી પર છે. અગમ્ય છે, અને તર્કવાદ બુદ્ધિનો વિષય હોઈ બુદ્ધિગમ્ય છે, એટલે તે અતીન્દ્રિય વિષયમાં મતિની ગતિ કુંઠિત થતાં યુક્તિવાદ ભોંઠો પડે છે. યુક્તિવાદથી સામાન્ય-સાધારણ બાબતનો પણ બરાબર નિર્ણય પ્રાપ્ત થતો નથી, તો પછી અતીન્દ્રિય અર્થનું તો પૂછવું જ શું ? આના સમર્થનમાં અહીં મહામતિ ભર્તૃહરિનું

વચન ટાંક્યું છે. શું કહ્યું છે ? તે કહે છે,

**યત્નેનાનુમિતોऽપ્યર્થઃ કુશલૈરનુમાતૃભિઃ;**
**અભિયુક્તતરૈરન્યૈરન્યથૈવોપપાદ્યતે. ૧૪૫**

મકુશલ અનુમાનકારોથી યત્નથી અનુમાનવામાં આવેલો અર્થ પણ વધારે યુક્તિયુક્ત એવા બીજાઓથી બીજી જ રીતે સાબિત કરાય છે. તે બુદ્ધિધનવાળા શ્રી ભર્તૃહરિએ શું કહ્યું છે ? તે કહે છે- 'કુશળ અનુમાનકારોએ યત્નથી અનુમાનેલો અર્થ પણ વધારે સબલ યુક્તિવાળા બીજાઓથી બીજી જ રીતે ઉપપાદન કરાય છે- સાબિત કરાય છે.

આ તર્કવાદ તો બુદ્ધિનો અખાડો છે ! અખાડામાં જેમ શરીરનો વ્યાયામ થાય છે, કસરત કરાય છે, આટાપાટા ખેલાય છે, દાવપેચ રમાય છે, તેમ આ યુક્તિવાદરૂપ વ્યાયામશાળામાં બુદ્ધિનો વ્યાયામ થાય છે, યુક્તિની કસરત કરાય છે, તર્કના આટાપાટા ખેલાય છે, છલ- જાતિના દાવપેચ રમાય છે. અખાડામાં જેમ વધારે બળવાન્ મલ્લ અલ્પ બળવાળા પ્રતિમલ્લને મહાત કરે છે, શિકસ્ત આપે છે, તેમ આ યુક્તિવાદની કસરતશાળામાં વધારે પ્રખર બુદ્ધિમાન્ વાદી અલ્પ બુદ્ધિવાળા પ્રતિવાદીને પરાજિત કરે છે, હાર આપે છે ! વલી 'શેરને માથે સવાશેર' એ ન્યાયે તે વિજેતા મલ્લને પણ જેમ વધારે બળવાન્ મલ્લ જીતે છે, તેમ વિજયથી મલકાતા ને ફૂલાતા તે વાદીને પણ બીજો અધિક તર્કપટુ પ્રતિવાદી હરાવે છે ! આમ જેમ કુસ્તીની પરંપરા ચાલ્યા કરે છે, મલ્લયુદ્ધનો છેડો આવતો નથી, તેમ તર્કવાદની પરંપરા ચાલ્યા કરે છે ને બુદ્ધિ યુદ્ધનો આરો આવતો નથી.

આ તાર્કિકોની સાઠમારીમાં તત્ત્વવૃક્ષ બાપડું ક્યાંય છૂંદાઈ જાય છે ! તત્ત્વ વસ્તુ ક્યાંય હાથ લાગતી નથી. મહાત્મા આનંદઘનજી છે કે :,

"તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પ્હોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. ... પંથડો.

જ્ઞાયેરન્હેતુવાદેન પદાર્થા યદ્યતીન્દ્રિયાઃ;
કાલેનૈતાવતા પ્રાજ્ઞૈઃ કૃત સ્યાત્તેષુ નિશ્ચયઃ ૧૪૬

- જો હેતુવાદથી અતીન્દ્રિય પદાર્થો જણાતા હોત, તો આટલા કાળે પ્રાજ્ઞોથી તે વિષયમાં નિશ્ચય કરવામાં આવ્યો હોત.

"હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુ ગમ કો નહીં, એ સબલો વિખવાદ.
અભિનંદન જિન દરિશન તરસિયે."
– શ્રી આનંદઘનજી

જો યુક્તિવાદથી અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું હોત, તો આટલા કાળે પ્રાજ્ઞજનોએ તે સંબંધી નિશ્ચય કરી નાંખ્યો હોત. જો યુક્તિ વડે કરીને ઇંદ્રિયોને અગમ્ય એવા અતીન્દ્રિય પદાર્થો જાણવામાં આવતા હોત, તો ઘણા લાંબા કાળથી આ મહાબુદ્ધિશાળી પ્રાજ્ઞજનો-મહાતાર્કિકો જે તેવી યુક્તિ લડાવતા આવ્યા છે, તેઓને આટલા બધા કાળે તે અતીન્દ્રિય પદાર્થોનો નિશ્ચય થઈ જવો જોઇતો હતો. પણ તેવું તો થયું દેખાતું નથી, હજુ તેનો કાંઈ નીવેડો આવ્યો જણાતો નથી. કારણ કે આ વાદી-પ્રતિવાદીઓ હજુ તેવા ને તેવા જોરશોરથી તે જ વાદવિવાદ ચલાવી રહ્યા છે. 'નિશ્ચિત એવા વાદો ને પ્રતિવાદો કરતાં છતાં તેઓ ગતિમાં ઘાણીના બેલની પેઠે, હજુ તત્ત્વના અંતને પામ્યા નથી !'

ન ચૈતદેવં યત્તસ્માત્શુષ્કતર્કગ્રહો મહાન્;
મિથ્યાભિમાનહેતુત્ત્વાત્ત્યાજ્ય એવ મુમુક્ષુભિઃ ૧૪૭

- અને કારણ કે આ એમ નથી, તેટલા માટે મહાન એવો

શુષ્ક તર્ક ગ્રહ મિથ્યાભિમાનના હેતુપણાને લીધે, મુમુક્ષુઓને ત્યાજ્ય જ છે- છોડી જ દેવો યોગ્ય છે.

**ગ્રહઃ સર્વત્ર તત્ત્વેન મુમુક્ષુણામસંગતઃ;**
**મુક્તૌ ધર્મા અપિ પ્રાયસ્ત્યક્તાવ્યાઃ કિમનેન તત્ ૧૪૮**

- સર્વત્ર ગ્રહ તત્ત્વથી મુમુક્ષુઓને અસંગત-અયુક્ત છે. મુક્તિને વિષે ધર્મો પણ પ્રાયે ત્યજવાના હોય છે, તો પછી આ ગ્રહથી શું ? પ.કૃ.દેવ. પણ કહે છે કે ,

**"છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;**
**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ." – (આ.શિ.શાસ્ત્ર૦)**

મોક્ષાભિલાષી આત્માર્થી જીવે શુષ્ક તર્કઆગ્રહ છોડી દેવો યોગ્ય છે, સર્વ મતદર્શનનો આગ્રહ તેમ વિકલ્પ છોડી દઈ, તેમ જ અન્ય સર્વ પ્રકારનો આગ્રહ પણ વિસર્જન કરી મુમુક્ષુએ યથોક્ત મોક્ષમાર્ગ જ આરાધવો યોગ્ય છે, કારણ કે મુમુક્ષુનો એકાંત હેતુ કોઈ પણ પ્રકારે મોક્ષની પ્રાપ્તિ કરવી તે જ છે. અને મોક્ષમાં તો શુદ્ધ આત્મસ્વભાવરૂપ ક્ષાયિક ધર્મો સિવાય બધુંય છોડયે જ છૂટકો છે. અરે ! ક્ષમાદિક ક્ષાયોપશમિક ધર્મો પણ મોક્ષમાં છોડી દેવા પડે છે, ત્યાં આ તુચ્છ અનિષ્ટ આગ્રહોની તો વાત શી કરવી ? સર્વ આગ્રહથી મુક્ત થયા વિના માર્ગ સન્મુખ પણ ન થવાય, તો મુક્ત તો કેમ જ થવાય ? તો પછી આ 'રાખના પડીકા' જેવા દુષ્ટ/ગ્રહોને મુમુક્ષુ શા હેતુએ ગાંઠે બાંધે ? ને આ હાથે કરીને શું કામ નિષ્કારણે દુઃખથી ગૃહીત થાય ?

**"ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;**
**તો ઝઘડા ઝંઝા તણોજી, મુનિને કવણ અભ્યાસ." ...મનમોહન**
**– (યો.દ.સ. ૪-૨૨)**

**તદત્ર મહતાં વર્ત્મ સમાશ્રિત્ય વિચક્ષણૈઃ;**
**વર્તિતવ્યં યથાન્યાયં તદતિક્રમવર્જિતૈઃ ૧૪૯**

- તેથી કરીને અત્રે મહત્ પુરુષોના માર્ગનો સમ્યક્ આશ્રય કરી, વિચક્ષણોએ તેનો અતિક્રમ વર્જીને યથાન્યાય વર્તવું યોગ્ય છે. પ.કૃ.દેવ કહે છે કે :,

**"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા,તે પામે તે પંથ;**

**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. – (આ.શિ.શાસ્ત્ર)**

તેથી આ બાબતમાં મહાપુરુષોના માર્ગનો સમ્યક્ આશ્રય કરી, નિરીક્ષણ કરી મુમુક્ષુજનોએ તે ધર્મનો અતિક્રમ ન થાય એ રીતે, યથાન્યાયે વર્તવું યોગ્ય છે.

વિચક્ષણ મુમુક્ષુએ તો બીજી બધી માથાફોડ છોડી દઈને, મત-દર્શન આગ્રહનો સમસ્ત પ્રપંચ વિસર્જન કરી, મહત્ પુરુષોના માર્ગનું સમ્યક્ અવલંબન કરવું યોગ્ય છે. મહાજન જે માર્ગે ગયા તે માર્ગ છે. મહાજનોનો માર્ગ તો કેવળ આત્મવિશુદ્ધિરૂપ મોક્ષમાર્ગ છે. એટલે મહાજનોના નિર્દિષ્ટ માર્ગે તેમના પગલે ચાલવું એ જ મુમુક્ષુનું કર્તવ્ય છે. તે માર્ગે ચાલતાં, મહત્ પુરુષોએ પ્રણીત કરેલા નિર્દોષ ધર્મમાર્ગનો જેમ અતિક્રમ ન થાય અતિચાર ન થાય, ઉલ્લંઘન ન થાય, ભંગ ન થાય, તેમ ઉપયોગપૂર્વક ચાલવું યોગ્ય છે. આમ મહાજનના માર્ગે નિરતિચારપણે યથાન્યાય પ્રવર્તવું- ગમન કરવું એ જ મુમુક્ષુ જોગીજનનું કર્તવ્ય છે.

**પરપીડેહ સૂક્ષ્માપિ વર્જનીયા પ્રયત્નતઃ**

**તદ્વત્તદુપકારેઽપિ યતિતવ્યં સદૈવ હિ. ૧૫૦**

અહીં સૂક્ષ્મ પણ પરપીડા પ્રયત્નથી વર્જવી; તેમજ તેના ઉપકારમાં પણ સદૈવ જ યત્ન કરવો. મહત્ પુરૂષો કહે છે કે:,

"આ લોકમાં સૂક્ષ્મ પણ પરપીડા વર્જવી, તેમજ પર ઉપકારમાં પર નિરંતર યત્ન કરવો."

આ જગતમાં પોતાનાથી બીજા જીવને સૂક્ષ્મ પીડા પણ ન

થાય, સૂક્ષ્મ બાધા પણ ન ઉપજે, એમ પ્રયત્નથી-યતનાથી વર્તવું, એ મુમુક્ષુ આત્માર્થીનું કર્તવ્ય છે. મુમુક્ષુ બીજા જીવોને સૂક્ષ્મ પીડા પણ વર્જે, તો પછી મોટી પીડાની વાત તો ક્યાંય દૂર રહી ! મનથી, વચનથી કે કાયાથી કોઈપણ પ્રકારે કોઈપણ જીવને પોતાનાથી કંઈ પણ પીડા-બાધા ન ઉપજે, એવી સતત જાગ્રતિ આત્માર્થી જીવ રાખે.

બીજા જીવોના ઉપકારમાં પણ મુમુક્ષુ જીવ સદૈવ યત્ન કરે. અન્ય જીવોનું આ લોકમાં ને પરલોકમાં જે રીતે હિત થાય એવા પ્રકારે તન-મન-ધનથી પોતાથી બનતું બધુંય મુમુક્ષુ જીવ સદાય આચરણ દ્વારા કરી ચૂકે. આમ મુમુક્ષુ જોગીજન પરમદયાળુ ને પરોપકારનો વ્યસની-બંધાણી હોય.

**ગુરવો દેવતા વિપ્રા યતયશ્ચ તપોધનાઃ;**
**પૂજનીયા મહાત્માનઃ સુપ્રયત્નેન ચેતસા ૧૫૧**

ગુરુઓ, દેવતાઓ, વિપ્રો અને તપોધન યતિઓ—એ સર્વ મહાત્માઓ સુપ્રયત્નવાળા ચિત્તથી પૂજનીય છે. પૂજવા યોગ્ય છે. ગુરુઓ, દેવતાઓ, વિપ્રો અને તપોધન યતિઓ- આ સર્વ મહાત્માઓ જેમ ઉચિત હોય તેમ યથાયોગ્યપણે પૂજવા યોગ્ય છે અને તે પૂજના પણ સુપ્રયત્નવંત ચિત્તથી હોવી જોઈએ. અર્થાત્ તેના આજ્ઞાપાલનમાં તત્પર એવા આજ્ઞાપ્રધાન ચિત્તથી કરવી જોઈએ.

**પાપવત્સ્વપિ ચાત્યન્તં સ્વકર્મનિહતેષ્વલમ્;**
**અનુકમ્પૈવ સત્વેષુ ન્યાય્યા ધર્મોડયમુત્તમઃ ૧૫૨**

- અને સ્વકર્મથી અત્યંત હણાયેલા એવા અત્યંત પાપવંત જીવો પ્રત્યે પણ અનુકંપા જ ન્યાય છે. આ ધર્મ ઉત્તમ છે.

પોતાના જ કર્મોથી અત્યંત હણાયેલા એવા મહાપાપી જીવો પ્રત્યે અનુકંપા જ ન્યાયયુક્ત છે.

મુમુક્ષુ જીવને સર્વ જીવ પ્રત્યે દયા-અનુકંપા હોય એમાં તો પૂછવું જ શું ? પણ શિકારી, મચ્છીમાર વગેરે જેવા મહાપાપી જીવો પ્રત્યે પણ તે અનુકંપા જ રાખે. અને એજ ન્યાયયુક્ત છે. તેઓના પ્રત્યે ધૃણા રાખવી કે તિરસ્કારની દૃષ્ટિથી જોવું એ યોગ્ય નથી. કે એ બિચારા પામર જીવો પોતાના દુષ્ટ કર્મોથી જ અત્યંત હણાઈ ગયેલા છે. એવા મરેલાને મારવું શું ? એ પાપી જીવો તો અત્યંત દયાનું, અનુકંપાનું જ સ્થાન છે. આ કુકર્મોથી આ જીવો બાપડા કેવી દુર્ગતિ પામશે ? એ વિચારતા મુમુક્ષુને તેના પ્રત્યે અનુકંપા જ છૂટે. અને તેથી પ્રેરિત થઈ પોતાનાથી બને તો તેમાંથી તેને નિવારવાનો પ્રયત્ન પણ કરે. આ જ ઉત્તમ ધર્મ છે.

આમ (૧) પરપીડાવર્જન (૨) પરોપકાર વ્યસન (૩) ગુરુદેવાદિપૂજન. (૪) પાપીની પણ અનુકંપા - આ ધર્મ ઉત્તમ છે. આ મહત્ પુરુષોનો માર્ગ છે. આ ઉત્તમ ધર્મ મહાજનોએ આચર્યો છે ને દર્શાવ્યો છે, તેને જ અનુસરવું એ જ યથાન્યાય વર્તન છે.

**કૃતમત્ર પ્રસંગેન પ્રકૃંત પ્રસ્તુમોડધુના;**

**તત્પુન : પઞ્ચમી તાવદ્યોગદૃષ્ટિર્મહોદયા. ૧૫૩**

અત્રે પ્રસંગથી બસ થયું. હવે અમે પ્રકૃત વાત પ્રસ્તુત કરીએ છીએ; અને તે પ્રકૃત તો પાંચમી મહોદયવંત યોગદૃષ્ટિ છે.

આ જે બધું ય કહ્યું તે પ્રસંગવશાત્ કહ્યું છે. શાણા તો સાનમાં સમજી જાય. એટલે સાચા મુમુક્ષુ વિચક્ષણ જનો આટલામાંથી બંધુ સમજી જશે, એટલે હવે - ચાલુ વાતનો પ્રસ્તાવ રજૂ કરીએ છીએ. અને તે પ્રસ્તુત વાત તો 'સ્થિરા' નામની યોગદૃષ્ટિ છે. અને તે કેવી વિશિષ્ટ છે ? તો કે મહોદયવાળી છે માટે અહો મુમુક્ષ જોગીજનો ! સર્વ અભિનિવેશ છોડી દઈને ચાર દૃષ્ટિની મર્યાદા વટાવી જઈને, તમે હવે આ 'સુયશ' અમૃત

ધનવૃષ્ટિ કરનારી પાંચમી 'સ્થિરા' દૃષ્ટિ સંબંધી યોગ કથા ભાવથી એકચિત્તે શ્રવણ કરો !

"અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લેશે હવે પાંચમીજી, સુયશ અમૃત ઘન વૃષ્ટિ... મનમોહન.
– (શ્રી યો.દ.સ.૪.૨૩)

## ઉપસંહાર

ચોથી દીપ્રા દૃષ્ટિમાં તેના નામ પ્રમાણે દીપક સમાન બોધ પ્રકાશ હોય છે અને યોગનું ચોથું અંગ પ્રાણાયામ પ્રાપ્ત થાય છે. તેમજ અત્રે ઉત્થાન નામના ચોથા ચિત્તદોષનો નાશ તથા તત્વશ્રવણ નામના ચોથા ગુણની પ્રાપ્તિ હોય છે. છતાં અત્રે હજુ સૂક્ષ્મ બોધ હોતો નથી.

અત્રે આ પ્રાણાયામ જે હોય છે તે ભાવથી હોય છે. એટલે બાહ્ય ભાવને છોડીદેવારૂપ રેચક પ્રાણાયામ, અંતર્ ભાવને પૂરવારૂપ પૂરક પ્રાણાયામ, અને તેને સ્થિરતા ગુણથી સ્થિર કરવારૂપ કુંભક પ્રાણાયામ-એમ સ્વભાવરૂપ ભાવ પ્રાણાયામ હોય છે. આ દૃષ્ટિવાળો યોગી પુરૂષ પ્રાણ કરતાં પણ ધર્મને નિઃસંશય ગુરુ-મોટો ગણે છે. એટલે તે ધર્મની ખાતર પ્રાણ છોડવાનો પ્રસંગ આવી પડયે પણ પ્રાણની ખાતર ધર્મ છોડતો નથી, એવો તે દૃઢધર્મા હોય છે.

આમ સદાશયવાળો તે મુમુક્ષુ તત્વશ્રવણમાં તત્પર બની પ્રાણો કરતાં પણ પરમ એવા ધર્મને ભજે છે. જેમ મીઠા પાણીના યોગથી બીજ ઊગી નીકળે છે, તેમ તત્વશ્રુતિથી નરને યોગબીજ ઊગી નીકળે છે. પ્રરોહ પામે છે અહીં સર્વ સંસારયોગ છે તે

ખારા પાણી બરાબર છે, અને તત્વશ્રુતિ તે મધુર જળના જોગ સમાન છે. એથી કરીને આ તત્વશ્રુતિથી મનુષ્યને સર્વ કલ્યાણ સાંપડે છે, કે જે ગુરુભક્તિના સુખથી યુક્ત અને બન્ને લોકમાં હિતાવહ એવું હોય છે. આ ગુરુભક્તિના પ્રભાવથી દર્શન કહ્યું છે, કે જે સમાપત્તિ આદિ ભેદથી નિર્વાણનું એક કારણ છે.

"તત્વશ્રવણ મધુરોદકેજી, ઇહાં હોય બીજ પ્રરોહ;

ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુ ભક્તિ અદ્રોહ...મનમોહન."

છતાં અત્રે સૂક્ષ્મ બોધનો નિષેધ કહ્યો તેનું કારણ આ છે કે - સમક્તિ વિના તેવો બોધ હોતો નથી. તેવો બોધ વેદ્યસંવેદ્ય પદ થકી હોયછે. તે અવેદ્યસંવેદ્ય પદમાં જોવામાં આવતો નથી. વેદ્ય એટલે બંધ-મોક્ષહેતુરૂપ વેદનીય વસ્તુ. તે જ્યાં સંવેદાય છે તે વેદ્ય સંવેદ્યપદ છે; તેથી કરીને સમ્યક્ હેતુ આદિ ભેદથી જે તત્વનિર્ણય થાય છે તે સૂક્ષ્મબોધ કહેવાય છે. તેવો સૂક્ષ્મબોધ હજુ આ દૃષ્ટિમાં હોતો નથી. કારણ કે અહીં પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્ય પદ પ્રબળ હોય છે ને વેદ્યસંવેદ્ય પદ પંખીની છાયામાં જલચરની પ્રવૃતિ જેવું પડછાયારૂપ - તદાભાસરૂપ અતાત્ત્વિક હોય છે. અને અવેદ્યસંવેદ્ય પદ જે છે તે તો પરમાર્થથી અપદ જ છે, યોગીઓનું પદ તો વેદ્યસંવેદ્ય પદ જ છે. તે પદ સમ્યક્ સ્થિતિવાળું હોઈ તે 'પદ' નામને બરાબર યોગ્ય છે. આવું આ વેદ્યસંવેદ્ય પદ અવિરતિ દેશવિરતિ આદિ લક્ષણવાળું છે. આ નૈશ્ચયિક વેદ્યસંવેદ્ય પદ ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિને જ હોય છે. અને તેના મહાપ્રભાવને લીધે કર્મના અપરાધ વશે કરીને પણ જો કવચિત પાપમાં પ્રવૃતિ થઈ જાય તો તે તપ્તલોહપદન્યાસ જેવી હોય અર્થાત્ તપેલા લોઢા પર પગ મૂકતાં જેમ તરત પાછો ખેચાંઈ જાય, તેમ આ સમ્યગ્ દૃષ્ટિને પણ પાપ કરતાં તરત આંચકો લાગે છે. તેમાં ઝાઝી સ્થિતિ થતી નથી. અને આ પાપ પ્રવૃત્તિ પણ છેલ્લી જ હોય છે. કારણ

કે નિશ્ચય સમ્યગ્ દૃષ્ટિ પુરુષને શ્રેણિક મહારાજની જેમ પુનઃ દુર્ગતિનો યોગ હોતો નથી.

**"તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેલ્લી પાપ પ્રવૃતિ;**

**તપ્ત લોહપદ ધૃતિ સમીજી, તિહાં હોય અંત નિવૃતિ...મનમોહન."**

તેનાથી વિપરીત તે અવેદ્યસંવેદ્ય પદ છે. અને વજ્ર જેવું અભેધ તે પદ ભવાભિનંદી જીવને હોય છે. ભોગમાં આસક્ત રહી આ જડ જનો પાપધૂલિથી આત્માને પાશ નાંખે છે - બાંધે છે. કર્મભૂમિને વિષે મનુષ્યપણારૂપ પરમ ધર્મબીજ પામીને પણ આ અલ્પમતિ જનો આ બીજની સત્કર્મરૂપ ખેતીમાં પ્રયત્ન કરતાં નથી, પણ ગલ જેવા તુચ્છ ને દારુણ ઉદયવાળા કુસુખમાં સક્ત થઈ સત્ ચેષ્ટા - સત્ આચરણ છોડી દે છે ! અવેદ્યસંવેદ્ય પદ અંધપણારૂપ હોઈ દુર્ગતિમાં પાત કરનારુ-પાડનારું છે અને સત્સંગ-આગમ યોગવડે ધુરંધર મહાત્માઓથી જ આ જ ભૂમિકામાં જીતાવા યોગ્ય છે.-અન્ય સમયે જીતાવું અશક્ય છે.

**"એવા અવગુણવંતનું જી, પદ જે અવેદ્ય કઠોર;**

**સાધુસંગ આગમ તણોજી, તે જીત્યો ધુરંધોર... મનમોહન.'**

અને આ અવેદ્યસંવેદ્ય પદ જીતાયું છે ત્યારે મનુષ્યના વિષમ કુતર્કગ્રહ આપો આપ નિયમથી ટળે છે. આ કુતર્ક બોધને રોગરૂપ, શમને અપાયરૂપ છે, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાન ઉપજાવનાર છે. આમ આ કુતર્ક પ્રગટપણે ચિત્તનો અનેક પ્રકારે ભાવશત્રુ છે. એટલા માટે મુમુક્ષુઓને આવા દુષ્ટ કુતર્કમાં અભિનિવેશ - કરવો યુક્ત નથી; પણ શ્રુતમાં શીલમાં, સમાધિમાં અને પરોપકારમાં તે કરવો યુક્ત છે.

વિચારવંત જીવોનો પ્રયાસ તો અતીન્દ્રિય અર્થની સિદ્ધિ અર્થે હોય છે. અને તે અતીન્દ્રિય અર્થ કદી શુષ્ક તર્ક ને ગોચર હોતો

નથી, પણ આગમને જ ગોચર હોય છે. એટલે આ આગમપ્રધાન, સત્શ્રાદ્ધ, શીલવાન્ એવો યોગતત્પર પુરુષ અતીન્દ્રિય અર્થોને જાણે છે અને તેવા પ્રકારે મહામતિ પતંજલિએ પણ કહ્યું છે. આગમથી, અનુમાનથી અને યોગાભ્યાસરસથી એમ પ્રજ્ઞાને ત્રણ પ્રકારે પ્રયોજતાં પુરુષ ઉત્તમ તત્ત્વને પામે છે.

તત્વથી સર્વજ્ઞો ભિન્ન મતવાળા નથી. તેથી તેનો ભેદ માનવો તે તેના અતિભક્તિનો મોહ છે. કારણકે સર્વજ્ઞ નામનો જે કોઈ પારમાર્થિક જ છે, તે વ્યક્તિભેદ છતાં તત્વથી સર્વત્ર એક જ છે તેથી તેની સામાન્યથી જ જેટલાઓની પ્રતિપતિ-માન્યતા છે, તે સર્વેય તેને પામેલા છે એવી પરાન્યાયગતિ છે. સામાન્યથી પણ એ સર્વજ્ઞને જે નિવ્યાર્જપણે- નિષ્કપટ પણે તેના આજ્ઞા પાલનમાં તત્પર થઈ માનતા હોય તે તેટલા અંશથી જ ધીમંતોને મન તુલ્ય જ છે, - એક રાજાના ઘણા સેવકોની જેમ. અત્રે બીજી યુક્તિ પણ છે.-દેવોની ભક્તિ બે પ્રકારની છે.- ચિત્ર અને અચિત્ર તેમાં જે સંસારી દેવો છે તેની ભક્તિ વિચિત્ર પ્રકારની છે, કારણકે તેઓનું સ્વરૂપ વિચિત્ર પ્રકારનું છે, અને તે ભક્તિમાં મોહગર્ભપણાને લીધે પોતાના ઇષ્ટ દેવ પ્રત્યે રાગ અને બીજા દેવ પ્રત્યે દ્વેષ હોય છે પણ સંસારાતીત એવા પરં મુક્ત ચૈતન્યત્વની જે ભક્તિ છે તે અચિત્ર છે અને તે સંમોહના અભાવને લીધે શમસાર જ - શમપ્રધાન જ હોય છે.

**"નહીં સર્વજ્ઞો જૂજૂઆજી, તેહના વળી દાસ;**
**ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ...મનમોહન.**

તેમજ-સમાન અનુષ્ઠાનમાં પણ અભિસંધિ- આશય પ્રમાણે ભિન્ન ફળ હોય છે. અને તે જ આશય અહી કૃષિ કર્મમાં પાણીની પેઠે પરમ છે - પ્રધાન છે. આ આશય પણ રાગાદિની તરતમતા પ્રમાણે તથા બુદ્ધિઆદિ બોધના ભેદ પ્રમાણે અનેક

પ્રકારના ભેદવાળો હોય છે. કારણકે બોધ ત્રણ પ્રકારના હોય છે. (૧) બુદ્ધિ (૨) જ્ઞાન (૩) અસંમોહ. તે બોધ થકી સર્વકર્મમાં ભેદ પડે છે. ઇંદ્રિયાર્થનો આશ્રય કરે તે બુદ્ધિ છે, આગમપૂર્વક હોય તે જ્ઞાન છે, અને સદનુષ્ઠાન યુક્ત જે જ્ઞાન તે અસંમોહ છે. ક્રિયામાં આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપત્તિ- પ્રપ્તિ, જિજ્ઞાસા, તજ્ જ્ઞ બુધજનની સેવા, અને તેમનો અનુગ્રહ - એ આ સદનુષ્ઠાનનું લક્ષણ છે. પ્રાણીઓના સર્વ કર્મ સામાન્યથી બુદ્ધિપૂર્વક હોય છે. અને વિપાકવિરસપણાને લીદે તે સંસારફલ આપનારા છે. કુલયોગીઓના જે કર્મ છે. તે જ્ઞાનપૂર્વક હોય છે. અને તે અમૃતસમી શ્રુતશક્તિના સમાવેશથી અનુબંધ ફલપણા થકી મુક્તિના અંગરૂપ હોય છે. અસંમોહથી ઉપજતા કર્મો એકાંત પરિશુધ્ધિ થકી શીઘ્ર મોક્ષફળ આપનારા હોય છે. આ અસંમોહ કર્મ ભવાતીત અર્થગામી મુમુક્ષુઓને જ હોય છે.

**"બુદ્ધિ ક્રિયા ભવફલ દીએજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;**
**અસંમોહ કિરિયા દીએજી, શીઘ્ર મુગતિફલ અંગ... મનમોહન.**

અહી પ્રાકૃત ભાવોમાં-કારમી પુદ્ગલ રચનામાં જેનું ચિત નિરુત્સુક છે, તે ભવભોગ વિરક્તજનો ભવાતીત અર્થગામી છે. તેઓનો માર્ગ એક જ શમપરાયણ એવો છે. અને અવસ્થાભેદનો ભેદ છતાં તે સાગર પરના તીર માર્ગની જેમ એક જ છે, કારણ કે સંસારીતીત પરં તત્વ 'નિર્વાણ' નામનું છે, તે શબ્દભેદ છતાં તત્વથી, નિયમથી એક જ છે. કારણ કે તેના લક્ષણના અવિષમવાદથી નિરાબાધ, નિરામય, અને નિષ્ક્રિય એવું આ પરમ તત્વ જન્માદિના અયોગથી હોય છે. એટલે અસંમોહથી, તત્વથી આ નિર્વાણ તત્વ જાણવામાં આવે, પ્રજ્ઞાવંતોને તેની ભક્તિની બાબતમાં વિવાદ ઘટતો જ નથી. અને આ નિર્વાણનો નિકટમાં નિકટ માર્ગ છે, તો તે સર્વજ્ઞનો ભેદ કેમ હોય ? અને તે ન હોય તો તેના ભક્તોનો ભેદ કેમ હોય ?

**"પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્તલીન;**
**એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગ દીન... મનમોહન.**

ત્યારે સહેજે શંકા થશે કે તો પછી સર્વજ્ઞની દેશનાનો ભેદ કેમ છે ? તેનું સમાધાન એમ છે કે શિષ્યના આનુગુણ્યથી - ગુણ થાય એવા અનુકૂળપણાંથી તે ચિત્ર - નાના પ્રકારની છે. કારણ કે ભવરોગના આ ભિષગ્વરોએ જેને જે પ્રકારે બીજાધાન આદિનો સંભવ થાય તેને તેવા પ્રકારે ઉપદેશ દીધો છે અથવા તો બીજુ કારણ એમ છે કે એઓની દેશના એક છતાં શ્રોતાઓના વિભેદથી તેઓના અચિંત્ય પુણ્ય સામર્થ્યને લીધે ચિત્ર ભાસે છે અને તેનાથી તે સર્વનો યથાભવ્ય - યોગ્યતા પ્રમાણે ઉપકાર પણ થાય છે. અથવા તો તે તે દેશકાળ આદિના નિયોગથી તે તે નય અપેક્ષાવાળી ચિત્ર – દેશના ઋષિઓ થકી જ પ્રવર્તી છે અને આ ઋષિદેશનાનું મૂળસર્વજ્ઞ જ છે. એટલા માટે તે સર્વજ્ઞનો અભિપ્રાય જાણ્યા વિના તેનો પ્રતિક્ષેપ-વિરોધ કરવો યુક્ત નથી. કારણ કે તે પ્રતિક્ષેપ પરમ મહાઅનર્થકર છે. એટલે આ સર્વજ્ઞવિષયમાં અંધ જેવા છદ્મસ્થોએ વાદવિવાદ કરવો યુક્ત નથી માટે જ મિથ્યાભિમાનના હેતુપણાને લીધે શુષ્ક તર્ક ગ્રહ મુમુક્ષુએ સર્વથા છોડી દેવા યોગ્ય જ છે. મુમુક્ષુને તો તત્ત્વથી સર્વત્ર ગ્રહ અયુક્ત છે કારણકે મુક્તિમાં પ્રાયે ધર્મો પણ છોડી દેવા પડે છે તો પછી આ તુચ્છ શુષ્ક કુતર્ક ગ્રહથી શું ?

**"ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ;**

**તો ઝઘડા ઝંઝા તણોજી, મુનિને કવણ અભ્યાસ ?...મન."**

તેથી મહત્ પુરુષોના માર્ગને સમ્યક્પણે આશ્રી વિચક્ષણોએ તેના અતિક્રમ રહિતપણે યથાન્યાય વર્તવા યોગ્ય છે. તે મહત પુરુષોનો માર્ગ સામાન્યથી સંક્ષેપમાં આ છે :- (૧) અહીં સૂક્ષ્મ પણ પરપીડા પ્રયત્નથી વર્જવી (૨) પરોપકારમાં સદૈવ યત્ન

કરવો. (૩) ગુરુઓ, દેવતા, વિપ્રો અને તપોધન યતિઓ - એ મહાત્માઓને સુપ્રયત્ન ચિત્તથી યથાયોગ્યપણે પૂજવા (૪) પોતાના કર્મોથી જ અત્યંત હણાયેલા એવા મહાપાપી પ્રાણીઓ પ્રત્યે પણ અત્યંત અનુકંપા રાખવી.-નહિં કે મત્સર. આ ધર્મ ઉત્તમ છે.

ઈત્યાદિ ગુણગણ પ્રાપ્ત કરી, જે સર્વ કુતર્ક - અભિનિવેશ ત્યજી ચાર દૃષ્ટિ પામ્યો છે તે હવે અમૃત ધનવૃષ્ટિ સમી પાંચમી સ્થિરા દૃષ્ટિ પામશે.

**"અભિનિવેશ સઘળો ત્યા જીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;**
**તે લેશે હવે પાંચમીજી, સુયશ અમૃત ઘન વૃષ્ટિ.**
**..મનમોહન જિનજી ! મીઠી તાહરી વાણ." – (યો.દ.સ. ૪-૨૩)**

DUNDUBHI Printers - 079- 404186